Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# કારણશુદ્ધ પર્યાય




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# કારણ શુધ્ધ પર્યાય

નિયમસારજી શાસ્ત્રની ગાથા ક્રમાંક
૩ તથા ૯ થી ૧૫ તેમજ પરમાર્થ વચનિકા
ઉપરનાં આધ્યાત્મિક સત્પુરુષ
પૂજ્ય શ્રી કાનજી સ્વામીનાં માર્મિક પ્રવચનો

સંકલનકાર :-
શ્રી. વજુભાઈ અજમેરા, રાજકોટ
(B.Sc. M.Ed. LL.B)

પ્રકાશક :
પૂજ્ય શ્રી કાનજી સ્વામી સ્મારક ટ્રસ્ટ
દેવલાલી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

**પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૦૦૦**
**(કારતક વદી-૭ સંવત ૨૦૫૧)**

**મૂલ્ય : રૂ. ૭-૦૦**

**પ્રાપ્તિસ્થાન :**
(૧) પૂ. શ્રી. કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ
લામ રોડ, બેલાગવ્હાન રોડ, દેવલાલી (૪૨૨૪૦૧)
(૨) પૂજ્ય શ્રી કાનજી સ્વામી સ્મારક ટ્રસ્ટ
૧૭૩/૧૭૫ મુમ્બાદેવી રોડ, મુંબઈ (૪૦૦ ૦૦૨)
(૩) શ્રી દિગમ્બર જૈન મુમુક્ષ મંડળ
નવરંગપુરા, અમદાવાદ.

**ટાઈપ સેટિંગ :** શાઈનઆર્ટ કોમ્પ્યુગ્રાફીક્સ
ઋષભદેવ એપાર્ટમેન્ટ, પાલડી, અમદાવાદ-૭ ટે.નં. ૪૩૯૨૩૨

**મુદ્રણ સ્થાન :** ભગવતી ઓપસેટ
સી ૧૫, બંસીધર એસ્ટેટ, દરિયાપુર દરવાજા બહાર,
બારડોલપુરા,અમદાવાદ-૧ ફોન : ૩૮૬૨૯૪

## અનુક્રમ

| | | |
|---|---|---|
| ૧. | નિયમસાર ગાથા - ૩ | ૩ |
| ૨. | નિયમસાર ગાથા - ૧૯ | ૧૯ |
| ૩. | નિયમસાર ગાથા- ૧૦ | ૨૭ |
| ૪. | નિયમસાર ગાથા - ૧૧-૧૨ | ૫૦ |
| ૫. | નિયમસાર ગાથા - ૧૩ | ૮૯ |
| ૬. | નિયમસાર ગાથા- ૧૪ | ૧૦૧ |
| ૭. | નિયમસાર ગાથા- ૧૫ | ૧૦૯ |
| ૮. | પરમાર્થ વચનિકા ઉપરનાં પ્રવચનોમાં | ૧૨૫ |
| ૯. | પરિશિષ્ટ ૧ | ૧૩૭ |
| ૧૦. | પરિશિષ્ટ ૨ | ૧૩૨ |
| ૧૧. | પરિશિષ્ટ ૩ | ૧૪૧ |
| ૧૨. | પરિશિષ્ટ ૪ | ૧૪૪ |



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# પ્રકાશકીય પ્રસ્તાવના

આજના આ ભૌતિકપ્રધાન યુગમાં ભરતક્ષેત્રે સૌરાષ્ટ્રપ્રદેશમાં આધ્યાત્મિક યુગસ્રષ્ટા પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ઉદ્ભવ થયો. તેઓશ્રીએ દિગંબર સનાતન આમ્નાયમાં વીતાવેલાં ૪૫ વર્ષો દરમિયાન જીવોને સાચા સુખની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન અને સમ્યક્ત્વના વિષયભૂત ત્રિકાળી જ્ઞાયક ભગવાન નિજ પરમાત્મદ્રવ્ય સંબંધી ઉપદેશ આપીને સત્ય સ્વરૂપ ઉદ્‌ઘોષિત કર્યું. તેઓશ્રી પાસેથી તત્ત્વજ્ઞાનના ભિન્ન ભિન્ન પ્રવાહો જે પાંચ મૂળભૂત વાતોમાં સમાવિષ્ટ થાય છે તેવા નિમિત્ત-ઉપાદાન, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ પર્યાય એ વિષયો સંબંધી ઘણું સ્પષ્ટીકરણ આવ્યું.

આ પાંચ વિષયો ઉપરાંત તેઓશ્રી દ્વારા એક અપૂર્વ અને સૂક્ષ્મ વિષયની ઝીણવટભરી છણાવટ થઈ જે ''કારણ શુદ્ધ પર્યાય'' તરીકે પ્રગટ થયેલ. તેઓશ્રીએ આ વિષય ઉપર ઘણા વિસ્તારથી આજથી ૫૦ વર્ષ પહેલાં પ્રવચનો કરી ગહન અને અતિ આવશ્યક વિષયને સરળ અને સુગમ બનાવવાનો ઉપકાર કરેલ. કારણ શુદ્ધ પર્યાયની સ્પષ્ટ વાત શ્રી નિયમસારજી શાસ્ત્ર અને તેમાંય ગાથા-૧૫ સિવાય અન્ય શાસ્ત્રોમાં સીધી રીતે ઉપલબ્ધ નથી પરંતુ આ વિષયનો ધ્વનિ અને સંકેત જ્યાં જ્યાં દેખાયા તેનું સ્પષ્ટીકરણ તેઓશ્રીએ તે વખતનાં પ્રવચનોમાં કરેલ. પરંતુ આ વિષય શાસ્ત્રપાઠી ગણાતા મહાનુભાવો પણ યથાર્થપણે ગ્રહણ કરી શક્યા નહિ તેથી પૂ. શ્રીએ આ વિષયની છણાવટ ઓછી કરી નાખી. આ વાતનો ઉલ્લેખ તેઓશ્રીનાં સને ૧૯૭૮/૭૯માં થયેલાં આખરી ખાસ પ્રવચનોમાં વારંવાર તેઓશ્રીએ કરેલ છે.

પરંતુ જીવોનાં ઉપાદાન જાગવાનો સ્વકાળ આવ્યો હશે અને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

સાધકને પોતાની સાધનાના ઉન્નતિક્રમમાં કાર્યની પ્રગટતા માટે આવશ્યક વર્તમાન વર્તતું ત્રિકાળ કારણ સંબંધી બોધ પ્રાપ્ત થવાનો યોગ આવવાનો હશે તેથી ૫૦ વર્ષ પહેલાનાં પૂજ્યશ્રીનાં તે પ્રવચનો જયપુરથી પ્રગટ થતા "વીતરાગ વિજ્ઞાન" માસિકમાં લેખમાળારૂપે ક્રમશઃ પ્રકાશિત થવા લાગ્યાં તથા તે જ પ્રવચનોના સંકલનરૂપે આદરણીય પંડિત શ્રી હુકમચંદજી ભારીલ્લ દ્વારા સંપાદિત પુસ્તિકા હિંદીમાં ૧૯૯૩માં છપાઈને પ્રકાશિત થઈ. આ વિષય હવે મુમુક્ષુ સમાજ સમક્ષ પ્રગટ થાય અને તેની વિશદ છણાવટ થાય તો ઘણા આત્માર્થીજનોને કાર્ય પ્રગટવામાં કારણની જે વાસ્તવિકતા છે તે હાથ લાગે તેવા આશયથી આ ટ્રસ્ટે કારણ શુદ્ધ પર્યાય ઉપરનાં ઉપરોક્ત પ્રવચનો ગુજરાતીમાં છપાવી પ્રકાશિત કરવાનો નિર્ણય લીધો. આ ગુજરાતી ભાષાંતર રાજકોટના આત્માર્થી ભાઈ શ્રી વજુભાઈ અજમેરાએ ટ્રસ્ટને પૂરું પાડ્યું તે બદલ ટ્રસ્ટ તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે અને ગુજરાતી ભાષામાં આ અતિ આવશ્યક વિષય ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો શ્રી નિયમસારજી શાસ્ત્રની મૂળ ગાથા ટીકા સહિત પ્રકાશિત કરતાં ટ્રસ્ટ હર્ષ અનુભવે છે.

આ પ્રકાશનમાં જે જે ભાઈઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ આપેલ છે તે સર્વેનો ટ્રસ્ટ હૃદયપૂર્વક આભાર માને છે. વળી અમદાવાદના ભગવતી ઓફસેટવાળા શ્રી. ભીખાભાઈનો વિશેષ આભાર માનીએ છીએ કારણ કે તેઓશ્રી એ ઘણી ઝડપ કરીને પૂ. ગુરુદેવ શ્રીના સમાધિ દિવસે આ અપૂર્વ વિષય સંબંધીની પુસ્તિકા પ્રકાશિત થઈ શકે તેમાં સહકાર આપેલ છે.


આ પુસ્તિકા કારણ શુદ્ધ પર્યાય સંબંધી આત્માર્થીજનોનો કેન્સેપ્ટ સ્પષ્ટ કરવામાં તેમજ માર્ગવાંચ્છુઓને માર્ગની પ્રાપ્તિ થવામાં પ્રેરક બળ બને તેવી ભાવના સહ.

**પૂ. શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**
**દેવલાલી**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates
Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



• પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી •

Please inform us of any errors on rajesh@AtmaDharma.com
Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

સ્વ શુદ્ધાત્મને નમઃ

સિદ્ધ શુદ્ધાત્મને નમઃ

સ્વ પર પરમાત્મને નમઃ

# કારણ શુધ્ધ પર્યાય

(પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના કારણ શુદ્ધ પર્યાય ઉપરનાં પ્રવચનો)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી નિયમસાર ગાથા-૩

**ગાથા** :- णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं ।
विवरीय परिहरत्थं भणिदं खलुसारमिदि वयणं ॥ ३ ॥

**હરિગીત** :- જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;
વિપરીતના પરિહાર અર્થે સાર પદ યોજેલ છે. ૩

**અન્વયાર્થ** :- નિયમ એટલે નિયમથી (નક્કી) જે કરવા યોગ્ય હોય તે અર્થાત્ જ્ઞાનદર્શન ચારિત્ર. વિપરીતના પરિહાર અર્થે (જ્ઞાનદર્શન ચારિત્રથી વિરુદ્ધ ભાવોના ત્યાગ માટે) ખરેખર 'સાર' એવું વચન કહ્યું છે.

**ટીકા** :- અહીં આ ગાથામાં 'નિયમ' શબ્દને 'સાર' શબ્દ કેમ લગાડ્યો છે તેના પ્રતિપાદન દ્વારા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.

જે સહજ [૧]પરમ પારિણામિક ભાવે સ્થિત, સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક [૨]શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ તે [૩]નિયમ (-કારણનિયમ) છે. નિયમ (-કાર્યનિયમ) એટલે નિશ્ચયથી (નક્કી)

---

૧. આ પરમ પારિણામિક ભાવમાં પારિણામિક શબ્દ હોવા છતાં તે ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી અને પર્યાયાર્થિક નયનો વિષય નથી. આ પરમ પારિણામિક ભાવ તો ઉત્પાદવ્યય નિરપેક્ષ એકરૂપ છે અને દ્રવ્યાર્થિક નયનો વિષય છે.

૨. આ શુદ્ધજ્ઞાનચેતના પરિણામમાં 'પરિણામ' શબ્દ હોવા છતાં તે ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી અને પર્યાયાર્થિકનયનો વિષય નથી. આ શુદ્ધજ્ઞાનચેતના પરિણામ તો ઉત્પાદવ્યય નિરપેક્ષ એકરૂપ છે અને દ્રવ્યાર્થિક નયનો વિષય છે.

૩. આ નિયમ તે કારણનિયમ છે, કેમકે તે સમ્યગ્-દર્શન-જ્ઞાન ચારિત્રરૂપ કાર્ય નિયમનું કારણ છે. (કારણ નિયમના આશ્રયે કાર્ય નિયમ પ્રગટે છે.)

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે કરવા યોગ્ય-પ્રયોજનસ્વરૂપ-હોય તે અર્થાત્ જ્ઞાનદર્શનચારિત્ર તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે : (૧) પરદ્રવ્યને અવલંબ્યા વિના નિઃશેષપણે અંતર્મુખ યોગશક્તિમાંથી ઉપાદેય (-ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને ગ્રહણ કરવા યોગ્ય ) એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન (-જાણવું) તે જ્ઞાન છે. (૨) ભગવાન પરમાત્માના સુખના અભિલાષી જીવને શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસનું જન્મભૂમિસ્થાન જે નિજ શુદ્ધ જીવાસ્તિકાય તેનાથી ઊપજતું જે પરમશ્રદ્ધાન તે જ દર્શન છે. (૩) નિશ્ચયજ્ઞાનદર્શનાત્મક કારણ પરમાત્મામાં અવિચળ સ્થિતિ (નિશ્ચળપણે લીન રહેવું) તે જ ચારિત્ર છે. આ જ્ઞાનદર્શનચારિત્ર સ્વરૂપ નિયમ નિર્વાણનુ[૧] કારણ છે. તે 'નિયમ' શબ્દને [૨]વિપરીતના પરિહાર અર્થે **'સાર'** શબ્દ જોડવામાં આવ્યો છે.

---

૧. કારણના જેવું જ કાર્ય થાય છે, તેથી સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ જ ખરેખર અનંત કાળ સુધી સ્વરૂપમાં સ્થિર રહી જવાનો ઉપાય છે.

૨. વિપરીત-વિરુદ્ધ.(વ્યવહાર રત્નત્રયરૂપ વિકલ્પોને-પરાશ્રિત ભાવોને-બાતલ કરીને માત્ર નિર્વિકલ્પ જ્ઞાનદર્શનચારિત્રનો જ-શુદ્ધરત્નત્રયનો જ-સ્વીકાર કરવા અર્થે 'નિયમ' સાથે 'સાર' શબ્દ જોડ્યો છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# શ્રી નિયમસારજી શાસ્ત્ર ગાથા-૩ ઉપરનું પ્રવચન

જુઓ, આ સંતોની વાણી ! વનમાં ગુફામાં રહીને દિગંબર મુનિવરોએ આત્માના અનુભવમાં કલમ બોળી બોળીને આ ભાવો કાઢ્યા છે. સાતમા ગુણસ્થાનવર્તી આત્માના આનંદમાં ઝૂલતા ઝૂલતા મુનિઓએ અંતરના ઊંડાણમાંથી આ ભાવો પ્રગટ કર્યા છે. અહો! સંતો અપૂર્વ ઉત્તરાધિકાર છોડી ગયા છે. શુદ્ધ રત્નત્રયરૂપ તારું કર્તવ્ય છે તેનું કારણ તારા સ્વભાવમાં જ મોજૂદ છે. અંતરમાં જ્યારે દૃષ્ટિ કર ત્યારે મોક્ષમાર્ગનું કારણ તારામાં રહેલું જ છે. આ કારણને ઓળખીને તેની સાથે એકતા કરવાથી મોક્ષમાર્ગરૂપી કાર્ય થઈ જાય છે.

અંતરમાં કારણ કાર્યની એકતા સાધતાં સાધતાં આ ટીકાની રચના થઈ ગઈ છે. જુઓ તો ખરા ! ટીકાકારે કેવા ભાવ કાઢ્યા છે. વનમાં બેઠાં બેઠાં સિદ્ધોની સાથે વાતો કરી છે. આ નિયમસારની વચનિકા ચાલી રહી છે. ભગવાન શ્રી કુંદકુંદ આચાર્યદેવે આ નિયમસારમાં અલૌકિક ભાવો ભર્યા છે અને પદ્મપ્રભમલધારિદેવ મુનિરાજે પણ ટીકામાં અધ્યાત્મના અલૌકિક ભાવો પ્રગટ કર્યા છે. અહીં ત્રીજી ગાથા ચાલી રહી છે.

જે નિયમથી કરવા યોગ્ય છે તે નિયમ છે એટલે કે જ્ઞાન-દર્શન-ચારિત્ર જ નિયમ છે અને તેના વિપરીતના પરિહાર માટે 'સાર' શબ્દ યોજેલ છે.

યથાર્થરૂપે કરવા યોગ્ય જે રત્નત્રય છે; તે નિયમ છે; પરંતુ એમ કહેવાથી વ્યવહાર રત્નત્રયનો રાગ પણ મોક્ષનું કારણ છે એમ કોઈ ન માની લે એટલા માટે આચાર્યદેવ સ્પષ્ટીકરણ કરે છે કે નિયમની સાથે 'સાર' શબ્દ જોડીને અમે વિપરીતનો પરિહાર કર્યો છે. એટલે કે નિશ્ચય રત્નત્રયથી વિપરીત એવો વ્યવહાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રત્નત્રયનો રાગ મોક્ષમાર્ગ નથી, પરંતુ તે બંધમાર્ગ છે એમ દર્શાવ્યું છે. મોક્ષ માટે જો કાંઈ કરવા યોગ્ય હોય તો તે રાગરહિત શુદ્ધ રત્નત્રય જ છે. એના સિવાય શુભ રાગરૂપ જે વ્યવહાર રત્નત્રય છે, તે મોક્ષનું કારણ નથી.

અહો ! નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે શુદ્ધ રત્નત્રય છે તે જ મોક્ષમાર્ગ છે. એના સિવાય વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ પણ નિશ્ચયરત્નત્રયથી વિપરીત છે, તેના આશ્રયથી-અવલંબનથી મોક્ષમાર્ગ નથી-એમ જાણીને તે વ્યવહારનું અવલંબન છોડવા જેવું છે.

અહીં શુદ્ધ રત્નત્રયને નિયમથી કર્તવ્ય કહ્યું, તો તે કર્તવ્યનું કારણ કોણ? શુદ્ધ રત્નત્રયરૂપ નિયમ તે મોક્ષમાર્ગ છે - કાર્યરૂપ છે, કર્તવ્ય રૂપ જે કાર્યનિયમ તેનું કારણ કોણ ? -તેનું અહીં ટીકામાં સ્પષ્ટીકરણ કર્યું છે. કારણ તેને કહેવાય કે જેના આશ્રયથી કાર્ય પ્રગટ થાય. જે રીતે કાર્ય વર્તમાનમાં હોય છે, તે જ રીતે તેના આશ્રયભૂત કારણ પણ વર્તમાનમાં જ હોય છે.

અહીં વાત તો કરવી છે મોક્ષમાર્ગની, પરંતુ ટીકામાં સાથોસાથ તેનું 'કારણ' પણ દર્શાવીને અલૌકિક વાત કરી છે.

'નિયમસાર' એટલે સ્વભાવરત્નત્રય. એ સ્વભાવ રત્નત્રયના બે પ્રકાર છે--એક કારણરૂપ અને બીજો કાર્યરૂપ; અહીં તેમનું કારણનિયમ તથા કાર્યનિયમ રૂપે વર્ણન કરે છે; 'જે સહજ પરમ પારિણામિક ભાવમાં સ્થિત, સ્વભાવ અનંત ચતુષ્ટયાત્મક શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ છે તે કારણ નિયમ છે. અને નિશ્ચયથી જે કરવા યોગ્ય છે એટલે કે પ્રયોજનરૂપ છે-એવા સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્ર તે કાર્યનિયમ છે.'

જુઓ, આ કારણનિયમ અને કાર્યનિયમની અદ્ભુત વ્યાખ્યા! કારણ નિયમ તો બધા જીવોમાં ત્રિકાળ રહેલ છે તે કાંઈ નવો નથી કરવો પડતો પરંતુ તે કારણ નિયમનું લક્ષ કરવાથી તેના આશ્રયથી કાર્યનિયમરૂપ મોક્ષમાર્ગ નવો પ્રગટ થાય છે. અને તે જ ખરેખર કર્તવ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોક્ષમાર્ગ કેવી રીતે થાય છે ? તે વાત પણ આમાં આવી ગઈ. પરના આશ્રયથી, રાગથી કે વ્યવહાર રત્નત્રયના અવલંબનથી મોક્ષમાર્ગ નથી પ્રગટતો, અંતરમાં શુદ્ધ કારણ સદા પ્રવર્તમાન છે. તે કારણના આશ્રયથી જ મોક્ષમાર્ગરૂપી કાર્ય પ્રગટ થાય છે.

મૂળ સૂત્રમાં તો **णियमेण य जं कज्जं**.....એટલે કે 'નિયમથી જે કરવા યોગ્ય છે.....' એમ કહીને આચાર્યદેવ શુદ્ધ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગ બતાવવા માંગે છે અને ટીકાકાર મુનિરાજે તે મોક્ષમાર્ગ રૂપી કાર્યની સાથે તેના કારણનું વર્ણન કરીને અદ્‌ભુત ટીકા કરી છે. જેવી રીતે સમયસારમાં અમૃત ચંદ્રાચાર્યદેવે એવી શૈલીથી ટીકા કરી છે કે મૂળ સૂત્રમાં અસ્તિની વાત હોય તો તેઓ સાથે નાસ્તિની વાત કરે છે અને નાસ્તિની વાત હોય તો સાથે અસ્તિની વાત કરે છે, તે જ પ્રમાણે **અહીં નિયમસારમાં ટીકાકાર મુનિરાજે કાર્યની સાથે જ ત્રૈકાલિક કારણ (કારણ શુદ્ધ પર્યાય)ની વાત કરીને ટીકામાં અલૌકિક રહસ્ય ખોલ્યું છે. આ અપૂર્વ વાત છે, અનેક લોકોએ તો જીવનમાં આ વાત સાંભળી પણ નહિ હોય.**

જીવને નિયમથી કરવા યોગ્ય જે કાર્ય છે તે નિયમ છે. શરીરાદિ જડ પદાર્થોનાં કાર્ય તો આત્માથી ભિન્ન છે. તેથી તે જીવનાં કાર્યો નથી એટલા માટે તેમની તો અહીં વાત જ નથી. મિથ્યાત્વ તથા રાગદ્વેષરૂપી કાર્યને પ્રતિક્ષણ કરતો એવો આ જીવ અનાદિથી સંસાર પરિભ્રમણ કરી રહ્યો છે, એટલા માટે તે પણ જીવનું ખરું કર્તવ્ય નથી. તેથી હવે એ વિચાર કરવામાં આવે છે કે જીવને નિયમથી કરવા યોગ્ય કાર્ય કયું છે ? જેનાથી સંસારનો અભાવ થાય અને પરમાનંદરૂપ મોક્ષદશા પ્રગટ થાય એવા રત્નત્રયરૂપ સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર જ નિયમથી કરવા યોગ્ય છે, તેથી શુદ્ધરત્નત્રય જ નિયમસાર છે.

**પ્રશ્ન :-** નિયમથી કરવા યોગ્ય જે શુદ્ધ રત્નત્રયરૂપી કાર્ય છે, તે કાર્યનું કારણ કોણ છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ઉત્તર :-** આત્મામાં સહજ અનંતચતુષ્ટયમય શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ ત્રિકાળ છે, તે સહજ પરમપારિણામિક ભાવમાં સ્થિત છે તથા તે જ રત્નત્રય પ્રગટ થવામાં મૂળ કારણ છે. આ કારણના મનનથી કાર્ય પ્રગટ થાય છે.એટલે કે આ કારણરૂપ શુદ્ધ જ્ઞાનચેતના ઉપર દૃષ્ટિ એકાગ્ર થવાથી સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટ થઈ જાય છે.

આ 'શુદ્ધ જ્ઞાન ચેતના પરિણામ' પરમ પારિણામિક ભાવરૂપ છે, અનંતચતુષ્ટયમય છે. તેરમા ગુણસ્થાનમાં જે કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય પ્રગટ થાય છે, તેની આ વાત નથી; પરંતુ આ તો એની વાત છે જે સર્વ જીવોમાં ત્રિકાળ સ્વભાવ અનંતચતુષ્ટયમય શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ છે. આ જે સ્વભાવ અનંત ચતુષ્ટયમય કહેલ છે તે પરમ પારિણામિક ભાવરૂપ છે અને જે કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય પ્રગટ થાય છે તે તો ક્ષાયિકભાવરૂપ છે.

અહીં એ બતાવવામાં આવી રહ્યું છે કે જીવનું પ્રયોજન મોક્ષમાર્ગ છે તથા આ પ્રયોજનની સિદ્ધિ કોના આશ્રયથી થાય છે. જે સ્વભાવ અનંતચતુષ્ટયાત્મક સહજ પરમપારિણામિક ભાવમાં સ્થિત છે તે શુદ્ધ જ્ઞાનચેતના પરિણામના આશ્રયથી મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. અહીં જે શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ કહ્યું છે તે ત્રિકાળ પરમ પારિણામિક ભાવ છે. ઔદયિકાદિ ભાવોથી નિરપેક્ષ છે અને દ્રવ્યદૃષ્ટિનો વિષય છે.

ચેતનાના ત્રણ પ્રકારોમાં જે જ્ઞાનચેતના છે તે તો પર્યાયરૂપ છે, કાર્ય છે અને વ્યવહાર નયનો વિષય છે તથા ત્રિકાળિક શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ છે તે દ્રવ્યરૂપ છે, કારણ છે અને નિશ્ચયનયનો વિષય છે; એના અવલંબનથી નિર્મળ પર્યાયરૂપ કાર્ય પ્રગટ થાય છે.

જુઓ, આ સંતોની વાણી ! વનની ગુફામાં રહીને દિગંબર મુનિવરોએ આત્માનુભવરૂપી કલમ બોળી બોળીને આ ભાવો લખ્યા છે. અહો ! આ સંતોની અપૂર્વ દેન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધ રત્નત્રયરૂપી જે તારું કર્તવ્ય છે, તેનું કારણ પણ તારા સ્વભાવમાં જ પ્રવર્તમાન છે, તેને ઓળખીને તેમાં એકાગ્ર થતાં મોક્ષમાર્ગ પ્રગટે છે. જુઓ તો ખરા ! ટીકાકારે કેવા ગંભીર ભાવો કાઢ્યા છે. જંગલમાં બેઠાં બેઠાં સિધ્ધ ભગવંતો સાથે આ પ્રકારે વાતો કરી છે કે 'હે સિદ્ધ ભગવાન !. આપ કોના આશ્રયથી સિદ્ધ થયા છો ?' તો જાણે સિદ્ધ ભગવાન જવાબ આપી રહ્યા હોય કે 'અંતરમાં જે સહજ શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ કારણ છે, તેના આશ્રયથી જ અમને સિદ્ધ દશા પ્રગટ થઈ છે.' આ સાંભળીને મુનિરાજ પણ આ કારણ પરમાત્માનું સેવન કરીને સિદ્ધ દશાની સાધના કરી રહ્યા છે.આવા મુનિઓએ આ ટીકાની રચના કરી છે.

નિયમસાર એટલે શુદ્ધ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ કે જે કોઈ બાહ્ય કારણથી પ્રગટ નથી થતો. દેહ અથવા રાગ મોક્ષમાર્ગનું કારણ નથી, પરંતુ અંતરમાં પ્રવર્તમાન શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ જ મોક્ષમાર્ગનું કારણ છે એમ કહીને આચાર્યદેવે દેહ તથા રાગમાં પોતાપણાની બુદ્ધિ છોડાવી છે. શુદ્ધ રત્નત્રયરૂપ જે નિશ્ચય મોક્ષમાર્ગ છે તેને મોક્ષનું કારણ કહેવું એ પણ વ્યવહાર છે, કારણ કે તે પર્યાયના આધારે પણ મોક્ષની પર્યાય પ્રગટ નથી થતી, શુદ્ધ રત્નત્રય નિશ્ચયથી મોક્ષમાર્ગ છે અને તેને મોક્ષનું કારણ કહેવું તે વ્યવહાર છે. **સહજ શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ જેનું આગળ કારણ શુદ્ધ પર્યાય કહીને વર્ણન કરશે તે મોક્ષનું નિશ્ચય કારણ છે, કેમકે તેના આધારે-આશ્રયથી સમ્યગ્દર્શન - જ્ઞાન-ચારિત્ર તેમજ મોક્ષદશા પ્રગટ થાય છે. તથા મોક્ષદશામાં પણ તે કારણનો અભાવ નથી થતો. મોક્ષદશામાં પણ તે સદૈવ સાથે રહે છે. ત્રૈકાલિક સામાન્યરૂપ ધ્રુવ અને તેનું વર્તમાન વર્તતું વિશેષરૂપ ધ્રુવ એ બંને અભેદ છે અને દ્રવ્યદષ્ટિનો વિષય છે. જે રીતે સહજ પરમ પારિણામિકભાવ ત્રિકાળ ધ્રુવરૂપ છે તે જ રીતે તે પરમ પારિણામિક ભાવમાં સ્થિત**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આ સ્વભાવ ચતુષ્ટયમય શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ પણ ધ્રુવરૂપ છે, કારણ નિયમરૂપ છે, જે પ્રત્યેક આત્મામાં ત્રિકાળ એકરૂપ સ્થિત છે, પારિણામિક ભાવરૂપ છે, તેમાં પરિણમન કહેવામાં આવે છે. પરંતુ તે પરિણમન સદશરૂપ છે, સંસાર તેમજ મોક્ષપર્યાયની જેમ ઉત્પાદ - વ્યયરૂપ પરિણમન નથી. આવો કારણ** સ્વભાવ અન્તર્દષ્ટિનો વિષય છે. આવા કારણને ઓળખે તો નિર્મળ કાર્ય (સમ્યગ્દર્શનાદિ) થયા વિના ન રહે.

પોતાના મોક્ષનું કારણ પોતાની પાસે સત્‌રૂપે નિરંતર પ્રવાહિત છે એટલે કે મોક્ષપર્યાય પ્રગટ થવાની કારણરૂપ શક્તિ પ્રત્યેક જીવ પાસે ત્રિકાળ વિદ્યમાન છે જેના સેવનથી મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. તેના સિવાય બાહ્ય વ્યવહાર કારણના આશ્રયથી મોક્ષમાર્ગ પ્રગટતો નથી. જેવી રીતે મોર થવાની શક્તિ તેના ઇંડામાં વિદ્યમાન છે તેથી તેમાંથી મોર થાય છે, તેવી જ રીતે ચૈતન્યની શક્તિમાં પરમાત્મદશા પ્રગટ થવાની શક્તિ વિદ્યમાન છે તેથી તેમાંથી જ પરમાત્મદશા પ્રગટ થાય છે.

અરે ભાઈ ! પોતાના આત્માની શક્તિનો આ રીતે વિશ્વાસ તેમજ મહત્ત્વ ભાસિત થવું જોઈએ કે પરમાત્મશક્તિ મારામાં જ છે, તેને ક્યાંય બહારથી પ્રગટ નથી થવાનું. અહીં તો શુદ્ધજ્ઞાનચેતના પરિણામ કહીને સામાન્ય ધ્રુવની સાથે વિશેષ ધ્રુવ દર્શાવવું છે. તે નજીકનું કારણ છે, તેને કારણ નિયમ કહેલ છે અને તે કારણ નિયમમાં અનંત મોક્ષપર્યાય પ્રગટાવવાનું સામર્થ્ય છે. પરમ પારિણામિકભાવ પરમ-ઉત્કૃષ્ટ સ્વભાવથી પરિપૂર્ણ છે અને તેમાં રહેલ સ્વભાવ અનંત ચતુષ્ટય રૂપ સહજ શુધ્ધજ્ઞાન-ચેતના પરિણામ એ કારણ નિયમ છે. 'કારણ નિયમ' કહીને મુનિરાજે બીજાં કારણોનો અભાવ દર્શાવ્યો છે એટલે કે રાગાદિ વ્યવહાર કારણ ખરેખર કારણ નથી એમ સમજાવ્યું છે. અંતરમાં સહજ પારિણામિક ત્રિકાળભાવ અને તેના શુધ્ધચેતના પરિણામ નિશ્ચય કારણ છે, તે કારણના આશ્રયથી નિયમથી મોક્ષમાર્ગ પ્રગટ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાર્યનિયમની સાથે કારણનિયમની વાત કરીને અદ્ભુત રહસ્યનું સ્પષ્ટીકરણ કર્યું છે. કારણ નિયમરૂપ સ્વભાવ પ્રત્યેક આત્મામાં પ્રર્વતમાનજ છે, તેના તરફ વળીને આશ્રય કરવાથી કાર્ય નિયમરૂપ મોક્ષમાર્ગ પ્રગટ થાય છે - આ રીતે પોતાનો અંતર્મુખ સ્વભાવ જ કારણ છે. **જે રીતે કાર્ય વર્તમાન છે તે જ રીતે તે કાર્યના આધારરૂપ ધ્રુવકારણ પણ વર્તમાન છે જે રીતે સામાન્ય દ્રવ્ય ત્રિકાળ ધ્રુવ છે તે જ રીતે તેનું વિશેષરૂપ વર્તમાન ધ્રુવ પણ વર્તે છે. જો વર્તમાન પરિપૂર્ણ કારણરૂપ ધ્રુવ ન વર્તતું હોય તો તેમાં મોક્ષમાર્ગરૂપી કાર્ય પ્રગટવાનું સામર્થ્ય ક્યાંથી આવશે?** જે નિર્મળકાર્ય છે તે વર્તમાન વર્તતા ધ્રુવકારણની સાથે અભેદ થાય છે.

**અહીં 'સામાન્ય ધ્રુવ' અને 'વિશેષ ધ્રુવ' એમ કહીને કાંઈ ધ્રુવના બે ભાગ નથી બતાવવા, પરંતુ ધ્રુવસ્વભાવની પરિપૂર્ણતા બતાવવી છે.** જે રીતે ત્રિકાળી સામાન્ય ધ્રુવ છે તે જ રીતે તેનું વર્તમાન વિશેષ પણ ધ્રુવ છે, તેના આશ્રયે નિર્મળ કાર્ય પ્રગટ થઈ જાય છે, તેથી તેને કારણ એટલે કે 'કારણશુધ્ધ પર્યાય' કહેવાય છે. ત્રિકાળી અભેદ સ્વભાવનું બળ વર્તમાનમાં પણ એવું ને એવું જ છે. તે દૃષ્ટિનો વિષય છે પરંતુ તેનું વેદન નથી હોતું, વેદન તો તેના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટ થાય છે તેનું હોય છે.

જમીનમાં અંદરનો ભાગ સારો હોય પરંતુ તેની ઉપલી સપાટી ક્ષારમય હોય તો તેમાં ઝાડ નથી ઉગતું. જમીનના નીચેના ભાગની જેમ તેનો ઉપરનો ભાગ પણ સારો હોય તો તેના આધારે ઝાડ ઉગે છે તે જ રીતે **આત્મામાં ત્રિકાળી ધ્રુવસ્વભાવનો અંદરનો ભાગ શુધ્ધ છે અને તેની વર્તમાન સપાટી પણ તેવી જ શુધ્ધ છે - તેના આધારે મોક્ષમાર્ગરૂપી ઝાડ ઊગે છે. 'વર્તમાન' કહેવાથી અહીં વર્તમાનમાં વર્તતી ઉત્પાદ - વ્યય વાળી પર્યાય નહિ સમજવાની.** 'વર્તમાન ધ્રુવનો જ આશ્રય કરવાનો છે'- એ રીતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં પર્યાયનો આશ્રય ન બતાવતાં ધ્રુવનો આશ્રય કરવાનું બતાવવું છે.

અહો, ચૈતન્યભગવાન, ધ્રુવજ્ઞાયક સ્વભાવથી પરિપૂર્ણ પરમ પરિણામિકભાવ છે, તેના સહજ ચેતના પરિણામ પણ વર્તમાન ધ્રુવ છે. ભાઈ ! તું અંતરમાં જ્યારે જો ત્યારે મોક્ષનું કારણ તારી પાસે વર્તમાનમાં જ વિદ્યમાન છે, તેને નવું ઉત્પન્ન નથી કરવાનું; તે કારણનો આશ્રય કરવાથી કાર્ય પ્રગટ થઈ જાય છે. કારણ ક્યાંય બહાર શોધવા નથી જવું પડતું. જ્યારે જુઓ ત્યારે એવું ને એવું ધ્રુવ વર્તમાનમાં તારી પાસેજ વિદ્યમાન છે, તેની પ્રતીતિ, જ્ઞાન અને લીનતા કરવી એ જ મોક્ષમાર્ગ છે. ધ્રુવકારણ તો ત્રિકાળ વિદ્યમાન છે જ અને તેને ઓળખવાથી મોક્ષમાર્ગ નવો પ્રગટ થાય છે.

મોક્ષમાર્ગ – શુધ્ધ રત્નત્રય કાર્યનિયમ છે અને ધ્રુવસ્વભાવ કારણ નિયમ છે. કારણ નિયમ બનાવવો નથી પડતો, તે તો ત્રિકાળ રહેલો છે. અંતરમાં તો આત્મા હમેશાં કારણ નિયમરૂપે શોભાયમાન જ છે. તેના અંતર્મુખ અવલોકનથી કાર્યનિયમ પ્રગટ થઈ જાય છે. મોક્ષમાર્ગ પ્રગટ કરવો એ જ નિયમથી જીવનું કરવા યોગ્ય કાર્ય છે.

ભાઈ ! તારી અંદરમાં કેવા કેવા ભંડાર ભર્યા છે તેની આ વાત છે. જેમ લક્ષ્મીની રુચિવાળા રાગી જીવને કોઈ હીરા-મોતીઓનો ભંડાર બતાવે, તો તે તેને કેટલી રુચિપૂર્વક જુએ છે, તે પ્રમાણે જેને આત્માની રુચિ છે તેને અહીં મુનિરાજ અંતરનો ભંડાર બતાવે છે. ભાઈ ! તારો ભંડાર એવો છે કે જેમાંથી મોક્ષના અનંત નિધાન પ્રગટ થાય છે. અંતરનેત્રો ખોલીને જુએ તો ખબર પડે. અંતરના ભંડારને જુએ તો પોતાના મોક્ષ માટે બાહ્ય કારણ શોધવાનો વ્યર્થ પ્રયત્ન ન કરવો પડે. જેને પોતાની અંતરશક્તિનો વિશ્વાસ નથી અને તે બહારમાં કારણો શોધે છે તેને કહે છે કે અરે જીવ ! તારા મોક્ષમાર્ગરૂપી કાર્યનું કારણ સ્વભાવરત્નત્રય ત્રિકાળ તારી પાસે જ છે, તેના આશ્રયથી તારું કાર્ય પ્રગટ થઈ જશે. આ સિવાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બીજા કોઈ પણ કારણના અવલંબનથી મોક્ષમાર્ગ પ્રગટ નહિ થઈ શકે.

પ્રત્યેક આત્મામાં પરમાત્મદશા પ્રગટ થવાની શક્તિ છે, તેથી પ્રત્યેક આત્મા કારણ પરમાત્મા છે. 'કારણપરમાત્મા' કહેતાં તેમાં ત્રિકાળી દ્રવ્ય, ગુણ તથા તેની વર્તમાનરૂપ કારણશુધ્ધપર્યાય- ત્રણેય આવી જાય છે. અહીં કારણશુદ્ધ ચેતના પરિણામને 'કારણ નિયમ' કહીને મોક્ષમાર્ગના કારણની એકદમ નિકટતા દર્શાવી છે. દ્રવ્ય, ગુણ તથા કારણ શુદ્ધ પયાય-આ ત્રણેયનું કાંઈ ભિન્ન ભિન્ન અવલંબન નથી, સમ્યગ્દર્શનાદિમાં આ ત્રણેયની અભેદતાનું જ અવલંબન છે. આ વર્તમાન ધ્રુવરૂપ કારણ શુધ્ધપર્યાય વિના દ્રવ્યની વર્તમાનમાં પરિપૂર્ણતા સિધ્ધ નથી થતી - દ્રવ્યની અખંડતા સિધ્ધ નથી થતી.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ-આ ચાર દ્રવ્યોમાં અનાદિ-અનંત સદ્દશ પરિણમન છે, તેમની પર્યાયો હંમેશાં પારિણામિકભાવે વર્તે છે. સર્વેને જાણનારો જ્ઞાયકતત્ત્વ જીવ છે તેની પર્યાયો સંસાર અથવા મોક્ષરૂપ ઉત્પાદ-વ્યયવાળી છે, તે હમેશાં એકરૂપ નથી. જીવમાં આ ઉત્પાદ-વ્યય રહિત ધ્રુવરૂપ એવી કારણશુદ્ધ પર્યાય અનાદિ-અનંત પારિણામિક ભાવે વર્તે છે. આ કેવળ જ્ઞાનદિ પ્રગટ થવાની વાત નથી પરંતુ આ તો ત્રિકાળી પારિણામિકભાવની વાત છે.

સંસાર અને મોક્ષ એ બંને પર્યાયો અસ્થાયી છે એટલે કે તે ત્રિકાળ એકરૂપ નથી. સંસાર વખતે મોક્ષપર્યાય નથી હોતી અને મોક્ષવખતે સંસારપર્યાય નથી હોતી-આ રીતે તેમનો વિરહ છે; જ્યારે કારણશુદ્ધ પર્યાય તો સદા એકરૂપ સ્થાયી છે. દ્રવ્યમાં ત્રિકાળ અભેદરૂપ હોવાથી તેનો કદી વિરહ નથી, તે ઉત્પાદ-વ્યય રહિત ધ્રુવપરિણતિ છે.

ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યોમાં તો ઉત્પાદ-વ્યયવાળી પરિણતિ પારિણામિક ભાવરૂપ હમેશાં એકરૂપ છે અને જીવની ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયમાં એકરૂપતા નથી પરંતુ વિવિધતા છે : કોઈવાર મિથ્યાત્વાદિ સંસારપર્યાય, કોઈવાર સમ્યગ્દર્શનાદિ સાધકદશા અને કોઈવાર પૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધતારૂપ સિદ્ધદશા-આ રીતે ખંડ ખંડ છે, એકરૂપ નથી. **જીવની જે ખંડરહિત એકરૂપ ધ્રુવપરિણતિ છે તેને અહીં 'શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ' કહેલ છે જે સદા એકરૂપ પારિણામિક ભાવ-સ્વરૂપ છે.**

મોક્ષમાર્ગની પર્યાયને અથવા ક્રોધાદિ કષાયોની પર્યાયને કોઈ કોઈવાર પારિણામિકભાવરૂપ કહેવામાં આવે છે તેમાં તો બીજી જ વિવક્ષા છે. ક્રોધાદિભાવ કર્મ નથી કરાવતા, પરંતુ જીવ સ્વયં કરે છે એટલે કે તે જીવના પોતાના પરિણામ છે, તેથી એને પારિણામિકભાવરૂપ પણ કહેવામાં આવે છે તો પણ તેમાં નિમિત્તરૂપે તો કર્મોદય વગેરેની અપેક્ષા છે. જ્યારે આ કારણ શુદ્ધપર્યાયમાં તો નિમિત્તરૂપે પણ કર્મની અપેક્ષા નથી, આ તો કર્મોદયાદિની અપેક્ષા રહિત સદા પારિણામિકભાવરૂપ વર્તે છે. ઔદયિકાદિ ચારેય ભાવ નિમિત્ત સાપેક્ષ છે અને આ કારણ શુદ્ધપર્યાય પારિણામિકભાવની નિરપેક્ષ પરિણતિ છે.

ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યોના પરિણમનમાં અલ્પતા, અધિકતા કે વિપરીતતા નથી હોતી, તેમાં તો હંમેશાં સમાનતા જ હોય છે. તે બધાનો જ્ઞાતા તો આત્મા છે અને આત્મામાં સંસાર, મોક્ષમાર્ગ તથા મોક્ષ – આ પર્યાયો ત્રિકાળ એકરૂપ નથી હોતી. અહીં પ્રશ્ન ઉઠે છે કે સંસાર, મોક્ષમાર્ગ તથા મોક્ષ સિવાય એવો કયો ભાવ છે કે જેના આશ્રયે એકાગ્રતા થઈ શકે ?

એનો ઉત્તર છે કે **સ્વયં આત્મામાં જ એક ધ્રુવ પરિણતિ અનાદિ-અનંત એકરૂપ શુદ્ધ પારિણામિકભાવે વર્તે છે. દ્રવ્ય, ગુણ અને કારણશુદ્ધ પર્યાય એ ત્રણેય અખંડરૂપે દ્રવ્યાર્થિકનયનો પૂર્ણ વિષય છે, આ જૈનદર્શનની મૂળ વાત છે. આના વિના દ્રવ્યની વર્તમાન અખંડતા સિદ્ધ થતી નથી. દૃષ્ટિનો વિષય વર્તમાનમાં પૂર્ણ નથી થતો.** જીવની પર્યાયમાં સંસાર અથવા મોક્ષ-એવી વિસદૃશતા હોવા છતાં પણ દ્રવ્ય, ગુણ અને કારણશુદ્ધ પર્યાયની એકરૂપતા કદીપણ નથી તૂટતી.

જૈનદર્શન કહો અથવા વસ્તુદર્શન કહો એક જ વાત છે. અહો!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આતો સંત મુનિઓએ સર્વજ્ઞ ભગવાનના સનાતન વીતરાગ માર્ગના અંતરંગ રહસ્યોનું ઉદ્‌ઘાટન કર્યું છે.

પ્રશ્ન : કારણશુદ્ધ પર્યાયની આવી સ્પષ્ટતા આ નિયમસારમાં જ કેમ આવી ?

ઉત્તર : આ નિયમસારમાં મુખ્યપણે મોક્ષમાર્ગ અને મોક્ષનું કથન છે. તે બંને શુદ્ધ પર્યાયો છે, તેથી તે શુદ્ધ પર્યાયરૂપી કાર્યની સાથે તેના કારણરૂપ કારણશુદ્ધપર્યાયની વાત આ નિયમસારની ટીકામાં વિશેષ સ્પષ્ટતાપૂર્વક આવી છે.

પ્રશ્ન : નિયમસારનો અર્થ શું છે ? ઉત્તર : જે નિયમથી કરવા યોગ્યકાર્ય છે તે નિયમસાર છે.

પ્રશ્ન : નિયમથી કરવાયોગ્ય કાર્ય શું છે ? ઉત્તર : શુદ્ધરત્નત્રય.

શુદ્ધરત્નત્રયરૂપ કાર્ય માટે નજીકનું કારણ, દ્રવ્યની સાથે સદા અભેદ આ કારણશુદ્ધપર્યાય છે. આ કારણના અવલંબનથી જ મોક્ષમાર્ગરૂપી શુદ્ધકાર્ય પ્રગટ થાય છે. 'શુદ્ધકારણ'ના મનનથી 'શુદ્ધકાર્ય' પ્રગટ થાય છે.

જુઓ આ રચના ! આ કોઈ સાધારણ પુરુષની રચના નથી પરંતુ ગણધર પરંપરાથી ચાલી આવેલી તથા છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા મુનિના અંતરમાંથી નીકળેલી અદ્‌ભુત રચના છે. **પોતે ન સમજી શકે અને ટીકાકારનો દોષ કાઢે તો તે મહામૂઢતા અને સ્વચ્છંદતા છે ભાઈ ! સાધારણ જીવો માટે મુનિઓના હૃદયને સમજવું કઠિન છે.** ૧૦૦મી ગાથામાં ટીકાકાર મુનિરાજ કહે છે મારા મુખમાંથી પરમાગમરૂપી પુષ્પનો રસ ઝરી રહ્યો છે, તેથી જે આ ટીકા રચવામાં આવી છે તેમાં પરમાગમનો નીચોડ છે, પરમાગમનો સાર છે.

અહીં નિયમસાર એટલે કે સ્વભાવરત્નત્રયની વાત ચાલી રહી છે. સ્વભાવરત્નત્રય બે પ્રકારે છે : (૧) કાર્યરૂપ સ્વભાવરત્નત્રય (૨) કારણરૂપ સ્વભાવરત્નત્રય.

જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે તે કાર્યરૂપ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જેને કાર્યનિયમ કહેવાય છે અને **તે મોક્ષમાર્ગના કારણરૂપ સ્વભાવરત્નત્રયને કારણનિયમ કહે છે જે ત્રિકાળ છે, સહજ પરમ પારિણામિકભાવમાં સ્થિત છે અને સ્વભાવ અનંતચતુષ્ટય સ્વરૂપ છે.**

જુઓ, આ મોક્ષમાર્ગરૂપી કાર્યનું કારણ છે. કારણનિયમ કહો અથવા કારણશુદ્ધપર્યાય બંને એક જ છે. 'કારણશુદ્ધપર્યાય'ને આગળ પૂજિત પરમભાવ પરિણતિ પણ કહેલ છે અને અહીં તેને 'શુદ્ધજ્ઞાન' અથવા 'શુદ્ધજ્ઞાનચેતના' પરિણામ કહેલ છે. અહીં તેને 'શુદ્ધજ્ઞાન' અથવા **'શુદ્ધજ્ઞાનચેતના' ન કહેતાં તેની સાથે પરિણામ શબ્દ પણ જોડયો છે પરંતુ પરિણામ કહેવા છતાં પણ તે ક્ષણિક ઉત્પાદ-વ્યયરૂપ નથી પરંતુ એકરૂપ પારિણામિકભાવ સ્વરૂપ છે;** તે મોક્ષમાર્ગરૂપ નથી પરંતુ તેના ધ્રુવકારણરૂપ છે. કાર્યભાવ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ તો ક્ષાયિકાદિ ભાવસ્વરૂપ છે અને કારણ સ્વભાવ રત્નત્રયરૂપ શુદ્ધજ્ઞાનચેતના પરિણામ સહજ પારિણામિક ભાવરૂપ છે.

વ્યવહાર રત્નત્રયના જે રાગાદિ વિભાવ છે, તેઓ મોક્ષમાર્ગ નથી અને મોક્ષમાર્ગનું કારણ પણ નથી. જ્યારે કારણ સ્વભાવ રત્નત્રય મોક્ષમાર્ગ નથી પરંતુ મોક્ષમાર્ગનું કારણ છે. તેથી તેને 'કારણનિયમ' કહેવામાં આવે છે. કારણનિયમના આશ્રયે જે શુદ્ધરત્નત્રય પર્યાય પ્રગટ થાય છે તે મોક્ષમાર્ગ કાર્યનિયમ કહેવાય છે.

મોક્ષમાર્ગરૂપ જે કાર્યનિયમ શુદ્ધરત્નત્રય પર્યાય છે તે દ્રવ્યના આશ્રયે નવી ઉત્પન્ન થઈ છે અને આ જે 'શુદ્ધજ્ઞાનચેતના પરિણામરૂપ' કારણ નિયમકારણશુદ્ધ પર્યાય છે તે દ્રવ્યનો આશ્રય કરીને નવી ઉત્પન્ન નથી થઈ, તે તો દ્રવ્યસ્વભાવમાં પરમપારિણામિકભાવરૂપે સદા રહેલી જ છે. નવું પ્રગટ થવું તેમાં નથી, પરંતુ તેનું ભાન કરનાર જીવને મોક્ષમાર્ગ નવો પ્રગટ થાય છે. જગતમાં તો મોક્ષમાર્ગ અનાદિ અનંત ચાલી જ રહ્યો છે. પરંતુ તે જીવને માટે મોક્ષમાર્ગ નવો શરૂ થયો છે.

જેવી રીતે સમુદ્રમાં જળની ઉપરની સપાટી એકસરખી હોય છે, તેવી રીતે આત્મામાં કારણશુદ્ધપર્યાય સદા એકસરખી છે, તેમાં ઉદયાદિની અપેક્ષા નથી હોતી, તે વિશેષ પારિણામિકભાવરૂપ છે, આત્મામાં સદા સદૃશરૂપ વર્તે છે. કારણશુદ્ધપર્યાય દરેક ગુણમાં પણ છે. પવનના નિમિત્તે સમુદ્રના પાણીમાં જે મોજાં ઉઠે છે તે તો ઉપર ઉપર જ હોય છે, સમુદ્રના ઊંડાણમાં જઇને પાણીનું દળ જોઇએ તો તે એકરૂપ જ છે. તે જ રીતે આત્મામાં વિકારીભાવરાગાદિ અથવા તેમનાં અભાવથી પ્રગટ થતી નિર્મળ પર્યાયો છે તે બધા અપેક્ષિતભાવ છે, ક્ષણિક ઉત્પાદ-વ્યયરૂપ છે. તે ક્ષણિક ભાવોના આશ્રયથી સમ્યગ્દર્શન નથી થતું. જેવી રીતે સમુદ્રમાં પાણીનું દળ, પાણીનો શીતળ સ્વભાવ અને તેની સપાટી-ત્રણેયના અભેદરૂપ સમુદ્ર છે, તે ત્રણેય હમેશાં એવા ને એવા જ રહે છે, તેવી જ રીતે આત્મા ચૈતન્યસમુદ્ર છે તેમાં આત્મદ્રવ્ય, તેના જ્ઞાનાદિગુણો તથા તેનું ધ્રુવરૂપ વર્તમાન એટલે કે કારણ શુદ્ધપર્યાય ત્રણેય મળીને વસ્તુની પૂર્ણતા છે. આ જ પરમપારિણામિકભાવ છે તથા આના જ આશ્રયે સમ્યગ્યદર્શન થાય છે. આ નિયમસારમાં જ ગાથા ૧૦ થી ૧૫માં આ વાત વિસ્તારપૂર્વક આવશે.

આમાં મૂળ વાત એ છે કે સમ્યગ્યદર્શનાદિ કાર્ય વર્તમાન પર્યાયમાં થાય છે તેથી તે વર્તમાનમાં થનારા કાર્યનું કારણ પણ વર્તમાનમાં જ દર્શાવ્યું છે. નજીકમાં નજીક પરિપૂર્ણ કારણ વિદ્યમાન છે. અન્તર સન્મુખ થઇને પોતે તે કારણનું અવલંબન કરે એટલી જ વાર છે. કારણ તો સદા શુદ્ધ જ છે, તેમાં એકત્વ કરવાથી શુદ્ધ કાર્ય પ્રગટ થઈ જાય છે.

**આ કારણ શુદ્ધપર્યાય સદા ત્રિકાળી દ્રવ્યના પરમપારિણામિક સ્વભાવમાં લીનતારૂપ વર્તે છે, તે કદી ગૌણ નથી થતી, કદી એક સમય માત્ર પણ તેનો વિરહ નથી થતો, દૃષ્ટિના વિષયમાં પણ તે અભેદરૂપે આવી જાય છે.** અન્તર્મુખ સ્વભાવ તરફ ઢળવામાં દ્રવ્ય, ગુણ અને કારણ શુદ્ધપર્યાય એ ત્રણેયની અભેદતાનું અવલંબન હોય છે અને તેના અવલંબનથી સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયો પ્રગટ થઈ જાય છે, તે પર્યાયો ઉત્પાદ-વ્યયરૂપ છે. **ચૈતન્યનો પરિપૂર્ણ**

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ધ્રુવપિંડ વર્તમાનમાં કારણરૂપે પ્રવર્તમાન થઈ રહ્યો છે તેમાં એકાગ્ર થઈને તેનું મનન કરવાથી મોક્ષમાર્ગ પ્રગટ થઈ જાય છે.** ધ્રુવ કારણના અવલંબનથી જે મોક્ષમાર્ગ પ્રગટ થયો તે કાર્યનિયમ છે એટલે કે તે જ ખરું કરવા યોગ્ય કાર્ય છે. તેના સિવાય જે રાગનું અથવા વ્યવહારનું અવલંબન છે તે ખરું કર્તવ્ય નથી. મોક્ષમાર્ગમાં સાથે સાથે વ્યવહારરત્નત્રય પણ હોય છે. પરંતુ તે કર્તવ્ય નથી. જે વ્યવહારરત્નત્રય અથવા રાગને કર્તવ્ય માને છે તે જીવ મોક્ષમાર્ગમાં આવ્યો જ નથી.

સમયસારની બારમી ગાથામાં કહ્યું છે કે વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. એટલે કે સાધક દશામાં ભૂમિકાનુસાર જે કાળે જે વ્યવહાર હોય, તે જાણવાયોગ્ય છે. કારણ કે નિશ્ચય તેમજ વ્યવહારને જેમ છે તેમ જાણે ત્યારે પ્રમાણ થાય છે. આ હેતુથી તેને તે કાળે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ કહ્યું છે. પરંતુ વ્યવહારનય આદરણીયરૂપે પ્રયોજનવાન નથી. વ્યવહારનયના આશ્રયથી લાભ માને તે તો મિથ્યાદૃષ્ટિ છે. આચાર્ય ભગવાને વ્યવહારનયનો આશ્રય છોડાવીને નિશ્ચયનયના આશ્રયે જ મોક્ષ થવાનું સ્પષ્ટરીતે દર્શાવ્યું છે પરંતુ અજ્ઞાની જીવો એને ભૂલીને તથા આ બારમી ગાથા વગેરેના અર્થને પણ યથાર્થરીતે ન સમજીને પોતાની વિપરીત માન્યતાનું પોષણ કરે છે.

અહીં આચાર્યદેવ સ્પષ્ટરીતે કહે છે કે નિશ્ચયરત્નત્રય જ મોક્ષમાર્ગ છે તેથી તે જ નિયમ છે અને વ્યવહાર રત્નત્રય તેનાથી વિપરીત છે એ વિપરીતના પરિહારાર્થે એટલે કે વ્યવહાર રત્નત્રયના આશ્રયે મોક્ષમાર્ગ નથી એમ દર્શાવવા માટે 'નિયમ'ની સાથે સાર શબ્દ જોડ્યો છે. વ્યવહાર રત્નત્રય નિયમ નથી, કર્તવ્ય નથી, મોક્ષમાર્ગ નથી. પરંતુ બાધકરૂપે વચ્ચે આવી જાય છે. કારણ પરમાત્માના અવલંબનથી જે વીતરાગી નિશ્ચયરત્નત્રય પ્રગટ થાય તે નિયમ છે, કર્તવ્ય છે, મોક્ષમાર્ગ છે.

આ રીતે નિશ્ચયરત્નત્રય જ નિયમથી મોક્ષમાર્ગ છે અને તે જ સારભૂત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# નિયમસાર ગાથા - ૯

ગાથા : जीवा पोग्गलकाया धम्माधम्मा य काल आयासं ।
तच्च त्था इदि भणिदा णाणागुणपज्जएहिं संजुत्ता ॥ ९॥

**હરિગીત :** જીવદ્રવ્ય, પુદ્‌ગલ, કાળ તેમજ આભ, ધર્મ, અધર્મ-એ,
ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯

**અન્વયાર્થ :** જીવો, પુદ્‌ગલકાયો, ધર્મ, અધર્મ, કાળ અને આકાશ-એ તત્ત્વાર્થો કહ્યા છે, કે જેઓ વિવિધ ગુણ-પર્યાયોથી સંયુક્ત છે.

**ટીકા :** અહીં (આ ગાથામાં) છ દ્રવ્યોનાં પૃથક્ પૃથક્ નામ કહેવામાં આવ્યાં છે.

સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન, વચન, કાય, આયુ અને શ્વાસોચ્છ્‌વાસ નામના દશ પ્રાણોથી (સંસારદશામાં) જે જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો તે 'જીવ' છે. આ સંગ્રહનય કહ્યો. નિશ્ચયથી ભાવપ્રાણ ધારણ કરવાને લીધે 'જીવ' છે. વ્યવહારથી દ્રવ્યપ્રાણ ધારણ કરવાને લીધે 'જીવ' છે. શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનો આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધ જીવ' છે. અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહારથી મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને લીધે 'અશુદ્ધ જીવ' છે. શુદ્ધ નિશ્ચયથી સહજજ્ઞાનાદિ પરમસ્વભાવ ગુણોનો આધાર હોવાને લીધે [1]'કારણ શુદ્ધ જીવ' છે. આ (જીવ ) ચેતન છે; આના

---

૧. દરેક જીવ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ છે અર્થાત્ સહજ જ્ઞાનાદિક સહિત છે. તેથી દરેક જીવ 'કારણ શુદ્ધ જીવ' છે; જે કારણ શુદ્ધ જીવને ભાવે છે તેનો જ આશ્રય કરે છે, તે વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ (કેવળજ્ઞાનાદિ સહિત) થાય છે અર્થાત્ 'કાર્યશુદ્ધ જીવ' થાય છે. શક્તિમાંથી વ્યક્તિ થાય છે, માટે શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે. આમ હોવાથી શક્તિરુપ શુદ્ધતાવાળા જીવને કારણશુદ્ધ જીવ કહેવાય છે અને વ્યક્ત શુદ્ધતાવાળા જીવને કાર્યશુદ્ધ જીવ કહેવાય છે. (કારણશુદ્ધ એટલે કારણ અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ. કાર્યશુદ્ધ એટલે કાર્ય-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(જીવના) ચેતન ગુણો છે. આ અમૂર્ત છે; આના અમૂર્ત ગુણો છે. આ શુદ્ધ છે; આના શુદ્ધ ગુણો છે. આ અશુદ્ધ છે; આના અશુદ્ધ ગુણો છે. પર્યાય પણ એ પ્રમાણે છે.

વળી, જે ગલન-પૂરણ સ્વભાવ સહિત છે (અર્થાત્ છૂટા પડવાના અને ભેગા થવાના સ્વભાવવાળું છે) તે પુદ્‌ગલ છે. આ (પુદ્‌ગલ) શ્વેતાદિ વર્ણોના આધારભૂત મૂર્ત છે; આના મૂર્ત ગુણો છે. આ અચેતન છે; આના અચેતન ગુણો છે.

[1]સ્વભાવગતિક્રિયારૂપે અને વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્‌ગલોને સ્વભાવગતિનું અને વિભાવગતિનું નિમિત્ત તે ધર્મ (ધર્માસ્તિકાય) છે.

[2]સ્વભાવ સ્થિતિક્રિયારૂપે અને વિભાવસ્થિતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્‌ગલોને સ્થિતિનું (સ્વભાવ-સ્થિત અને વિભાવસ્થિતિનું) નિમિત્ત તે અધર્મ (અધર્માસ્તિકાય) છે.

(બાકીનાં) પાંચ દ્રવ્યોને અવકાશદાન (અવકાશ દેવો તે) જેનું લક્ષણ છે તે આકાશ છે.

(બાકીનાં) પાંચ દ્રવ્યોને વર્તનાનું નિમિત્ત તે કાળ છે.

(જીવ સિવાયનાં) ચાર અમૂર્ત દ્રવ્યોના શુદ્ધ ગુણો છે; તેમના પર્યાયો પણ તેવા (શુદ્ધ જ) છે.

---

૧. ચૌદમા ગુણસ્થાનના અંતે જીવ ઊર્ધ્વગમન સ્વભાવથી લોકાંતે જાય તે જીવની સ્વભાવગતિ ક્રિયા છે અને સંસારાવસ્થામાં કર્મના નિમિત્તે ગમન કરે તે જીવની વિભાવ ગતિક્રિયા છે. એક છૂટો પરમાણુ ગતિ કરે તે પુદ્‌ગલની સ્વભાવગતિક્રિયા છે અને પુદ્‌ગલસ્કંધ ગમન કરે તે પુદ્‌ગલની (સ્કંધમાંના દરેક પરમાણુની) વિભાવગતિક્રિયા છે. આ સ્વાભાવિક તેમજ વૈભાવિક ગતિક્રિયામાં ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.

૨. સિદ્ધ દશામાં જીવ સ્થિર રહે તે જીવની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે અને સંસાર દશામાં સ્થિર રહે તે જીવની વૈભાવિક સ્થિતિક્રિયા છે. એકલો પરમાણુ સ્થિર રહે તે પુદ્‌ગલની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે અને સ્કંધ સ્થિર રહે તે પુદ્‌ગલની (સ્કંધમાં રહેલા દરેક પરમાણુની) વૈભાવિક સ્થિતિક્રિયા છે. આ જીવ પુદ્‌ગલની સ્વાભાવિક તેમજ વૈભાવિક સ્થિતિક્રિયામાં અધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# શ્રી નિયમસાર ગાથા - ૯ ઉપરનું પ્રવચન

જુઓ, આ જીવદ્રવ્યનું વર્ણન છે. અહીં જીવના દ્રવ્ય-ગુણ-પર્યાયનું અદ્દ્ભુત વર્ણન કરવામાં આવ્યું છે. સમયસારની બીજી ગાથામાં 'जीवो......'' શબ્દ છે. તેની ટીકામાં અમૃતચંદ્ર આચાર્યદેવે સાત બોલ દ્વારા અલૌકિક રીતે જીવના સ્વરૂપનું વર્ણન કર્યું છે. તે જ રીતે અહીં પણ આ ગાથામાં ''जीवा.....'' શબ્દ છે તેની ટીકામાં મુનિરાજ પદ્મપ્રભમલધારિ દેવે જીવનું બીજી જ રીતે અલૌકિક વર્ણન કર્યું છે. આ સૂક્ષ્મ વાત છે. કારણ કે અતીન્દ્રિય સ્વભાવી આત્મા પોતે જ સૂક્ષ્મ છે તેથી તેને સમજવા માટે પણ સૂક્ષ્મતાની આવશ્યકતા હોય છે. સમજાય નહિ એવી વાત નથી કેમ કે તેને સમજવાનું સામર્થ્ય આત્મામાં રહેલું જ છે.

પુણ્ય-પાપના ભાવ સ્થૂલ છે અને તેવા સ્થૂલભાવો તો જીવ અનાદિકાળથી કરતો જ આવ્યો છે. તેમાં કાંઈ હિત નથી. પુણ્ય-પાપથી પાર અતીન્દ્રિય આત્મસ્વભાવને સમજવો તે અપૂર્વ છે અને તેમાં જ આત્માનું હિત છે. **ભાઈ ! આ તારા સ્વરૂપની જ વાત છે. પોતાને સમજવાની આકાંક્ષા હોય અને પોતાનું સ્વરૂપ ન સમજાય એ કેમ બની શકે ? જેને આત્માની સાચી લગની હોય તેને અવશ્ય પોતાના આત્માનું સ્વરૂપ સમજણમાં આવી જાય છે. આજ સુધી આત્માને જાણવાની સાચી લગની જ નથી લાગી તેથી જ તે મુશ્કેલ લાગે છે.** મુનિરાજ તો કહે છે કે આ વાત ભવ્ય જીવોના કાનમાં અમૃત રેડનારી છે, આને સમજી લે તો આત્માના અતીન્દ્રિય આનંદરૂપી અમૃતનો અનુભવ થઈ જાય.

નિયમસારની ૯ મી ગાથામાં છ દ્રવ્યોનું કથન છે. તેમાંથી જીવનું વર્ણન કરતાં ટીકાકાર કહે છે કે (૧) શુદ્ધ સદ્દ્ભુત વ્યવહાર-નયથી કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનો આધાર હોવાને કારણે 'કાર્ય શુદ્ધજીવ' છે. **અહીં પહેલા બોલમાં 'કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણ' કહેલ છે તેમાં પર્યાયો સમજવી, એ જ રીતે બીજા બોલમાં 'મતિજ્ઞાનાદિ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વિભાવગુણ'ને પણ પર્યાય સમજવી અને ત્રીજા બોલમાં પણ 'સહજ જ્ઞાનાદિ પરમ સ્વભાવગુણ' કહ્યું છે એમાં પણ પયાર્યનો જ ધ્વનિ લાગે છે. 'સહજ જ્ઞાનાદિ પરમ સ્વભાવગુણ' એટલે સહજ જ્ઞાનાદિ પરમ સ્વભાવ પર્યાય અર્થાત્ કારણ શુદ્ધ પર્યાય એવો ધ્વનિ છે.** તે કારણ શુદ્ધ પયાર્યનો આધાર હોવાથી આત્મા 'કારણ શુદ્ધ જીવ' છે. આ રીતે ત્રણેય બોલમાં 'ગુણ'નો અર્થ પર્યાય છે. પર્યાયને કોઈ કોઈ વાર 'ગુણ' શબ્દથી પણ કહેવામાં આવે છે. જેવી રીતે સિદ્ધ દશામાં સમ્યક્ત્વાદિ આઠ શુદ્ધ પર્યાયો પ્રગટ થતી હોવા છતાં પણ તેને આઠ ગુણ કહેવામાં આવે છે. તે પ્રમાણે પયાર્યને 'ગુણ' કહેવાની શૈલી પણ જિનાગમમાં પ્રસિદ્ધ છે જે અહીં ટીકાકારે પણ અપનાવી છે.

આગળની ૧૦ થી ૧૫ ગાથાઓમાં કારણ શુદ્ધ પયાર્યની જે વાતનું સ્પષ્ટ વર્ણન કરવાના છે તેનો સંકેત ટીકાકારે અહીં આપી દીધો છે. **ટીકાકારની સામાન્ય શૈલી એવી છે કે 'અર્થ પર્યાય' માટે 'ગુણ' શબ્દનો ઉપયોગ કરે છે અને 'વ્યંજન પર્યાય' માટે 'પર્યાય' શબ્દ વાપરે છે. અહીં જીવના ગુણ-પર્યાયોનું વર્ણન કરે છે તેમાં પણ આ જ શૈલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.**

જીવ ચેતન છે, જીવના ગુણ ચેતન છે. જીવ અમૂર્ત છે, જીવના ગુણ પણ અમૂર્ત છે. આટલી વાત તો ગુણોની છે. હવે પર્યાયની વાત કરે છે. 'આ શુદ્ધ છે, તેના ગુણ શુદ્ધ છે; આ અશુદ્ધ છે. તેના ગુણ અશુદ્ધ છે'-આમાં 'ગુણ'નો અર્થ 'અર્થપર્યાય' છે. **શુદ્ધ ગુણ કહેવાથી શુદ્ધ અર્થપર્યાયો અને અશુદ્ધ ગુણ કહેવાથી અશુદ્ધ અર્થપર્યાયો સમજવી-ગુણ ક્યાંય અશુદ્ધ નથી હોતા. શુદ્ધ જીવની અર્થપર્યાયો શુદ્ધ છે અને અશુદ્ધ જીવની અર્થપર્યાયો અશુદ્ધ છે.** કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના આધારભૂત જીવને કાર્યશુદ્ધ જીવ કહ્યો છે, તે શુદ્ધ જીવની કેવળજ્ઞાનાદિ શુદ્ધ અર્થપર્યાયો છે અને મતિ જ્ઞાનાદિ વિભાવ ગુણોના આધાર ભૂત જીવને અશુદ્ધ જીવ કહ્યો છે, તે અશુદ્ધ જીવની અર્થપર્યાયો અશુદ્ધ છે. આ રીતે અહીં શુદ્ધ અથવા અશુદ્ધ ગુણ કહેવાથી શુદ્ધ અથવા અશુદ્ધ પર્યાયો સમજવી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે કહે છે કે 'પર્યાય પણ છે.' અહીં પર્યાયનું તાત્પર્ય વ્યંજન પર્યાય છે. જેવી રીતે અર્થપર્યાયો શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકારની છે તેવી જ રીતે વ્યંજનપર્યાયો પણ શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકારની છે. તેમાંથી જે જીવને જે પ્રકાર લાગુ પડતો હોય તેણે તે સમજી લેવું જોઈએ. અહીં 'વ્યંજનપર્યાય' છે એટલી સામાન્ય વાત લીધી પરંતુ એમ નથી કહ્યું કે 'શુદ્ધ જીવને શુદ્ધ વ્યંજન પર્યાય છે; કારણ કે અરિહંત ભગવાન કાર્યશુદ્ધ જીવ છે, તેમને શુદ્ધ અર્થપર્યાય હોવા છતાં પણ વ્યંજનપર્યાય શુદ્ધ નથી તેથી શુદ્ધ જીવને શુદ્ધ વ્યંજન પર્યાય હોય જ એવી વાત લાગુ નથી પડતી. અહીં પર્યાય કહેવાથી વ્યંજન પર્યાયની અપેક્ષા છે તેથી 'શુદ્ધ જીવની પર્યાય શુદ્ધ છે' એમ ન લેતાં 'પર્યાય પણ છે' એમ સામાન્ય કથન લીધું છે. સિદ્ધ ભગવંતોને શુદ્ધ વ્યંજનપર્યાયો છે અને સંસારી જીવોને અશુદ્ધ વ્યંજન પર્યાયો છે એ રીતે જે લાગુ પડે તે પર્યાય સમજવી જોઈએ. સિદ્ધ ભગવંતોને અર્થપર્યાય શુદ્ધ છે અને વ્યંજનપર્યાય પણ શુદ્ધ છે; અરિહંત ભગવંતોને અર્થપર્યાય (કેવળજ્ઞાનાદિ) શુદ્ધ છે પરંતુ વ્યંજનપર્યાય અશુદ્ધ છે.

અહીં મુખ્ય તો એ બતાવવું છે કે જેવી રીતે 'શુદ્ધ ગુણ' અને 'અશુદ્ધ ગુણ' કહીને ટીકાકાર મુનિરાજનો હેતુ શુદ્ધ અર્થપર્યાયો અને અશુદ્ધ અર્થપર્યાયો બતાવવાનો છે તે જ પ્રમાણે 'સહજ જ્ઞાનાદિ પરમ સ્વભાવ ગુણ' એમ કહેવામાં પણ કારણ શુદ્ધ પર્યાય બતાવવાનો હેતુ છે.

અહો ! મુનિરાજે ટીકામાં ગંભીર રહસ્યો ભરી દીધાં છે; "णाणागुणा पज्जएहिं संजुत्ता" અર્થાત્ દ્રવ્ય વિધ-વિધ ગુણ-પર્યાયોથી સંયુક્ત છે એમ મૂળ સૂત્રમાં કહ્યું છે; તેમાંથી અદ્ભુત ટીકા કરી છે. સહજ સ્વભાવગુણ અર્થાત્ સહજ સ્વભાવરૂપ કારણ શુદ્ધ પર્યાયનો સદા આધાર હોવાથી આત્મા 'કારણ શુદ્ધ જીવ' છે; તેને જ કારણ પરમાત્મા પણ કહેવામાં આવે છે. આ કારણ શુદ્ધ જીવની ભાવનાથી કાર્યશુદ્ધ જીવ થાય છે, ભાવના એટલે એકાગ્રતા અથવા આશ્રય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કારણ પરમાત્માનો આશ્રય કરવાથી કેવળજ્ઞાનરૂપી પરમાત્મદશા પ્રગટ થઈ જાય છે અને તે જ કાર્ય પરમાત્મા છે.

શ્રદ્ધાપર્યાય વડે કારણ પરમાત્માનો આશ્રય કરીને તેમાં એકાગ્રતા કરવાથી સમ્યગ્દર્શન થયું; જ્ઞાનપર્યાય વડે અન્તર્મુખ થઈને કારણ પરમાત્માનો આશ્રય કરવાથી સમ્યગ્જ્ઞાન થયું; ચારિત્રપર્યાય વડે કારણ પરમાત્માની ભાવના કરીને તેમાં એકાગ્ર થતાં સમ્યક્ચારિત્ર થયું. આ ત્રણેય મળીને મોક્ષમાર્ગ તથા તેનું ફળ મોક્ષ છે. આ રીતે કારણ પરમાત્માની જ ભાવનાથી કાર્ય પરમાત્મા થવાય છે, બીજું કોઈ તેનું કારણ નથી.

ત્રિકાળી શક્તિની અપેક્ષાએ સર્વ જીવ સિદ્ધ સમાન શુદ્ધ પરમાત્મા છે. તેથી બધા જીવો કારણ પરમાત્મા છે. પરમાત્મા થવાનું કારણ શક્તિરૂપે બધા જીવોમાં વિદ્યમાન છે, તે કારણનું ભાન કરીને તેના અવલંબનથી જે જીવ શુદ્ધ પરમાત્મદશા પ્રગટ કરે છે તેને કાર્ય પરમાત્મા કહેવામાં આવે છે.

ત્રીજી ગાથામાં મોક્ષમાર્ગની-કાર્યનિયમની વાત હતી તેથી ત્યાં મોક્ષમાર્ગની કારણરૂપ 'કારણ નિયમ'ના વર્ણનમાં શુદ્ધ જ્ઞાનચેતના પરિણામ લીધા હતા. અહીં પરિપૂર્ણ શુદ્ધ પર્યાયની (કાર્ય શુદ્ધ જીવની) વાત છે. તેથી તેના કારણરૂપી 'કારણ શુદ્ધ જીવ' લીધો છે. સાતમી ગાથામાં કાર્ય પરમાત્માની વાત હતી ત્યાં પણ તેના આધારરૂપ કારણ પરમાત્માની વાત લીધી હતી. ત્રીજી ગાથામાં મોક્ષમાર્ગના કારણનું વર્ણન હતું અને અહીં મોક્ષના કારણનું વર્ણન છે. એકમાં ગુણના શુદ્ધ પરિણામ (કારણ શુદ્ધ પર્યાય)ની વાત લીધી છે અને બીજામાં સમુચ્ચયરૂપે પરિપૂર્ણ દ્રવ્યના કારણ શુદ્ધ પરિણામની વાત લીધી છે. પરંતુ છે તો બધુંય અભેદ જ.

નિર્મળ પર્યાય પ્રગટ થવામાં કાંઈ દ્રવ્ય, ગુણ અને કારણ શુદ્ધ પર્યાય એ ત્રણેનું અલગ અલગ અવલંબન નથી હોતું; એકાકાર અભેદ દ્રવ્યના અવલંબનમાં ત્રણેયનો સમાવેશ થઈ જાય છે.

સર્વજ્ઞ ભગવાને કેવળજ્ઞાનમાં વિવિધ પર્યાયો સહિત છ પ્રકારનાં દ્રવ્યો જોયાં છે તેમાંથી જીવના વિવિધ ગુણ પર્યાયો દર્શાવીને તેનું સ્વરૂપ સજાવ્યું છે. જે ભવ્યાત્મા જીવનું આવું સ્વરૂપ જાણી લે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે તેને પોતાના કારણ પરમાત્મસ્વભાવના આશ્રયથી સમ્યગ્દર્શનાદિ થયા વિના નથી રહેતું. જીવ સિવાયનાં અન્ય પાંચ અજીવ દ્રવ્યો છે. તેઓ પણ પોત-પોતાનાં વિવિધ ગુણ પર્યાયો સહિત છે. પુદ્‌ગલદ્રવ્ય પૂરણ ગલન સ્વભાવવાળું છે. અર્થાત્ પુદ્‌ગલોનું એકત્ર થવું અને છૂટા પડવું સ્વભાવ છે અને તે પુદ્‌ગલ શ્વેતાદિ રંગોના આધારભૂત છે. પુદ્‌ગલ દ્રવ્ય મૂર્ત અને અચેતન છે, તેના ગુણો પણ મૂર્ત અને અચેતન છે. જુઓ, અહીં પુદ્‌ગલના વર્ણનમાં પણ પર્યાયનું ગુણરૂપે કથન કર્યું છે. જેવી રીતે જીવના વર્ણનમાં મતિજ્ઞાનાદિ પર્યાયોને વિભાવ ગુણ તથા કેવળજ્ઞાનાદિ પર્યાયોને શુદ્ધ ગુણ કહેલ છે, તે જ પ્રકારે અહીં પુદ્‌ગલના વર્ણનમાં પણ 'વર્ણાદિ ગુણોના આધારભૂત મૂર્ત છે' એમ ગુણની વાત ન લેતાં 'શ્વેતાદિ વર્ણોના આધારભૂત મૂર્ત છે' એમ કહીને પર્યાયની વાત લીધી છે, શ્વેતતા વગેરે ગુણ નથી પરંતુ વર્ણગુણની પર્યાયો છે. આ રીતે પુદ્‌ગલને પર્યાયના આધારભૂત મૂર્ત કહ્યું.

જીવદ્રવ્યના વર્ણનમાં પણ 'સ્વભાવ ગુણોના આધારભૂત'નો અર્થ સ્વાભાવિક કારણ શુદ્ધ પરિણતિના આધારભૂત કર્યો હતો. **આ રીતે સ્વભાવમાં કે વિભાવમાં અર્થ પર્યાયને 'ગુણ' કહેવાની ટીકાકારની શૈલી ચાલી આવે છે. ટીકાકાર મુનિરાજ મહાસમર્થ વીતરાગી સંત હતા. તેઓએ આત્માનુભવના ઊંડાણમાંથી આ ભાવ કાઢ્યા છે. ટીકાકારના હૃદયના મૂળ આશયને આપણે સારી રીતે સમજવો જોઈએ.** જીવ અને પુદ્‌ગલના ગુણ-પર્યાયોની વાત કહી, હવે બાકીનાં ચાર દ્રવ્યોની વાત કરે છે.

સ્વભાવગતિ ક્રિયારૂપ અથવા વિભાવગતિ ક્રિયારૂપ પરિણત જીવ પુદ્‌ગલોને સ્વભાવગતિ અથવા વિભાવગતિનું નિમિત્ત ધર્મદ્રવ્ય છે; તે જ પ્રકારે સ્વભાવસ્થિતિ ક્રિયારૂપ અથવા વિભાવસ્થિતિ ક્રિયારૂપ પરિણત જીવ-પુદ્‌ગલોને સ્થિતિનું નિમિત્ત અધર્મ દ્રવ્ય છે. પાંચ દ્રવ્યોને અવકાશ દેવાનું જેનું લક્ષણ છે તે આકાશ દ્રવ્ય છે અને પાંચ દ્રવ્યોના પ્રવર્તનનું નિમિત્ત કાળ દ્રવ્ય છે. અહીં ધર્મદ્રવ્યાદિના વર્ણનમાં જે નિમિત્તપણું બતાવ્યું છે તેમાં પણ પર્યાયની વાત છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધર્માસ્તિકાયાદિ ત્રિકાળી દ્રવ્ય નિમિત્ત નથી પરંતુ તેમની તે તે સમયની પર્યાય નિમિત્તરૂપ છે અને તે અર્થપર્યાય છે. આ ચારેય અમૂર્ત દ્રવ્યોના ગુણ શુદ્ધ છે. તથા તેમની પર્યાયો પણ શુદ્ધ છે; અહીં પર્યાય કહેવાથી વ્યંજનપર્યાય સમજવી.

આ રીતે ટીકાકારની શૈલી જોતાં જીવને સહજજ્ઞાનાદિ પરમ સ્વભાવ ગુણોનો આધાર કહેતા કારણ શુદ્ધ પર્યાયનો જ ધ્વનિ ઊઠે છે. કારણ શુદ્ધ જીવમાં, ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યોની જેમ સહજ શુદ્ધ પરિણતિ ત્રિકાળ પારિણામિકભાવરૂપ પરિણમિત થઈ રહી છે. તેનું આ નિયમસારમાં સ્પષ્ટતાથી 'કારણ શુદ્ધ પર્યાય' રૂપે વર્ણન કર્યું છે. હવે આગળની (૧૦ થી ૧૫) ગાથાઓમાં આ વાત ઘણી સ્પષ્ટતાથી આવશે. જીવાદિ છ દ્રવ્યોના ગુણ પર્યાયોનું વર્ણન કરી ને તેના ઉપર કળશ ચડાવતાં ટીકાકાર કહે છે કે આ છ દ્રવ્યોના સમૂહરૂપ રત્નકિરણયુક્ત પોતપોતાની પર્યાયો દ્વારા શોભાયમાન છે. આ છ દ્રવ્યોના સમૂહરૂપ રત્ન જિનેન્દ્રદેવના માર્ગરૂપી સમુદ્રની વચ્ચે વિદ્યમાન છે. જિનપ્રણીત માર્ગને અહીં સમુદ્રની ઉપમા આપી છે. જિનેન્દ્ર દેવનો માર્ગ સમુદ્રની જેમ ગંભીર તથા ઊંડો છે. તેમાં જ છ દ્રવ્યોના ગુણ-પર્યાયોનું યથાર્થ વર્ણન છે બીજે ક્યાંય પણ તેનું યથાર્થ વર્ણન નથી.

જે તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ આ રત્નને હૃદયમાં ધારણ કરે છે તે મુક્તિસુંદરીનો નાથ થાય છે તીક્ષ્ણ બુદ્ધિ દ્વારા એટલે સ્વભાવના અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જ આ છ દ્રવ્યોના ગુણ પર્યાય જ્ઞાત થાય છે અને તેમાં જ આત્માની શોભા છે. આવી તીક્ષ્ણ બુદ્ધિ દ્વારા જે જીવ છ દ્રવ્યોના ગુણ-પર્યાયોને યથાર્થરૂપે જાણે છે તે પોતાના ત્રિકાળ શુદ્ધ દ્રવ્ય-પર્યાય રૂપ કારણ પરમાત્મામાં એકાગ્ર થઈને મુક્તિ પ્રાપ્ત કરે છે.

આ રીતે સર્વજ્ઞ દેવે કહેલાં છ દ્રવ્યોની વાત અહીં કરી અને તેમને જાણવાનું ફળ બતાવ્યું. આ જીવ અધિકાર છે તેથી આગળની ગાથાઓમાં જીવના ઉપયોગાદિની અદ્ભુતતા અને અલૌકિકતાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# નિયમસાર ગાથા - ૧૦

**ગાથા :** जीवो उवओगमओ उवओगो णाणदंसणो होइ ।
णाणुवओगो दुविहो सहावणाणं विहावणाणं ति ॥१०॥

**હરિગીત :** ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;
જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે. ૧૦

**અન્વયાર્થ :** જીવ ઉપયોગમય છે. ઉપયોગ જ્ઞાન અને દર્શન છે. જ્ઞાનોપયોગ બે પ્રકારનો છે : સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન.

**ટીકા :** અહીં (આ ગાથામાં) ઉપયોગનું લક્ષણ કહ્યું છે.

આત્માનો ચૈતન્ય-અનુવર્તી (ચૈતન્યને અનુસરીને વર્તનારો) પરિણામ તે ઉપયોગ છે. ઉપયોગ ધર્મ છે, જીવ ધર્મી છે. દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે. જ્ઞાન અને દર્શનના ભેદથી આ ઉપયોગ બે પ્રકારનો છે. (અર્થાત્ ઉપયોગના બે પ્રકાર છે : જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ). આમાં જ્ઞાનોપયોગ પણ સ્વભાવ અને વિભાવના ભેદને લીધે બે પ્રકારનો છે. (અર્થાત્ જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : સ્વભાવજ્ઞાનોપયોગ અને વિભાવજ્ઞાનોપયોગ). તેમાં સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે; તે પણ કાર્ય અને કારણરૂપે બે પ્રકારનું છે. (અર્થાત્ સ્વભાવજ્ઞાનના પણ બે પ્રકાર છે : કાર્ય સ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન). કાર્ય તો સકળ વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે અને તેનું કારણ પરમ પારિણામિકભાવે રહેલું ત્રિકાળ નિરુપાધિરૂપ સહજજ્ઞાન છે. કેવળ વિભાવરૂપ જ્ઞાનો ત્રણ છે : કુમતિ, કુશ્રુત, વિભંગ.

[ભાવાર્થ : ચૈતન્યાનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે. ઉપયોગ બે પ્રકારનો છે : (૧) જ્ઞાનોપયોગ અને (૨) દર્શનોપયોગ. જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : (૧) સ્વભાવજ્ઞાનોપયોગ અને વિભાવજ્ઞાનપયોગ. સ્વભાવજ્ઞાનપયોગ પણ બે પ્રકારનો છે : (૧) કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(અથાત્ કેવળજ્ઞાનોપયોગ) અને (૨) કારણ સ્વભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ [1]સહજજ્ઞાનોપયોગ) વિભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છે : (૧) સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ અને (૨) મિથ્યા વિભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ કેવળ વિભાવજ્ઞાનોપયોગ). સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગના ચાર ભેદો (સુમતિ, સુશ્રુત, સુઅવધિ અને મનઃપર્યય જ્ઞાનોપયોગ). મિથ્યા વિભાવજ્ઞાનોપયોગના ત્રણ ભેદો છે : કુમતિ, કુશ્રુત અને કુઅવધિ (વિભંગ) જ્ઞાનોપયોગ.]

---

૧. સહજ જ્ઞાનોપયોગ પરમ પારિણામિકભાવે સ્થિત છે તેમજ ત્રણે કાળે ઉપાધિ રહિત છે; તેમાંથી (સર્વને જાણનારો) કેવળજ્ઞાનોપયોગ પ્રગટે છે. માટે સહજ જ્ઞાનોપયોગ કારણ છે અને કેવળજ્ઞાનોપયોગ કાર્ય છે. આમ હોવાથી સહજજ્ઞાનોપયોગને કારણ સ્વભાવજ્ઞાનોપયોગ કહેવાય છે અને કેવળજ્ઞાનોપયોગને કાર્યસ્વભાવ જ્ઞાનોપયોગ કહેવાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# શ્રી નિયમસાર ગાથા - ૧૦ ઉપરનું પ્રવચન

અહો ! જંગલમાં વસનારા અને આત્માનંદમાં લીન રહેનારા મુનિરાજના શ્રીમુખેથી પરમાગમરૂપી અમૃતની વર્ષા થઈ તેમાં આવ્યું કે હે ભાઈ ! તારા ધર્મનું ધ્રુવ કારણ તો તારામાં સદા વિદ્યમાન છે પરંતુ તું તેને કારણ નથી બનાવતો તેથી દુ:ખી છો. 'આ મારા કાર્યનું કારણ છે' એવું ભાન થતાં જ કારણનું કારણપણું સફળ થાય છે. અન્તર્મુખ થઈને અપૂર્વકાર્ય પ્રગટ કર્યું ત્યારે કારણનો ખ્યાલ આવ્યો અને માલૂમ પડ્યું કે અહો ! આ કારણ તો મારામાં પ્રથમથી જ હતું પરંતુ મને તેનું ભાન ન હતું તેથી આ જ સુધી કાર્ય પ્રગટ નહોતું થયું. હવે કારણનું માહાત્મ્ય આવતાં કારણનું ભાન થવાથી કાર્ય પ્રગટ થયું અને કારણની સાથે કાર્યની અપૂર્વ સંધિ થઈ. અહો ! મુનિવરોએ કારણ અને કાર્યને સાથે સાથે રાખીને અદ્ભુત અમૃત વહાવ્યું છે. આને સમજીને જે જીવ અન્તર્મુખ થઈ નિજસ્વભાવમાં ઊંડો ઊતરી જાય છે તેનામાં મોક્ષદશા વિકાસ પામી જાય છે; તે સાદિ અનંતકાળ સુધી મંગળમય થઈ જાય છે.

હવે નિમયસારની ૧૦ મી ગાથા શરૂ થાય છે. આ ગાથામાં જ્ઞાનની શુદ્ધ પર્યાયનું સ્પષ્ટ વર્ણન છે. પૂર્ણ આત્માની કારણ શુદ્ધ પર્યાયનું વર્ણન તો ૧૫ મી ગાથામાં આવશે. આ ગાથામાં જીવનું લક્ષણ જે ઉપયોગ છે તેના ભેદોનું વર્ણન કરતા સ્વભાવજ્ઞાન ઉપયોગને કારણ તથા કાર્યરૂપે બતાવીને ઘણી સરસ વાત કરી છે. મૂળ ગાથામાં પાઠ છે કે જીવ ઉપયોગમય છે. ઉપયોગ બે પ્રકારના છે - જ્ઞાન ઉપયોગ અને દર્શન ઉપયોગ. જ્ઞાન ઉપયોગ પણ બે પ્રકારનો છે - સ્વભાવજ્ઞાન-ઉપયોગ અને વિભાવજ્ઞાન-ઉપયોગ.

જીવ ઉપયોગમય છે. 'ઉપયોગ' કહેવાથી અહીં પરિણામ સમજવું. ઉપયોગના જેટલા પ્રકાર અહીં કહેશે તે બધા પ્રકારો પર્યાયરૂપ છે એ વાત ખ્યાલમાં રાખવી. અહીં પહેલાં તો ઉપયોગનો અર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે; પછી તેના ભેદ સમજાવશે. ''આત્માનાં ચૈતન્ય અનુવર્તી પરિણામ, તે ઉપયોગ છે.'' જુઓ, આ ઉપયોગની વ્યાખ્યા. આત્માનો જે ત્રિકાળ ચૈતન્યસ્વભાવ, તેનું અનુસરણ કરીને વર્તનાર પરિણામ તે ઉપયોગ છે. આમાં દ્રવ્ય-ગુણ પર્યાય ત્રણેય આવી ગયા. 'આત્મા' તે દ્રવ્ય, 'ચૈતન્ય' તે ગુણ, 'અનુવર્તી પરિણામ' તે પર્યાય. આત્મા દ્રવ્ય છે અને ચૈતન્ય તેનો ત્રિકાળી ગુણ છે; તે ચૈતન્યને અનુસરીને વર્તનાર પરિણામને ઉપયોગ કહે છે. ઉપયોગ કોઈ પર, ઈન્દ્રિયો અથવા રાગને અનુસરીને નથી થતો પરંતુ ચૈતન્યને અનુસરીને જ થાય છે એમ કહીને ત્રિકાળી સ્વભાવ તરફ સન્મુખતા કરાવી છે.

'ઉપયોગ ધર્મ છે, જીવ ધર્મી છે; દીપક અને પ્રકાશની જેમ તેમનો સંબંધ છે.' જુઓ, આત્મા ચૈતન્ય દીપક છે અને ઉપયોગ તેનો પ્રકાશ છે. રાગાદિ ભાવો તો અંધકાર જેવા છે. જેવી રીતે પ્રકાશમાં અંધકાર નથી હોતો તેવી જ રીતે ઉપયોગમાં રાગ-દ્વેષ નથી હોતા. રાગ-દ્વેષ આત્માનો સ્વભાવ નથી. સ્વાભાવિક જ્ઞાનોપયોગ જ આત્માનો સ્વભાવ છે. આવું ભેદજ્ઞાન કરવું તે મુક્તિનું કારણ છે. 'ઉપયોગ' તે જીવની પર્યાય છે તેથી તે ધર્મ છે અને જીવ તે પર્યાયને ધારણ કરનારો છે તેથી તે ધર્મી છે. ઉપયોગના જેટલા પ્રકાર છે તે કોઈ બીજાના ધર્મ નથી પરંતુ જીવના જ ધર્મ છે. મતિજ્ઞાનોપયોગ હોય કે ત્રિકાળ શુદ્ધોપયોગ હોય બંને જીવના ધર્મ છે અને જીવ ધર્મી છે.

જેવી રીતે દીપક સ્વભાવથી જ પ્રકાશવાન છે; તેનો સ્વભાવ પરને કારણે નથી; તેવી જ રીતે આત્મા ચૈતન્ય દીપક છે અને ઉપયોગ તેનો પ્રકાશ છે. આત્મા સ્વભાવથી જ ઉપયોગ સ્વરૂપ છે, કોઈ પરને કારણે તેનો ઉપયોગ નથી. મતિ-શ્રુતજ્ઞાન ઉપયોગ પણ ઈન્દ્રિયો કે મનને કારણે નથી હોતો; તે ઉપયોગ પણ જીવનો ધર્મ છે.

ચૈતન્યનો ઉપયોગ કહેવાથી તેમાં જ્ઞાન અને દર્શન બંનેનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યાપાર આવી જાય છે. ઉપયોગ જ્ઞાન અને દર્શન એમ બે પ્રકારે છે. જ્ઞાનને અનુસરીને થવાવાળા પરિણામને જ્ઞાનોપયોગ કહે છે અને દર્શનને અનુસરીને થવાવાળા પરિણામને દર્શનોપયોગ કહે છે. તેમાં પણ જ્ઞાનોપયોગના નવ પ્રકાર (એક કારણરૂપ અને આઠ કાર્યરૂપ) છે તથા દર્શનોપયોગના પાંચ પ્રકાર (એક કારણરૂપ અને ચાર કાર્યરૂપ) છે. આ રીતે ઉપયોગના કુલ ચૌદ ભેદ છે. આ બધા પ્રકારના ઉપયોગ ધર્મોનો આધાર જીવ છે. પહેલાં જેવી રીતે શ્વેતાદિ ગુણોનો (પર્યાયોનો) આધાર પુદ્‌ગલ કહેલ તેવી જ રીતે અહીં ઉપયોગ પરિણામનો આધાર જીવ છે.

'જ્ઞાન અને દર્શનના ભેદે ઉપયોગ બે પ્રકારનો છે તેમાં જ્ઞાનોપયોગ પણ સ્વભાવ અને વિભાવના ભેદે બે પ્રકારનો છે. તેમાં સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય તથા અવિનાશી છે અને તે પણ કાર્ય તથા કારણની અપેક્ષાએ બે પ્રકારનું છે.'

**આ ગુણની વાત નથી, પરંતુ તેના પરિણામોની વાત છે. સ્વભાવ-જ્ઞાનોપયોગ પરિણામ અને વિભાવ-જ્ઞાનોપયોગ પરિણામ એમ બે પ્રકારનો જ્ઞાનઉપયોગ છે.** અહીં પહેલા સ્વભાવ-જ્ઞાનોપયોગનું વર્ણન કરે છે. સ્વભાવ-જ્ઞાનોપયોગ અમૂર્ત છે, અવ્યાબાધ છે, અતીન્દ્રિય છે, અવિનાશી છે. સ્વભાવ-જ્ઞાનોપયોગની આ વ્યાખ્યા કારણ તેમ જ કાર્ય બંનેને લાગુ પડે છે. ચૈતન્ય સ્વભાવને અનુસરીને થવાવાળા સ્વભાવ જ્ઞાનોપયોગ પરિણામ કારણ અને કાર્ય એવા બે ભેદવાળા છે. (૧) કારણ સ્વભાવ-જ્ઞાનોપયોગ પરિણામ (૨) કાર્ય સ્વભાવ જ્ઞાનોપયોગ પરિણામ.

કાર્યસ્વભાવ-જ્ઞાનોપયોગ તો પરિપૂર્ણ નિર્મળ એવું કેવળજ્ઞાન છે અને તે કેવળજ્ઞાનના કારણરૂપ પરમપારિણામિક સહજ જ્ઞાન છે, તે કારણ સ્વભાવ-જ્ઞાનોપયોગ છે. આ બંને પ્રકારના ઉપયોગ અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે તેમાંથી કારણ સ્વભાવ-જ્ઞાનોપયોગ તો સદા અનાદિ-અનંત, અમૂર્ત, અવ્યાબાધ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અતીન્દ્રિય અને અવિનાશી સ્વભાવવાળો છે અને કાર્ય સ્વભાવ-જ્ઞાનોપયોગ પણ પ્રગટ થયા બાદ એવા જ સ્વભાવવાળો છે. કારણરૂપ સ્વભાવ જ્ઞાનોપયોગ તો સદા પરમપારિણામિક ભાવમાં સ્થિત છે, તે નવો નથી થતો. તેમાંથી કેવળજ્ઞાન નવું પ્રગટે છે જે કાર્ય સ્વભાવ જ્ઞાનોપયોગ કહેવાય છે. આ કારણરૂપ અથવા કાર્યરૂપ જેટલા ઉપયોગ કહેવામાં આવી રહ્યા છે તે બધા પરિણામરૂપ છે; કારણ કે ચૈતન્યને અનુસરીને થતા પરિણામને જ ઉપયોગ કહેવાય છે અને આ તેના પ્રકારોનું વર્ણન થઈ રહ્યું છે. કારણ સ્વભાવ જ્ઞાનોપયોગ અત્યારે પણ બધા જીવોમાં વર્તી રહ્યો છે; તેની વાત મુખ્યપણે સમજવા જેવી છે.

આત્માના ચૈતન્ય સ્વભાવને અનુસરીને વર્તતા સ્વભાવ જ્ઞાનોપયોગ પરિણામ, એક કારણ સ્વભાવરૂપ છે અને બીજા કાર્ય સ્વભાવરૂપ. તેમાં કારણ સ્વભાવરૂપ જ્ઞાનોપયોગ અનાદિ-અનંત છે અને કાર્ય સ્વભાવરૂપ જ્ઞાનોપયોગ સાદિ-અનંત છે.

પ્રશ્ન : કારણ સ્વભાવ જ્ઞાનને 'પરમપરિણામિક ભાવમાં સ્થિત' એમ કહ્યું તેનો શો અર્થ છે ?

ઉત્તર : પરમ પારિણામિક ભાવ તો ત્રિકાળી દ્રવ્ય છે અને આ કારણ સ્વભાવ જ્ઞાનોપયોગ તે પરમ પારિણામિક ભાવમાં સ્થિત છે. 'પરમ પારિણામિક ભાવ' છે તે દ્રવ્ય છે અને તેમાં સ્થિત એ પર્યાય છે.

પ્રશ્ન : તેમાં કઈ પર્યાય સ્થિત છે ?

ઉત્તર : તેમાં ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય નહિ, સંસાર મોક્ષરૂપ પર્યાય નહિ, પરંતુ ત્રિકાળી સ્વભાવમાં સ્થિતરૂપ શક્તિ પર્યાય વિદ્યમાન છે; તે કર્મોપાધિથી રહિત છે, સદશ પરિણમનરૂપ છે, સામાન્ય પારિણામિક ભાવની વિશેષ પરિણતિરૂપ છે, વર્તમાનમાં વર્તે છે, આશ્રય કરવા યોગ્ય મહિમાવંત છે, વર્તમાન ધ્રુવ કારણરૂપ છે તથા તે ધ્રુવ કારણના આધારથી જ પૂર્ણ કાર્ય ટકે છે. અહો! એવું સદશરૂપ ધ્રુવ કારણ, આત્મામાં પરિપૂર્ણ સ્વરૂપે વર્તમાન એકરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વર્તે છે. આ કારણને પકડવાથી-આશ્રય કરવાથી નિર્મળ કાર્ય પ્રગટ થઈ જાય છે.

કેવળ જ્ઞાનરૂપ કાર્ય તો જ્યારે પ્રગટે ત્યારે વર્તમાન છે પરંતુ કેવળજ્ઞાન પ્રગટ્યા પહેલાં તેના સ્વભાવ-કારણ સ્વપરૂપ આ સહજ સ્વાભાવિક જ્ઞાનોપયોગ પરમ પારિણામિક ભાવમાં સ્થિત સદા વર્તમાન વર્તમાન વર્તી રહ્યો છે. કેવળ જ્ઞાનરૂપી કાર્ય તો પુરુષાર્થથી નવું પ્રગટ થાય છે અને આ કારણ સ્વભાવ જ્ઞાનોપયોગ તો આત્માની સાથે અનાદિ-અનંત પ્રવર્તમાન છે, તે નવો પ્રગટ નથી થતો.

સમયસારની બીજી ગાથામાં 'જીવ ચરિત-દર્શન-જ્ઞાન સ્થિત......' એમ કહ્યું છે તેમાં તો દર્શન-જ્ઞાન-ચારિત્રની જે નવી પર્યાય પ્રગટ થઈ છે તેની (મોક્ષમાર્ગની) વાત છે, **પરંતુ અહીં 'પરમ પારિણામિક ભાવમાં સ્થિત' કહ્યું છે તે ત્રિકાળી ઉપયોગ પરિણતિની વાત છે, છતાંય આ પણ છે તો પરિણામ જ. ચૈતન્ય અનુવિધાયી પરિણામને જ ઉપયોગ કહેલ છે તે વ્યાખ્યા આમાં પણ લાગુ પડે છે. આ ઉપયોગ ત્રણે કાળ આત્માના ચૈતન્ય સ્વભાવને અનુસરીને વર્તે છે તેથી 'પરિણતિ' કહેલ છે, પરંતુ તેનું વેદન નથી; વેદન તો તેના આશ્રયે જે નવી પર્યાય પ્રગટ થાય છે તેનું જ હોય છે.**

અહીં 'ઉપયોગ' ની જ વાત કરી, બીજા ગુણોની વાત ન કરી પરંતુ તેમાં પણ (સુખ, શ્રદ્ધા વગેરે ગુણોમાં પણ) આ પ્રમાણે જ સમજી લેવું. કારણ શુદ્ધ પરિણતિની વાત ઉપયોગની જેમ જીવના સમસ્ત ગુણોમાં લાગુ પડે છે.

**જુઓ ભાઈ ! આ વાત ઘણી સૂક્ષ્મ છે, પરંતુ એકદમ અંતઃસ્વભાવની છે. જલદી ન સમજાય તો પણ અંતરમાં મહિમા લાવીને ધ્યાનપૂર્વક સાંભળવું. આત્માના મહિમાની વાત કહેવામાં આવી રહી છે એવું અંતરમાં બહુમાન કરવું એ પણ જ્ઞાનની નિર્મળતાનું કારણ છે.**

મૂળ સૂત્રમાં આચાર્ય ભગવાને જ્ઞાનોપયોગ સ્વભાવજ્ઞાન અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિભાવજ્ઞાન એમ બે પ્રકારનો કહ્યો છે, તેમાંથી ટીકાકારે અદ્‌ભુત ભાવ પ્રગટ કર્યા છે. સ્વભાવ જ્ઞાનોપયોગ કહ્યો તેમાંથી કારણ અને કાર્ય એવા બે પ્રકાર કાઢ્યા છે. અહીં હવે સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાનનો તફાવત બતાવે છે જેમાં પ્રત્યક્ષ અને પરોક્ષની વાત પછી કહેશે. અહીં જેને કારણ સ્વભાવ જ્ઞાનોપયોગ કહ્યો છે તેનું જ આગળ ૧૧-૧૨ મી ગાથામાં 'સ્વરૂપ પ્રત્યક્ષ સહજજ્ઞાન' રૂપે વર્ણન કરશે. ત્યાં કેવળજ્ઞાનને સકળ પ્રત્યક્ષ અને સહજજ્ઞાનને સ્વરૂપ પ્રત્યક્ષ કહેશે.

આત્માના ચૈતન્યભાવને અનુસરીને પ્રવર્તન કરનાર જે સકળ વિમળ કેવળજ્ઞાન પરિણામ છે, તે કાર્ય સ્વભાવ જ્ઞાનોપયોગ છે. તે સ્વભાવકાર્યના કારણરૂપે જે ઉપયોગ છે તે કારણ સ્વભાવ જ્ઞાનોપયોગ છે; તે પણ આત્માના ચૈતન્ય સ્વભાવને અનુસરીને વર્તતા સહજ પરિણામ છે. કારણ સ્વભાવજ્ઞાન પરમપારિણામિક ભાવમાં સ્થિત છે અને કાર્યસ્વભાવજ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન ક્ષાયિકભાવમાં સ્થિત છે.

તેરમા ગુણસ્થાને પરિપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે કાર્ય છે. તે કાર્યનું કારણ કોણ છે ? કાર્ય ક્યાંથી પ્રગટ થયું છે ? તથા કોના અવલંબનથી પ્રગટ થયું છે ? આ વાત અહીં દર્શાવે છે.

કોઈ પરદ્રવ્ય આત્માના કેવળજ્ઞાનરૂપી કાર્યનું કારણ નથી; ઉત્તમ સંહનનવાળું શરીર વગેરે નિમિત્તોમાંથી કેવળજ્ઞાન નથી આવતું. શુભ-અશુભ વિકારીભાવ પણ કેવળજ્ઞાનનું કારણ નથી. શુભ-અશુભભાવ તો કેવળજ્ઞાનના બાધક છે, તેમાંથી કેવળજ્ઞાન કેવી રીતે પ્રગટ થઈ શકે ? સાધકદશામાં મતિ-શ્રુતાદિ જ્ઞાન હોય છે, તેમને વ્યવહારથી કેવળજ્ઞાનનું કારણ કહેવાય છે; પરંતુ ખરેખર તે અધૂરા જ્ઞાનમાંથી કેવળજ્ઞાન પ્રગટ નથી થતું; તેથી તે પણ ખરેખર કેવળજ્ઞાનનું કારણ નથી; તેના આશ્રયથી કેવળજ્ઞાન નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થતું. અપૂર્ણ પર્યાયમાંથી પૂર્ણ પર્યાય કેવી રીતે પ્રગટ થાય ? કેવળજ્ઞાન પૂર્ણ કાર્ય છે, તેથી તેનું કારણ પણ પૂર્ણ હોય એ વાત અહીં બતાવી રહ્યા છે.

ચૈતન્યના પરમ પારિણામિકભાવમાં જે સદા સ્થિત છે, જે સદા નિરુપાધિક છે, સદાય પરિપૂર્ણ છે-એવું કારણ સ્વભાવજ્ઞાન જ કેવળજ્ઞાનનું કારણ છે; તે કારણના અવલંબનથી જ પૂર્ણ કાર્ય પ્રગટ થાય છે. આ કારણનો સ્વીકાર (શ્રદ્ધા, આશ્રય) કરતાં જ સાધક દશા શરૂ થઈ જાય છે અને એના જ આશ્રયથી અલ્પકાળમાં પૂર્ણકાર્ય પ્રગટ થઈ જાય છે. પૂર્ણકાર્ય એટલે કાર્ય-સ્વભાવજ્ઞાન પ્રગટ થતાં વિભાવજ્ઞાનનો અભાવ થઈ જાય છે, પરંતુ કારણ-સ્વભાવજ્ઞાનનો અભાવ નથી થતો. વિભાવજ્ઞાનવાળા જીવને પણ કારણ સ્વભાવજ્ઞાન તો ત્રિકાળ વિદ્યમાન છે; પરંતુ અજ્ઞાનીને તેનું ભાન નથી. જ્ઞાનીને સાધક દશામાં કારણસ્વભાવ જ્ઞાનનું ભાન છે છતાં પણ અમુક વિભાવજ્ઞાન પણ છે. વિભાવજ્ઞાન તથા કારણસ્વભાવજ્ઞાન બંને એકસાથે હોય છે, પરંતુ વિભાવજ્ઞાન અને કાર્યસ્વભાવજ્ઞાન એકસાથે નથી હોતાં. કારણસ્વભાવ જ્ઞાનોપયોગ તો બધા જીવોને ત્રિકાળ વર્તમાન શક્તિરૂપે વર્તી રહેલ છે. એક આત્માને ઉપયોગના બધા પ્રકારો એકસાથે નથી હોતા.

ભાઈ ! તું જીવ છો અને ઉપયોગ તારું લક્ષણ છે, તારા ઉપયોગનો મહિમા તો જો. જીવનું લક્ષણ ઉપયોગ; ઉપયોગ એટલે ચૈતન્યને અનુસરીને થતાં પરિણામ. કારણ સ્વભાવજ્ઞાન અને કારણ સ્વભાવદર્શન એ બંને પણ ધ્રુવ ચૈતન્યસ્વભાવને અનુસરીને વર્તતા ઉપયોગ પરિણામ છે; એ બંને ત્રિકાળ એકરૂપ નિરુપાધિક છે, તેમનું પરિણમન સદા સદૃશરૂપ છે. આના સિવાય ૮ જ્ઞાન અને ૪ દર્શન એમ ૧૨ પ્રકારના ઉપયોગ છે તે બધા ઉત્પાદ-વ્યયરૂપ છે, કર્મના ક્ષયોપશમ-ક્ષય વગેરેની અપેક્ષાવાળા છે. પરંતુ ઉપયોગના ચૌદેય પ્રકાર આત્માના ચૈતન્યને અનુસરીને વર્તનારા છે. કેવળ જ્ઞાનોપયોગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્માના ચૈતન્ય સ્વભાવને જ અનુસરીને થાય છે, પહેલાના ચાર જ્ઞાનને અનુસરીને કેવળજ્ઞાન નથી થતું. એ જ રીતે મતિજ્ઞાનનો ઉપયોગ પણ કોઈ પરનું, ઇન્દ્રિયોનું કે રાગનું અવલંબન કરીને નથી થતો; પરંતુ આત્માના ચૈતન્યને અનુસરીને જ થાય છે. જુઓ, આ જીવના ઉપયોગનું વર્ણન.

જીવ ધર્મી છે અને આ ઉપયોગ તેનો ધર્મ છે. અહીં ધર્મ એટલે સ્વભાવ. અહીં ધર્મનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રન સમજવો; પરંતુ જીવે પોતાના ઉપયોગને પોતામાં ધારણ કરી રાખ્યો છે તેથી ઉપયોગ જીવનો ધર્મ છે અને જીવ ધર્મી છે એમ સમજવું. જેવી રીતે દીપક પોતાના પ્રકાશધર્મને ધારી રાખે છે તેવી જ રીતે આત્મા પોતાના ઉપયોગ ધર્મને ધારી રાખે છે. આત્મા ઉપયોગરહિત નથી હોઈ શકતો. ઉપયોગના ચૌદેય પ્રકારો એક જ જીવમાં એકસાથે નથી હોતા. તેમાંથી જે કારણ સ્વભાવ જ્ઞાનોપયોગ અને કારણ સ્વભાવ દર્શનોપયોગ છે તે તો બધા જીવોમાં હમેશાં હોય છે. બાકીના બાર પ્રકારોમાંથી કાર્યસ્વભાવ જ્ઞાનોપયોગ અને કાર્યસ્વભાવ દર્શનોપયોગ તો કેવળજ્ઞાની ભગવંતોને જ હોય છે તથા બાકીના દસ પ્રકાર છદ્‌મસ્થોને જ હોય છે. આવા ઉપયોગ સ્વભાવી જીવ-તત્ત્વને જાણ્યા વિના સમ્યક્ શ્રદ્ધા નથી થતી. તેથી જીવને યથા-યોગ્ય રીતે ઓળખવા માટે તેના ભાવોને પણ જાણવા જોઈએ.

અરિહંત ભગવાન કાર્ય પરમાત્મા છે, તેમને કેવળજ્ઞાનરૂપી કાર્ય ક્યાંથી પ્રગટ થયું ? તો કહે છે કે કારણરૂપી ધ્રુવ જ્ઞાન-સ્વભાવમાંથી. આ રીતે અરિહંત પરમાત્માના શુદ્ધ કારણ-કાર્યને સમજે તો પોતામાં પણ શુદ્ધ કારણના અવલંબનથી શુદ્ધ કાર્ય (સમ્યગ્દર્શનાદિ) થયા વિના ન રહે; કેમ કે ભગવાન જેવું જ કારણ પોતામાં છે. **અહો ! મુનિવરોએ કારણ-કાર્યને એક સાથે રાખીને અદ્‌ભુત અમૃત વરસાવ્યું છે. આ તો સાચી સમજણનો મંત્ર છે. આ ધર્મના મંત્રો છે. આને સમજે - આની પ્રતીતિ થાય અને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અંતરમાં ઊતરી જાય તો સ્વરૂપનો પરમાનંદ પ્રગટ થઈ જાય અને અનાદિકાળનું મિથ્યાત્વનું ઝેર છે તે ઊતરી જાય.**

કારણજ્ઞાન-સ્વભાવજ્ઞાન એ આત્માના ઉપયોગ લક્ષણનો એક પ્રકાર છે. નિગોદથી સિદ્ધ સુધીના પ્રત્યેક જીવમાં કર્મથી નિરપેક્ષ એકરૂપ એવો ને એવો આ ઉપયોગ વર્તે છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને પ્રત્યક્ષ જાણનારું કાર્ય જે કેવળજ્ઞાન તેનું કારણ 'કારણ સ્વભાવજ્ઞાન' છે. કારણ સ્વભાવ સ્વરૂપ પ્રત્યક્ષ ઉપયોગ છે, તેમાં કદી પરોક્ષપણું નથી આવતું, અપૂર્ણતા નથી હોતી. પ્રતિસમય પરિપૂર્ણ ધ્રુવ કારણરૂપ સ્વરૂપ પ્રત્યક્ષ ઉપયોગ તે જીવનો સહજ સ્વભાવ છે, તે કેવળજ્ઞાનનું કારણ છે. આવા કારણની જે પ્રતીતિ કરે છે તેને કેવળજ્ઞાનની શંકા નથી રહેતી. આ એવી અપૂર્વ વાત છે.

જુઓ, સિદ્ધ પર્યાય જગતમાં સામાન્યરૂપે અનાદિ-અનંત છે સાધક પર્યાય પણ જગતમાં અનાદિ-અનંત છે અને સંસાર પર્યાય પણ અનાદિ-અનંત છે, એ જ રીતે કારણ શુદ્ધ પર્યાય પ્રત્યેક જીવમાં સદૃશરૂપે અનાદિ-અનંત છે, જીવને કદીપણ તેનો વિરહ નથી થતો. સિદ્ધદશા સામાન્ય રૂપે જગતમાં અનાદિ-અનંત હોવા છતાં પણ એક જીવની અપેક્ષાએ તે નવી પ્રગટ થાય છે, પરંતુ કારણ શુદ્ધ પર્યાય સિદ્ધ પર્યાયની જેમ કાંઈ નવી પ્રગટ નથી થતી. તેનું ભાન કરનાર જીવને સમ્યગ્દર્શનાદિ કાર્ય નવું પ્રગટ થાય છે.

સિદ્ધ પર્યાય સામાન્ય રૂપે જગતમાં અનાદિ-અનંત છે. આ પહેલાં જગતમાં સિદ્ધ દશા ન હતી અને હવે નવી શરૂ થઈ છે એમ નથી; પરંતુ એક જીવની અપેક્ષાએ સિદ્ધ પર્યાય નવી શરૂ થાય છે તેથી સાદિ-અનંત છે પરંતુ સિદ્ધદશાનો જગતમાં નવો પ્રારંભ નથી થતો. 'પહેલાં સિદ્ધ કોણ ?' એનો ઉત્તર આમ છે કે સિદ્ધ અનાદિથી છે, તેથી સામાન્યતઃ સિદ્ધ પર્યાય જગતમાં અનાદિ-અનંત છે.

જેવી રીતે સિદ્ધ પર્યાય જગતમાં અનાદિ-અનંત છે તેવી જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રીતે તેના સાધનરૂપ મોક્ષમાર્ગ પણ અનાદિ-અનંત છે. વ્યક્તિ અપેક્ષાએ જોઈએ તો તેના જીવનમાં મોક્ષમાર્ગની શરૂઆત નવી થાય છે અને તેનો અંત પણ આવે છે. તેથી તે સાદિ-સાંત છે. પરંતુ જગતમાં તો મોક્ષમાર્ગની સાધના કરવાવાળા જીવો અનાદિકાળથી થતા આવે છે અને અનંતકાળ સુધી થતા જ રહેશે. તેથી સામાન્યરૂપે મોક્ષમાર્ગ (સાધક પર્યાય) જગતમાં અનાદિ-અનંત છે. તેનો કદી અભાવ હોતો નથી અને આ રીતે જ સંસારપર્યાય પણ સામાન્યતઃ જગતમાં અનાદિ-અનંત છે. વસ્તુસ્વરૂપનો નિર્ણય કરનારને તે સંસારનો અંત આવી જાય છે એટલે વ્યક્તિગતરૂપે સંસાર પર્યાય અનાદિ-સાંત છે. છતાં જગતમાં તો સંસાર પર્યાયવાળા જીવો અનાદિ અનંત રહેવાના જ છે. આ રીતે મોક્ષ, મોક્ષમાર્ગ અને સંસાર આ ત્રણેય પ્રકારની પર્યાયો જગતમાં, સામાન્ય રૂપથી અનાદિ-અનંત વર્તી રહી છે. અહીં તો "કારણ શુદ્ધ પર્યાય"નું અનાદિ અનંતપણું બતાવવું છે. જેવી રીતે મોક્ષ, મોક્ષમાર્ગ અને સંસાર આ ત્રણેય વિશેષ પર્યાયો જગતમાં -'સામાન્ય રૂપથી અનાદિ-અનંત' વર્તી રહે છે, તેવી જ રીતે આ કારણ શુદ્ધ પર્યાય પણ દરેક જીવમાં અનાદિ- અનંત વર્તે છે અને સંસાર મોક્ષરૂપ વિશેષ પર્યાયોની અપેક્ષાએ તે 'સામાન્ય' છે કારણ કે તે દરેક જીવમાં સદા અનાદિ-અનંત સદશરૂપે વર્તે છે. જગતમાં જીવ વસ્તુ અનાદિ-અનંત છે, તેનો ચૈતન્ય ગુણ અનાદિ-અનંત છે. સામાન્યતઃ સર્વ જીવોની અપેક્ષાએ શુદ્ધ સિદ્ધ પર્યાય અનાદિ-અનંત છે. સામાન્યતઃ સર્વ જીવોની અપેક્ષાએ સંસાર પર્યાય અનાદિ-અનંત છે.

આ જ રીતે આ કારણ શુદ્ધ પરિણતિ પ્રત્યેક જીવમાં અનાદિ અનંત છે. સિદ્ધ પરિણતિ જગતમાં અનાદિ-અનંત છે તથા કારણ શુદ્ધ પરિણતિ પ્રત્યેક જીવનમાં અનાદિ-અનંત છે. આત્માના પરમ સ્વભાવની અપેક્ષાએ તે 'વિશેષ પરિણતિ' છે, પરંતુ ઔદયિકાદિ ચાર ભાવોની અપેક્ષાએ તે સામાન્ય છે. જેવી રીતે જગતમાં સિદ્ધ, સાધક તથા સંસાર પર્યાયો અનાદિ-અનંત વર્તી રહી છે, તેવી જ રીતે આત્મામાં શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ તથા શુદ્ધ પરિણતિ (કારણશુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય) ત્રણેય અભેદરૂપે અનાદિ-અનંત વર્તી રહેલ છે. જગતમાં સિદ્ધદશારૂપી શુદ્ધ કાર્ય અનાદિ-અનંત છે તો તે શુદ્ધ કાર્યનું શુદ્ધ કારણ પણ પ્રત્યેક જીવમાં અનાદિ-અનંત છે. તે કારણની શુદ્ધતાનું ભાન કરતાં તેના આશ્રયે સાધકદશા તથા સિદ્ધદશારૂપી નિર્મળ કાર્ય પ્રગટ થઈ જાય છે.

વ્યક્તિ અપેક્ષા અર્થાત્ એક મોક્ષગામી જીવની અપેક્ષાએ સંસાર પર્યાય અનાદિ-સાંત છે અને મોક્ષની પર્યાય સાદિ-અનંત છે. આ રીતે પર્યાયના ત્રણ પ્રકાર છે, પરંતુ સામાન્યરૂપે અર્થાત્ સર્વ જીવોની અપેક્ષાએ તો આ ત્રણેય પ્રકારની પર્યાયો જગતમાં અનાદિ-અનંત છે. કાર્ય પર્યાયનું આ રીતે અનાદિ અનંતપણું છે, તો તેની સાથે કારણ શુદ્ધ પર્યાયનું પણ અનાદિ અનંતપણું પ્રત્યેક જીવમાં છે એમ બતાવવાનો અહીં હેતુ છે. 'કારણ' તો હમેશાં શુદ્ધરૂપ વર્તે છે; પરંતુ તે કારણનું અવલંબન લઈને જ્યાં શુદ્ધ કાર્ય થયું ત્યાં ખબર પડી કે અહો ! મારું કારણ તો આ છે. કારણનું અવલંબન લેનારો જાગ્યો અર્થાત્ કાર્ય પ્રગટ થયું ત્યારે કારણના મહિમાનો ખ્યાલ આવ્યો અને તેણે કારણની સાથે કાર્યની અપૂર્વ સંધિ કરી.

'કારણ અપેક્ષાએ શુદ્ધતા' તો પ્રત્યેક જીવમાં અનાદિ-અનંત વર્તે છે. અનેક જીવોની અપેક્ષાએ શુદ્ધકાર્ય પણ અનાદિ-અનંત વર્તે છે; પરંતુ પ્રત્યેક જીવમાં શુદ્ધકાર્ય નવું થાય છે, તેથી પ્રત્યેક જીવમાં તે અનાદિ-અનંત નથી હોઈ શકતું. જો કાર્ય અનાદિ-અનંત શુદ્ધ હોય તો પછી કરવાનું શું રહ્યું ? કારણ સદૈવ શુદ્ધ છે તેનું ભાન કરીને તેના આશ્રયથી શુદ્ધકાર્ય (સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર) પ્રગટ કરવું તે મોક્ષમાર્ગ છે.

'નિયમસાર' એ શુદ્ધ પર્યાય છે. તે પર્યાય સમક્ષ તેના શુદ્ધ કારણ રૂપ 'કારણ શુદ્ધ પર્યાય' અહીં બતાવવી છે.

પ્રશ્ન : જગતમાં સર્વ પ્રથમ કયા જીવે મોક્ષ પ્રાપ્ત કર્યો ?

ઉત્તર :- મોક્ષ અનાદિથી જ છે.

પ્રશ્ન : સર્વ પ્રથમ મોક્ષની સાધના કોણે કરી ?

ઉત્તર : મોક્ષમાર્ગ જગતમાં અનાદિથી જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રશ્ન : સંસારમાં સૌથી પહેલો ભવ ક્યો છે ?

ઉત્તર : સંસાર અનાદિથી જ છે.

જેવી રીતે આ ત્રણેય પ્રકારો સામાન્ય રૂપે અનાદિ-અનંત છે તેવી જ રીતે દ્રવ્ય ગુણની ત્રિકાળી શક્તિની સાથે તેની સદ્દશ વર્તમાનરૂપ કારણ શુદ્ધ પરિણતિ પણ અનાદિ-અનંત સામાન્યરૂપ છે. જેવી રીતે ઉપરના ત્રણ બોલ (મોક્ષ, મોક્ષમાર્ગ અને સંસાર) સામાન્ય છે તે જ રીતે અહીં દ્રવ્ય, ગુણ અને તેમની કારણશુદ્ધ પરિણતિ-એ ત્રણેય અભેદરૂપે અનાદિ-અનંત સામાન્ય એકરૂપ છે. તેમાં તફાવત એટલો છે કે ઉપરના ત્રણ બોલ તો જગતમાં-સર્વ જીવોમાં સામાન્યરૂપે છે અને આ ત્રણ બોલ પ્રત્યેક જીવમાં સામાન્યરૂપે અનાદિ-અનંત છે.

સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એ વિશેષ પર્યાયો છે. ત્રિકાળી દ્રવ્ય-ગુણ એ સામાન્ય ધ્રુવ અને તેનું સદ્દશરૂપ તે વિશેષ ધ્રુવ; આમ દ્રવ્ય-ગુણ અને તેમનું સદ્દશ વર્તમાન એ ત્રણેય અભેદરૂપે દ્રવ્યાર્થિકનયનો વિષય છે. તેઓ સામાન્ય છે. પ્રત્યેક જીવને અનાદિ-અનંત પારિણામિક સ્વભાવ વર્તી રહ્યો છે. જગતમાં એવો કોઈ જીવ નથી કે જેને શુદ્ધ દ્રવ્ય ગુણ અને તેમની ધ્રુવકારણરૂપ સદ્દશ પરિણતિ ન હોય.

**પ્રશ્ન** : કેવળજ્ઞાન જગતમાં ક્યારે નથી હોતું ?

**ઉત્તર** : કેવળજ્ઞાન જગતમાં અનાદિ-અનંત છે અને તે કેવળજ્ઞાનનું 'કારણ' પ્રત્યેક જીવમાં અનાદિ-અનંત છે. તેનું અહીં કારણસ્વભાવ જ્ઞાનોપયોગ કહીને વર્ણન કર્યું. જ્ઞાનોપયોગના બે પ્રકાર કહ્યા છે-એક સ્વભાવરૂપ અને બીજો વિભાવરૂપ.

કુમતિ આદિ એકાંત વિભાવજ્ઞાન જગતમાં અનાદિ-અનંત છે. સમ્યક્‌મતિશ્રુતાદિ જ્ઞાન પણ જગતમાં અનાદિ-અનંત છે. કેવળજ્ઞાન તે સ્વભાવજ્ઞાન છે, તે પણ અનાદિ-અનંત છે.

કેવળજ્ઞાનના કારણરૂપ સ્વભાવજ્ઞાન પણ અનાદિ-અનંત છે.

જે રીતે 'પરમાર્થ વચનિકા' માં કહેવામાં આવ્યું છે કે વિકારની પરંપરારૂપ આગમપદ્ધતિ અને શુદ્ધ ચેતના પરિણતિની પરંપરારૂપ અધ્યાત્મપદ્ધતિ એ બંને ધારાઓ જીવમાં અનાદિથી જ ચાલી આવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે; તેમાંથી શુદ્ધતાની ધારાને (કારણ શુદ્ધ પર્યાયને) કારણરૂપે સ્વીકાર કરવાથી મોક્ષમાર્ગ શરૂ થઈ જાય છે અને આગમપદ્ધતિ છૂટી જાય છે.

તે જ રીતે અહીં કહે છે કે આત્મામાં કારણરૂપ સ્વભાવજ્ઞાન અનાદિથી ચાલ્યું આવે છે અને વિભાવજ્ઞાન પણ અનાદિથી વર્તી રહ્યું છે. તેમાંથી સ્વભાવજ્ઞાનને કારણરૂપે સ્વીકારીને જ્યારે તેનું અવલંબન લેવામાં આવે છે ત્યારે કેવળજ્ઞાન વિકસી જાય છે અને વિભાવજ્ઞાન છૂટી જાય છે. 'કારણ સ્વભાવ જ્ઞાન' કહીને કેવળજ્ઞાનનો આધાર બતાવ્યો છે. કારણ સ્વભાવજ્ઞાન બધા જીવોમાં અનાદિ-અનંત છે, પરંતુ જ્યારે તે કારણ તરફ પોતાનો ઉપયોગ વાળીને તેમાં એકાગ્ર થાય ત્યારે તેનું કાર્ય પ્રગટ થાય છે અને તે જ જીવને કારણની સાચી મહત્તા સમજમાં આવે છે.

કારણ શુદ્ધ પરિણતિ કહેતાં તેમાં ત્રિકાળી ગુણ અને દ્રવ્ય અભેદ જ છે, તે બધાનું એકી સાથે આલંબન છે. તે અભેદના આલંબનથી જ સમ્યગ્દર્શનથી સિદ્ધદશા સુધીના નિર્મળ ભાવો પ્રગટ થાય છે. 'કારણ' **તો** ત્રિકાળ શુદ્ધ રૂપ વર્તે જ છે. પરંતુ તેને કારણ બનાવનાર કાર્ય વર્તમાનમાં નવું પ્રગટ થાય છે 'કારણ'ને કારણરૂપે કોણે સ્વીકાર્યું ? સ્વીકાર કરનાર તો કાર્ય છે અને તે જ મોક્ષમાર્ગ છે. આ મોક્ષમાર્ગરૂપી કાર્ય સામાન્યરૂપે જગતમાં અનાદિ-અનંત હોવા છતાં પણ વ્યક્તિગત રૂપથી નવું થાય છે. કારણ પ્રત્યેક જીવમાં અનાદિ-અનંત છે પરંતુ તે કાર્યનો સ્વીકાર કરીને કાર્ય નવું થાય છે. કેમકે કારણ બનાવનારું કાર્ય નવું થાય છે. **કારણનો કારણરૂપે સ્વીકાર કરતાં શુદ્ધકાર્ય હોય છે. જ્યાં આવું અપૂર્વ કાર્ય થયું ત્યાં કારણનું ભાન નવું પ્રગટ થયું અને ખબર પડી કે અહો ! મારામાં આવું કારણ તો પહેલાં પણ હતું પરંતુ મને તેનું ભાન ન હતું તેથી આજ સુધી કાર્ય પ્રગટ થયું ન હતું.**

જુઓ, આ ખૂબ સરસ અને મૂળભૂત વાત છે, અમૃત જેવી મીઠી વાત છે. આત્મામાં મોક્ષમાર્ગરૂપી કાર્ય કેવી રીતે થાય તેની આ વાત છે.

દ્રવ્ય-ગુણ અને તેની કારણ શુદ્ધ પરિણતિ એ બધું અભેદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. તે અભેદની સાથે અભેદતા કરનાર કાર્ય જાગૃત થાય છે ત્યારે તેને કારણનો ખ્યાલ આવે છે. ખ્યાલ ન હતો ત્યારે પણ તેને 'કારણ' તો મોજુદ જ હતું પરંતુ તે વખતે કારણને કારણ બનાવનાર કાર્ય ન હતું. પોતાને શુદ્ધ કારણના અસ્તિત્વની ખબર ન હતી તેથી શુદ્ધકાર્યને બદલે અશુદ્ધકાર્ય થતું હતું. અભેદના આલંબનથી શુભકાર્ય (સમ્યગ્દર્શનાદિ) પ્રગટ કર્યું ત્યાં આ કારણનો સાચો ખ્યાલ આવ્યો. સમ્યગ્દર્શન અથવા કેવળજ્ઞાન બધાં શુદ્ધ કાર્યો (પર્યાયો)-ના મૂળકારણને અહીં અલૌકિક રીતે બતાવ્યું છે. ત્રીજી ગાથામાં કાર્યનિયમ અને કારણનિયમની વાત કરી. સાતમી ગાથામાં કાર્ય પરમાત્માની સાથે કારણ પરમાત્માની વાત કરી. નવમી ગાથામાં કાર્યશુદ્ધ જીવ તથા કારણ શુદ્ધ જીવની વાત કરી. દસમી ગાથામાં કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાનની વાત કરી છે. આ પ્રકારે કાર્યની સાથે સાથે તેના આધારરૂપ કારણ પણ બતાવતા જાય છે.

પર્યાયમાં જેને કેવળજ્ઞાન થયું તે કાર્યશુદ્ધજીવ છે અને તે જ કાર્ય પરમાત્મા છે. તેના પહેલાં સાધકદશામાં જે સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાય છે તે મોક્ષમાર્ગરૂપ કાર્ય છે, તે નિયમથી કરવા યોગ્ય છે. અર્થાત્ કાર્યનિયમ છે. મોક્ષમાર્ગની પર્યાયને 'કાર્યનિયમ' કહી, 'કાર્યશુદ્ધજીવ' નહીં; કારણ કે કાર્યશુદ્ધજીવ અથવા કાર્યપરમાત્મા તો પૂર્ણ પર્યાય પ્રગટ થાય ત્યારે કહેવાય છે. પરંતુ સાધકપર્યાય કે પૂર્ણપર્યાય એ બંનેનો આધાર તો એક જ છે. દ્રવ્ય ગુણ અને કારણ શુદ્ધ પરિણતિના અભેદ પિંડરૂપ આત્માનું અવલબંન લેવાથી શુદ્ધપર્યાય પ્રગટે છે. કારણ સ્વભાવ તરફ અપૂર્ણ સન્મુખતાવાળો સાધકભાવ તે મોક્ષમાર્ગ (કાર્યનિયમ) છે અને જે કારણ સ્વભાવની સાથે પૂર્ણ એકતારૂપ સામ્યભાવ પ્રગટ થયો તે કાર્યશુદ્ધજીવ છે. કાર્ય નિયમ અને કાર્યશુદ્ધજીવમાં આટલો તફાવત છે. પરંતુ તેના આધારરૂપ કારણ સ્વભાવ તો એક જ છે. સમ્યગ્દર્શનનો આધાર બીજો તથા કેવળજ્ઞાનનો આધાર જુદો હોય એમ નથી. બધાને આલંબન તો એક સ્વભાવનું જ છે. તે સ્વભાવનું અપૂર્ણ આલંબન તે સાધકદશા છે અને પૂર્ણ આલંબન તે મોક્ષદશા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્માના પારિણામિક સ્વભાવરૂપ વર્તતો કારણ શુદ્ધોપયોગ ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ છે, તેને નિમિત્તના સદ્ભાવ કે અભાવની અપેક્ષા નથી. કેવળજ્ઞાનમાં કર્મક્ષયની અપેક્ષા છે. પરંતુ આ કારણ સ્વભાવજ્ઞાનને તો 'કર્મના ક્ષયથી પ્રગટ થયું' એવી અપેક્ષા નથી. તે તો ઉપાધિરહિત સહજ છે. આત્માના દ્રવ્ય-ગુણ સાથે ત્રિકાળ અભેદરૂપે વર્તે છે.

કેવળજ્ઞાનમાં જરા પણ અશુદ્ધતા કે આવરણ નથી તેથી તેને પણ ઉપાધિરહિત તથા સ્વભાવજ્ઞાન કહેવામાં આવે છે. પરંતુ કારણ સ્વભાવજ્ઞાન તો ત્રિકાળ કર્મોપાધિરહિત, એકરૂપ, પારિણામિક સ્વભાવે વર્તે છે. કર્મની ઉપસ્થિતિ વખતે પણ તે તો સહજ નિરુપાધિક જ છે. વિભાવજ્ઞાનના અભાવની અપેક્ષાએ કેવળજ્ઞાનને સ્વભાવજ્ઞાન કહ્યું છે અને પાંચ ભાવોના વર્ણનમાં પરમ પારિણામિક સ્વભાવની અપેક્ષાએ ઔદયિકાદિ ચારેય ભાવોને વિભાવ સ્વભાવ કહેલ છે. આ રીતે ભિન્ન ભિન્ન અપેક્ષાથી જ્યાં જે તાત્પર્ય હોય ત્યાં તે પ્રમાણે સમજવું જોઈએ. **મોક્ષશાસ્ત્ર અધ્યાય ૨ના પ્રથમ સૂત્રમાં ઔપશમિક આદિ પાંચેય ભાવોને જીવનું સ્વતત્ત્વ કહેલ છે જ્યારે અહીં નિયમસારમાં કહે છે કે પરમ પારિણામિક ભાવ સિવાય ચારેય ભાવો વિભાવ છે. ક્ષાયિકભાવ પણ વિભાવ છે તો શું આ બે મુનિવરોના કથનમાં પરસ્પર વિરુદ્ધતા છે ? બિલકુલ નહીં. મોક્ષશાસ્ત્રમાં તો જીવના ભાવ કયા કયા છે તે બતાવવાનું પ્રયોજન છે અને અહીં પાંચ ભાવોમાંથી કયો ભાવ આશ્રય કરવા યોગ્ય છે એ બતાવવાનું પ્રયોજન છે.** ક્ષાયિક ભાવ પોતે વિભાવ નથી, તે તો શુદ્ધ છે પરંતુ અંશ છે. તે ક્ષાયિક ભાવરૂપ પર્યાયનો આશ્રય લેતાં વિકારની ઉત્પત્તિ થાય છે. પરમ પારિણામિક સ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શનાદિ થાય છે તેથી તેનો જ આશ્રય લેવા યોગ્ય છે.

આ આત્માના સ્વભાવનું વર્ણન છે. ભાઈ ! તારો આત્મા આવા જ સ્વભાવવાળો છે. એવા સ્વભાવને જાણીને તેમાં અંતર્મુખ થા તો તને ધર્મ થાય. ધર્મને માટે પોતાના આત્મસ્વભાવ સિવાય તને બીજા કોઈનો આધાર નથી. **દ્રવ્ય, ગુણ અને કારણ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શુદ્ધ પરિણતિ સદૃશરૂપ ત્રિકાળ ધ્રુવ છે. તે તારા ધર્મનું ત્રિકાળી કારણ છે. આવું કારણ તો તારામાં સદા વિદ્યમાન જ છે. પરંતુ તું તેને કારણ નથી બનાવતો ! તેનું આલંબન નથી લેતો તેથી ધર્મ નથી થતો. કારણ તો છે પરંતુ તેને કારણ બનાવનાર તો કાર્ય છે.** કાર્યનું બીજું કોઈ કારણ નથી એકમાત્ર આ જ કારણ છે. આ કારણનું અવલંબન લેવાથી નિર્મળ કાર્ય પ્રગટ થાય છે અને ત્યારે કારણનું કારણપણું સફળ થાય છે. જુઓ, આ કારણની સાથે કાર્યનો મેળ ! પોતાની વર્તમાન પર્યાયને અભેદ કારણની સાથે મેળવીને આ વાત છે. એકદમ અંતરનું કારણ દર્શાવીને બાહ્ય કારણોની દૃષ્ટિ છોડાવી છે અને અંતરસ્વભાવનું આલંબન કરાવ્યું છે. **નિમિત્ત કારણોના આશ્રયથી કાર્ય થાય છે એ વાત તો દૂર રહી પરંતુ રાગાદિ વ્યવહાર કારણોના તેમજ પર્યાયના આલંબનથી પણ નિર્મળ પર્યાયરૂપ કાર્ય નથી થતું. નિર્મળ પર્યાયરૂપ કાર્ય તો એક માત્ર કારણ પરમાત્માના આશ્રયે જ થાય છે જે પોતાની કારણ શુદ્ધ પરિણતિ સહિત સદા વર્તી રહેલ છે.**

આ રીતે અભેદ સ્વભાવને જ કારણ રૂપે બતાવીને તેનું આલંબન કરાવ્યું છે અને નિમિત્ત, રાગ અથવા પર્યાયનું એ ત્રણેયનું આલંબન છોડાવ્યું છે. આ એક વાત સમજે તો બાહ્ય કારણોના બધા ઝઘડાનું સમાધાન થઈ જાય અને બાહ્ય કારણોની દૃષ્ટિ છૂટીને અંતર સ્વભાવની દૃષ્ટિ થયા વિના ન રહે. આવી અપૂર્વ દૃષ્ટિ પ્રગટ કરનાર જીવને બાહ્ય પદાર્થ કારણરૂપ કેવી રીતે નિમિત્ત થાય છે તે વાત આગળ ૫૩મી ગાથામાં બતાવશે. ત્યાં નિમિત્ત બતાવવામાં પણ અલૌકિક વર્ણન કરશે. ટીકાકારની પદ્ધતિ જ કાંઈક નિરાળી છે.

**ટીકાકાર મુનિરાજ કહે છે કે આ અર્થ અમે અમારી કલ્પનાથી નથી કરતા, ગુણધરો અને શ્રુતધરોની પરંપરાથી યથાયોગ્ય વ્યક્ત કરવામાં આવેલ અર્થ અમને ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલ છે અને હાલમાં આ પરમાગમના સારની પુષ્ટ રુચિથી અમારું મન ફરી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ફરીને અત્યંત પ્રેરિત થાય છે. આ જગ્યાએ આવો ઉપયોગ અને આ જગ્યાએ આવી કારણ શુદ્ધ પરિણતિ, એ પ્રકારે આ પરમાગમના અર્થોનું અમારા હૃદયમાં વારંવાર મંથન થાય છે; અને એટલા માટે આ ટીકા રચવામાં આવી રહી છે આમ કહીને ટીકામાં અલોકિક ભાવો સ્પષ્ટ કર્યા છે.** કુંદકુંદ ભગવાને મૂળ સૂત્રોમાં અપૂર્વ રહસ્ય ભરી દીધું છે અને અધ્યાત્મમાં મસ્ત મહામુનિ પદ્મપ્રભમલધારિદેવે ટીકામાં તેને એકદમ સ્પષ્ટ કરીને અપૂર્વ આત્મ-સ્વભાવ દર્શાવ્યો છે. પ્રત્યેક આત્માનો પરિપૂર્ણ સ્વભાવ છે તેને અહીં ઘણી સ્પષ્ટતાથી બતાવ્યો છે. જેવી રીતે સમુદ્રમાં પાણીનો જથ્થો, તેની શીતળતા અને તેની એકસરખી સપાટી એ ત્રણેમય સમુદ્ર એમ ને એમ પડ્યો છે તે જ રીતે આ આત્મા ચૈતન્યનો સાગર-આનંદનો સમુદ્ર છે તે દ્રવ્ય, ગુણ તથા કારણશુદ્ધ પરિણતિથી એવો ને એવો રહેલો છે, વર્તમાન વર્તમાનરૂપે વર્તી રહ્યો છે. તે જ નિર્મળ પર્યાય પ્રગટ થવાનું કારણ છે. નિર્મળ પર્યાયરૂપી તરંગોનો આધાર તો આત્મસમુદ્ર છે.

જેવી રીતે લીંડીપીપરમાં ચોસઠ પહોરી (પરિપૂર્ણ) તીખાશ ભરી છે અને તેનો એ સ્વભાવ વર્તમાનમાં પણ વર્તી રહ્યો છે. પ્રગટરૂપે ભલે ઓછી તીખાશ હોય અથવા વધુ તીખાશ હોય, તે જ પ્રમાણે આત્મામાં તીક્ષ્ણ ઉગ્ર પરિપૂર્ણ જ્ઞાન સ્વભાવ છે. દ્રવ્ય સોળ-આના પરિપૂર્ણ, ગુણ સોળ આના પરિપૂર્ણ અને કારણ શુદ્ધ પરિણતિ પણ સોળ આના પરિપૂર્ણ. આવો આત્માનો પરિપૂર્ણ સ્વભાવ છે.

વર્તમાનમાં પણ આવો જ સ્વભાવ છે. તે સ્વભાવ કારણમાંથી મોક્ષમાર્ગ તેમ જ મોક્ષરૂપી કાર્ય થાય છે. **દ્રવ્ય-ગુણ સામાન્ય ધ્રુવ અને તેની સાથેની કારણ શુદ્ધ પરિણતિ તે વિશેષ ધ્રુવ એવું વર્ણન કરીને અહીં એકદમ નજીકનું સીધું કારણ બતાવ્યું છે. કાર્યની સાથેનું તત્કાલીન કારણ બતાવ્યું છે.** કાર્ય જે કેવળજ્ઞાન તેના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કારણરૂપે વર્તમાન વર્તતો સર્વથા નિર્મલ અપ્રગટ કારણ સ્વભાવ જ્ઞાનોપયોગ છે. તે ઉપયોગ ત્રિકાળ નિરુપાધિક છે. તે દ્રવ્ય ગુણની સાથે ત્રિકાળ પારિણામિક ભાવે વિદ્યમાન છે. એવી રીતે દ્રવ્યની સાથે ત્રિકાળ સહજ અભેદરૂપ એવો તે સહજ ઉપયોગ કેવળજ્ઞાન પ્રગટ થવાનું કારણ છે. એકદમ અંદરના ધ્રુવ કારણની આ વાત છે. **જે કેવળજ્ઞાન પ્રગટ થાય છે તે સકળ પ્રત્યક્ષ છે અને તેના કારણરૂપ જે કારણસ્વભાવજ્ઞાન છે તે સ્વરૂપ પ્રત્યક્ષ છે. કારણ સ્વભાવજ્ઞાન આધાર છે અને કેવળજ્ઞાન તે આધારે થયેલું કાર્ય છે. આ કારણ સ્વભાવ ઉપયોગ પરિણતિરૂપ હોવા છતાં પણ ધ્રુવ છે. પ્રગટ કાર્યરૂપ નથી; પરંતુ અપ્રગટ શક્તિરૂપ છે. કારણરૂપ છે. કારણરૂપે તે આત્મામાં સદા સ્વરૂપ પ્રત્યક્ષ વર્તે છે.**

કુમતિ આદિ ત્રણ જ્ઞાન અનાદિ-સાંત છે, સમ્યક્‌મતિ-શ્રુતાદિ ચાર જ્ઞાન સાદિ-સાંત છે અને કેવળજ્ઞાન સાદિ-અનંત છે. પરંતુ આ કોઈપણ જ્ઞાનોની અનાદિ-અનંત એકરૂપતા નથી, વિસદૃશતા છે. આનાથી રહિત જે એક સદૃશ અનાદિ-અનંત એકરૂપ વર્તવાવાળો ઉપયોગ છે તેને અહીં દર્શાવવો છે.

ધર્માસ્તિકાય વગેરે ચાર અરૂપી દ્રવ્યોમાં એકરૂપ પરિણતિ પારિણામિક ભાવરૂપે વર્તે છે, તે જ રીતે **જીવના સંસાર-મોક્ષ પર્યાય સિવાયની એક પરિણતિ ઉત્પાદ-વ્યય રહિત ધ્રુવરૂપ પારિણામિક ભાવે જે વર્તી રહી છે તે કાર્યરૂપ નથી પરંતુ કારણરૂપ છે, સદા શુદ્ધ છે, ઉપાધિ રહિત છે અને દ્રવ્યની સાથે સદા અભેદરૂપ હોવાથી દ્રવ્ય દૃષ્ટિનો વિષય છે. આ નિરપેક્ષ પરિણતિનું આગળ ૧૫ મી ગાથામાં 'કારણશુદ્ધપર્યાય' કહીને સરસ વર્ણન કર્યું છે. ત્યાં તેને પૂજ્ય કહેલ છે અને અહીં સદૃશ પરિણતિરૂપ 'કારણ સ્વભાવ જ્ઞાનોપયોગ' કહેલ છે.**

પરમ પારિણામિક ભાવે વિદ્યમાન ત્રિકાળ નિરુપાધિરૂપ, કારણ સ્વભાવરૂપ અર્થાત્ કેવળજ્ઞાનના કારણ રૂપ, સ્વરૂપ પ્રત્યક્ષ (સકળ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રત્યક્ષનું કારણ) સહજ, ત્રિકાળ એકરૂપ અનાદિ-અનંત આ બધાં વિશેષણ કારણ સ્વભાવજ્ઞાનને લાગુ પડે છે. આ વિશેષણો કેવળજ્ઞાનને લાગુ નથી પડતાં. કારણ સ્વભાવજ્ઞાનને જ લાગુ પડે છે છતાં ય આ વાત છે ઉપયોગ પરિણતિની.

જુઓ, આ આત્માના ઉપયોગનું અદ્‌ભુત વર્ણન. આ નિયમસાર સિવાય બીજે ક્યાંય આવી સ્પષ્ટ વાત નથી આવતી. જુઓ, ક્યાંથી શરૂ કરીને ક્યાં સુધી લાવ્યા છે ?

આ જીવ અધિકાર છે. જીવનો સ્વભાવ ઉપયોગ છે. ઉપયોગ એટલે આત્માના ચૈતન્યને અનુસરીને વર્તતા પરિણામ. તે ઉપયોગના બે પ્રકાર છે : (૧) જ્ઞાન, (૨) દર્શન. જ્ઞાનોપયોગના 'સ્વભાવ' અને 'વિભાવ' એવા બે પ્રકાર છે. સાત તત્ત્વોમાંથી એક જીવ તત્ત્વમાં જ આ બધા પ્રકારોનો સમાવેશ થઈ જાય છે. એમાંથી 'કારણ સ્વભાવ જ્ઞાન ઉપયોગ' નું આ વર્ણન ચાલી રહ્યું છે. જીવના ચૈતન્યને અનુસરીને વર્તતા કારણ સ્વભાવરૂપ જ્ઞાનપરિણામ કેવળજ્ઞાનનું કારણ છે, ત્રિકાળ નિરાવરણ છે, અમૂર્ત છે, અતીન્દ્રિય છે. આત્મામાં આવો આવો ઉપયોગ વર્તમાનમાં વર્તી રહ્યો છે. પરંતુ તે આંખો વડે જોઈ શકાતો નથી. મનના વિકલ્પોથી પણ તે ખ્યાલમાં નથી આવતો, તે તો અંતરની સૂક્ષ્મદૃષ્ટિનો વિષય છે. જ્ઞાનીને ઉપયોગનું સ્વસન્મુખ કાર્ય પ્રગટ થતાં તેના કારણરૂપ સ્વભાવ ઉપયોગ પ્રતીતિમાં આવી જાય છે.

અહીં સ્વભાવ-ઉપયોગમાં કારણ અને કાર્ય એવા બે ભેદ કર્યા, પરંતુ વિભાવના કારણ કાર્યની વાત ન લીધી; કારણ કે વિભાવનું કારણપણું ખરેખર આત્માના સ્વભાવમાં છે જ નહીં. વિકારનો કોઈ ધ્રુવ આધાર નથી. આત્માની કાર્ય પર્યાયમાં શુદ્ધ અને અશુદ્ધ એવા બે પ્રકાર હોય છે. પરંતુ કારણ પરિણતિ તો શુદ્ધ જ છે. તેમાં શુદ્ધ તથા અશુદ્ધ એવા બે પ્રકાર નથી. અહો ! આત્માનો સ્વભાવ તો શુદ્ધતાનું જ કારણ છે. આવા સ્વભાવને જાણે તો તે કારણમાંથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધકાર્ય પ્રગટ થયા વિના ન રહે. કાર્ય જે કેવળજ્ઞાન, તેના કારણ પર અહીં જોર દેવું છે. તે કારણનું અવલંબન લેતાં શુદ્ધ કાર્ય પ્રગટ થાય જ છે. વચ્ચે સાધકદશામાં ચાર જ્ઞાન પ્રગટ થવા છતાં પણ સાધકનું જોર તો ત્રિકાળી એકરૂપ કારણ સ્વભાવ પર જ છે. કુમતિ, કુશ્રુત અને વિભંગ આ ત્રણ ઉપયોગ માત્ર વિભાવરૂપ છે. તે તો અજ્ઞાની-મિથ્યાદ્દષ્ટિને જ હોય છે. પહેલાં અજ્ઞાનદશામાં જ્યારે કારણસ્વભાવનું ભાન નહોતું ત્યારે એકાંત વિભાવરૂપ ઉપયોગ હતો, પછી કારણસ્વભાવનું ભાન થતાં સાધકદશામાં સમ્યક્ મતિ-શ્રુતાદિ ઉપયોગ પ્રગટ થયા. સાધક ધર્માત્માની દૃષ્ટિનું જોર તો એકરૂપ કારણ સ્વભાવ પર જ છે, તે કારણ પર જોર દઈને એકાગ્ર થવાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

હવે કારણસ્વભાવજ્ઞાનને જાણવાનું ફળ શ્લોક દ્વારા બતાવે છેઃ-

જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોનો પરિહાર કરી નિજસ્વરૂપમાં સ્થિત રહે છે તે શીઘ્ર ચૈતન્યચમત્કાર માત્ર તત્ત્વમાં પ્રવેશ કરી જાય છે, ઊંડાણમાં ઊતરી જાય છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો અર્થાત્ મુક્તિસુંદરીનો વલ્લભ થાય છે. (શ્લોક નં. ૧૭નો શ્લોકાર્થ)

ભગવાન સર્વજ્ઞદેવ અને તેમના માર્ગ સિવાય આ વાત બીજે ક્યાંય હોઈ શકે નહીં. પોતાના સ્વભાવોપયોગમાં જેમણે ત્રણકાળ ત્રણલોકને પ્રત્યક્ષ જાણી લીધા છે એવા ભગવાન જિનેન્દ્રદેવે જ્ઞાનના આ પ્રકાર જાણીને કહ્યા છે. જે કોઈ આવા વસ્તુસ્વભાવને જાણી લે તેને પરભાવોથી ભિન્નતા અને નિજસ્વરૂપમાં લીનતા થયા વિના ન રહે. આત્માના ઉપયોગમાં કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન એવા બે પ્રકારોને જાણીને જે પુરુષ પરભાવોનો પરિહાર કરે છે અર્થાત્ કારણ સ્વભાવ જ્ઞાન સિવાય અન્ય કોઈ ભાવોનું અવલંબન નથી લેતો અને નિજસ્વરૂપમાં સ્થિર રહે છે; કારણ પરમાત્મામાં ઊંડો ઊતરીને એકદમ લીન થઈ જાય છે, તે જીવ સાક્ષાત્ પરમાત્મા થઈ જાય છે. અર્થાત્ મુક્તિસુંદરીનો નાથ થઈ જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાઈ ! આ તો અપૂર્વ વાત છે. **સર્વજ્ઞના માર્ગનો આશ્રય કરીને જે આને સમજે તેની સમજણમાં આવી શકે તેમ છે. આત્મામાં જો વિસદૃશરૂપ સાપેક્ષ ઉત્પાદ વ્યયરૂપ પર્યાયો જ હોય તથા સદૃશરૂપ નિરપેક્ષ ધ્રુવ પરિણતિ (સ્વભાવકાર પરિણામ, કારણ શુદ્ધ પર્યાય) ન હોય તો વસ્તુની પૂર્ણતા વર્તમાનમાં સિદ્ધ નથી થઈ શકતી; અને જો વર્તમાન વ્યક્તરૂપ વિસદૃશ પર્યાયો ન હોય તો સાધકપણું અથવા સંસાર-મોક્ષ કાંઈપણ સિદ્ધ ન થાય.** એટલા માટે બંને પ્રકારોને જેમ છે તેમ જાણવા જોઈએ. જ્ઞાનમાં મતિજ્ઞાનાદિ વિસદૃશ પર્યાયો છે તથા સદૃશ એકરૂપ કારણ સ્વભાવજ્ઞાન પણ છે અને તેના અવલંબનથી કેવળજ્ઞાન વિકસિત થાય છે. એ પ્રમાણે જાણવું.

પ્રશ્ન : પણ એને જાણીને શું કરવું ?

ઉત્તર : સર્વજ્ઞકથિત આ ભેદોને જાણીને જે જીવ પરભાવોને છોડે છે તથા નિજસ્વભાવમાં એકાગ્ર થાય છે-અંતર્મુખ થઈને સ્વભાવમાં ઊતરી જાય છે તેને મોક્ષદશા વિકસિત થઈને પ્રગટ થઈ જાય છે. જુઓ, આમાં ત્રિકાળી કારણ, મોક્ષમાર્ગ તથા મોક્ષ એ ત્રણેય આવી ગયા.. ધ્રુવકારણના આશ્રયથી જે મોક્ષદશા થઈ તે સાદિ-અનંત મંગળરૂપ છે.

**"અહો ! સંત મારા સ્વભાવનો અચિંત્ય મહિમા સમજાવી રહ્યા છે."-આ રીતે જે સ્વભાવનું બહુમાન લાવશે તે પણ કૃતકૃત્ય થઈ જશે.** અહો ! આત્માનો સ્વભાવ પ્રત્યેક સમયે પૂર્ણ-પૂર્ણ પરિપૂર્ણ છે. આવા નિજ સ્વભાવના સામર્થ્યનો વિશ્વાસ લાવીને તેમાં ઉલ્લાસ લાવવો તે મોક્ષનું કારણ છે.

જ્યાં જીવને સ્વભાવ તરફનો ઉલ્લાસ જાગૃત થયો ત્યાં વિકાર તરફનો ઉત્સાહ નથી રહેતો. તેથી વિકારની ઊર્મિઓ શાંત થઈ જાય છે. સંસાર પ્રત્યેનો ઉત્સાહ તૂટી જાય છે. અને તેના ઉત્સાહની ગતિ સ્વભાવ તરફ ઢળી જાય છે.

આવા ઉલ્લસિત વીર્યવાળો જીવ અલ્પકાળમાં જ મોક્ષ પ્રાપ્ત કરે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

## શ્રી નિયમસાર ગાથા ૧૧- ૧૨

**ગાથાઓ :** केवलमिंदिय रहियं असहायं तं सहावणाणं ति ।
सण्णाणिदरवियप्पे विहावणाणं हवे दुविहं ॥ ११ ॥
सण्णाणं चउभेयं मदिसुदओही तहेव मणपज्जं ।
अण्णाणं तिवियप्पं मदियाई भेददो चेव ॥ १२ ॥

**હરિગીત :** અસહાય, ઇંદ્રિવિહીન, કેવળ, તે સ્વાભાવિક જ્ઞાન છે;
સુજ્ઞાન ને અજ્ઞાન - એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧
મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય - ભેદ છે સુજ્ઞાનના;
કુમતિ, કુઅવધિ, કુશ્રુત - એ ત્રણ ભેદ છે અજ્ઞાનના.૧૨

**અન્વયાર્થ :** જે (જ્ઞાન) કેવળ, ઇન્દ્રિયરહિત અને અસહાય છે, તે સ્વભાવજ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનરૂપ ભેદ પાડવામાં આવતાં વિભાવજ્ઞાન બે પ્રકારનું છે.

સમ્યગ્જ્ઞાન ચાર ભેદવાળું છે : મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યય; અને અજ્ઞાન (મિથ્યાજ્ઞાન) મતિ આદિના ભેદથી ત્રણ ભેદવાળું છે.

**ટીકા :** અહીં (આ ગાથાઓમાં) જ્ઞાનના ભેદ કહ્યા છે.

જે ઉપાધિ વિનાના સ્વરૂપવાળું હોવાથી કેવળ (એકલું, નિર્ભેળ, શુદ્ધ) છે, આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી ક્રમ, ઇંદ્રિય અને (દેશ-કાળાદિ) વ્યવધાન (આડ, પડદો, અંતર, આંતરું, વિઘ્ન) રહિત છે, એક એક વસ્તુમાં નહિ વ્યાપતું હોવાથી (સમસ્ત વસ્તુઓમાં વ્યાપતું હોવાથી) અસહાય છે, તે કાર્યસ્વભાવજ્ઞાન છે. કારણજ્ઞાન પણ તેવું જ છે. શાથી ? નિજ પરમાત્મામાં રહેલાં સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ અને સહજ પરમચિત્શક્તિરૂપ નિજ કારણ સમયસારનાં સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે. આમ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે આ (નીચે પ્રમાણે), શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અને ભેદ કહેવામાં આવે છેઃ [૧]ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગથી તથા [૨]અવગ્રહાદિ ભેદથી અથવા [૩]બહુ, બહુવિધ વગેરે ભેદથી મતિજ્ઞાન અનેક ભેદવાળું છે. લબ્ધિ અને ભાવનાના ભેદથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે. દેશ, સર્વ અને પરમના ભેદથી અવધિજ્ઞાન ત્રણ પ્રકારનું છે. ઋજુમતિ અને વિપુલમતિના ભેદને લીધે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છં. પરમભાવમાં સ્થિત સમ્યગ્દષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાનો હોય છે. મિથ્યાદર્શન હોય ત્યાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન 'કુમતિજ્ઞાન', 'કુશ્રુતજ્ઞાન' અને 'વિભંગજ્ઞાન' એવા નામાંતરોને પામે છે.

અહીં (ઉપર કહેલાં જ્ઞાનોને વિષે) સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી, સ્વરૂપ પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન સકલ પ્રત્યક્ષ (સંપૂર્ણ પ્રત્યક્ષ) છે. (અવધિજ્ઞાનનો વિષય-સંબંધ રૂપી દ્રવ્યોમાં છે) એવું (આગમનું) વચન હોવાથી અવધિજ્ઞાન વિકલપ્રત્યક્ષ (એકદેશ પ્રત્યક્ષ) છે. તેના અનંતમા ભાગે વસ્તુના અંશનું ગ્રાહક (જાણનારું) હોવાથી મનઃપર્યયજ્ઞાન પણ વિકલપ્રત્યક્ષ છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બન્ને પરમાર્થથી પરોક્ષ છે અને વ્યવહારથી પ્રત્યક્ષ છે.

---

૧. મતિજ્ઞાન ત્રણ પ્રકારનું છે : ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ. મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે એવી અર્થગ્રહણશક્તિ (પદાર્થને જાણવાની શક્તિ) તે ઉપલબ્ધિ છે. જાણેલા પદાર્થ પ્રત્યે ફરીફરીને ચિંતન તે ભાવના છે; 'આ કાળું છે', 'આ પીળું છે', ઈત્યાદિરૂપે અર્થગ્રહણ વ્યાપાર (પદાર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે.

૨. મતિજ્ઞાન ચાર ભેદવાળું છે : અવગ્રહ, ઈહા (વિચારણા), અવાય (નિર્ણય) ને ધારણા.

૩. મતિજ્ઞાન બાર ભેદવાળું છે : બહુ, એક, બહુવિધ, એકવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, અનિસૃત, નિઃસૃત, અનુક્ત, ઉક્ત, ધ્રુવ અને અધ્રુવ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વળી વિશેષ એ કે - ઉક્ત (ઉપર કહેલાં) જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન જ છે; તેમજ સહજજ્ઞાન (તેના) પારિણામિક ભાવરૂપ સ્વભાવને લીધે ભવ્યનો પરમસ્વભાવ હોવાથી, સહજજ્ઞાન સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.

આ સહજ ચિદ્વિલાસરૂપે (૧) સદા સહજ પરમ વીતરાગ સુખામૃત, (૨) અપ્રતિહત નિરાવરણ પરમ ચિત્શક્તિનું રૂપ, (૩) સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ પરમ ચારિત્ર, અને (૪) ત્રણે કાળે અવિચ્છિન્ન (અતૂટક) હોવાથી સદા નિકટ એવી પરમ ચૈતન્યરૂપની શ્રદ્ધા એ સ્વભાવ અનંતચતુષ્ટયથી જે સનાથ (સહિત) છે એવા આત્માને અનાથ મુક્તિસુંદરીના નાથને ભાવવો (અર્થાત્ સહજ જ્ઞાન વિલાસરૂપે સ્વભાવ અનંતચતુષ્ટય યુક્ત આત્માને ભાવવો - અનુભવવો).

આમ સંસારરૂપી લતાનું મૂળ છેદવાને દાતરડારૂપ આ ઉપન્યાસરૂપી (કથનથી) બ્રહ્મોપદેશ કર્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# નિયમસાર ગાથા ૧૧-૧૨ ઉપરનું પ્રવચન

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત આ નિયમસાર શાસ્ત્ર અલૌકિક છે. આમાં અધ્યાત્મના ઘણા ઊંડા ભાવો ભર્યા છે અને ટીકાકાર મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવે પણ સૂક્ષ્મ રહસ્યોને ખોલીને આત્માના પરમ સ્વભાવને પ્રકાશિત કર્યો છે.

દસમી ગાથામાં આત્માના ઉપયોગ-લક્ષણનું વર્ણન કરતા સ્વભાવ જ્ઞાનોપયોગના 'કારણ' તથા 'કાર્ય' એવા બે પ્રકારો બતાવ્યા હતા અને તેમાંથી કારણ સ્વભાવ જ્ઞાનોપયોગને 'પરમ પારિણામિક ભાવે સ્થિત ત્રિકાળ નિરુપાધિરૂપ સહજજ્ઞાન' કહીને અદ્‌ભુત વર્ણન કર્યું હતું. જેનું વિસ્મૃત વિવેચન પહેલાં થઈ ગયું છે. હવે ૧૧-૧૨મી ગાથાઓમાં ઉપયોગના ભેદોનું વર્ણન કરતાં આ સહજજ્ઞાનનું જ (કારણ સ્વભાવ જ્ઞાનોપયોગનું જ ) કાર્ય સ્વભાવજ્ઞાનરૂપ કેવળજ્ઞાનની અપેક્ષાએ વર્ણન કરી રહ્યા છે કે જે 'મોક્ષનું મૂળ' તથા 'ઉપાદેય' છે. જેમાં સહજજ્ઞાનના નિત્ય વિલાસરૂપ એવા નિજ આત્માની ભાવના કરવાનો ઉપદેશ દેવામાં આવ્યો છે.

જે કેવળજ્ઞાન ઇન્દ્રિયરહિત અને અસહાય છે તે સ્વભાવજ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન એવા ભેદોપૂર્વક વિભાવજ્ઞાન બે પ્રકારનાં છે. ત્યાં જેવી રીતે વિભાવજ્ઞાન બે પ્રકારનાં કહ્યાં તેવી જ રીતે સ્વભાવજ્ઞાનનું પણ કારણ અને કાર્ય એમ બે પ્રકારે વર્ણન કરીને ટીકાકારે અદ્‌ભુત વાત સમજાવી છે.

વિભાવજ્ઞાનમાં જે સમ્યગ્જ્ઞાન છે તેના ચાર ભેદ છે - મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય તથા જે અજ્ઞાન-મિથ્યાજ્ઞાન છે તેના ત્રણ ભેદ છે - કુમતિ, કુશ્રુત અને વિભંગ.

મતિ-શ્રુતાદિ ચાર જ્ઞાન સમ્યક્ હોવા છતાં પણ હજી અપૂર્ણ છે તથા આવરણ સહિત છે તેથી તેમને વિભાવજ્ઞાન કહ્યાં છે તથા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કુમતિ આદિ ત્રણ જ્ઞાન તો વિપરીતરૂપ જ છે તેથી તેમને મિથ્યાજ્ઞાન કહ્યાં છે જેમાં ઇન્દ્રિયોનું અવલંબન નથી, કર્મોનું આવરણ નથી, પરની સહાયતા નથી -એવું એકલું નિરપેક્ષજ્ઞાન, તે કારણ સ્વભાવજ્ઞાન છે. તે સ્વભાવજ્ઞાન પરમ મહિમાવાન છે, તેનું વર્ણન કરતાં કારણ અને કાર્ય બંનેને એકસાથે રાખીને ટીકાકાર અદ્ભુત વાત કરે છે.

'જે નિરુપાધિ સ્વરૂપવાળું હોવાથી કેવળ (એકલું, શુદ્ધ) છે; એક-એક વસ્તુમાં ન વ્યાપતાં જે સમસ્ત વસ્તુઓને એકસાથે જાણે છે તેથી અસહાય છે, તે કાર્યસ્વભાવજ્ઞાન છે અને કારણ સ્વભાવજ્ઞાન પણ એવું જ છે.'

જીવનું લક્ષણ ઉપયોગ છે, તેના ભેદોનું આ વર્ણન છે. **દેહથી ભિન્ન ચૈતન્યમૂર્તિ અરૂપી આત્મા અનાદિ-અનંત વસ્તુ છે, તેનું ઉપયોગ-લક્ષણ પણ અનાદિ-અનંત છે. તે ઉપયોગનો 'કારણ સ્વભાવજ્ઞાન' નામનો એક પ્રકાર છે તે પણ અનાદિ-અનંત છે. આત્માની સાથે તે ત્રિકાળ એકરૂપ વર્તે છે. તેના આધારે કેવળજ્ઞાનરૂપ કાર્યસ્વભાવજ્ઞાન પ્રગટ થાય છે જે સાદિ-અનંત છે.**

અહીં કહે છે કે જેવું કાર્યસ્વભાવજ્ઞાન છે તેવું જ કારણ સ્વભાવજ્ઞાન છે. જો કે કાર્યજ્ઞાન સાદિ-અનંત છે અને કારણજ્ઞાન અનાદિ-અનંત છે. આ રીતે તેમાં તફાવત છે છતાં પણ જેવું 'શુદ્ધકાર્ય' પ્રગટ થયું છે તેવું જ તેનું 'શુદ્ધકારણ' પણ ત્રિકાળ વર્તે છે. એ બતાવવા માટે અહીં એમ કહ્યું છે કે 'કાર્યસ્વભાવજ્ઞાન જેવું જ કારણસ્વભાવજ્ઞાન છે.' આ રીતે શુદ્ધકાર્યથી જ તેના કારણને ઓળખાવ્યું છે. **કેવળજ્ઞાનરૂપી નવું કાર્ય ક્યાંથી પ્રગટ થયું ? તો કહે છે કે કેવળજ્ઞાનરૂપી કાર્ય જેવું જ એક કારણ સ્વભાવજ્ઞાન છે અને તે કારણ સ્વભાવજ્ઞાનમાંથી તે કાર્ય પ્રગટ થાય છે.**

જુઓ, આ આત્માના કેવળજ્ઞાનરૂપી સ્વભાવકાર્યનું કારણ કોઈ નિમિત્ત તો છે જ નહીં, વ્યવહાર-રત્નત્રયનો રાગ પણ કારણ નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તથા મતિ-શ્રુત જ્ઞાનરૂપ જે પૂર્વ પર્યાયો તે પણ પરમાર્થથી કારણ નથી; પરંતુ આત્માની સાથે ત્રિકાળ વર્તતો જે કારણસ્વભાવ છે તે જ કેવળજ્ઞાનનું પરમાર્થ કારણ છે. તેમાં જ લીનતા કરવાથી કેવળજ્ઞાન થાય છે. તેથી કહ્યું છે કે જેવું કાર્ય સ્વભાવજ્ઞાન છે તેવું જ કારણ સ્વભાવજ્ઞાન છે. **જુઓ, અહીં 'કારણ જેવું કાર્ય' છે એમ ન કહેતાં 'કાર્ય જેવું કારણ છે' એમ કહ્યું છે; કારણ કે કાર્ય વ્યક્ત-પ્રગટ છે. તે પ્રગટ કાર્ય દ્વારા અપ્રગટ શક્તિરૂપ કારણ બતાવવું છે. કાર્યથી કારણનો પરિચય કરાવે છે.** કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટ થાય છે તો સમજો કે અંદર એવા જ સામર્થ્યવાળું કારણ મોજુદ છે. જેવું કાર્ય પ્રગટ થયું આત્મામાં તેનું તેવું જ કારણ રહેલું છે. આ રીતે જ તારા આત્મામાં પણ કેવળજ્ઞાનનું કારણ અત્યારે જ વર્તી રહ્યું છે. તે કારણનું અવલંબન લેવાથી કાર્ય પ્રગટ થઈ જાય છે. સામાન્ય રીતે લોકોને કેવળજ્ઞાનરૂપી કાર્યનો મહિમા આવે છે, પરંતુ તે કેવળજ્ઞાન રૂપ કાર્ય થવાનું કારણ અત્યારે પણ મારામાં વિદ્યમાન છે એવું તેના લક્ષમાં નથી આવતું, તેથી બાહ્ય કારણોમાં નકામી દોડધામ કરે છે. જો અંતરમાં ધ્રુવ ઉપયોગરૂપ કારણ સ્વભાવજ્ઞાનને લક્ષમાં લઈને તેનો જ કારણરૂપે સ્વીકાર કરે તો તે કારણના અવલંબનથી કાર્ય થયા વિના ન રહે. આ 'કારણ' ત્રિકાળ મોજુદ છે, પરંતુ આ કારણનો સ્વીકાર કરનારું કાર્ય તો સાદિ છે. **કારણની સિદ્ધિ-સાર્થકતા તો કાર્યથી છે અર્થાત્ કાર્ય થવાથી કારણની સિદ્ધિ થાય છે. કારણ નવું નથી હોતું; પરંતુ તે કારણની સિદ્ધિ નવી થાય છે.** કારણની પ્રસિદ્ધિ-ઓળખાણ નથી થતી. જ્યાં સુધી કારણના આશ્રયથી કાર્ય પ્રગટ ન કર્યું ત્યાંસુધી કારણની ઓળખાણ-પ્રસિદ્ધિ નથી થતી. જેણે કારણના અવલંબનથી કાર્ય પ્રગટ કર્યું તેને જ કારણની સાચી ઓળખાણ અને પ્રસિદ્ધિ હોય છે.

'કાર્ય' શબ્દ જ 'કારણ'ને સૂચિત કરે છે. અર્થાત્ 'કાર્ય' એવું નામ 'કારણ'ની અપેક્ષા રાખે છે; તેથી જ્યાં કાર્ય થયું ત્યાં કારણની સિદ્ધિ થાય જ છે. અહીં કાર્ય કહેવાથી માત્ર કેવળજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ ન સમજવું. પરંતુ સ્વભાવના આશ્રયે જ્યાં સમ્યગ્જ્ઞાન થયું ત્યાં જ કાર્યની શરૂઆત થઈ ગઈ. સમ્યગ્જ્ઞાનરૂપ કાર્ય થતાં જ ધર્મીને ભાન થયું કે અહો ! **મારું કારણ તો મારામાં જ છે. પહેલેથી જ મારામાં આ કારણરૂપ સ્વભાવ તો હતો જ, પરંતુ મને તેનું ભાન ન હતું, મેં તેનું અવલંબન લીધું નહોતું, એટલા માટે આજ સુધી કાર્ય પ્રગટ્યું નહોતું. હવે મને આ કારણનો મહિમા જાણવા મળ્યો કે અહો ! જે કેવળજ્ઞાનનું કારણ છે એવી અચિંત્ય શક્તિ આત્મામાં સદા વર્તી રહી છે. આત્માનો મહિમા જ અચિંત્ય છે, શુદ્ધ ચૈતન્યતરંગો મારા આત્મામાં સદા ઊછળી રહ્યા છે. આ રીતે આત્માના અચિંત્ય મહિમાની પ્રતીતિ થતાં તેમાં એકાગ્રતાથી સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર પ્રગટી જાય છે.**

આત્મા અનાદિ-અનંત વસ્તુ છે, ઉપયોગ તેનું લક્ષણ છે. તે પણ અનાદિ-અનંત છે જે શુદ્ધ દ્રવ્ય-દૃષ્ટિનો વિષય છે. તથા તે કારણ સ્વભાવ ઉપયોગ શુદ્ધ અંતરંગરૂપે સદા વર્તમાન અસ્તિરૂપ વર્તે છે અને તેમાંથી જે કેવળજ્ઞાન પ્રગટ થાય છે તે કાર્યસ્વભાવ જ્ઞાનોપયોગ છે. 'ઉપયોગ જીવનું લક્ષણ છે'-એમ કહેતાં આ બંને ઉપયોગ એમાં આવી જાય છે.

અહીં ટીકાકારે કાર્ય-કારણની અદ્ભુત સંધિ બતાવી છે. કાર્યજ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન; કાર્યસ્વભાવરૂપ કેવળજ્ઞાનમાં ક્રમ નથી; ઈન્દ્રિયોનું અવલંબન નથી, અંતરાય કે આવરણ નથી તથા અલ્પજ્ઞતા નથી. અહો ! કેવળજ્ઞાનના સામર્થ્યની શી વાત ? તેમાં એવો ક્રમ નથી કે એક પછી એક પદાર્થને જાણે, તે તો બધાને એકસાથે અક્રમરૂપે જાણે છે, તેને ઈન્દ્રિયોની સહાયની જરૂર નથી. તે અતીન્દ્રિય છે, કોઈ બીજાની સહાય વિના પોતે જ જાણે છે તેથી તે અસહાય છે-સ્વાધીન છે, તેને કોઈ કર્મનું આવરણ કે અંતરાય નથી, તેમાં રાગાદિ વિભાવ નથી તથા અમુકને જાણે અને અમુકને ન જાણે એવી અલ્પજ્ઞતા પણ તેમાં નથી. આવા અચિંત્ય મહિમાવાળું કાર્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવજ્ઞાન છે અને કારણજ્ઞાન પણ એવું જ છે. કેવળજ્ઞાનરૂપી કાર્ય અતીન્દ્રિય છે, તો તેનું કારણ પણ તેવું જ અતીન્દ્રિય છે. કેવળજ્ઞાન આવરણરહિત છે તો કારણજ્ઞાન પણ ત્રિકાળ આવરણ રહિત છે. કેવળજ્ઞાનનો કદી (પ્રગટ થયા બાદ) વિરહ નથી થતો. તેવી જ રીતે કારણજ્ઞાનનો પણ ત્રણકાળમાં વિરહ નથી હોતો. કેવળજ્ઞાનમાં ક્રમ નથી તે જ રીતે કારણજ્ઞાનમાં પણ ક્રમ નથી. કેવળજ્ઞાનમાં ઈન્દ્રિયોની સહાય અથવા પરનું અવલંબન નથી તેવી જ રીતે કારણજ્ઞાનમાં પણ ઈન્દ્રિયોની સહાય અથવા પરનું અવલંબન નથી. આ પ્રકારે કેવળજ્ઞાનરૂપ કાર્યસ્વભાવજ્ઞાનમાં જેવું સામર્થ્ય છે તેવું જ અચિંત્ય સામર્થ્ય કારણ સ્વભાવજ્ઞાનમાં ત્રિકાળ છે અને તે કારણજ્ઞાન આત્મામાં ત્રિકાળ છે. અહો! જ્યાં કાર્યની વાત આવે ત્યાં ત્રિકાળી કારણ પણ તેવું જ છે એમ બતાવતા જાય છે-જેણે આવા અચિંત્ય મહિમાવંત અતીન્દ્રિય અસહાય શુદ્ધ કારણ સ્વભાવજ્ઞાનનો નિર્ણય કર્યો-સ્વીકાર કર્યો તેને કોઈ પરના આશ્રયે પોતાનું જ્ઞાનરૂપી કાર્ય થવાની મિથ્યાબુદ્ધિ-ભ્રમબુદ્ધિ નથી રહેતી.

કેવળજ્ઞાનરૂપી કાર્યસ્વભાવજ્ઞાનનો અચિંત્ય મહિમા છે અને કારણજ્ઞાનનો પણ તેવો જ અચિંત્ય મહિમા છે. કેવળજ્ઞાનરૂપી કાર્ય તો નવું પ્રગટ થાય છે, પરંતુ કેવળજ્ઞાન પ્રગટ થયા પહેલાંથી જ તેના કારણરૂપ સ્વભાવજ્ઞાન વર્તી રહ્યું છે. અર્થાત્ કારણજ્ઞાન તો અનાદિથી સદા વર્તી રહ્યું છે એમ ધર્મી જાણે છે. શું કેવળજ્ઞાન નિમિત્ત કારણોમાંથી આવશે ? ના, તેથી તે ખરેખર કારણ નથી. શું વ્યવહાર રત્નત્રયના રાગમાંથી કેવળજ્ઞાન આવશે ? ના, તેથી તે પણ ખરું કારણ નથી. કારણ સ્વભાવજ્ઞાન આત્મામાં ત્રિકાળ છે, તેનામાં જ કેવળજ્ઞાન રૂપ કાર્ય દેવાની શક્તિ છે. તે કારણના અવલંબનથી જ કાર્ય થાય છે. એટલા માટે તે જ સાચું કારણ છે. આત્માને આવા સામર્થ્યરૂપે દૃષ્ટિમાં-શ્રદ્ધામાં લેવો તે સમ્યગ્દર્શન છે. તેનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે અને તેમાં લીનતા તે સમ્યક્ચારિત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે અને આ જ મોક્ષનો પંથ છે. આના સિવાય જે કોઈ અન્ય બાહ્ય કારણથી મુક્તિ થવાનું માને છે તેઓ સંસારના માર્ગમાં જ ઊભા છે. તેમને મોક્ષના પંથની ખબર નથી.

'કારણજ્ઞાન' નિજ પરમાત્મામાં વિદ્યમાન સહજ દર્શન, સહજ ચારિત્ર, સહજ સુખ અને સહજ પરમચિત્શક્તિરૂપ નિજકારણ સમયસારના સ્વરૂપને યુગપત્ જાણવા સમર્થ છે. કાર્યજ્ઞાન તો તે સહજ ચતુષ્ટયને જાણે જ છે અને કારણજ્ઞાનમાં તેને જાણવાનું સામર્થ્ય છે, તેથી તે કારણજ્ઞાન પણ કાર્યજ્ઞાન જેવું જ છે. જોકે કાર્યજ્ઞાનની જેમ કારણજ્ઞાન જાણવાનું પ્રગટ કાર્ય નથી કરતું, પરંતુ તેમાં તેવું કાર્ય પ્રગટ થવાની શક્તિ ભરી છે. તે બતાવવા માટે તેને અહીં કાર્યજ્ઞાન જેવું કહી દીધું છે.

પ્રશ્ન : છદ્મસ્થનું જ્ઞાન તો આવરણયુક્ત તથા ક્રમવાળું જ હોય છે ને ?

ઉત્તર : છદ્મસ્થને જે આવરણ છે તે વિભાવરૂપ કાર્યજ્ઞાનમાં છે, કારણજ્ઞાનમાં નથી, તેવી જ રીતે જે ક્રમ છે તે પણ વિભાવરૂપ કાર્યજ્ઞાનમાં જ છે, કારણજ્ઞાનમાં નથી. ઇન્દ્રિયોનું નિમિત્ત પરોક્ષપણું વગેરે પણ કાર્યજ્ઞાનમાં જ છે. કારણજ્ઞાનમાં ઇન્દ્રિયોનું નિમિત્ત અથવા પરોક્ષપણું વગેરે નથી. અહો ! છદ્મસ્થ દશા વખતે પણ કેવળજ્ઞાન જેટલું જ સામર્થ્ય કારણ સ્વભાવજ્ઞાનમાં છે એવા સામર્થ્યની પ્રતીતિ કરીને તેની સન્મુખ પરિણમિત થતાં જ જેવું કારણ છે તેવું જ કાર્ય પ્રગટ થઈ જાય છે. અર્થાત્ કેવળજ્ઞાન થઈ જાય છે. સંસાર દશા વખતે પણ કારણ સ્વભાવજ્ઞાનને કોઈ વિઘ્ન નથી હોતું અને જે આવા કારણનું અવલંબન લે છે તેને કેવળજ્ઞાનરૂપ કાર્ય થવામાં વિઘ્ન નથી આવતું.

આ રીતે કારણરૂપ તથા કાર્યરૂપ એવા શુદ્ધજ્ઞાનનું સ્વરૂપ કહ્યું. તેમાં જે કારણ સ્વભાવજ્ઞાન છે તે નિશ્ચયનયનો વિષય છે-દ્રવ્યદૃષ્ટિનો વિષય છે અને જે કાર્યજ્ઞાન છે તે વ્યવહારનયનો વિષય છે. જેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાર્ય સ્વભાવજ્ઞાન પ્રગટ થઈ ગયું છે, તેને પોતાને કાંઈ વ્યવહારનય નથી; અને જ્યારે પોતાના કારણ સ્વભાવજ્ઞાનને લક્ષમાં લે ત્યારે તેનું જ્ઞાન અંતર સ્વભાવ સન્મુખ થાય છે અર્થાત્ તેને નિશ્ચયનય હોય છે. નિશ્ચયનયનું જે જ્ઞેય છે તે જ વાસ્તવમાં કેવળજ્ઞાનનું કારણ છે અને જે વ્યવહારનયનું જ્ઞેય છે તે વાસ્તવમાં કેવળજ્ઞાનનું અથવા સમ્યગ્દર્શનાદિનું પણ કારણ નથી. કારણ સ્વભાવજ્ઞાનના અવલંબનથી જ્યાં કેવળજ્ઞાન પ્રગટ થયું ત્યાં કારણ અને કાર્ય બંને સમાન થયાં અર્થાત્ કારણમાં જેવું સામર્થ્ય હતું, તેવું પરિપૂર્ણ સામર્થ્ય કાર્યમાં પણ પ્રગટ થઈ ગયું. સમકિતીને નિર્વિકલ્પ આનંદના વેદન સહિત આવા કારણ સ્વભાવની પ્રતીતિ થઈ ગઈ છે. પછી તે કારણમાં જેમ જેમ એકાગ્રતા વધતી જાય છે તેમ તેમ આનંદનું વેદન પણ વધતું જાય છે. ભાઈ ! આ તો વીતરાગી મુનિઓના મુખમાંથી અમૃત ઝર્યાં છે.

**જુઓ, આ ગણધરાદિ સંતોની પરંપરામાં આવેલી વાત છે. સંતોએ અંતરનાં સૂક્ષ્મ રહસ્યો ખોલ્યાં છે. કોઈને વિશેષ સમજણમાં ન આવે તો સામાન્યરૂપે એવો મહિમા લાવવો જોઈએ કે અહો ! આ તો મારા સ્વભાવના અચિંત્ય મહિમાની વાત છે. સંત મારા આત્મસ્વભાવનો અચિંત્ય મહિમા સમજાવી રહ્યા છે. આ રીતે જે આને સાંભળીને સ્વભાવનું બહુમાન લાવશે, તે પણ કૃતકૃત્ય થઈ જશે.**

અહો ! આત્માનો સ્વભાવ પ્રત્યેક સમયે પૂર્ણ-પૂર્ણ, પૂર્ણ-પરિપૂર્ણ છે. પ્રતિસમય પોતાના સ્વભાવ સામર્થ્યથી તે પરિપૂર્ણ બિરાજમાન છે. આવા પોતાના સ્વભાવના સામર્થ્યનો વિશ્વાસ લાવીને તેમાં ઉત્સાહ લાવવો તે મોક્ષનું કારણ છે. જીવને જ્યાં સ્વભાવ તરફનો ઉત્સાહ જાગ્યો ત્યાં વિકાર પ્રત્યે ઉત્સાહ નથી રહેતો તેથી વિકારની ઊર્મિઓ શાંત થઈ જાય છે, સંસાર તરફનો ઉત્સાહ તૂટી જાય છે અને તેના ઉત્સાહનો વેગ સ્વભાવ સન્મુખ થઈ જાય છે-આવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉલ્લસિત વીર્યવાળો જીવ અલ્પકાળમાં જ મોક્ષ પ્રાપ્ત કરે છે.

**અહો ! કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટ થવાના આધારરૂપ કારણ સ્વભાવજ્ઞાન આત્મામાં સદાય સ્વરૂપ પ્રત્યક્ષરૂપે વર્તી જ રહ્યું છે. આ વાત ક્યાંથી કાઢી ? કારણના આશ્રયથી સિદ્ધ દશારૂપ કાર્યને સાધી રહેલા સાધક સંતોના આત્મામાંથી આ વાત નીકળી છે. જંગલવાસી આત્માના આનંદમાં ઝૂલતા મુનિરાજના અંતરમાંથી આ રહસ્ય નીકળ્યું છે. અંતરંગ અધ્યાત્મના ઊંડાણમાંથી આ પ્રવાહ નીકળ્યો છે.** અંતરંગ સ્વરૂપના અનુભવને મુનિઓએ પ્રકાશિત કર્યો છે. અત્યંત નિકટતાથી કેવળજ્ઞાનરૂપી કાર્યને સાધતા સાધતા તેના કારણનો અચિંત્ય મહિમા કર્યો છે કે અહો ! આ અમારા કેવળજ્ઞાનનું કારણ છે. અંદરમાં શક્તિની સાથે વ્યક્તિની સંધિ કરીને; કારણની સાથે કાર્યની સંધિ કરીને મુનિઓના આત્મામાંથી સિદ્ધપદની સાધના કરતાં કરતાં આ અદ્‌ભુત ધ્વનિ ઊઠ્યો છે. **અહો ! સિદ્ધપદના સાધક મુનિઓની શી વાત ! અલૌકિક અધ્યાત્મનાં અનેક રહસ્યો તેમના અનુભવના ઊંડાણમાં ભર્યાં છે. તેમાંથી બહાર તો થોડુંક જ આવે છે. અંતરના ઊંડાણમાંથી મુનિઓએ અલૌકિક રહસ્યો બહાર કાઢ્યાં છે. આ તો અંતરની અદ્‌ભુત વાત છે.**

ત્રિકાળ કારણસ્વભાવરૂપ જ્ઞાનની પ્રતીતિ કરવાથી સાધકદશારૂપ કાર્ય પ્રગટ થઈ જાય છે અને તેનું પૂર્ણ કાર્ય તો કેવળજ્ઞાન છે. ત્રિકાળ વર્તતું જે સ્વરૂપ પ્રત્યક્ષ જ્ઞાન છે તે જ કેવળજ્ઞાનનું અભેદ કારણ છે, તે બ્રહ્મસ્વરૂપ છે અને તેમાં અંતર્મુખ થવાનો આ ઉપદેશ છે તેથી આ 'બ્રહ્મોપદેશ' છે. કેવો છે આ બ્રહ્મોપદેશ ? તો કહે છે કે સંસારના મૂળનો છેદ કરનાર છે. જે જીવ આ બ્રહ્મસ્વરૂપ આત્મસ્વભાવને જાણીને તેમાં અંતર્મુખ થાય છે, તેના સંસારનો છેદ થઈ જાય છે. વેદાંતવાળા જે અદ્વૈત-બ્રહ્મ કહે છે એની આ વાત નથી, વિશેષ રહિત એકાંત અદ્વૈત સામાન્ય તો સસલાના શીંગડાની જેમ અસત્ હોવાથી મિથ્યા છે. **અહીં તો પર્યાયને અંતર્મુખ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**કાર્ય થયું તે વિશેષ છે અને તેનું જે એકરૂપ કારણ છે તે સામાન્ય છે. આ રીતે સામાન્ય અને વિશેષની એકતારૂપ અનેકાન્તિક વસ્તુસ્વરૂપ છે.**

**કેવળજ્ઞાનના આધારરૂપ જે કારણ સ્વભાવજ્ઞાન છે તેને પરમ પારિણામિક ભાવમાં સ્થિત કહ્યું છે, કેવળજ્ઞાન તો ક્ષાયિક ભાવમાં સાદિ-અનંત સ્થિત છે અને આ કારણ સ્વભાવજ્ઞાન પરમ પારિણામિક ભાવમાં અનાદિ-અનંત સ્થિત છે.**

અહીં કોઈ એમ કહે કે જે રીતે ક્રોધાદિને કર્મોદયની અપેક્ષાએ ઔદયિક ભાવરૂપ કહેલ છે અને અન્યની અપેક્ષા વિના તેમને પારિણામિક ભાવરૂપ કહેલ છે, તેવી જ રીતે અહીં પણ કર્મક્ષયની અપેક્ષાએ તો કેવળજ્ઞાનને ક્ષાયિક ભાવરૂપ કહો અને નિરપેક્ષ દૃષ્ટિથી તેને જ પારિણામિકભાવરૂપ સહજ જ્ઞાન કહો. નહીં, જે સહજ કારણ સ્વભાવરૂપ જ્ઞાન છે તે તો ત્રિકાળ નિરુપાધિરૂપ છે અને તે સદાય પારિણામિક ભાવરૂપ વર્તે છે. તેનો કદી વિરહ નથી અને કેવળજ્ઞાન તો નવું પ્રગટ થાય છે, પહેલાં તેનો વિરહ હતો. કારણ સ્વભાવજ્ઞાનનું પહેલાં ભાન ન હતું તે અપેક્ષાએ તેનો વિરહ કહી શકાય છે. તો પણ તે સમયે પણ કાંઈ તેનો અભાવ ન હતો. કારણ જ્ઞાનને તો સ્વરૂપ પ્રત્યક્ષ કહ્યું છે. અને કેવળજ્ઞાનને સ્વરૂપ પ્રત્યક્ષ નથી કહ્યું. પરંતુ સકળ પ્રત્યક્ષ કહ્યું છે. આ રીતે કેવળજ્ઞાન જ કારણ સ્વભાવજ્ઞાન નથી એમ સમજવું. જ્ઞાનનો જે ત્રિકાળ પ્રત્યક્ષ સ્વભાવ છે તેને અહીં સ્વરૂપ પ્રત્યક્ષ, સહજજ્ઞાન અથવા કારણ સ્વભાવજ્ઞાન કહ્યું છે. આ કારણ સ્વભાવજ્ઞાન તો બધા જીવોમાં ત્રિકાળ વર્તી જ રહ્યું છે. જેવા સિદ્ધ ભગવાન લોકાગ્રે બિરાજમાન છે, તેવા જ ભવલીન સંસારી જીવો પણ છે અર્થાત્ 'સર્વ જીવ છે સિદ્ધસમ' એમ કહ્યું છે એમાં તો તેમ શક્તિ અપેક્ષાએ કહ્યું છે. કાંઈ સિદ્ધ ભગવંતોની જેમ પૂર્ણજ્ઞાન આનંદરૂપ સિદ્ધદશા સંસારી જીવોને પ્રગટ નથી; પરંતુ આ જે કારણ સ્વભાવ જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે તે તો બધા જ જીવોમાં સદા વર્તી જ રહ્યું છે. તે કાંઈ નવું નથી થતું; પરંતુ તેના આશ્રયથી સમ્યગ્જ્ઞાન નવું પ્રગટ થાય છે. ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ શુદ્ધ છે અને તેના આશ્રયથી થતું કેવળજ્ઞાન પણ શુદ્ધ છે. એક કારણ રૂપે શુદ્ધ છે અને બીજું કાર્યરૂપે શુદ્ધ છે.

આ શુદ્ધ જ્ઞાન કેવું છે ? તો કહે છે કે આનંદદાતા છે. તેમાં કાર્યરૂપ કેવળજ્ઞાન તો સાદિ-અનંત આનંદદાતા છે અને અનંત ચતુષ્ટયનું સાદિ-અનંત ભોક્તા છે. તથા કારણરૂપ શુદ્ધજ્ઞાન અનાદિ-અનંત આનંદદાતા છે. ત્રિકાળ આનંદની સાથે એકમેક છે, સહજ ચતુષ્ટયની સાથે જ સદા શોભાયમાન થઈ રહ્યું છે. અનંત આનંદદાતા કેવળજ્ઞાન મહિમાવાન તો છે પરંતુ તે પ્રગટ ક્યાંથી થયું ? તો કહે છે કે કારણ સ્વભાવ જ્ઞાનમાંથી. તેથી કેવળજ્ઞાનથી પણ વધુ મહિમા તે કારણ સ્વભાવજ્ઞાનનો છે. નીચેની દશામાં કેવળજ્ઞાન તો હોતું નથી પરંતુ કારણજ્ઞાન તો હોય છે અને તે કારણનો મહિમા લાવીને તેમાં લીન થવાથી કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે. અજ્ઞાની માત્ર પર્યાયનો મહિમા કરીને બાહ્ય કારણોની શોધમાં લાગ્યો રહે છે પરંતુ કેવળજ્ઞાન પ્રગટ થવાના આધારરૂપ પોતાના સ્વભાવમાં જે ત્રિકાળી કારણજ્ઞાન વર્તી રહ્યું છે તેનો મહિમા તેને જણાતો નથી-આવતો નથી. જો પોતાના કારણસ્વભાવનો મહિમા આવી જાય તો તેના બળથી શુદ્ધકાર્ય પ્રગટ થઈ જાય અને બાહ્ય કારણોની દૃષ્ટિ છૂટી જાય. કેવળજ્ઞાન થયા પહેલાં પણ પોતામાં ધ્રુવ કારણસ્વભાવ તો છે જ, તેની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. તથા તે કારણનો મહિમા લાવીને તેમાં એકાગ્ર થવાથી કેવળજ્ઞાન વિકસિત થઈ જાય છે. જ્યારે આત્માના સ્વભાવને ઓળખે ત્યારે તેનો ખરો મહિમા આવે છે. **આત્માની ઓળખાણ વિના તેનું માહાત્મ્ય પહેલાંથી કેવી રીતે આવી શકે ? આત્મા કોણ છે, તેના ગુણ શું છે, તેનો સ્વભાવ શું છે, આ પ્રકારે જેમ જેમ ઓળખાણ થાય છે તેમ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**તેમ તેનો મહિમા આવે છે.**

જેમ કોઈ ભરવાડને સવા લાખ રૂપિયાનો કિંમતી હીરો મળી ગયો હોય પરંતુ તેની ઓળખાણ વિના તે તેના માહાત્મ્યને નથી જાણતો તેથી તે તો તેને સુંદર કાચનો કટકો માનીને કોઈ ગાય-બકરીના ગળામાં બાંધી દેશે. પરંતુ કોઈ ઝવેરી તેને બતાવે કે અરે ! આ તો સવા લાખ રૂપિયાનો હીરો છે તો તેની ખબર પડતાં તે તેનું માહાત્મ્ય જાણીને ખુશી થાય છે. તે પ્રમાણે અહીં ભરવાડ અર્થાત્ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ, તેની પાસે મહામૂલ્યવાન ચૈતન્યરત્ન છે. પરંતુ ઓળખાણ (પરખ) ન હોવાને કારણે તે તેની યથાર્થ મહત્તાને નથી જાણતો તેથી તે તો તેને બકરીના ગળાની જેમ શુભ-અશુભ રાગમાં જ બાંધી દે છે; પરંતુ જ્યારે ભેદજ્ઞાની ઝવેરી તેને સમજાવે છે કે ‘અરે મૂઢ ! આ તારું ચૈતન્યરત્ન શુભાશુભ રાગ જેટલું નથી, આ તો જ્ઞાન-આનંદ-પ્રભુતા વગેરે અનંતગુણોથી પરિપૂર્ણ છે, આમાં ચૈતન્યની પ્રભા ચમકી રહી છે, ઉપશાંત રસની લહેરો ઊછળી રહી છે, અતીન્દ્રિય-પ્રકાશનાં કિરણો પ્રગટી રહ્યાં છે. ભેદજ્ઞાનીના સમજાવવાથી જ્યારે તેને તેવું ભાન થાય છે ત્યારે તેને તેનો અપાર મહિમા આવે છે કે અહો ! આવું છે મારું ચૈતન્યરત્ન! આવો મહિમા આવતાં તે પોતાના ચૈતન્યરત્નને રાગની સાથે નથી બાંધતો-રાગમાં એકાગ્ર નથી કરતો; પરંતુ સ્વયં પોતાના સ્વભાવમાં જ એકાગ્ર થાય છે. આ રીતે આત્માનું સ્વરૂપ જાણે તો તેનો યથાર્થ મહિમા આવે અને તેમાં એકાગ્ર થઈને મુક્તિ પ્રાપ્ત કરે.

આત્મા વર્તમાનમાં પણ આવા પરિપૂર્ણ સ્વભાવથી ભર્યો છે તેનો મહિમા આવ્યા વિના કોઈ જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અથવા મોક્ષરૂપી કાર્ય પ્રગટ નથી થતું. તેથી અહીં સંત આત્માનું સ્વરૂપ બતાવે છે કે હે ભાઈ ! તારા આત્માનું સ્વરૂપ કોઈ સમયે અધૂરું નથી. વર્તમાનમાં પણ તેનો સ્વભાવ પરિપૂર્ણ છે. તેથી તેમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકમેકપણાની બુદ્ધિ કરીને તેનું જ અભેદ આલંબન કર, તેનો જ મહિમા લાવીને તેમાં જ અન્તર્મુખ થા-તેના પર જ જોર દે-તેની જ મુખ્યતા કર-તેનો જ આશ્રય કર-તેમાં જ ઉત્સાહ લાવ-તેમાં જ તત્પર રહે-સંતુષ્ટ રહે-તેની જ આરાધના કર-તેનું જ ધ્યાન કર-તારો આ સ્વભાવ સર્વશક્તિમાન પ્રભુ છે, તેને કોઈ દબાવવાવાળું નથી, કોઈ વિઘ્ન-અડચણ નથી. કાળ અથવા કર્મ તેને આવૃત (ઢાંકી) નથી કરી શકતા. અનાદિ અનંત જ્યારે જુઓ ત્યારે વર્તમાનમાં જ તે પરિપૂર્ણ છે. તું જ્યારે અન્તર્મુખ થઈને તારા આવા આત્મસ્વભાવને ગ્રહણ કર ત્યારે તે તારો જ છે, તે સ્વસમય છે. આત્મામાં પ્રત્યેક સમયે પૂર્ણતા વિદ્યમાન છે. કોઈ પણ સમય એવો નથી હોતો કે જ્યારે પૂર્ણ કાર્ય પ્રગટ કરવા માટે આત્મામાં વર્તમાન પૂર્ણ કારણ ન હોય. 'પૂર્ણ કારણ' પ્રતિસમય વિદ્યમાન છે, તે કારણના સ્વીકારથી કાર્ય પ્રગટ થઈ જાય છે.

જુઓ, આ અંતર(અંદર)ના કારણ કાર્યની સૃષ્ટિ ! આત્માના કારણ સ્વભાવમાંથી જ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કાર્યની સૃષ્ટિ ઉત્પત્તિ થાય છે. આમાં કાર્ય તો ઉત્પાદ વ્યયરૂપ પરિણામ છે જે પહેલાં નથી હોતું પરંતુ પછી પ્રગટ થાય છે અને **કારણ સ્વભાવ તે ધ્રુવરૂપ પરિણામ છે જે સદા વિદ્યમાન છે, તેમાં ઉત્પાદ-વ્યય નથી, અર્થાત્ તે પ્રગટ પર્યાયમાં નથી આવતો, નિત્ય કારણરૂપ વિદ્યમાન રહે છે. કેવળજ્ઞાનના કારણરૂપ જે ધ્રુવ જ્ઞાન પરિણામ છે તેને સહજ સ્વભાવજ્ઞાન અથવા સ્વરૂપ પ્રત્યક્ષજ્ઞાન કહે છે. તેમાં આત્માના સહજ ચતુષ્ટયને યુગપત્ જાણવાનું સામર્થ્ય ત્રિકાળ છે.** તે ત્રિકાળની સાથે વર્તમાનની એકતા થતાં તે વર્તમાન પર્યાય પણ પૂર્ણ સામર્થ્યરૂપે પરિણમિત થઈ જાય છે. આમાંથી નીચે પ્રમાણે નિષ્કર્ષ નીકળે છે :-

ત્રિકાળ સામર્થ્યમાંથી વર્તમાન આવે છે.-ધ્રુવના આશ્રયથી જ ઉત્પાદ થાય છે-દ્રવ્યમાંથી પર્યાય આવે છે.-કારણના આશ્રયથી કાર્ય થાય છે-શક્તિમાંથી વ્યક્તિ થાય છે-પ્રાપ્તની પ્રાપ્તિ હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિશ્ચયના આશ્રયે મુક્તિ થાય છે.-જ્ઞાયકસ્વભાવી આત્મા વિકારનો અકર્તા છે. આત્માની શક્તિઓ બાહ્ય કારણોથી અત્યંત નિરપેક્ષ છે.-આત્મા અને પર દરેક દ્રવ્યનું પરિણમન સ્વતંત્ર છે.

આમાંથી કોઈપણ એક બોલનો નિર્ણય કરતાં બધા બોલનો નિર્ણય થઈ જાય છે અને આ જૈનશાસનની મૂળ વસ્તુ છે. આ સમજ્યા વિના જૈનધર્મનું રહસ્ય સમજણમાં નથી આવતું અને અંતર્મુખ થયા વિના આત્મ-વસ્તુ સમજણમાં નથી આવતી.

આત્મા સ્વયં પરમસ્વરૂપ હોવાથી પરમાત્મા છે. તેમાં સહજ દર્શન, સહજ ચારિત્ર, સહજ સુખ તથા સહજ પરમચિત્શક્તિ ત્રિકાળ વિદ્યમાન છે, તે કારણ સમયસાર સ્વરૂપ છે.

અહીં જે સહજ ચતુષ્ટયને કારણ સમયસાર કહે છે તે જ કારણ પરમાત્મા છે અને તે ત્રિકાળ એકરૂપ છે. તેના આશ્રયથી અનંતચતુષ્ટયરૂપ કાર્યસમયસારપણું પ્રગટ થાય છે અને 'સમયસાર' વગેરેમાં તો મોક્ષમાર્ગની વાત છે. આત્મા મોક્ષના કારણરૂપ મોક્ષમાર્ગરૂપે પરિણમિત થયો તેથી તેને 'કારણ સમયસાર' કહ્યો છે. **ખરેખર તો જે ધ્રુવરૂપ કારણ સમયસાર છે તે જ મોક્ષનું નિશ્ચય કારણ છે અને આ જે મોક્ષમાર્ગરૂપ કારણ સમયસાર છે તે વ્યવહારે મોક્ષનું કારણ છે.**

જુઓ, અહીં નિશ્ચય મોક્ષમાર્ગને મોક્ષનું કારણ કહેવું તેને પણ વ્યવહાર કહ્યો છે. કારણ કે મોક્ષમાર્ગની પર્યાય કાંઈ મોક્ષદશાને નથી લાવતી. એક પર્યાયના આશ્રયથી બીજી પર્યાય નથી થતી. મોક્ષમાર્ગની પૂર્ણતા થતાં મોક્ષ થાય છે એવો નિયમ છે. પરંતુ તે મોક્ષ કોના આશ્રયથી થાય છે ? તે અહીં બતાવવું છે. પૂર્વનો (પહેલાંનો) સાધકભાવ સાધ્યને કાંઈ બળજબરીથી નથી પરિણમાવતો પરંતુ સાધ્ય પર્યાય પોતે સ્વભાવનો આશ્રય કરીને સ્વતઃ પરિણમિત થાય છે.

પ્રશ્ન : જો સાધકભાવ સાધ્યભાવને પરિણમિત નથી કરતો તો પછી તે પૂર્વભાવને સાધક કેમ કહ્યો ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર : કારણ કે પૂર્વકાલીન સાધકભાવપૂર્વક જ સાધ્યભાવ પ્રગટ થાય છે એટલા માટે પૂર્વભાવને સાધક કહ્યો છે, જેવી રીતે સમ્યક્મતિ-શ્રુતજ્ઞાનપૂર્વક જ કેવળજ્ઞાન હોય છે, એવા પૂર્વ-ઉત્તરભાવ બતાવવા માટે મતિ-શ્રુતજ્ઞાનને કેવળજ્ઞાનનું સાધક કહેલ છે, પરંતુ કેવળજ્ઞાન કાંઈ મતિ-શ્રુતજ્ઞાનને આધીન નથી. મતિ-શ્રુતાદિ સાધકભાવ પણ કેવળજ્ઞાનરૂપી સાધ્યભાવને બળજબરીથી પરિણમિત નથી કરતો તો પછી વ્યવહાર, રાગ અથવા નિમિત્તાદિની તો વાત જ ક્યાં રહી ? અહીં તો એકદમ અંતર્મુખતાની વાત કરે છે કે અરે જીવ! તારા કેવળજ્ઞાનના કારણને તારા સ્વભાવમાં જ શોધ, તારો કારણ સ્વભાવ જ કેવળજ્ઞાનનું કારણ છે. જ્યાં અંતર્મુખ થઈને આવા કારણમાં લીન થયો ત્યાં 'આ મારું કારણ અને આ મારું કાર્ય' એવા કારણ-કાર્યના ભેદના વિકલ્પો પણ નથી.

કારણ સ્વભાવજ્ઞાન અને કાર્ય સ્વભાવજ્ઞાન એમ સ્વભાવજ્ઞાનના બે પ્રકાર કહ્યા છે. વિભાવજ્ઞાન સમ્યક્ અને મિથ્યા એમ બે પ્રકારનું છે. તેમાંથી સમ્યગ્જ્ઞાનના મતિ-શ્રુત-અવધિ અને મનઃપર્યય એવા ચાર ભેદ છે; તથા મિથ્યાજ્ઞાનના કુમતિ, કુશ્રુત અને વિભંગ એવા ત્રણ ભેદ છે. આ રીતે જ્ઞાનના કુલ નવ પ્રકાર થયા. આમાંથી કયું જ્ઞાન કયા જીવોને હોય છે તે કહે છે-કારણ સ્વભાવજ્ઞાન તો સમસ્ત જીવોને ત્રિકાળ હોય છે અને કાર્ય સ્વભાવજ્ઞાન એટલે કેવળજ્ઞાન અરિહંત અને સિદ્ધ ભગવંતોને હોય છે. પરમભાવમાં સ્થિત એવા સમ્યગ્દષ્ટિ તથા સાધકને જ મતિ-શ્રુત-અવધિ અને મનઃપર્યય એ ચાર સમ્યગ્જ્ઞાન હોય છે. અવધિજ્ઞાન કોઈ કોઈ સમકિતીને હોય છે અને મનઃપર્યય જ્ઞાન તો કોઈ વિશિષ્ટ સંયમધારી મુનિવરોને જ હોય છે. મિથ્યાદષ્ટિ જીવોને કુમતિ, કુશ્રુત અને વિભંગ એ ત્રણ મિથ્યાજ્ઞાન હોય છે; તેમાંથી વિભંગજ્ઞાન કોઈ કોઈ મિથ્યાદષ્ટિને જ હોય છે.

અહીં સમ્યગ્દષ્ટિ આદિને 'પરમભાવમાં સ્થિત' કહેલ છે. સમકિતી કોઈ રાગ વ્યવહારમાં અથવા ઔદયિકાદિ ભાવોમાં સ્થિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી, પરંતુ પરમભાવમાં જ સ્થિત છે. 'પરમભાવ' એટલે આત્માનો ત્રિકાળી પારિણામિક સ્વભાવ. તેમાં જેણે પોતાની દૃષ્ટિ એકાગ્ર કરી છે તે સમ્યગ્દૃષ્ટિ છે અને જેની દૃષ્ટિ રાગાદિમાં એકાગ્ર છે તે મિથ્યાદૃષ્ટિ છે. અહીં એમ કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ પરમભાવમાં સ્થિત છે. કોઈ સમકિતીને અવધિ અથવા મનઃપયર્યજ્ઞાન હોય અથવા ન હોય; કોઈ ચોથા ગુણસ્થાને હોય, કોઈ પાંચમે હોય અથવા કોઈ છઠ્ઠા સાતમા વગેરે ગુણસ્થાનોમાં હોય, પરંતુ તે બધા સમકિતી 'પરમભાવ'માં સ્થિત હોય છે.

શરીરાદિ તો જડ તથા પર છે, પુણ્ય-પાપ વિકાર છે, મતિ-જ્ઞાનાદિ ક્ષાયોપશમિક ભાવ છે-એ તો પરમભાવ છે જ નહીં, કેવળજ્ઞાન પણ પરમભાવ નથી. પરમભાવ તો આત્માનો ત્રિકાળી સ્વભાવ છે અર્થાત્ આત્માનો જે એકરૂપ પરમપારિણામિક સ્વભાવ છે તે જ 'પરમભાવ' છે. તે સદા શુદ્ધ છે, તે જ કેવળજ્ઞાન તથા સમ્યગ્દર્શનાદિનો આધાર છે. સમ્યગ્દૃષ્ટિ જીવ આવા પરમભાવની ભાવનામાં જ સ્થિત હોય છે. જે કોઈ નિમિત્ત, સંયોગ, વિકાર અથવા ક્ષણિકભાવની ભાવનામાં સ્થિત છે તે સમ્યગ્દૃષ્ટિ નથી. જે બાહ્ય પદાર્થોના અવલંબનથી ધર્મ માને છે, તે જીવ પરમભાવમાં સ્થિત નથી; તે તો બાહ્ય પદાર્થોમાં જ સ્થિત છે. તે જ રીતે જેઓ રાગના અવલંબનથી ધર્મ માને છે તેઓ રાગમાં સ્થિત છે, તેઓ પરમભાવમાં સ્થિત નથી; તેથી તેઓ જ્ઞાની-સમ્યગદૃષ્ટિ નથી. જેને એક સમયમાં પરિપૂર્ણ આનંદકંદ એવા પોતાના પરમ સ્વભાવની પ્રતીતિ તેમજ ભાવના નથી અને રાગાદિ બાહ્યભાવો-પરભાવોથી લાભ માનીને જે તેમની ભાવના ભાવે છે તે મિથ્યાદૃષ્ટિ છે; તે મિથ્યાદૃષ્ટિના જ્ઞાનાદિ પણ મિથ્યા હોય છે; કેમ કે **ત્રિકાળ એકરૂપ, ધ્રુવ, કારણ સ્વભાવરૂપ પરમભાવની ભાવનાથી જ સમ્યગ્દર્શનાદિ થાય છે. જુઓ આ વિકલ્પયુક્ત ભાવનાની વાત નથી, પરંતુ પરમભાવના આશ્રયે જે ભવન-પરિણમન થયું તેની વાત છે તથા**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**એ જ સાચી ભાવના છે** અને એ જ મોક્ષમાર્ગ છે. વિકલ્પની ભાવના તથા વિકલ્પથી ભાવના ભાવવી તે મોક્ષમાર્ગ નથી; પરંતુ અંતર્મુખ નિર્વિકલ્પ પર્યાયથી આત્માના પરમ સ્વભાવની ભાવના તે મોક્ષમાર્ગ છે. પરમ સ્વભાવમાં એકાગ્ર થઈને જે પર્યાય પરિણમિત થઈ તેણે પરમ સ્વભાવની ભાવના ભાવી એમ કહેવામાં આવે છે. **તદ્‌રૂપ પરિણમન વિના માત્ર વિકલ્પથી ભાવના ભાવે તે સાચી ભાવના નથી.** છઠ્ઠા સાતમા ગુણસ્થાનમાં વારંવાર નિર્વિકલ્પ આનંદમાં ઝૂલતા ભાવલિંગી સંત હોય કે છન્નુ હજાર રાણીઓની વચ્ચે રહેલો ચક્રવર્તી સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ હોય-બંનેને આત્માના પરમભાવની જ ભાવના હોય છે, તેમને રાગાદિ પર ભાવોની ભાવના નથી હોતી. તેથી તેઓ રાગમાં સ્થિત નથી. પરંતુ પરમભાવમાં જ સ્થિત છે. સમ્યકત્વીને રાગ હોય તે સમયે પણ તેને તે રાગની ભાવના નથી હોતી, પરંતુ પરમભાવની જ ભાવના હોય છે અને જેમ જેમ એ ભાવના ઉગ્ર થતી જાય છે તેમ તેમ ગુણસ્થાનમાં પણ વૃદ્ધિ થતી જાય છે અને આ જ ઉપાયથી કેવળજ્ઞાન થાય છે. માત્ર બાહ્યક્રિયા અથવા કષાયની મંદતા જોઈને ગુણસ્થાનનું માપ નથી નીકળતું.

જે પોતાના પરમભાવને નથી જાણતો અને રાગાદિ પર ભાવોને જ પોતાના સ્વભાવરૂપ માને છે તેને સ્વ-પર-પ્રકાશક સમ્યગ્જ્ઞાન નથી હોતું, તેને તો મિથ્યાજ્ઞાન જ હોય છે. રાગાદિથી અથવા નિમિત્તોથી લાભ માનનારો જીવ એકાન્ત પરજ્ઞેય સન્મુખ રહે છે અને પરભાવોમાં જ વર્તે છે, પરંતુ સ્વભાવ સન્મુખ થઈને સ્વજ્ઞેયરૂપ એવા પોતાના પરમભાવને તે નથી જાણતો તેથી તેને સમ્યગ્જ્ઞાન નથી હોતું. આ રીતે જે પરમભાવની ભાવનામાં સ્થિત છે તે જ સમ્યગ્દૃષ્ટિ તથા સમ્યગ્જ્ઞાની છે અને જે પરમભાવની ભાવનામાં સ્થિત નથી તે મિથ્યાદૃષ્ટિ છે-અજ્ઞાની છે.

આ રીતે નવ પ્રકારના જ્ઞાનમાં કયું જ્ઞાન કોને હોય છે એ બતાવ્યું. હવે તેના પ્રત્યક્ષ અને પરોક્ષપણાનું વર્ણન આગળ કરશે. તેમાં 'સ્વરૂપ પ્રત્યક્ષ' જ્ઞાનની અદ્‌ભુત વાત આવશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ નિયમસારની ૧૧-૧૨ મી ગાથા ચાલી રહી છે. એમાં પહેલાં તો જ્ઞાનના નવ પ્રકાર બતાવ્યા. પછી તેમાંથી કયું જ્ઞાન કયા જીવને હોય છે તે બતાવ્યું. હવે તેમાં કયું જ્ઞાન પ્રત્યક્ષ છે અને કયું જ્ઞાન પરોક્ષ છે તે બતાવે છે.

પહેલાં જે કારણ સ્વભાવજ્ઞાન કહ્યું તે સહજજ્ઞાન છે. આત્માના શુદ્ધ અન્તઃસ્વરૂપમાં સદા વિદ્યમાન હોવાથી તે સ્વરૂપ પ્રત્યક્ષ છે. તેનો પરમ મહિમા બતાવીને ટીકાકાર આગળ કહેશે કે આ સહજજ્ઞાન મોક્ષનું મૂળ છે, ઉપાદેયરૂપ છે અને તે સહજજ્ઞાનના વિકાસરૂપે આત્માને ભાવવો જોઈએ. અહીં સહજજ્ઞાનનું વર્ણન 'સ્વરૂપ પ્રત્યક્ષ' કહીને કર્યું છે. કોઈ એમ સમજે કે આ 'સ્વરૂપ પ્રત્યક્ષ' કેવળજ્ઞાનનું વિશેષણ છે તો તેને કહે છે કે એમ નથી; કેવળજ્ઞાન તો 'સકળ પ્રત્યક્ષ' છે. આ સ્વરૂપ પ્રત્યક્ષ સહજજ્ઞાન આત્મામાં સદાય વર્તે છે, એ પરમ આદરણીય છે. ત્રણ અજ્ઞાન તો છોડવા જેવાં છે જ, ચાર સમ્યગ્જ્ઞાન પણ આશ્રય કરવા યોગ્ય નથી; કેમ કે તે અપૂર્ણ જ્ઞાનના આશ્રયથી પૂર્ણ જ્ઞાન નથી થતું અને કેવળજ્ઞાન તો સાધકને છે નહીં તેથી તેનો પણ આશ્રય નથી હોતો. **સાધકને માટે આદરણીય તો પરમસ્વભાવરૂપ સહજજ્ઞાન – જ છે અને સહજજ્ઞાન સ્વરૂપ પ્રત્યક્ષ હોય છે. આ રીતે કેવળજ્ઞાનના ધ્રુવકારણરૂપ આ સહજજ્ઞાન સ્વરૂપ પ્રત્યક્ષ જ્ઞાન જ આદરણીય છે.** આ જ્ઞાન શુદ્ધ તત્ત્વમાં સદા વ્યાપક છે; તેમાં કદી અશુદ્ધતા અથવા આવરણ નથી તથા તેનો કદી વિરહ પણ હોતો નથી. કેવળજ્ઞાન તો એકીસાથે સકળ પદાર્થોનું પ્રત્યક્ષ જ્ઞાતા હોવાથી સકળ પ્રત્યક્ષ છે અને સહજજ્ઞાન સદાય આત્મસ્વરૂપમાં વિદ્યમાન હોવાથી સ્વરૂપ પ્રત્યક્ષ છે. તથા સ્વરૂપ પ્રત્યક્ષ તે સકળ પ્રત્યક્ષનું કારણ છે; એટલા માટે તેને 'કારણ સ્વભાવજ્ઞાન' અથવા 'જ્ઞાનની કારણ શુદ્ધ પર્યાય' પણ કહેવામાં આવે છે.

પ્રશ્ન : આ સ્વરૂપ પ્રત્યક્ષ જ્ઞાન તો કેવળી ભગવાનને જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર : નહીં, આ જ્ઞાન તો બધા જ જીવોમાં ત્રિકાળ વિદ્યમાન છે. અજ્ઞાનદશામાં પણ આ સ્વરૂપ પ્રત્યક્ષજ્ઞાનનું અસ્તિત્વ હોય જ છે; પરંતુ અજ્ઞાનીને તેનું ભાન ન હોવાથી તેને તેનું કાર્ય પ્રગટ નથી થતું. સાધકને તેનું ભાન છે; કેવળજ્ઞાન થયા પહેલાં પણ તેને પ્રતીતિ થઈ ગઈ છે કે કેવળજ્ઞાનના કારણરૂપ જ્ઞાન મારામાં જ વર્તી રહ્યું છે; તે કારણજ્ઞાનના આશ્રયથી જ મારું કેવળજ્ઞાનરૂપ કાર્ય થશે. એના સિવાય બીજું કોઈ મારા કેવળજ્ઞાનનું કારણ નથી. **આ સહજ સ્વભાવરૂપ સ્વરૂપ પ્રત્યક્ષ જ્ઞાન અન્તર્દષ્ટિનો વિષય છે; તે સમકિતીને જ પ્રતીતિમાં આવે છે. 'આને સ્વરૂપ પ્રત્યક્ષ કહે છે.' એના નામની ખબર કદાચ સમકિતીને ભલે ન હોય તો પણ અન્તર્મુખ વેદનથી જે પ્રતીતિ થઈ તેમાં આ સ્વરૂપ પ્રત્યક્ષની પ્રતીતિ આવી જાય છે. આ સ્વરૂપ પ્રત્યક્ષજ્ઞાન કાંઈ આત્માથી જુદું નથી પરંતુ તે આત્માનો જ સ્વભાવ છે, એટલા માટે આત્મસ્વભાવની પ્રતીતિમાં તે પણ આવી જાય છે.**

જેવી રીતે લીંડીપીપરનો સ્વભાવ તીખાશયુક્ત છે અને ચોસઠ પહોરી તીખાશ પ્રગટ થવી તે તેનું પૂરું કાર્ય છે. તે કાર્ય પ્રગટ થવા પહેલાં પણ ચોસઠ પહોરી તીખાશ પ્રગટ થવાના કારણરૂપ એક સ્વભાવ તેમાં વર્તમાનમાં જ વર્તી રહ્યો છે, તે જ રીતે આત્માનો જ્ઞાન સ્વભાવ છે અને પ્રગટ કેવળજ્ઞાન તેનું પૂર્ણ કાર્ય છે; તે કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટ થયા પહેલાં પણ કેવળજ્ઞાન પ્રગટ થવાના કારણરૂપ સ્વભાવજ્ઞાન તેમાં શક્તિરૂપે નિત્ય વિદ્યમાન છે, તે સહજ છે, સ્વરૂપ પ્રત્યક્ષ છે.

મતિ-શ્રુતજ્ઞાનને સ્વસંવેદન પ્રત્યક્ષ કહેવામાં આવે છે તેની અહીં વાત નથી. અહીં તો સ્વરૂપ પ્રત્યક્ષની વાત છે. **મતિ-શ્રુતજ્ઞાન જ્યારે અંતર્મુખ થઈને આત્માનું વેદન કરે છે ત્યારે તેને ઈન્દ્રિયાદિનું અવલંબન છૂટી જાય છે, એટલા માટે સ્વસંવેદનમાં તે મતિ-**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**કેવળજ્ઞાન સકળ પ્રત્યક્ષ છે તે ક્ષાયિકભાવ અને સહજજ્ઞાન 'સ્વરૂપ પ્રત્યક્ષ' છે તે પારિણામિક ભાવ છે. આ કારણે સ્વભાવજ્ઞાનમાં ઔદાયિક, ઔપશમિક, ક્ષયોપશમિક તથા ક્ષાયિકભાવ નથી.**

આ સહજ સ્વરૂપ પ્રત્યક્ષજ્ઞાન સદાય પારિણામિક ભાવરૂપે સ્થિત છે તેથી તે જાણવાનું કાર્ય નથી કરતું; કારણ કે તે કાર્યરૂપ પ્રગટ નથી પરંતુ નિત્ય શક્તિરૂપ કારણરૂપ છે; કારણરૂપે તેમાં પૂર્ણ સામર્થ્ય છે અને તેના આશ્રયથી પૂર્ણ કાર્ય (કેવળજ્ઞાન) પ્રગટ થઈ જાય છે.

જેનામાં કારણરૂપે પૂર્ણ સામર્થ્ય છે એવું સ્વરૂપ પ્રત્યક્ષ જ્ઞાન તો બધા જીવોમાં છે; પરંતુ તેનો જે યથાર્થરૂપે સ્વીકાર કરે તેને સમ્યગ્જ્ઞાન થઈને અનુક્રમે તેના જ આશ્રયથી સકળ પ્રત્યક્ષ એવું કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તથા જેને પોતાના આવા જ્ઞાનસામર્થ્યનું ભાન નથી અને જે ઈન્દ્રિયોને જ પોતાના જ્ઞાનના સાધનરૂપે સ્વીકાર કરે છે તે મૂઢ પ્રાણી માત્ર ઈન્દ્રિયજ્ઞાનરૂપ મિથ્યાજ્ઞાન દ્વારા સંસારમાં જ ભટકે છે. આ સ્વરૂપ પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા તેનો સ્વીકાર કરવાથી મોક્ષ થાય છે. તેથી આ જ્ઞાન મોક્ષનું મૂળ છે. **૧૦ મી ગાથામાં જેને કારણ સ્વભાવ જ્ઞાનોપયોગ કહ્યો તેને જ અહીં સ્વરૂપ પ્રત્યક્ષ સહજજ્ઞાન કહ્યું છે તે આત્માનો પરમ સ્વભાવ છે અને મોક્ષનું મૂળ છે તેથી ઉપાદેય છે.**

કેવળજ્ઞાન તો નવું થાય છે, અત્યારે સાધકદશામાં તો તેનો વિરહ છે તેથી તે સ્વરૂપ પ્રત્યક્ષ નથી. સહજ જ્ઞાન તો આત્મામાં ત્રિકાળ અવિચ્છિન્નરૂપે વિદ્યમાન છે, તેનો કદી વિરહ નથી એટલા માટે તે સ્વરૂપ પ્રત્યક્ષ છે તથા તે સમ્યગ્દર્શનનો વિષય છે. તેના અવલંબનથી જે નિર્મળ પર્યાય નવી પ્રગટ થઈ તે પણ અભેદરૂપે સમ્યગ્દર્શનના વિષયમાં આવી જાય છે. નિર્મળ પર્યાય આત્માની સાથે અભેદ છે એટલા માટે તે સમ્યગ્દર્શનના વિષયથી ભિન્ન નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વગેરે ત્રિકાળ પારિણામિક ભાવે વર્તે છે તેવી જ રીતે આત્માનો જ્ઞાનાદિ સ્વભાવ પણ ત્રિકાળ પારિણામિક ભાવે વર્તે છે. કર્મની અપેક્ષાવાળા જે ચાર ભાવો છે, તે વ્યવહારનયનો વિષય છે અને પારિણામિક સ્વભાવ નિશ્ચયનયનો વિષય છે. જ્ઞાનનો જે પરમ પારિણામિક સ્વભાવ છે તે જ કેવળજ્ઞાનનો આધાર છે. અહીં જે રીતે જ્ઞાનગુણની વાત કરી તે જ રીતે શ્રદ્ધા, આનંદ વગેરે બધા ગુણોમાં પણ સમજી લેવું.

આગળ ૧૫ મી ગાથામાં પૂર્ણ દ્રવ્યના પારિણામિક ભાવરૂપ શુદ્ધ પર્યાયની વાત આવશે, તે શુદ્ધ કાર્ય પ્રગટ થવામાં મૂળ કારણ હોવાથી ટીકાકાર મુનિરાજ તેને 'પૂજ્ય પરિણતિ' કહેશે. જો કે સમ્યગ્દર્શન તથા કેવળજ્ઞાનાદિ પરિણતિ પણ પૂજ્ય છે પરંતુ અહીં તો આત્માની સાથે સદા વર્તતી પૂજ્ય પરિણતિની વાત છે અર્થાત્ પારિણામિક ભાવરૂપે વર્તતી એવી પરિણતિની વાત છે. જ્ઞાનની પારિણામિક ભાવરૂપે વર્તતી સહજ પરિણતિ તો સ્વરૂપ પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન સંપૂર્ણ પ્રત્યક્ષ છે. આ રીતે બે જ્ઞાનોની વાત કરી; હવે બાકીનાં જ્ઞાનોમાં પ્રત્યક્ષ પરોક્ષપણું કેવી રીતે છે તે કહે છે.

'**रूपिष्ववधेः**' એવું સૂત્રનું વચન હોવાથી અવધિજ્ઞાન વિકળ પ્રત્યક્ષ છે અર્થાત્ તે રૂપી પદાર્થને પ્રત્યક્ષ જાણે છે અને મનઃપર્યય જ્ઞાન પણ તેના અનંતમા ભાગે જાણે છે; પરંતુ અવધિજ્ઞાનની અપેક્ષાએ તેમાં નિર્મળતા અધિક હોય છે, તે પણ વિકળ પ્રત્યક્ષ છે. સાધકનો ઉપયોગ જ્યારે આત્મા તરફ હોય છે ત્યારે તેને મતિશ્રુતજ્ઞાન હોય છે. અવધિ અથવા મનઃપર્યય જ્ઞાનનો વ્યાપાર તે સમયે નથી હોતો. અવધિ અને મનઃપર્યય જ્ઞાન તો પર-વિષયોને જ જાણે છે તથા તેમાં પણ રૂપી પદાર્થોને જ જાણે છે. મનઃપર્યય જ્ઞાન જો કે મન સંબંધી સૂક્ષ્મ પરિણામોને પણ પ્રત્યક્ષ જાણે છે પરંતુ તે પરિણામો રૂપી મન સંબંધી હોવાથી તેમને અહીં મૂર્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રત્યક્ષ છે. મનઃપર્યયજ્ઞાન તો કોઈ વિશિષ્ટ મુનિઓને જ હોય છે, તેમાં મહાન સામર્થ્ય છે; તો પણ તે પણ એકદેશ પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન સકળ-પ્રત્યક્ષ છે અને અવધિ, મનઃપર્યયજ્ઞાન વિકળ-પ્રત્યક્ષ છે. મનઃપર્યયજ્ઞાનનો વિષય અવધિજ્ઞાનની અપેક્ષાએ અલ્પ છે પરંતુ તે અવધિજ્ઞાનની અપેક્ષાએ અનંતગણી સૂક્ષ્મતાને પણ જાણી શકે છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બંને પરમાર્થે પરોક્ષ છે અને વ્યવહારે પ્રત્યક્ષ છે. અહીં પર-વિષયોની અપેક્ષાએ મતિ-શ્રુતજ્ઞાનને પરોક્ષ કહેલ છે એમ સમજવું. સ્વ-વિષયની અપેક્ષાએ તો મતિ-શ્રુતજ્ઞાન પણ ખરેખર પ્રત્યક્ષ છે. પર-વિષયોને ઇન્દ્રિય અને મનના અવલંબનપૂર્વક અસ્પષ્ટ જાણે છે તેથી તે જ્ઞાનોને પરોક્ષ કહેલ છે અને વ્યવહારે ઇન્દ્રિયો પ્રત્યક્ષ જાણે છે એ અપેક્ષાએ વ્યવહારે પ્રત્યક્ષ કહેલ છે. પરંતુ ઇન્દ્રિયો દ્વારા જે પ્રત્યક્ષ થયું તે ખરેખર પ્રત્યક્ષ નથી પરંતુ પરોક્ષ જ છે; એટલા માટે નિશ્ચયથી તે મતિ-શ્રુતજ્ઞાન પરને પરોક્ષ જ જાણે છે અને સ્વ-વિષયને સ્વ-સંવેદનપૂર્વક પ્રત્યક્ષ જાણે છે. સ્વ-વિષયને જાણવામાં ઇન્દ્રિયો તથા મનનું અવલંબન નથી.

સમ્યગ્દર્શન જ્ઞાન થતી વખતે મતિ-શ્રુતજ્ઞાનમાં આત્માને જે સ્વસંવેદન થાય છે તેને પ્રત્યક્ષ કહેવાય છે. આત્મવેદનમાં તો સમકિતીને મતિ-શ્રુતજ્ઞાન પણ અતીન્દ્રિય છે, પ્રત્યક્ષ છે. નિર્વિકલ્પ અનુભવમાં મતિ-શ્રુત જ્ઞાન દ્વારા આત્માનું પ્રત્યક્ષ સંવેદન થયા વિના સમ્યગ્દર્શન નથી થતું. ચોથા ગુણસ્થાને ગૃહસ્થદશામાં રહેલ અવિરત સમ્યગ્દષ્ટિને પણ નિર્વિકલ્પ અનુભવરૂપ સ્વ-સંવેદન દશામાં મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ છે. પંચાધ્યાયી વગેરેમાં પણ આ વાત સ્પષ્ટ કરી છે.

મતિ-શ્રુતજ્ઞાન પર વિષયોને જાણવામાં ઇન્દ્રિય તથા મનના અવલંબનપૂર્વક વર્તે છે અને તે પણ અસ્પષ્ટ જાણે છે તેથી તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**હોવાનું માની લે છે. તેની આ માન્યતાનું ખંડન વીરસેન સ્વામીએ જયધવલામાં અત્યંત સરસ યુક્તિથી કર્યું છે. ત્યાં તો કહ્યું છે કે જો ઈન્દ્રિયોથી જ્ઞાનની ઉત્પત્તિ થાય છે એમ માનશો તો આત્માના અભાવનો પ્રસંગ આવશે.**

શંકાકાર કહે છે કે ઈન્દ્રિયોથી ઉત્પન્ન થવાના કારણે મતિજ્ઞાનાદિને કેવળજ્ઞાન નથી કહી શકાતું. એના સમાધાનમાં કહે છે કે એમ નથી; મતિજ્ઞાનાદિ ઈન્દ્રિયોથી ઉત્પન્ન નથી થતાં, પરંતુ તેઓ સામાન્ય જ્ઞાનમાંથી જ વિશેષજ્ઞાન રૂપે ઉત્પન્ન થાય છે. જો જ્ઞાન ઈન્દ્રિયોથી ઉત્પન્ન થાય છે એમ માનવામાં આવે તો ઈન્દ્રિય-વ્યાપાર પહેલાં જીવના ગુણ સ્વરૂપ જ્ઞાનનો અભાવ થઈ જવાથી ગુણી એવા જીવના પણ અભાવનો પ્રસંગ આવે છે. ત્યારે શંકાકાર, ફરીવાર તર્ક કરે છે કે ઈન્દ્રિય-વ્યાપાર પહેલા જીવમાં જ્ઞાનસામાન્ય તો રહે છે, જ્ઞાનવિશેષ નથી રહેતું, જ્ઞાનવિશેષ તો ઈન્દ્રિયોના વ્યાપાર દ્વારા થાય છે તેથી જીવનો અભાવ નથી થતો. તેના સમાધાનમાં કહે છે કે એમ પણ નથી; કારણકે **જ્ઞાનસામાન્યથી જ્ઞાનવિશેષ ભિન્ન નથી. જીવનો જ્ઞાનસ્વભાવ પોતે જ વિશેષ રૂપે પરિણમીને વિશેષજ્ઞાન થાય છે; ઈન્દ્રિયોના કારણે વિશેષજ્ઞાન નથી થતું.**

ત્યાં 'કષાય પ્રાભૃત'માં પ્રકરણ તો કેવળજ્ઞાનની સિદ્ધિનું છે. ત્યાં અંતરની અલૌકિક યુક્તિ આપીને આચાર્ય ભગવાન કેવળજ્ઞાનને સિદ્ધ કરતાં કહે છે કે કેવળજ્ઞાન અસિદ્ધ નથી; કારણ કે સ્વસંવેદન પ્રત્યક્ષ દ્વારા કેવળજ્ઞાનના અંશરૂપ જ્ઞાનની નિર્બાધરૂપથી પ્રાપ્તિ થાય છે. મતિ-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનના અંશરૂપ છે અને તેની પ્રાપ્તિ સ્વસંવેદન પ્રત્યક્ષપૂર્વક બધાને થાય છે. તેથી કેવળજ્ઞાનના અંશરૂપ અવયવો પ્રત્યક્ષ હોવાથી કેવળજ્ઞાનરૂપ અવયવોને પરોક્ષ કહેવા યોગ્ય નથી; કેમ કે એમ માનવાથી ચક્ષુ દ્વારા જેનો એક ભાગ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થઈ રહ્યો છે એવા સ્તંભની પણ પરોક્ષતાનો પ્રસંગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહો ! મતિજ્ઞાનના સ્વસંવેદનમાં કેવળજ્ઞાનનો વિરહ નથી, મતિજ્ઞાનની સંધિ કેવળજ્ઞાનની સાથે છે; મતિજ્ઞાનનું સ્વસંવેદન પ્રત્યક્ષ થયું ત્યાં કેવળજ્ઞાન પણ પ્રત્યક્ષ થઈ ગયું. જુઓ, આ સંતોની વાણી ! સંતોએ પંચમકાળમાં કેવળજ્ઞાનનો વિરહ ભૂલાવી દીધો છે.

**મતિ-શ્રુતજ્ઞાનને પરોક્ષ કહેવા છતાં પણ જ્ઞાનો કાંઈ ઈન્દ્રિયોથી નથી થતાં. તેઓ પણ પોતાથી જ થાય છે. જુઓ વ્યંજનાવગ્રહ મતિજ્ઞાનનો નાનામાં નાનો પ્રકાર છે તે પણ પોતાથી જ થાય છે. ઈન્દ્રિયોથી અથવા શબ્દોથી જ્ઞાન થાય છે એ તો સ્થૂલ ભૂલ છે.** અહીં તો એકદમ અંતરંગ ઊંડાણની વાત છે. અહીં તો જ્ઞાનનું મૂળ કારણ બતાવ્યું છે, કેવળજ્ઞાનનું મૂળ બતાવ્યું છે. અહો ! પરિપૂર્ણ સામર્થ્યરૂપે સદા પ્રવર્તમાન સ્વરૂપ પ્રત્યક્ષ જ્ઞાન જ મારા કેવળજ્ઞાનનું કારણ છે એમ જે જાણે છે તે ઈન્દ્રિયાદિને પોતાના જ્ઞાનનું કારણ નથી માનતો તેથી તેને પરોક્ષતા દૂર થઈને સ્વરૂપ પ્રત્યક્ષજ્ઞાનના આધારે સકળ પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે. આ રીતે જ્ઞાનના પ્રત્યક્ષ તથા પરોક્ષપણાનું વર્ણન કર્યું. હવે આ જ્ઞાનોમાં કયું જ્ઞાન આદરણીય છે તે આગળ કહેશે.

અહીં નિયમસારની ૧૧-૧૨ મી ગાથા ચાલી રહી છે; તેમાં આત્મા ઉપયોગસ્વરૂપ છે તેના જ્ઞાનોપયોગના પ્રકારો કહ્યા, પછી તેમાંથી કયા પ્રકારો કોને હોય છે તે કહ્યું અને પછી તેમાં પ્રત્યક્ષ પરોક્ષપણાનું વર્ણન કર્યું.

"તથા વિશેષ એ છે કે ઉપરોક્ત જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજ પરમતત્ત્વમાં સ્થિત એક સહજ જ્ઞાન જ છે; તથા તે સહજ જ્ઞાન પોતાના પારિણામિક ભાવરૂપ સ્વભાવના કારણે ભવ્યનો પરમ સ્વભાવ હોવાથી, સહજ જ્ઞાન સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી."

જુઓ, આ ઉપાદેય તત્ત્વનુ વર્ણન ! ઉપાદેય શું છે કે જેના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આશ્રયથી મુક્તિ થાય, જડ દેહાદિની ક્રિયા રાગ તો ઉપાદેય નથી તથા જ્ઞાનાદિક ક્ષણિકભાવ પણ ઉપાદેય નથી. અર્થાત્ તેઓ આશ્રય કરવા યોગ્ય નથી; કેમ કે તેમના આશ્રયથી રાગ થાય છે, મુક્તિ નથી થતી, આત્માના પરમ સ્વભાવરૂપ જે સહજજ્ઞાન છે તે જ ઉપાદેય છે, તેના આશ્રયથી કેવળજ્ઞાન અને મોક્ષદશા પ્રગટ થાય છે તેથી તે જ મોક્ષનું મૂળ છે અને તે જ્ઞાન આત્માના પરમ તત્ત્વમાં સદાય વર્તી રહ્યું છે. અહીં તો મહા મુનિરાજ સ્પષ્ટ કરે છે કે અહો ! આવા જ્ઞાન સિવાય બીજું કાંઈપણ ઉપાદેય નથી. આ સહજ જ્ઞાનનો આશ્રય કરવો એ જ સાક્ષાત્ મોક્ષનું મૂળ છે અને વ્યવહાર-રાગ-નિમિત્તનો આશ્રય કરવો તે મોક્ષનું કારણ નથી, પરંતુ સંસારનું કારણ છે. અહીં સહજ જ્ઞાનને જ મોક્ષનું મૂળ કારણ કહ્યું છે કેમ કે તેમાં લીનતા કરવાથી જ મોક્ષ થાય છે. તેનાથી નીચેનાં જે ચાર જ્ઞાન છે તેમને મોક્ષનું કારણ ન કહ્યું કારણ કે તેમનો તો અભાવ થઈને કેવળજ્ઞાન થાય છે. તેથી તેઓ પરમાર્થથી મોક્ષનાં કારણ નથી અને કેવળજ્ઞાન તો સ્વયં મોક્ષસ્વરૂપ છે; પરંતુ સાધકને આ કેવળજ્ઞાન નથી હોતું. સહજ જ્ઞાન સદાય પારિણામિક સ્વભાવે વર્તી રહ્યું છે, તે ત્રિકાળ મોક્ષસ્વરૂપ છે અને તેમાં લીન થતાં પર્યાયમાં મોક્ષદશા પ્રગટ થઈ જાય છે. આ પ્રમાણે મોક્ષનું મૂળ એવું આ સહજ જ્ઞાન જ ઉપાદેય છે.

વીતરાગી મુનિરાજ ઉપદેશ આપે છે કે હે ભવ્ય ! આ સહજજ્ઞાન તારો પરમ સ્વભાવ છે; તેથી અન્તર્મુખ થઈને તેને જ તું ઉપાદેય કર ! તે સહજજ્ઞાન તારો પારિણામિક સ્વભાવ છે તે કદી તારાથી જુદો નથી પડતો. જેનો કદી વિરહ નથી એવું આ સ્વરૂપ પ્રત્યક્ષ સહજજ્ઞાન જ સાક્ષાત્ મોક્ષનું મૂળ છે. વર્તમાન દશામાં તો કેવળજ્ઞાન નથી, તે તો પ્રગટ કરવાનું છે. સાધક ને સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન છે તે પરંપરા મોક્ષનું કારણ છે પરંતુ તે સાક્ષાત્ મોક્ષનું કારણ નથી. તો સાક્ષાત્ મોક્ષના કારણરૂપ ક્યું જ્ઞાન વિદ્યમાન છે તે અહીં બતાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પારિણામિકભાવે આત્માના નિજતત્ત્વમાં ત્રિકાળ લવલીન વર્તતું સહજજ્ઞાન જ મોક્ષનું સાક્ષાત્ કારણ છે તેથી એ જ ઉપાદેય છે. જેવી રીતે નિશ્ચય-વ્યવહારના અનેક પક્ષોને જાણીને તેમાં શુદ્ધ નિશ્ચય જ ઉપાદેય છે તેવી જ રીતે અહીં જ્ઞાનના અનેક પ્રકાર બતાવીને મુનિરાજ કહે છે કે **જ્ઞાનના સમસ્ત પ્રકારોમાં આ પરમ સ્વભાવરૂપ સહજ જ્ઞાન જ ઉપાદેય છે, તેના સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. જ્ઞાનના ક્ષણિક ભાવો ઉપાદેય નથી પરંતુ જ્ઞાનનો એક એવો સહજભાવ કે જે સદાય સદૃશરૂપ વર્તે છે, ધ્રુવરૂપ છે, પરમ સ્વભાવરૂપ છે, આવો પરમ સ્વભાવ જ ઉપાદેય છે.**

અત્યારે અહીં જ્ઞાનનું વર્ણન ચાલી રહ્યું છે તેથી તેની વાત કરી છે; પરંતુ તે જ્ઞાનની જેમ જ શ્રદ્ધા આનંદાદિ સર્વ ગુણોમાં જે સહજ સ્વભાવરૂપ ભાવ વર્તે છે તે જ પરમ ઉપાદેય છે એમ સમજવું. **આત્માના જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય-ચારિત્ર વગેરે બધા ગુણોમાં પોત-પોતાનો સહજભાવ એકરૂપ સદૃશ પરિણતિપૂર્વક અનાદિ-અનંત વર્તી રહેલ છે અને તે વર્તમાન વર્તતો સહજભાવ જ તે તે ગુણની પૂર્ણદશાનો દેનારો છે.**

ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન થતાં જે સહજ આનંદનું વેદન થયું અને તેરમા ગુણસ્થાને એવા જ પરિપૂર્ણ આનંદનું વેદન થયું તે આનંદનો દેનારો કોણ ? "આનંદ"નો જે સદા એકરૂપ સહજ ભાવ વર્તે છે તે જ પ્રગટ આનંદનો દેનારો છે. આનંદનો જે આ સહજ ભાવ ત્રિકાળ વર્તે છે તે સ્વયં વેદનરૂપ નથી. શક્તિરૂપ છે, પરંતુ તેના આશ્રયથી આનંદનું વેદન નવું પ્રગટે છે તેથી તે સહજભાવ આનંદનું મૂળ છે. આ જ પ્રમાણે જ્ઞાન તથા આનંદની જેમ શ્રદ્ધા વગેરે બધા જ ગુણોમાં સમજી લેવું જોઈએ. આત્માનો આવો સહજ સ્વભાવ જ ઉપાદેય છે. **અહો ! આ કોઈ અદ્ભુત વાત છે. જેના અંતરમાં આ સહજ સ્વભાવનો મહિમા આવી ગયો તેના આત્મામાં મોક્ષનું બીજારોપણ થઈ ગયું.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મામાં પારિણામિક ભાવે સ્થિત સહજભાવે સદા વર્તતું એવું સ્વરૂપ પ્રત્યક્ષ જ્ઞાન તે મોક્ષનું મૂળ છે; તે સ્વયં મોક્ષમાર્ગરૂપ નથી. પરંતુ તેનો આશ્રય કરવાથી મોક્ષમાર્ગ તથા મોક્ષપર્યાય પ્રગટ થઈ જાય છે. મતિજ્ઞાન અથવા કેવળજ્ઞાન વખતે પણ તે સદા એકરૂપ વર્તે છે તેનું પરિણમન સદૃશરૂપ છે, તેમાં હીનાધિકતા નથી હોતી. પરિણમન હોવા છતાં પણ તે કાર્યરૂપ નથી, પરંતુ ત્રિકાળિક શક્તિરૂપ-કારણરૂપ છે. 'પરિણમન' કહીને અહીં ઉત્પાદ-વ્યય સૂચિત નથી કરવા પરંતુ તેનું પ્રતિસમય વિદ્યમાનપણું સૂચિત કરવું છે.

અહો ! મુનિઓના આત્મામાંથી જે અમૃત ઝર્યાં છે તેની આ અચિંત્ય અને અપૂર્વ વાત છે. ભારતવર્ષ માટે હાલમાં આ વાત તદ્દન નવી છે. જેનાં મહાભાગ્ય હોય તેને આ વાત સાંભળવા મળે છે અને જેને અંદરમાં આ વાત બેસી ગઈ તેનું તો કહેવું જ શું ? તેનો તો બેડો પાર થઈ ગયો.

આ તો અંતરના સૂક્ષ્મ રહસ્યની વાત છે. આમાં દૃષ્ટાંત પણ શું દઈ શકાય ? દૃષ્ટાંત દઈને સમજાવવાથી સ્થૂલતા થઈ જાય છે તો પણ સાધારણરૂપે લીંડીપીપરના દૃષ્ટાંતથી સમજી શકાય છે.

જેવી રીતે લીંડીપીપરનો તીખાશ સ્વભાવ છે, તે સ્વભાવનું ચોસઠ પહોરી તીખાશની શક્તિરૂપ પરિણમન તો સદાય ચાલી જ રહ્યું છે. વ્યક્તરૂપે ભલે એકપહોરી તીખાશ હોય કે ચોસઠ પહોરી હોય; ચોસઠ પહોરી તીખાશની શક્તિ તો પરિણમિત થઈ જ રહી છે. પુદ્ગલોમાં જે રસગુણ છે તે તો સામાન્ય છે પરંતુ લીંડીપીપરમાં જે ચોસઠ પહોરી તીખાશનું શક્તિરૂપ પરિણમન છે તે તો એક મુખ્ય ભાવ છે.

તે જ પ્રમાણે આત્મામાં જ્ઞાનસ્વભાવ છે. તે જ્ઞાનસ્વભાવમાં સર્વજ્ઞતાની શક્તિરૂપ પરિણમન તો સદાય ચાલી જ રહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જો તે શક્તિરૂપ પરિણમન ન હોય તો સર્વજ્ઞતાની વ્યક્તિ ક્યાંથી થશે? અહીં વર્તમાન કાર્યનો આધાર પણ વર્તમાન જ છે એમ બતાવવું છે.**

**વ્યક્તરૂપે ભલે મતિજ્ઞાન હોય કે કેવળજ્ઞાન હોય, પરંતુ સર્વજ્ઞતાની શક્તિ તો જ્ઞાનમાં પરિણમિત થઈ જ રહી છે. જ્ઞાનગુણ ત્રિકાળ સામાન્ય લેવો અને તે જ્ઞાનમાં સર્વજ્ઞતાના કારણરૂપ શક્તિ વર્તમાનમાં પણ વર્તી રહી છે એ અહીં બતાવવું છે. જ્ઞાનનો આ સહજભાવ સદા પરિણમન રૂપે વર્તી જ રહ્યો છે. પર્યાયનું ઉત્પાદ-વ્યયરૂપ જે પરિણમન છે એ વાત તેની ન સમજવી પરંતુ જ્ઞાનનો સહજભાવ જે સદા સદ્દશરૂપ વર્તે છે તેની આ વાત છે.**

ભવ્યજીવોને આ સહજ જ્ઞાન જ ઉપાદેય છે, આત્માના પરમ પારિણામિક સ્વભાવરૂપ એવા આ સહજજ્ઞાન સિવાય બીજું કાંઈ ખરેખર ઉપાદેય નથી. જો કેવળજ્ઞાન પર્યાયને ઉપાદેય માનવામાં આવે તો તે પર્યાય વર્તમાનમાં તો પોતાને છે નહીં તો પછી દૃષ્ટિને ક્યાં સ્થિર કરશે ? કેવળજ્ઞાનનો જે આધાર છે એવો વર્તમાન સહજ સ્વભાવરૂપ ઉપયોગ જે અત્યારે પણ એકરૂપ પરિપૂર્ણ સામર્થ્ય સહિત વર્તી રહેલ છે તેના ઉપર દૃષ્ટિ લગાવવી યોગ્ય છે; તેના ઉપર દૃષ્ટિ સ્થિર કરવાથી સાધકદશા થઈને કેવળજ્ઞાન વિકસિત થઈ જાય છે. આ રીતે સહજજ્ઞાન જ મોક્ષનું મૂળ હોવાથી ઉપાદેય છે. જુઓ, આ મોક્ષનું મૂળ !

શરીરાદિ તો જડ છે, પુણ્ય-પાપ વિકાર છે અને મતિ-શ્રુતજ્ઞાન અપૂર્ણ છે; આ કોઈમાં એવી શક્તિ નથી કે મોક્ષપદ દઈ શકે, તેથી આમાંથી કોઈ મોક્ષનું મૂળ નથી. તેથી કેવળજ્ઞાન પર્યાય ઉપર દૃષ્ટિ લગાવે તો પોતાને તે પર્યાય તો છે નહીં તેથી "કેવળજ્ઞાન નથી એને પ્રગટ કરું" એવી આકુળતા થાય છે; જો કે આકુળતા તો કેવળજ્ઞાનને રોકનારી છે. તેથી કેવળજ્ઞાન પર્યાય ઉપર દૃષ્ટિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લગાવવી તે પણ કેવળજ્ઞાનનો ઉપાય નથી અર્થાત્ તે પણ મોક્ષનું મૂળ નથી. તો પછી દૃષ્ટિ ક્યાં સ્થિર કરવી ? તો કહે છે કે તારા જ્ઞાનના ધ્રુવ આધારરૂપ તારો સહજજ્ઞાન સ્વભાવ અત્યારે પણ તારામાં વર્તી રહ્યો છે અને તે જ મોક્ષનું મૂળ છે. તેથી તેના ઉપર દૃષ્ટિ લગાવ. તેના ઉપર દૃષ્ટિ લગાડવાથી તારું કેવળજ્ઞાન વિકસિત થઈ જશે. અહો ! જે આને સમજી લે તેની બુદ્ધિ અંતર-સ્વભાવ સન્મુખ થઈ જાય છે પછી તેની બુદ્ધિમાં અંતર સ્વભાવ સિવાય જડની ક્રિયાનો, રાગનો અથવા અપૂર્ણદશાનો આદર નથી રહેતો. જેણે આવા અંતર સ્વરૂપને જ ઉપાદેયરૂપે સ્વીકાર્યું તે કેવળજ્ઞાનના માર્ગે આવી ગયો. હવે અલ્પકાળમાં તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લેશે. જડની અને વિકારની વાત તો ક્યાંય દૂર રહી ગઈ, પરંતુ સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાનને કેવળજ્ઞાનનું કારણ કહેવું તે પણ વ્યવહારથી છે; પરમાર્થથી તો ત્રિકાળી કારણ સ્વભાવજ્ઞાન જ કેવળજ્ઞાનનું કારણ છે અને તે જ મોક્ષનું મૂળ હોવાથી પરમ ઉપાદેય છે.

સમ્યગ્દર્શનને મોક્ષનું મૂળ કહેવામાં આવે છે તે પણ પર્યાય અપેક્ષાએ-વ્યવહારે છે; એક વાર પણ જેણે સમ્યગ્દર્શન પ્રગટ કરી લીધું તે જીવ અલ્પકાળમાં અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરશે એમ સમ્યગ્દર્શનનો મહિમા સમજાવવા માટે તેને મોક્ષનું મૂળ કહેવામાં આવે છે. પરંતુ તે સમ્યગ્દર્શન થાય છે ક્યારે ? તો કહે છે કે આત્માના સહજ જ્ઞાનરૂપ પરમ સ્વભાવને ઉપાદેય કરવાથી સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર તેમજ મોક્ષ થાય છે; એટલા માટે તે પરમ સ્વભાવ જ મોક્ષનું મૂળ છે એમ જાણવું, તથા મોક્ષની જેમ સમ્યગ્દર્શનાદિ મૂળ પણ તે જ છે એમ સમજવું.

જુઓ, આ મૂળકારણની વાત ! શાસ્ત્રોમાં વ્યવહાર કારણોનાં અનેક કથનો આવે છે ત્યાં તેમના આશ્રયથી જ જે લાભ થવાનું માને છે તેની પંડિતાઈ ઉપર પાણી ફરી જાય એવી આ વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. જ્યાં અંતરના જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં સમસ્ત બાહ્ય કારણો ઉપર પાણી ફરી જાય છે. અર્થાત્ કોઈ પણ બાહ્ય કારણ પોતાના કારણરૂપ દેખાતું નથી. તિર્યંચ દેડકાંનો જીવ હોય અથવા આઠ વર્ષના બાળકનો જીવ હોય; અન્તર સ્વરૂપના અવલંબનથી જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં તેને એવું ભાન થઈ જાય છે કે અહો! અંતરંગમાં આ મારો સહજ સ્વભાવ જ મારા સમ્યગ્દર્શનાદિનું કારણ છે અને આ જ મને સર્વથા ઉપાદેય છે, અન્ય કોઈ કારણ મને ઉપાદેય નથી. અજ્ઞાની જીવ કારણ-કારણ કરે છે; ''નિમિત્ત કારણથી થાય અને વ્યવહાર કારણથી થાય'' એમ માનીને પરાશ્રયબુદ્ધિથી ભવ-ભવમાં ભટકે છે. અહીં વીતરાગી સંતોએ અંદરનું ધ્રુવકારણ બતાવીને સમસ્ત બાહ્ય કારણોના અવલંબનને ઉડાડી દીધું છે અને અંતરમાં મોક્ષનું મૂળકારણ બતાવીને તેનું અવલંબન કરાવ્યું છે.

અહો ! અદ્ભુત વાત કરી છે, અંદરમાં આવા કારણના સેવનથી સિદ્ધપદ સાધતાં સાધતાં આ રચના થઈ છે. 'અહો ! આ મારા સિદ્ધપદનું કારણ'-એ રીતે કારણ પ્રત્યે અચિંત્ય આહ્લાદ પ્રગટ કર્યો છે. તેના અવલંબનથી કાર્ય સધાઈ રહ્યું છે. કાર્ય વિના કારણનો મહિમા જાણી શકાતો નથી. જેવી રીતે લીંડીપીપરની એક પહોરી તીખાશનો સ્વાદ ચાખી લે તો માલૂમ પડે કે આવી ચોસઠ પહોરી (પરિપૂર્ણ) તીખાશ પ્રગટ થવાથી શક્તિ પણ આ લીંડીપીપરમાં ભરી છે; તે જ પ્રકારે જેણે અંતર્મુખ થઈને સમ્યગ્દર્શનરૂપ કાર્ય પ્રગટ કર્યું અને આત્માના આનંદનો કિંચિત્ સ્વાદ ચાખ્યો ત્યાં તેને તેના કારણના અચિંત્ય મહિમાનો ખ્યાલ આવી ગયો કે ભાઈ! આવા પરિપૂર્ણ આનંદનું કારણ મારો આત્મા જ છે, મારા આત્મામાં આવા આનંદનું કારણ સદા વર્તી રહ્યું છે અને એ જ મને ઉપાદેય છે. મોક્ષનું મૂળ એવું સહજજ્ઞાન ત્રિકાળ પારિણામિક ભાવરૂપ સ્વભાવવાળું છે; કેવળજ્ઞાન ક્ષાયિકભાવરૂપ છે. મતિજ્ઞાનાદિ ક્ષાયોપશમિકભાવરૂપ છે અને આ સ્વરૂપ પ્રત્યક્ષ સહજજ્ઞાન તો પારિણામિક ભાવરૂપ છે. તથા આ ભવ્યનો પરમ સ્વભાવ હોવાથી આ જ ઉપાદેય છે. ભવ્યને એનું ભાન થાય છે અને અભવ્યને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવા સ્વભાવનું ભાન નથી થતું. એટલા માટે 'ભવ્યનો પરમ સ્વભાવ' છે એમ કહ્યું.

જેવી રીતે મેરુ પર્વતની નીચે સોનુ છે પરંતુ તે શું કામનું? એવી જ રીતે અભવ્યને પણ આવો સ્વભાવ તો છે પરંતુ ભાન વિના તે શું કામનો ? કારણ તો છે પરંતુ મિથ્યાદૃષ્ટિ તેનું અવલંબન લઈને કાર્ય પ્રગટ નથી કરતો. કારણના અવલંબનથી કાર્ય થાય છે. સમ્યગ્દૃષ્ટિને પોતાના પરમ પારિણામિક સ્વભાવરૂપ જે સહજજ્ઞાન છે, તે જ ઉપાદેય છે. એના સિવાય સમ્યગ્દૃષ્ટિ બીજા કોઈને ઉપાદેય નથી માનતો.

જે જીવો પરમાનંદના અભિલાષી હોય, જેઓ આત્માર્થી હોય, જેઓ મોક્ષાર્થી હોય તેઓ પોતાના એક પરમ સ્વભાવને જ ઉપાદેયપણે સ્વીકારે છે, તેમાંથી અંતર્સ્વભાવની ખાણમાંથી જ સમ્યગ્દર્શનાદિ રત્નો નીકળે છે તેથી તે જ ઉપાદેય છે. જ્ઞાન-આનંદના સહજ વિલાસરૂપ આ પરમાર્થ સ્વભાવ સિવાય અન્ય કાંઈ ધર્મીને ઉપાદેય નથી.

આ રીતે જ્ઞાનના પ્રકારોમાં નિત્ય પરમ સ્વભાવરૂપ સહજજ્ઞાનને ઉપાદેય બનાવ્યું. હવે આગળ કહેશે કે ''તે સહજજ્ઞાનના વિલાસરૂપ જ આત્માને સેવવો જોઈએ.''

આત્માના પરમસ્વભાવરૂપ સહજજ્ઞાનનો મહિમા બતાવીને તથા તે જ ઉપાદેય છે એમ સમજાવીને હવે કહે છે :-- ''આ સહજ ચિદ્વિલાસ રૂપે સદા સહજ પરમ વીતરાગ સુખામૃત; અપ્રતિહત નિરાવરણ પરમ ચિત્શક્તિનું રૂપ સદા અંતર્મુખ એવા સ્વસ્વરૂપમાં અવિચલ સ્થિતિરૂપ સહજ પરમ ચારિત્ર અને ત્રિકાળ અવિચ્છિન્ન હોવાથી સદા નિકટ એવી પરમ ચૈતન્યરૂપની શ્રદ્ધા-આવા સ્વભાવ અનંતચતુષ્ટયથી આત્મા સનાથ છે, અને અનાથ એવી મુક્તિસુંદરીનો નાથ છે. આવા આત્માને સહજજ્ઞાનના વિલાસરૂપે સેવવો (ભાવવો) જોઈએ.''

અહીં જે સુખ, વીર્ય, ચારિત્ર અને શ્રદ્ધા-આ ચતુષ્ટયની વાત કરી છે તે ત્રિકાળની વાત છે. આત્માને 'સહજ ચિદ્‌વિલાસરૂપ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચતુષ્ટયમાં આનંદને સદા વીતરાગ કહ્યો, ચિત્શક્તિરૂપ બળને અપ્રતિહત નિરાવરણ કહ્યું, ચારિત્રને સદા અંતર્મુખ સ્વસ્વરૂપમાં અવિચલ સ્થિતિરૂપ કહ્યું અને શ્રદ્ધાને ત્રિકાળ અવિચ્છિન્નરૂપે સદા નિકટ બતાવી છે.

આવા સ્વભાવચતુષ્ટયથી જે સનાથ છે અને મુક્તિસુંદરીનો નાથ છે એવા ભગવાન આત્માને સહજ ચૈતન્ય વિલાસરૂપે ભાવવો (અનુભવવો) જોઈએ. આ 'ભાવના' તે મોક્ષમાર્ગ છે; ભાવનામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આવી જાય છે અને આવી ભાવનાથી જ ભવનો અભાવ થાય છે. જુઓ, આ મોક્ષની ભાવના ! જેને આત્માની મોક્ષદશા પ્રગટ કરવી હોય, તેણે આવા આત્માને જ ભાવવો જોઈએ; જડની ક્રિયાના વિલાસરૂપે આત્માને ન ભાવવો જોઈએ તથા અલ્પજ્ઞતાના વિલાસરૂપે આત્માને ન ભાવવો જોઈએ; પરંતુ અનંતચતુષ્ટય સહિત સહજજ્ઞાનના વિલાસરૂપ સદા આત્માને ભાવવો જોઈએ. આત્મા સહજજ્ઞાનના વિલાસ સ્વરૂપ સદા કારણચતુષ્ટય સહિત બિરાજમાન છે, તેની ભાવના કરવાથી કાર્યચતુષ્ટય પ્રગટ થાય છે. કારણની ભાવનાથી કાર્ય થાય છે. અહીં કારણરૂપ જે સહજજ્ઞાન, તેના વિલાસની સાથે સ્વભાવચતુષ્ટયને મેળવીને તે ચતુષ્ટયસહિત આત્માની ભાવના કરવાનું કહ્યું છે જેનું ફળ મુક્તિ છે.

જુઓ, આ ચૈતન્યનો વિલાસ ! આમાં જ આત્માનો સાચો વિલાસ છે, આ વિલાસ માં જ આત્માનો આનંદ છે. બાહ્ય વિલાસમાં તો દુ:ખ છે અને આત્માના વિલાસમાં આનંદ છે. ચૈતન્યમૂર્તિ આત્માનો આ ત્રિકાળી વિલાસ અમૃતમય છે, આનંદમય છે, એમાં જ આત્માની મોજ છે; એટલા માટે તેની જ ભાવના જોઈએ એવો સંતોનો ઉપદેશ છે. જડનો વિલાસ ભિન્ન છે, વિકારનો વિલાસ દુ:ખમય છે અને પર્યાયનો વિલાસ ક્ષણિક છે.

**આત્માના સહજ ચૈતન્યનો વિલાસ આનંદમય છે, ધ્રુવ છે, સદા પોતાથી અભિન્ન છે; તેથી તે વિલાસરૂપે આત્માની ભાવના ભાવવી જોઈએ. પરમ પારિણામિક ભાવથી ત્રિકાળ વિલસિત આત્મા જ સમ્યગ્દર્શનનું ધ્યેય છે, તેના જ આશ્રયથી સમ્યગ્દર્શનાદિ થાય છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવો જે ચૈતન્યનો સહજ વિલાસ છે, તેને કદી આવરણ નથી, તેમાં કોઈ અડચણ (બાધા) નથી, પીડા નથી, દુઃખ નથી. તે સદા નિરાવરણ છે, નિર્બાધ છે, અવિચ્છિન્નધારારૂપ છે, અમૃતમય છે, આનંદમય છે, વીતરાગ સ્વરૂપ છે. અહો ! આવા આત્માની ભાવના જ ધર્માત્માનું કર્તવ્ય છે.

અહો ! આ શાસ્ત્રમાં કેવી અલૌકિક વાત ભરી છે. જુઓ, આ ભાગવતશાસ્ત્ર છે. અંદર ધ્રુવસ્વભાવ પૂર્ણ આનંદથી સદા ભરેલો છે, તેના પર શાસ્ત્રકાર સંતોએ દૃષ્ટિ લગાવી છે. જેણે આવા ત્રિકાળી પરમ સત્‌નો આદર કર્યો, તેને સ્વપ્નમાં પણ અસત્‌નો (રાગાદિ વ્યવહારનો) આદર નથી હોતો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ કેવી રીતે પ્રગટ થાય છે ? તો કહે છે કે આત્મસ્વભાવના અવલંબનથી પ્રગટ થાય છે; એટલા માટે આત્માનો પરમ સ્વભાવ જ મોક્ષનું નિશ્ચય કારણ છે અને નિશ્ચય રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ મોક્ષનું વ્યવહાર કારણ છે.

આત્મા સહજજ્ઞાનના વિલાસરૂપ છે; તેનો વિલાસ સદા આનંદરૂપ છે. સમ્યગ્દર્શન થતાં અથવા કેવળજ્ઞાન થતાં જે આનંદનું વેદન થયું તે આનંદ ક્યાંથી આવ્યો ? પરમ વીતરાગ આનંદની સાથે આત્મા સદા એકમેક છે. તેમાંથી જ આનંદ પ્રગટ થાય છે. આ જ રીતે પરમ ચૈતન્યશક્તિરૂપ વીર્ય પણ આત્મામાં અપ્રતિહતરૂપે ત્રિકાળ નિરાવરણ છે, તે જ પૂર્ણ આત્મબળનું દેનાર છે અને યથાખ્યાતચારિત્ર દેનાર એવું પરમ ચારિત્ર આત્મામાં સદા અંતર્મુખે વર્તી જ રહ્યું છે તથા શ્રદ્ધા પણ ત્રિકાળ અવિચ્છિન્નરૂપે આત્મામાં સદા નિકટ વિદ્યમાન છે-તેનો કદી વિરહ નથી; તે નિકટવર્તી શ્રદ્ધાશક્તિ જ સમ્યક્ત્વની દેનારી છે.

આ રીતે ભગવાન આત્મા અનંતચતુષ્ટયનો નાથ છે. તે અનંત-ચતુષ્ટયના નાથને સહજજ્ઞાનરૂપે વિલસિત ભાવવો જોઈએ. આવા સ્વભાવની ભાવના તે મોક્ષમાર્ગ છે અને તેનું ફળ મોક્ષ છે. આ પ્રમાણે અનંતચતુષ્ટયના નાથ ભગવાન આત્માને સહજજ્ઞાનના વિલાસરૂપે ભાવવાનો સંતોનો ઉપદેશ છે.

નિયમસાર ગાથા ૧૧-૧૨ની ટીકામાં 'બ્રહ્મોપદેશ' કરીને શ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પદ્મપ્રભમલધારિદેવે આત્માનો પરમ જ્ઞાનસ્વભાવ બતાવ્યો અને એવા સહજ ચૈતન્યવિલાસરૂપ આત્માની ભાવના કરવાનું કહ્યું. આવી આત્મભાવનાનો વિશેષ પ્રમોદ આવવાથી હવે આગળ મુનિરાજ પાંચ કળશો દ્વારા તે આત્મભાવનાનું ફળ અને તેનો મહિમા દર્શાવે છે.

હે ભવ્ય જીવો ! જ્ઞાનના પ્રકારો જાણીને તમે ભેદજ્ઞાન પ્રગટ કરો; સમસ્ત શુભ-અશુભને સંસારનું કારણ જાણીને અત્યંતરૂપે છોડો અને સહજ જ્ઞાનસ્વભાવની ભાવના કરો. સહજ જ્ઞાન સ્વભાવની ભાવનાથી પુણ્ય-પાપથી અતિક્રાંત અર્થાત્ સમસ્ત શુભાશુભ ભાવોથી દૂર જઈને અંતર સ્વરૂપમાં સ્થિર થતાં ભવ્યજીવ પરિપૂર્ણ શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે. આ જ સહજજ્ઞાન સ્વરૂપ આત્માની ભાવનાનું ફળ છે.

જુઓ, આ ધ્રુવપદ પ્રાપ્ત કરવાનો ઉપાય ! અન્ય મતમાં કહેવામાં આવે છે ને કે ભગવાને ધ્રુવને ધ્રુવપદ આપ્યું. ખરેખર અહીં ધ્રુવપદ દેનારા બીજા કોઈ ભગવાન નથી, પરંતુ ધ્રુવ એવો જે પોતાનો કારણ પરમાત્મા તેનું ધ્યાન કરવાથી તે પોતે જ પોતાને ધ્રુવપદ (મોક્ષપદ) આપે છે. એટલા માટે સુજ્ઞ પુરુષોએ અંતરમાં આનંદથી પરિપૂર્ણ એવા જ્ઞાનસ્વરૂપ આત્માને ભાવવો જોઈએ.

જેવી રીતે પિતા પોતાના પુત્રને સંપત્તિનો ઉત્તરાધિકાર સોંપે છે તેવી જ રીતે પરમપિતા તીર્થંકર તથા સંતમુનિ જિજ્ઞાસુ ભવ્યજીવોને આ ચૈતન્ય નિધાનનો ઉત્તરાધિકાર આપી રહ્યા છે.

જ્ઞાનના ક્ષણિક ભેદો જેટલો આત્મા નથી; 'આત્મા ત્રિકાળી સહજ જ્ઞાનસ્વરૂપ છે' - એવું જાણીને તે સહજ જ્ઞાનસ્વરૂપથી આત્માને ભાવવાથી અપૂર્વ ભેદજ્ઞાન થાય છે અને સંસારના મૂળનો છેદ થઈ જાય છે. શુભકાર્યને પણ અહીં સંસારનું મૂળ કહેલ છે, તે શુભમાં રહીને મોક્ષસુખ પ્રાપ્ત નથી કરી શકાતું; પરંતુ તે શુભથી પાર થઈને મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. એટલા માટે શુભાશુભથી પાર એવા ચૈતન્યસ્વરૂપી આત્માને ભાવવો જોઈએ.

આ રીતે ભેદજ્ઞાન દ્વારા આત્માની ભાવના કરવાથી મોહ નિર્મૂળ થઈને કેવળ જ્ઞાન જ્યોતિ પ્રગટ થાય છે. અહીં મુનિરાજ બહુમાનપૂર્વક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે કે અહો ! ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદનીય છે અને જગતને મંગળરૂપ છે.

જુઓ, આ કેવળજ્ઞાનનો મહિમા ! ભેદજ્ઞાનરૂપી વૃક્ષને આત્માની ભાવનારૂપી પાણી પીવડાવતાં પીવડાવતાં આ કેવળજ્ઞાનરૂપી ફળ પાકે છે. આ કેવળજ્ઞાન આત્માને તો મંગળરૂપ છે જ પરંતુ જગતને પણ મંગળરૂપ જ છે; કેમ કે જગતના જે જીવો આવા કેવળજ્ઞાનનું સ્વરૂપ લક્ષમાં લે છે તે જીવોનું જ્ઞાન રાગથી ભિન્ન પડીને જ્ઞાનસ્વભાવમાં પહોંચી જાય છે અને જ્ઞાનસ્વભાવના આશ્રયથી તેઓને ભેદજ્ઞાનરૂપી અપૂર્વ મંગળ પ્રગટી જાય છે. આ રીતે કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત જગતને મંગળરૂપ છે, વંદ્ય છે, પૂજ્ય છે, આદરણીય છે.

હવે કેવળજ્ઞાનરૂપી કાર્યની સાથે તેના કારણને પણ યાદ કરીને કહે છે કે સહજજ્ઞાન મોક્ષમાં જયવંત વર્તે છે. મોક્ષદશામાં કેવળજ્ઞાન તો જયવંત વર્તે જ છે, તેની સાથે તેના કારણરૂપ એવું સહજજ્ઞાન પણ જયવંત વર્તે છે. કાર્ય અને કારણનું એક સાથે વર્ણન કરવું એ ટીકાકારની મૂળ શૈલી છે. આમાં માર્ગ અને માર્ગફળ બંને બતાવી દીધાં છે. સહજજ્ઞાન સ્વરૂપની ભાવના કરવાનું કહ્યું તે માર્ગ છે અને કેવળજ્ઞાન પ્રગટ થયું તે માર્ગનું ફળ છે.

જ્ઞાન અને આનંદ સુખનો અવિનાભાવી સંબંધ છે. જ્ઞાન આનંદમાં વિસ્તાર કરવાવાળું છે. કેવળજ્ઞાન સંપૂર્ણ આનંદમાં વિસ્તારવાળું છે અને સહજજ્ઞાન ત્રિકાળ આનંદમાં વિસ્તારવાળું છે. સાધકનું સમ્યગ્જ્ઞાન પણ અંશતઃ આનંદમાં વિસ્તારવાળું છે. આ રીતે જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદ હોય છે. **જે જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદનું વેદન ન હોય, તે જ્ઞાન ખરેખર જ્ઞાન નથી પરંતુ અજ્ઞાન છે.**

જ્ઞાનના અનેક પ્રકારો જાણીને શું કરવું જોઈએ ? તો મુનિરાજ કહે છે કે 'સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે' એવા શુદ્ધ ચૈતન્યમય આત્માને જાણીને 'હું નિર્વિકલ્પ થાઉં છું' એવો અનુભવ કરવો જોઈએ. આ રીતે જીવના જ્ઞાનોપયોગ સંબંધી વર્ણન પૂરું થયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# નિયમસાર ગાથા -૧૩

**ગાથા :** तह दंसण उवओगो ससहावेदर वियप्पदो दुविहो ।
केवलमिंदियरहियं असहायं तं सुहावमिदि भणिदं॥१३॥

**હરિગીત :** ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;
અસહાય, ઈંદ્રિવિહીન, કેવળ, તે સ્વભાવ કહેલ છે. ૧૩

**અન્વયાર્થ:** તેવી રીતે દર્શનોપયોગ સ્વભાવ અને વિભાવના ભેદથી બે પ્રકારનો છે. જે કેવળ ઈંદ્રિયરહિત અને અસહાય છે, તે સ્વભાવ દર્શનોપયોગ કહ્યો છે.

**ટીકા :** આ, દર્શનોપયોગના સ્વરૂપનું કથન છે.

જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભેદવાળો છે, તેમ દર્શનોપયોગ પણ તેવો છે : (ત્યાં પ્રથમ, તેના બે ભેદ છે.) સ્વભાવદર્શનોપયોગ અને વિભાવદર્શનોપયોગ. સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારનો છે: કારણ સ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ.

ત્યાં [1]કારણદૃષ્ટિ તો, સદા પાવનરૂપ અને ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર એવો સહજ-પરમ પારિણામિક

---

૧. દૃષ્ટિ=દર્શન (દર્શન અથવા દૃષ્ટિના બે અર્થ છે: (૧) સામાન્યપ્રતિભાસ (૨) શ્રદ્ધા.
જ્યાં જે અર્થ ઘટતો હોય તે ત્યાં સમજવો. બંને અર્થો ગર્ભિત હોય ત્યાં બંને સમજવા.)

૨. વિભાવ = વિશેષ ભાવ; અપેક્ષિત ભાવ. (ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ ચાર ભાવો અપેક્ષિત ભાવો હોવાથી તેમને વિભાવસ્વભાવ પરભાવો કહ્યા છે. એક સહજ પરમપારિણામિક ભાવને જ સદા-પાવનરૂપ નિજ સ્વભાવ કહ્યો છે. ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી પરમ પારિણામિક ભાવનો આશ્રય થતો નથી. પરમ પારિણામિક ભાવનો આશ્રય કરવાથી જ સમ્યક્ત્વથી માંડીને મોક્ષદશા સુધીની દશાઓ પ્રાપ્ત થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવરૂપ જેનો સ્વભાવ છે, જે કારણ સમયસાર સ્વરૂપ છે, નિરાવરણ જેનો સ્વભાવ છે, જે નિજ સ્વભાવસત્તામાત્ર છે, જે પરમ ચૈતન્ય સામાન્યસ્વરૂપ છે, જે નિત્ય-શુદ્ધ નિરંજન જ્ઞાનસ્વરૂપ છે અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે એવા આત્માના ખરેખર [1]સ્વરૂપશ્રદ્ધાન માત્ર જ છે (અર્થાત્ કારણદૃષ્ટિ તો ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપ શ્રદ્ધા માત્ર જ છે.)

બીજી કાર્યદૃષ્ટિ દર્શનાવરણીય-જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે. આ ક્ષાયિક જીવને જેણે સકળ વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન વડે ત્રણ ભુવનને જાણ્યા છે, નિજ આત્માથી ઉત્પન્ન થતા પરમ વીતરાગ સુખામૃતનો જે સમુદ્ર છે, જે યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે, જે સાદિ-અનંત અમૂર્ત અતીં દ્રિયસ્વભાવવાળા શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયાત્મક છે, અને જે ત્રિલોકના ભવ્ય જનોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે, એવા તીર્થંકર પરમદેવને કેવળજ્ઞાનની માફક આ (કાર્યદૃષ્ટિ) પણ યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારી છે.

---

૧. સ્વરૂપશ્રદ્ધાન = સ્વરૂપ અપેક્ષાએ શ્રદ્ધાન. (જેમ કારણસ્વભાવજ્ઞાન અર્થાત્ સહજજ્ઞાન સ્વરૂપ પ્રત્યક્ષ છે, તેમ કારણસ્વભાવદૃષ્ટિ અર્થાત્ સહજદર્શન સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# નિયમસાર ગાથા -૧૩ ઉપરનું પ્રવચન

જેવી રીતે જ્ઞાનોપયોગ સ્વભાવ અને વિભાવ - એમ બે પ્રકારનો કહ્યો છે, એવી રીતે આ દર્શનોપયોગ પણ સ્વભાવ અને વિભાવ એમ બે પ્રકારનો છે. જે કેવળ ઇન્દ્રિયરહિત અને અસહાય છે તે સ્વભાવ-દર્શનોપયોગ છે.

ચૈતન્ય-અનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે. જ્ઞાનની જેમ આ દર્શનોપયોગ પણ ચૈતન્યનું જ અનુસરણ કરનાર છે. ટીકાકારે જે રીતે જ્ઞાનસ્વભાવનાં કારણ અને કાર્ય એવા બે પ્રકારોનું વર્ણન કર્યું હતું તે જ રીતે હવે અહીં સ્વભાવદર્શનમાં પણ કારણ અને કાર્ય એમ બે પ્રકારોનું વર્ણન કરે છે. આ શાસ્ત્રમાં 'નિયમસાર' અર્થાત્ નિયમથી કરવા યોગ્ય એવા શુદ્ધરત્નત્રયરૂપી કાર્યનું પ્રતિપાદન છે, તેથી ટીકાકારે તે કાર્યની સાથે સાથે તેના નિકટવર્તી કારણનું પણ વર્ણન કર્યું છે. આ રીતે કાર્યનું કારણ પોતાની અંદર જ દર્શાવીને એકદમ સ્વસન્મુખતા કરાવી છે. તથા બાહ્ય કારણના અવલંબનની બુદ્ધિ છોડાવી છે.

સ્વભાવ-દર્શનોપયોગ બે પ્રકારનો છે : એક કારણ સ્વભાવ-દર્શનોપયોગ અને બીજો કાર્ય સ્વભાવદર્શનોપયોગ; તેમાંથી કાર્ય સ્વભાવરૂપ દર્શન ત્રિકાળ છે. **અહીં ટીકામાં કારણ સ્વભાવ દર્શનોપયોગને બદલે 'કારણ દૃષ્ટિ' કહીને તેનું 'સ્વરૂપ શ્રદ્ધાન' રૂપે વર્ણન કરે છે. કારણ દૃષ્ટિ શુદ્ધાત્માના સ્વરૂપ શ્રદ્ધાન માત્ર છે. સ્વરૂપ શ્રદ્ધાનરૂપે આ કારણ દૃષ્ટિ ત્રિકાળ છે અને સ્વરૂપનું શ્રદ્ધાન સમ્યક્ શ્રદ્ધાનનું કારણ છે.**

જેવી રીતે ૧૧-૧૨ મી ગાથામાં કારણ સ્વભાવ જ્ઞાનોપયોગને 'સ્વરૂપ પ્રત્યક્ષ' કહ્યો હતો, તેવી જ રીતે અહીં કારણ સ્વભાવદૃષ્ટિને સ્વરૂપ **શ્રદ્ધા નમાત્ર** કહેલ છે. આ સ્વરૂપ શ્રદ્ધાન ત્રિકાળ છે, તેના આશ્રયથી સમ્યક્ શ્રદ્ધાન નવું પ્રગટ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે શ્રદ્ધા કોની શ્રદ્ધા કરે છે ? તે અહીં બતાવે છે-કારણ સમયસારરૂપ આત્મા સદા પવિત્ર છે. ઔદયિકાદિ ચાર ભાવોથી અગોચર સહજ પરમ પારિણામિક ભાવ સ્વરૂપ છે, સદા નિરાવરણ, પરમ સ્વસ્વરૂપમાં અવિચલ સ્થિતિમય ચારિત્ર સ્વરૂપ છે, નિત્ય શુદ્ધ નિરંજન જ્ઞાનસ્વરૂપ છે અને સમસ્ત વિભાવોના નાશનું કારણ છે-આવી રીતે આત્માની શ્રદ્ધા કરવાનું ત્રિકાળ સામર્થ્ય છે અને તેમાંથી વ્યક્ત થતી સમ્યક્ શ્રદ્ધારૂપ પર્યાય આવા આત્માની શ્રદ્ધા કરવાનું કાર્ય કરે છે.

અહીં વાત તો દર્શનોપયોગની ચાલે છે પરંતુ દર્શનની જેમ શ્રદ્ધા પણ નિર્વિકલ્પ હોવાથી તથા 'નિયમ'માં (મોક્ષમાર્ગમાં) તે આવશ્યક કર્તવ્ય હોવાથી ટીકાકાર મુનિરાજે શ્રદ્ધાનું વર્ણન કર્યું છે. કારણદૃષ્ટિ એટલે સ્વરૂપશ્રદ્ધા; તેના આશ્રયથી સમ્યગ્દર્શનરૂપી કાર્ય થાય છે એમ જે કહ્યું છે તેનાથી એમ ન સમજવું કે એકલી એક શ્રદ્ધાને જુદી કરીને તેનો આશ્રય થાય છે. શ્રદ્ધાનો ભેદ કરીને તેનો આશ્રય નથી થતો; પરંતુ પરમ પારિણામિક સ્વભાવી ચિદાનંદ સ્વભાવના સેવનમાં સમ્યગ્દર્શનના કારણનું સેવન પણ સાથે જ આવી જાય છે તથા તે કારણમાંથી નિર્મળ કાર્ય પ્રગટ થઈ જાય છે. આ પ્રમાણે નિર્મળ શ્રદ્ધારૂપી કાર્ય પ્રગટ થવાનું કારણ અર્થાત્ સ્વરૂપશ્રદ્ધાન આત્મામાં સદા વર્તી રહેલ છે એમ અહીં બતાવવું છે. **આ સ્વરૂપશ્રદ્ધાન અથવા કારણસ્વભાવદૃષ્ટિ સમ્યગ્દર્શનનું કારણ છે. કેવળદર્શનને કાર્યસ્વભાવ દર્શનોપયોગ કહેવામાં આવે છે.** ભગવાન સર્વજ્ઞનું કેવળજ્ઞાન જે રીતે લોકાલોકને જાણે છે તેવી જ રીતે આ કેવળદર્શન લોકાલોકને દેખે છે. અહા, આત્મસ્વભાવનો અચિંત્ય ગંભીર મહિમા સંતોએ પ્રગટ કર્યો છે.

પરમ પારિણામિક સ્વભાવી આત્મા ચાર ભાવોથી અગોચર છે એમ અહીં કહ્યું છે. જો કે ઔપશમિક, ક્ષાયોપશમિક અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો તે ગમ્ય થાય છે; પરંતુ તે ઉદય-ઉપશમ વગેરે ચારેય ભાવો ક્ષણિક છે. તે ક્ષણિક ભાવોના લક્ષે પંચમ ભાવ પકડી શકાતો નથી તે અપેક્ષાએ તેને ચાર ભાવોથી અગોચર કહ્યો છે. તથા તે ઉદયાદિ ચારેય ભાવોમાં કર્મના ઉદયાદિની અપેક્ષા આવે છે. તેઓ ત્રિકાળ એકરૂપ ભાવો નથી; તેટલા માટે એ ચારેય ભાવોને વિભાવભાવ કહેલ છે. અહીં 'વિભાવ'નો અર્થ વિકાર ન સમજવો. ક્ષાયિકભાવ તો પર્યાય અપેક્ષાએ સ્વભાવ ભાવ છે, પરંતુ પહેલાં તે ભાવ નહોતો અને પછી નવો પ્રગટ થયો. આ રીતે તેમાં એકરૂપતા ન રહી તેથી તેને વિભાવ કહ્યો છે અને ત્રિકાળ એકરૂપ એવા પરમ પારિણામિક સ્વભાવને સદા પવિત્ર નિજસ્વભાવ કહ્યો-આમ **આત્માની શ્રદ્ધા કરવાની શક્તિ સ્વરૂપશ્રદ્ધાનમાં ત્રિકાળ વિદ્યમાન છે, તે કારણરૂપ છે અને તેમાંથી આવા આત્માનું શ્રદ્ધાન ઉદય પામવું તે સમ્યગ્દર્શન છે તથા સમ્યગ્દર્શન મોક્ષમાર્ગમાં નિયમરૂપ કર્તવ્ય છે.**

ક્ષાયિક ભાવનાના અભાવ સમયે પણ જેનો સદ્ભાવ હોય છે અર્થાત્ ક્ષાયિકભાવની પણ જેને અપેક્ષા નથી-એવા નિરપેક્ષ ત્રિકાળ એકરૂપ પરમ સ્વભાવના આશ્રયથી જ ધર્મરૂપ કાર્ય થાય છે. ઉપશમ-ક્ષયોપશમ અથવા ક્ષાયિકભાવ ધર્મ છે પરંતુ તે ભાવો પંચમ પરમ ભાવના આશ્રયથી જ પ્રગટ થાય છે; તેથી એવા પરમ સ્વભાવરૂપે આત્માની ભાવના ભાવવી જોઈએ એવો ઉપદેશ છે. 'ભાવના'માં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આવી જાય છે. તેથી તે જ મોક્ષમાર્ગ છે.

આત્માનો પરમ પારિણામિક સ્વભાવ ત્રિકાળ છે. તે સ્વભાવનું અવલંબન લઈને તેની ભાવનાથી જ મોક્ષનું સાધન પ્રગટ થાય છે. દ્રવ્યસ્વભાવમાં તો સમ્યગ્દર્શનથી શરૂ કરીને સિદ્ધ પદ સુધીનું કારણ થવાની શક્તિ ત્રિકાળ છે; તે કારણ શક્તિને કોઈ આવરણ નથી; પરંતુ જ્યારે તે કારણ શક્તિનું અવલંબન લઈને સમ્યક્શ્રદ્ધા-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાન-ચારિત્રરૂપ કાર્ય કરવામાં આવે, ત્યારે તે કારણ શક્તિનું કારણપણું સાર્થક થાય છે. આવી કારણ-કાર્યની સંધિ છે.

જુઓ ભાઈ ! આ વિષય એકલી અધ્યાત્મ-અંતર્દષ્ટિનો છે પ્રયોજનભૂત વિષય છે. પ્રથમ તો પાત્ર જીવ જ્ઞાની પાસેથી ઉત્સાહપૂર્વક આત્માની આવી વાત સાંભળે, પછી અંતરમાં આત્માની સાથે મેળવીને તે રૂપ પરિણમિત કરવાનો પ્રયત્ન કરે. આત્માની સાચી લગનીથી સ્વભાવ તરફના ઉગ્ર પ્રયત્ન દ્વારા અંતરમાં પરિણમન થતાં અપૂર્વ આનંદનું વેદન થાય છે અને આત્મામાં મોક્ષની દૃઢ પ્રતિજ્ઞતા આવી જાય છે. પછી તે જીવ પરાશ્રયમાં ધર્મ નથી શોધતો. મારા ધર્મનું, મારા સુખનું, મારા મોક્ષનું સાધન મારામાં, મારા વર્તમાનમાં મોજુદ છે એમ ધર્માત્મા જાણે છે. પોતાનો સ્વભાવ પોતાની પાસે જ છે, તે મારાથી દૂર નથી; અંતરમાં દૃષ્ટિ કરી પોતાના સ્વભાવનો આશ્રય કરે તો ધર્મ થાય છે. આ સિવાય અનંતકાળમાં પણ અન્ય બાહ્ય સાધનથી ધર્મ નથી થતો. આ પ્રકારે સ્વભાવને લક્ષમાં લઈને તેનો મહિમા કરતાં-કરતાં, તેમાં જ એકાગ્ર થઈ જવું. એવો જ્ઞાનીઓનો ઉપદેશ છે.

ભાઈ ! આ અનંત દુઃખમય સંસારના જન્મ-મરણનું મૂળ છેદવાની વાત છે. અરે, આ સંસારમાં અનેક પ્રકારનાં જે દુઃખ છે તેનું મૂળ મિથ્યાદર્શન છે; તેને દૂર કરવા માટે આત્માની યથાર્થ ઓળખાણપૂર્વક સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ. આત્માર્થી જિજ્ઞાસુ એવો વિચાર કરે છે કે અરેરે ! આજ સુધી હું સમ્યગ્દર્શન વિના અનંત સંસારમાં ભટકી ભટકીને બહુ દુઃખી થયો છું. હવે સર્વ ઉદ્યમપૂર્વક સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ જ મારું પ્રથમ કર્તવ્ય છે. અંતરમાં મારા આત્માનું જ મારે લક્ષ કરવું છે. સમગ્ર સંસાર મારા આત્માથી બહાર છે. મારા કાર્યનો સંબંધ અંતરંગ કારણની સાથે છે, બહારમાં કોઈની સાથે મારે કશોય સંબંધ નથી.

આત્માનો પરમ પારિણામિક સ્વભાવ ધ્રુવ છે, સદા એકરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, પરમ આદરણીય છે; તે જ આશ્રય કરવા યોગ્ય છે. આ પંચમ ભાવનો ઔદયિકાદિ ચાર ભાવોમાં સમાવેશ નથી થતો તેથી તે આ ચારેય ક્ષણિક ભાવોથી અગોચર છે. ચાર ક્ષણિક ભાવોનો આશ્રય છોડાવવા માટે તેમનાથી અગમ્ય એવા પંચમ ભાવનો આશ્રય કરાવ્યો છે. સમકિતીને તે સ્વભાવ અંતરમાં અનુભવગમ્ય થઈ ગયો છે. પારિણામિક ભાવને ચાર ભાવોથી અગોચર કહેવાનો આશય એવો છે કે પરમ પારિણામિક પંચમ ભાવ ચાર ભાવોના આશ્રયથી જ્ઞાત નથી થતો. તે તો પરમ પારિણામિક સ્વભાવના આશ્રયથી જ જ્ઞાત થાય છે.

પરમ પારિણામિક સ્વભાવ જ આત્માનો 'નિજ સ્વભાવ' છે. તે નિજભાવને આત્મા કદી છોડતો નથી. તે 'નિજ સ્વભાવ'ને કર્મના ઉદય-ક્ષય વગેરેની અપેક્ષા લાગુ નથી પડતી તેથી તે નિરપેક્ષ છે.

કેવળજ્ઞાનને જાણવા માટે કોઈ ઇન્દ્રિય અથવા પ્રકાશ વગેરેની અપેક્ષા નથી હોતી તેટલા માટે જે તેને નિરપેક્ષ કહ્યું છે તેની અપેક્ષા જુદી છે, તે કેવળજ્ઞાન પર્યાયમાં કર્મના ક્ષયની તો અપેક્ષા આવે છે. પહેલાં કેવળજ્ઞાન ન હતું અને પછી કર્મનો ક્ષય થતાં પ્રગટ થયું એ રીતે તેમાં નિરપેક્ષતા નથી; સદા એકરૂપતા અનાદિ અનંતતા નથી. તેથી તે ક્ષાયિકભાવનો આશ્રય કરવા છતાં પણ આત્માનો એકરૂપ સહજ સ્વભાવ નથી જાણી શકાતો. પરમ પારિણામિકભાવ સદા પવિત્ર છે; સાધક જીવ અંતર્મુખ થઈને તેનું જ અભિનંદન કરે છે. ક્ષાયિક સમ્યગ્દર્શન આદિના વિચારથી, જ્ઞાનથી, ધ્યાનથી, આશ્રયથી સમ્યગ્દર્શન અથવા કેવળજ્ઞાન નથી થતું. પરંતુ પરિણતિ જ્યારે અંતર્મુખ થઈને પરમ સ્વભાવમાં લીન થાય છે ત્યારે સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયો પ્રગટે છે. વ્યવહારના આશ્રયથી થતો શુભરાગ તો ઔદાયિકભાવ છે. જ્યાં ક્ષાયિકભાવના આશ્રયથી પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી થતાં ત્યાં ઔદાયિકભાવોના આશ્રયે તો તે ક્યાંથી થાય ? એટલા માટે વ્યવહારના આશ્રયથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અથવા શુભરાગ કરતાં કરતાં પરમાર્થની પ્રાપ્તિ થઈ જશે એવી જેની માન્યતા છે તેને સમ્યગ્દર્શનાદિના કારણરૂપ આશ્રયરૂપ આત્માના પરમ સ્વભાવની ખબર નથી. છદ્મસ્થને કેવળજ્ઞાન તો થતું જ નથી. તેથી તેના આશ્રયની તો વાત જ ક્યાં રહી ? પરમ પારિણામિક સ્વભાવ જ સર્વ જીવોને ત્રિકાળ છે તથા તે જ આશ્રય કરવા યોગ્ય છે.

વ્યવહાર રત્નત્રયની ભાવનાથી નિશ્ચયરત્નત્રય થાય છે એમ નથી, પરંતુ જેમાં ત્રિકાળ શુદ્ધ રત્નત્રયની શક્તિ વિદ્યમાન છે એવા પરમ સ્વભાવની ભાવનાથી જ શુદ્ધ રત્નત્રય પ્રગટ થાય છે તેથી તેની જ ભાવના કરવા યોગ્ય છે.

હે ભાઈ ! પહેલાં તું એ તો લક્ષમાં લે કે કોની ભાવના કરવા યોગ્ય છે ? **'જેવી ભાવના તેવું ભવન' જેને રાગની ભાવના છે તે રાગથી લાભ માનીને મિથ્યાત્વરૂપ પરિણમિત થાય છે, જેને સ્વભાવની ભાવના છે તે સ્વભાવનો આશ્રય કરીને સમ્યગ્દર્શનાદિરૂપ પરિણમે છે.** અરે ભાઈ ! જ્યાં ક્ષાયિકભાવના આશ્રયથી પણ સમ્યગ્દર્શન નથી થતું તો પછી બીજા કોઈના આશ્રયે સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થઈ શકે ? તેથી રાગની તેમજ જડની ક્રિયાની ભાવના છોડીને પોતાના ચિદાનંદ સ્વભાવની જ ભાવના કર, તેના જ આશ્રયથી સમ્યગ્દર્શનાદિ થશે.

અહો ! પોતાના નિરાવરણ સ્વભાવને ભૂલીને લોકો બહારની ઝંઝટોમાં એવા ફસાયા છે કે આંતરિક સાધનને ભૂલીને બાહ્ય સાધનોમાં નકામા હાય હાય કરી રહ્યા છે.

અહીં સંતોનો એવો ઉપદેશ છે કે જેવા પરમ સ્વભાવનું વર્ણન અહીં કરવામાં આવ્યું છે તેવો જ પ્રત્યેક આત્માનો સ્વભાવ છે અને તે જ સમ્યગ્દર્શનાદિનું કારણ છે. તેથી દરેક આત્માએ અંતર્મુખ થઈને પોતાના (આત્માને જ) સ્વભાવને જ સમ્યગ્દર્શનાદિનું કારણ બનાવવો જોઈએ. જુઓ, આ ચૈતન્યની વીતરાગતા. સમસ્ત દુષ્ટ પાપોરૂપી શત્રુઓની સેના આ ચિદાનંદ સ્વભાવનું અવલંબન લેતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ નષ્ટ થઈ જાય છે. એનું અવલંબન કરવાથી જ મિથ્યાત્વાદિ મહાન શત્રુ ક્ષણમાત્રમાં નષ્ટ ભ્રષ્ટ થઈ જાય છે. વિકલ્પો અને વિકારોનો સમૂહ ચૈતન્યના અવલંબનથી એવી રીતે દૂર ભાગી જાય છે જેવી રીતે સિંહને જોઈને બકરીઓનું ટોળું ભાગી જાય છે. આવો વીર આત્મા પોતાનું સ્વરૂપ ભૂલીને પોતાને કર્મોથી દબાયેલો પામર માની રહ્યો છે, પરંતુ એકવાર પણ જો પોતાના સ્વભાવની શક્તિને સંભાળે અર્થાત્ સમ્યક્શ્રદ્ધાનરૂપી સિંહગર્જના કરે તો કર્મરૂપી બકરીઓ ભાગતી જોવા મળે. જુઓ, આ આત્માનું નિધાન ! જેવી રીતે પિતા પોતાના પુત્રને સંપત્તિનો ઉત્તરાધિકાર સોંપે છે તેવી જ રીતે પરમપિતા તીર્થંકર તથા આચાર્ય ભગવંત જિજ્ઞાસુ ભવ્ય જીવોને ચૈતન્ય નિધાનનો વારસો સોંપી રહ્યા છે. ચૈતન્ય નિધાનમાં રહેતી કારણદૃષ્ટિ સ્વરૂપ શ્રદ્ધાન માત્ર છે એમ બતાવ્યું. હવે તેમાંથી વ્યક્ત થતું પૂર્ણ કાર્ય કેવું હોય છે અર્થાત્ કાર્યદૃષ્ટિ કેવી હોય છે તે બતાવે છે.

**કેવળજ્ઞાનની સાથે વર્તતો કેવળદર્શનોપયોગ તથા અવગાઢ શ્રદ્ધા-એ બંનેનો સમાવેશ કાર્યદૃષ્ટિમાં થઈ જાય છે એમ અહીં સમજવું.** કેવી છે કાર્યદૃષ્ટિ ? ચાર ઘાતિકર્મોના નાશથી પ્રગટ થતી કાર્યદૃષ્ટિ ક્ષાયિકભાવરૂપ છે; તથા તે ક્ષાયિકભાવ ક્ષાયિકજીવને હોય છે. જેને કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવ પ્રગટ થયેલ છે તે ક્ષાયિકજીવ કહેવાય છે.

કારણશુદ્ધ જીવ પરમ પારિણામિકભાવ સ્વરૂપ છે, તેમાં તો બધા જીવોનો સમાવેશ થઈ જાય છે, પરંતુ કાર્યશુદ્ધ જીવ ક્ષાયિકભાવરૂપ છે, તેમાં કેવળજ્ઞાની ભગવાન જ આવે છે. અહીં ક્ષાયિકભાવરૂપે પરિણમિત જીવને જ અભેદ વિવક્ષાથી 'ક્ષાયિકજીવ' કહી દીધો છે. તે ક્ષાયિક જીવે કેવળજ્ઞાન દ્વારા ત્રણ લોકને જાણ્યો છે તથા તે પોતાના સ્વભાવથી ઉત્પન્ન પરમ વીતરાગ સુખામૃતનો સમુદ્ર છે. અહા ! કેવળી ભગવંતોને પર્યાયમાં વીતરાગી સુખનો સમુદ્ર ઊછળે છે. તેમને 'કારણ' નું સેવન કરતાં કરતાં યથાખ્યાતરૂપ કાર્ય શુદ્ધચારિત્ર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રગટ થઈ ગયું છે. તેથી તે ભગવંતો (કાર્યદષ્ટિવાળા ક્ષાયિકજીવો) સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધ સદ્ભુત વ્યવહારનયાત્મક છે.

જુઓ, અહીં સર્વજ્ઞને નયસ્વરૂપ કહ્યા, તો પછી નય જડ છે એ વાત ક્યાં રહી ? અહીં કેવળીને નયસ્વરૂપ કહ્યા તેથી એમ ન સમજવું કે તેમના જ્ઞાનમાં પણ 'નય' હોય છે. નય તો શ્રુતજ્ઞાનમાં હોય છે, કેવળજ્ઞાનમાં નય નથી હોતી, પરંતુ સાધકજીવ જ્યારે કેવળીભગવાનના સ્વરૂપને ખ્યાલમાં લે છે, ત્યારે તે સાધકના જ્ઞાનમાં શુદ્ધ સદ્ભૂત વ્યવહારનય હોય છે, એટલા માટે તે નયના વિષયભૂત કેવળીને શુદ્ધ સદ્ભૂત વ્યવહાર નયાત્મક કહ્યા છે. આ રીતે નય અને તેના વિષયને અભેદ કહેવાની અધ્યાત્મશાસ્ત્રોની શૈલી છે. **કારણદષ્ટિ અનાદિ-અનંત છે અને કાર્ય દષ્ટિ સાદિ-અનંત છે.**

કાર્યદષ્ટિવાળા ક્ષાયિકજીવ ત્રણ લોકના ભવ્ય જીવો માટે પ્રત્યક્ષ વંદના યોગ્ય છે. જાણે એવી કાર્યદષ્ટિવાળા તીર્થંકર પરમદેવ સાક્ષાત્ સન્મુખ બિરાજી રહ્યા હોય એવું ચિંતવન કરીને મુનિરાજ કહે છે કે અહો ! આવા ક્ષાયિકભાવ સ્વરૂપ પરમાત્મા પ્રત્યક્ષ વંદના યોગ્ય છે. સિદ્ધ ભગવાન પણ જાણે તેમના પોતાના આત્મામાં સ્પષ્ટ દેખાઈ રહ્યા હોય. ટીકાકાર આવા ઉત્કૃષ્ટ ભાવથી કહે છે કે ક્ષાયિકજીવ તીર્થંકર પરમાત્મા ત્રણ લોકના ભવ્ય જીવોને પ્રત્યક્ષ વંદનીય છે- એવા તીર્થંકર પરમદેવને કેવળજ્ઞાનની જેમ આ કાર્યદષ્ટિ પણ યુગપત્ લોકાલોકમાં વ્યાપ્ત થવાવાળી છે. પરમાવગાઢ સમ્યક્ત્વ પણ ત્યાં સાથે જ વર્તે છે. આ રીતે કારણ અને કાર્ય ઉપયોગનું વર્ણન કર્યું.

**પ્રશ્ન :** આ ઉપયોગની ઉપયોગિતા શું છે ?

**ઉત્તર :** આ ઉપયોગ સ્વભાવને જાણીને તેનું મનન કરવાથી (તેની પ્રતીતિ તથા એકાગ્રતાથી) કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થાય છે. દર્શન-જ્ઞાન સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય તત્ત્વ જ મોક્ષાર્થીઓ માટે મોક્ષનો પ્રસિદ્ધ માર્ગ છે અર્થાત્ તે શુદ્ધ ચૈતન્ય તત્ત્વની ભાવના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્વારા જ મોક્ષ થાય છે. આ સિવાય બીજા કોઈ માર્ગે મોક્ષ થતો નથી. શુદ્ધ ચૈતન્ય તત્ત્વની ભાવનાથી દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વરૂપે પરિણમિત પોતાનો આત્મા જ મોક્ષનો માર્ગ છે; આત્માની બહાર બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. કાર્ય પ્રગટ થવાની શક્તિ-કારણ વર્તમાનમાં જ વિદ્યમાન છે; તે કારણના અચિંત્ય મહિમાને જાણવાની તથા તેની સન્મુખ થઈને કાર્ય પ્રગટ કરવાની જ આ વાત છે.

આ રીતે ૧૩મી ગાથામાં કારણરૂપ તથા કાર્યરૂપ સ્વભાવદર્શનોપયોગ બતાવ્યો. સાથે સાથે બંને પ્રકારની શ્રદ્ધા પણ બતાવી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# નિયમસાર ગાથા - ૧૪

**ગાથા :** **चक्खु अचक्खु ओही तिण्ण वि भणिदं विहावदिट्ठि त्ति।**
**पज्जाओ दुवियप्पो सपरावेक्खोय णिरवेक्खो ॥ १४ ॥**

**હરિગીત :** ચક્ષુ, અચક્ષુ, અવધિ-ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;
નિરપેક્ષ, સ્વપરાપેક્ષ-એ બે ભેદ છે પર્યાયના. ૧૪

**અન્વાયર્થ :** ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ-ત્રણે વિભાવ દર્શન કહેવામાં આવ્યાં છે. પર્યાય દ્વિવિધ છે : સ્વપરાપેક્ષ (સ્વ અને પરની અપેક્ષાયુક્ત) અને નિરપેક્ષ.

**ટીકા :** આ અશુદ્ધ દર્શનની તથા શુદ્ધ અને અશુદ્ધ પર્યાયની સૂચના છે.

જેમ મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને જાણે છે, તેમ ચક્ષુ દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને[1] દેખે છે જેમ શ્રુત-જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુ સમૂહને પરોક્ષ રીતે જાણે છે, તેમ અચક્ષુ દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર દ્વારા પુદ્‌ગલપર્યંત (પરમાણુ સુધીના) મૂર્ત દ્રવ્યને જાણે છે, તેમ અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સમસ્ત મૂર્ત પદાર્થને દેખે છે.

(ઉપર પ્રમાણે) ઉપયોગનું વ્યાખ્યાન કર્યા પછી અહીં પર્યાયનું સ્વરૂપ કહેવામાં આવે છે : **परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः** અર્થાત્ જે સર્વ તરફથી ભેદને પામે તે પર્યાય છે.

તેમાં, સ્વભાવપર્યાય છ દ્રવ્યને સાધારણ છે, અર્થપર્યાય છે, વાણી અને મનને અગોચર છે, અતિ સૂક્ષ્મ છે, આગમ પ્રમાણથી

---

૧. દેખવું = સામાન્યપણે અવલોકવું; સામાન્ય પ્રતિભાસ થવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વીકારવા યોગ્ય તેમ જ છ હાનિ-વૃદ્ધિના ભેદો સહિત છે અર્થાત્ અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાત ગુણ વૃદ્ધિ, અસંખ્યાત ગુણ વૃદ્ધિ અને અનંત ગુણ વૃદ્ધિ સહિત હોય છે અને એવી રીતે (વૃદ્ધિનીજેમ) હાનિ પણ ઉતારાય છે.

અશુદ્ધપર્યાય નર-નારકાદિ વ્યંજનપર્યાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# નિયમસાર ગાથા - ૧૪ ઉપરનું પ્રવચન

અહા ! ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ શાસ્ત્રની રચના 'નિજભાવના'ના હેતુથી કરી છે; તેથી શ્રોતાઓએ પણ નિજભાવનાના હેતુથી આ શાસ્ત્રનું શ્રવણ કરવું યોગ્ય છે. આ શાસ્ત્રના વક્તા અને શ્રોતા બંનેનું તાત્પર્ય 'નિજભાવના' કરવાનું છે. હે શ્રોતાઓ ! આ શાસ્ત્રની દરેક ગાથામાં દર્શાવેલ શુદ્ધ નિજતત્ત્વને જાણીને વારંવાર તેની ભાવના કરવી. આવી નિજાત્મભાવનાથી અવશ્ય મોક્ષમાર્ગ અને તેના ફળરૂપ મોક્ષની પ્રાપ્તિ થશે. વાસ્તવમાં આચાર્યદેવે આ નિયમસાર દ્વારા આત્માર્થી જીવોને શુદ્ધ રત્નત્રયરૂપી 'નિયમસાર'ની ભેટ આપી છે.

આચાર્ય ભગવાન અંતમાં કહે છે કે આ નિયમસાર શાસ્ત્ર મેં નિજભાવનાના હેતુથી રચ્યું છે. પરમ સ્વભાવી એવા શુદ્ધ નિજાત્મતત્ત્વનો અનેકાનેક પ્રકારે મહિમા કરીને આચાર્યદેવે આ શાસ્ત્રમાં તેની ભાવનાની ધુન મચાવી છે. શુદ્ધ આત્માની ભાવનાનું જેવું જોરદાર કથન આ શાસ્ત્રમાં છે એવું જ અંતરપરિણમન જેમના આત્મામાં વર્તી રહ્યું છે એવા વીતરાગી સંતોનું આ કથન છે.

આ શાસ્ત્રનું તાત્પર્ય 'નિજભાવના' છે, એટલા માટે આમાં છ દ્રવ્યોનું અથવા વિભાવ પર્યાયોનું કથન આવે ત્યાં પણ તેને જાણીને ભાવના તો નિજતત્ત્વની જ કરવાની છે. પર અને વિભાવોથી ભિન્ન નિજતત્ત્વને જ પર્યાયોના કારણરૂપે અર્થાત્ કારણ પરમાત્મારૂપે ભાવવું જોઈએ. તેની ભાવનાથી મોક્ષમાર્ગરૂપી કાર્ય થઈ જાય છે. તે સંબંધી વિસ્તૃત વિવેચન અગાઉ આવી ગયું છે.

જીવ ઉપયોગસ્વરૂપ છે. અત્યાર સુધી જ્ઞાનોપયોગના પ્રકારોનું તથા દર્શનોપયોગની સ્વભાવ પર્યાયોનું વર્ણન થઈ ગયું છે, હવે ૧૪ મી ગાથામાં તેની વિભાવ પર્યાયો બતાવે છે. આ રીતે 'ઉપયોગ'-ના બધા જ પ્રકારોનું વર્ણન પૂરું કરીને પછી પર્યાયોના ભેદ કહેશે.

''કેવળદર્શન તો દર્શનગુણની સ્વભાવ પર્યાય છે; ચક્ષુદર્શન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અચક્ષુદર્શન અને અવધિદર્શન-એ ત્રણેય વિભાવપર્યાયો છે. **પર્યાયો બે પ્રકારની હોય છે–એક નિરપેક્ષ અને બીજી સ્વ-પરની અપેક્ષાવાળી." ૧૦ મી થી ૧૩ મી ગાથાઓ સુધી જે ઉપયોગના પ્રકારોનું વર્ણન કર્યું હતું, તે પણ સ્વભાવ પર્યાયોનું જ વર્ણન હતું, તેમાં ત્યાં સ્વભાવ-ઉપયોગને નિરપેક્ષ પર્યાય અને વિભાવ ઉપયોગને સ્વ-પર અપેક્ષિત પર્યાય કહેવામાં આવેલ; પરંતુ તેમાં તો જ્ઞાન, દર્શન અને શ્રદ્ધા ગુણની પર્યાયોની જ વાત હતી. હવે આ ગાથામાં દર્શન ગુણની વિભાવ-પર્યાયોની સાથે સાથે સંપૂર્ણ દ્રવ્યની સ્વભાવપર્યાય તથા વિભાવપર્યાય બતાવવાવાળું બીજારોપણ દેખાય છે.**

દર્શન-ઉપયોગ તો સામાન્ય પ્રતિભાસરૂપ છે, તેમાં વિભાવજ્ઞાનની જેમ 'સમ્યક્' અને 'મિથ્યા' એવા બે પ્રકારો નથી. વિભાવજ્ઞાન સાત પ્રકારનું છે જેનું વર્ણન અગાઉ આવી ગયું છે. હવે અહીં ત્રણ પ્રકારના વિભાવદર્શનનું વર્ણન કરે છે. તે ત્રણ પ્રકારો છે ચક્ષુ, અચક્ષુ તથા અવધિ.

ચક્ષુઇન્દ્રિયના વિષયને જાણતા પહેલાં ચક્ષુદર્શન હોય છે; ચક્ષુ સિવાયની બીજી ઇન્દ્રિયોના કે મનના વિષયના જાણતા પહેલાં અચક્ષુદર્શન હોય છે. અવધિજ્ઞાન ઉપયોગ પહેલાં અવધિદર્શન-ઉપયોગ હોય છે. પરંતુ મનઃપર્યયની પહેલાં મનઃપર્યય નામનો કોઈ દર્શનોપયોગ નથી હોતો. આ રીતે વિભાવદર્શનોપયોગના ત્રણ પ્રકાર છે. સ્વભાવદર્શન ઉપયોગના કારણસ્વભાવ અને કાર્યસ્વભાવ એવા બે પ્રકારોનું વર્ણન અગાઉ થઈ ગયું છે.

આ રીતે જીવના લક્ષણભૂત જ્ઞાન અને દર્શનોપયોગના સમસ્ત પ્રકારોનું વર્ણન કર્યું. હવે 'પર્યાય'ની વ્યાખ્યા તથા તેના બે પ્રકાર બતાવીને પછી ૧૫ મી ગાથામાં જીવદ્રવ્યની પર્યાયોનું અદ્ભુત વર્ણન કરશે. **અત્યારસુધી 'ઉપયોગ'ની કારણ અને કાર્ય પર્યાયોનું વર્ણન હતું. હવે જીવદ્રવ્યની પર્યાયોનું વર્ણન આવશે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયનો અર્થ છે - ''परि समन्तात् भेदमेति गच्छतीति पर्याय:'' અર્થાત્ જે સર્વ તરફથી ભેદને પ્રાપ્ત હોય તે પર્યાય છે. પર્યાયના બે પ્રકાર છે એક સ્વભાવાનુસારી શુદ્ધ પર્યાય અને બીજી વિભાવરૂપ અશુદ્ધ પર્યાય.

આમાં સ્વભાવપર્યાય છએ દ્રવ્યોમાં હોય છે, તે અર્થપર્યાયરૂપ છે, વાણી અને મનથી અગોચર છે, અતિ સૂક્ષ્મ છે, આગમ પ્રમાણથી સ્વીકાર કરવા યોગ્ય છે. તથા છ પ્રકારની વૃદ્ધિ-હાનિ સહિત છે. અહીં જીવનો અધિકાર હોવાથી જીવના ગુણ-પર્યાયોનું વર્ણન મુખ્ય છે, તેથી અહીં છ દ્રવ્યોની ગુણ-પર્યાયોનું વિસ્તારથી વર્ણન નથી કર્યું. જીવ સિવાયના બીજા પાંચ અજીવ દ્રવ્યોના ગુણ-પર્યાયોનું વર્ણન આગળ અજીવ અધિકારમાં કર્યું છે.

નર, નારક, મનુષ્ય અથવા દેવરૂપ વ્યંજન પર્યાયો તો જીવની અશુદ્ધ પર્યાયો છે. જો કે મતિજ્ઞાનાદિ અર્થપર્યાયો પણ જીવની અશુદ્ધ વિભાવ પર્યાયો છે; પરંતુ અહીં તે અર્થપર્યાયોને 'અશુદ્ધ પર્યાયો' ન કહેતાં 'અશુદ્ધ ગુણ' અથવા 'વિભાવ ગુણ' કહ્યા છે, અશુદ્ધ પર્યાયોમાં તો વ્યંજન પર્યાયોને જ લીધી છે-આવી આ શાસ્ત્રની શૈલી છે.

જીવમાં વિભાવપર્યાયો થવા છતાં પણ તેમને એક બાજુ રાખીને અર્થાત્ તેમના ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લઈને ભાવના તો શુદ્ધ નિજતત્ત્વની જ કરવાની છે. એટલા માટે ટીકાકાર મુનિરાજ કહે છે કે પરભાવ હોવા છતાં પણ, વિભાવ પર્યાયો હોવા છતાં પણ, અશુદ્ધતા હોવા છતાં પણ, હું તો એ બધાથી રહિત એવા એક શુદ્ધ જીવતત્ત્વને જ સદા ભાવું છું; કેમ કે તેની જ ભાવનાથી સકળ અર્થની-મોક્ષની સિદ્ધિ થાય છે.

પર્યાયમાં અનેક પ્રકારના વિભાવ હોવા છતાં પણ તે બધાથી જે રહિત છે એવા શુદ્ધ નિજતત્ત્વને મારા હૃદયમાં બિરાજમાન કારણ પરમાત્માને હું ભજું છું. અહીં ધર્માત્માને સંબોધિત કરીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુનિરાજ કહે છે કે હે ભવ્ય શાર્દૂલ ! તારા હૃદયમાં તું જે કારણ પરમાત્માને ભજી રહ્યો છું તેને જ ઉગ્રપણે ભજ ! જેના ભજનથી સમ્યગ્દર્શનાદિ 'કાર્ય' થયું, તું તે જ કારણમાં લીન થઈ જા. તેનાથી તને મુક્તિની પ્રાપ્તિ થશે. ભજન કહો અથવા ભાવના; એક માત્ર નિજતત્ત્વની જ ભાવના કરવા યોગ્ય છે. અહા, જુઓ તો ખરા આ ભાવના ! આવી આત્મભાવના ભાવવાથી જીવને કેવળજ્ઞાન લક્ષ્મી પ્રાપ્ત થાય છે-પ્રગટ થાય છે.

જુઓ, સંસારી જીવોને પર્યાયમાં પુણ્ય-પાપાદિ વિકાર છે, મતિજ્ઞાનાદિ અપૂર્ણ દશા છે તથા મનુષ્યાદિ અશુદ્ધ આકૃતિ (વિભાવ વ્યંજનપર્યાય) છે. આ ત્રણેય પરભાવ છે અને તેની સમક્ષ પરમ શુદ્ધ સ્વભાવી કારણ પરમાત્મા પણ બિરાજમાન છે. તેથી પર્યાયમાં પરભાવ હોવા છતાં પણ ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં તેની ભાવના નથી હોતી; ઉત્તમ પુરુષોના હૃદયમાં અર્થાત્ સાધક ધર્માત્માઓની દૃષ્ટિમાં તો સદા શુદ્ધ એવો ભગવાન કારણરૂપ શુદ્ધાત્મા જ શોભાયમાન છે. જ્ઞાનીની દૃષ્ટિ વિભાવ ઉપર નથી, તેની દૃષ્ટિ તો કારણ સ્વભાવ ઉપર જ છે, તેની નિર્મળપર્યાય અંતર્મુખ થઈને કારણ સ્વભાવમાં પ્રવેશી ગઈ છે. તેથી તે ધર્માત્માના હૃદયમાં શુદ્ધ કાર્ય પરિણતિ શુદ્ધ કારણ પરમાત્માની સાથે નિજાનંદની કેલિ કરે છે.

જુઓ, આ ઉત્તમ પુરુષોનું હૃદય ! તેમના હૃદયમાં તો કારણ પરમાત્મા જ શોભાયમાન છે, તેમના હૃદયમાં વિભાવોને કોઈ સ્થાન નથી, વિભાવોની ભાવના નથી. જેના હૃદયમાં વિભાવની ભાવના હોય છે, જેની પરિણતિ વિભાવ સાથે કેલિ કરે છે, તે ઉત્તમ પુરુષ નથી. સંસારમાં ભલે તે ગમે તેવો મહાન ગણાતો હોય, પરંતુ ધર્મમાં તે ઉત્તમ નથી.

અજ્ઞાનીને પણ 'કારણશુદ્ધ આત્મા' છે તો ખરો; પરંતુ તેને તેનું લક્ષ નથી, તેની પરિણતિ અંતર્મુખ થઈને તે કારણની સાથે કેલિ નથી કરતી. એટલા માટે તે શુદ્ધ કારણ અનુસાર કાર્ય નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થતું. પરંતુ પરનું અનુસરણ કરવાથી વિકારી કાર્ય જ થાય છે. જ્ઞાનીને જ તેનું લક્ષ છે. તેથી કહ્યું છે કે ઉત્તમ પુરુષોના હૃદય-કમળમાં કારણ–આત્મા શોભે છે. ખરેખર તો કારણ-આત્માને ભજનાર ધર્માત્માઓ જ જગતમાં ઉત્તમ પુરુષો છે. તેઓ પોતાની પરિણતિને અંતર્મુખ કરીને કારણ સ્વભાવનું અનુસરણ કરી સમ્યગ્દર્શનાદિ ઉત્તમ કાર્યરૂપ પરિણમિત થઈ જાય છે.

મુનિરાજ કહે છે કે પોતાના સંપૂર્ણ કાર્યની સિદ્ધિ માટે અમે આ કારણ–પરમાત્માને જ હમેશાં ભજીએ છીએ. અને હે ભવ્ય શાર્દૂલ ! તું પણ તેને જ ભજ ! હે ભવ્ય આત્મારૂપી શાર્દૂલ! સિંહ ! તું તારા પરાક્રમને તો જો ! તું તારા પરાક્રમને સંભાળ! અંતરમાં કારણ–પરમાત્માની ભાવના કરવામાં જ તારું પરમ પરાક્રમ છે.

વિભાવોની ભાવનામાં વીર્યને રોકી દેવું-બરબાદ કરી દેવું એ તો દીનતા છે. જેવી રીતે જંગલમાં રહેતો સિંહ નિર્ભયતાપૂર્વક પોતાની ક્રીડામાં મસ્ત રહે છે, તે જ રીતે હે ભવ્યોત્તમ શાર્દૂલ! તું જગતથી ઉદાસ થઈને નિર્ભયતાપૂર્વક તારા કારણ પરમાત્માની ભાવનામાં તત્પર રહે.

લડાઈમાં હજારો યોદ્ધાઓને ભલે જીતી લે પરંતુ જો સ્વભાવની ભાવના દ્વારા વિભાવોને ન જીત્યા અને પોતે વિભાવોના અધિકારમાં આવી ગયો તો તેને પરાક્રમી નથી કહેવાતો. જે સ્વભાવના અવલંબનમાં રહીને સમસ્ત વિભાવોને જીતી લે છે તે જ સાચો પરાક્રમી વીર છે, તેથી હે પુરુષાર્થી ! ભવ્ય ! તું અંતર્મુખ થઈને તારા કારણ પરમાત્માને જ ભજ, તે તારાથી જુદો નથી, તે તું જ છો; એટલા માટે તેને જ તું ઉગ્રરૂપે ભજ, તેના ભજનથી જ તને મોક્ષમાર્ગની તેમજ મોક્ષની સિદ્ધિ થશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# નિયમસાર ગાથા - ૧૫

ગાથા : णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा ।
कम्मोपाधिविवज्जियपडजाया ते सहावमिदि भणिदा ॥ १५॥

**હરિગીત :** તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;
પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વાભાવિક ભાખિયા.૧૫

**અન્વયાર્થ :** મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ પર્યાયો તે વિભાવ પર્યાયો કહેવામાં આવ્યા છે; કર્મોપાધિરહિત પર્યાયો તે સ્વભાવપર્યાયો કહેવામાં આવ્યા છે.

**ટીકા :** આ સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે. ત્યાં, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે; કારણ શુદ્ધ પર્યાય અને કાર્ય શુદ્ધ પર્યાય.

અહીં સહજ શુદ્ધ નિશ્ચયથી, અનાદિ-અનંત, અમૂર્ત, અતીંદ્રિય સ્વભાવવાળા અને શુદ્ધ એવાં સહજજ્ઞાન-સહજ દર્શન-સહજ ચારિત્ર-સહજ પરમ વીતરાગ સુખાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ જે સ્વભાવ–અનંતચતુષ્ટયનું સ્વરૂપ તેની સાથેની જે પૂજિત પંચમ ભાવ પરિણતિ (તેની સાથે તન્મયપણે રહેલી જે પૂજ્ય એવી પારિણામિક ભાવની પરિણતિ તે જ કારણ શુદ્ધ પર્યાય છે, એવો અર્થ છે.

સાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારથી, કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળ શક્તિયુક્ત ફળરૂપ અનંતચતુષ્ટયની સાથેની (અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી) જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે. અથવા, પૂર્વ સૂત્રમાં કહેલા સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી, છ દ્રવ્યોને સાધારણ અને સૂક્ષ્મ એવા તે અર્થપર્યાયો શુદ્ધ જાણવા (અર્થાત્ તે અર્થપર્યાયો જ શુદ્ધ પર્યાયો છે).

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે વ્યંજનપર્યાય કહેવામાં આવે છે : જેનાથી વ્યક્ત થાય-પ્રગટ થાય તે વ્યંજનપર્યાય છે. શા કારણે ? પટાદિની (વસ્ત્ર વગેરેની) માફક ચક્ષુગોચર હોવાથી (પ્રગટ થાય છે); અથવા, સાદિ-સાંત મૂર્ત વિજાતીય વિભાવ સ્વભાવવાળો હોવાથી, દેખાઈને નાશ પામવાના સ્વરૂપવાળો હોવાથી (પ્રગટ થાય છે).

પર્યાયી આત્માના જ્ઞાન વિના આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે; તેથી શુભાશુભરૂપ મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે, તેનો મનુષ્યાકાર તે મનુષ્ય પર્યાય છે; કેવળ અશુભ કર્મથી વ્યવહારે આત્મા નારક થાય છે, તેનો નારક-આકાર તે નારકપર્યાય છે; કિંચિત્ શુભમિશ્રિત માયા પરિણામથી આત્મા વ્યવહારે તિર્યંચકાયમાં જન્મે છે, તેનો આકાર તે તિર્યંચપર્યાય છે; અને કેવળ શુભ કર્મથી વ્યવહારે આત્મા દેવ થાય છે, તેનો આકાર તે દેવપર્યાય છે. આ વ્યંજન પર્યાય છે. આ પર્યાયનો વિસ્તાર અન્ય આગમમાં જોઈ લેવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# નિયમસાર ગાથા -૧૫ ઉપરનું પ્રવચન

'કારણશુદ્ધ પર્યાય'ના વર્ણનની આ મુખ્ય ગાથા છે. આચાર્ય-દેવે આ ગાથામાં જીવની વિભાવ તેમજ સ્વભાવ પર્યાયોનું વર્ણન કર્યું છે. તેમાંથી સ્વભાવ પર્યાયના વિવેચનમાં ટીકાકારે 'કારણશુદ્ધ પર્યાય'નું અલૌકિક વર્ણન કર્યું છે.

આત્માની પર્યાયો બે પ્રકારની છે : (૧) સ્વભાવરૂપ અને (૨) વિભાવરૂપ. મનુષ્ય, દેવ, નારકી અને તિર્યંચરૂપ અવસ્થાઓ તો કર્મની ઉપાધિવાળી વિભાવ પર્યાયો છે અને સ્વભાવ પર્યાયો કર્મની ઉપાધિથી રહિત છે. મનુષ્યાદિ વિભાવ પર્યાયોને તો લોકો જાણે છે પરંતુ સ્વભાવ પર્યાયોને નથી જાણતા. તેથી અહીં પહેલાં સ્વભાવ પર્યાયોનું વર્ણન કરે છે.

જે રીતે ઉપયોગની સ્વભાવ પર્યાયનું વર્ણન કરતાં કારણ અને કાર્યનું અદ્ભુત વર્ણન કર્યું હતું, તેવી જ રીતે હવે આત્મદ્રવ્યની સ્વભાવ પર્યાયનું વર્ણન કરતાં કારણ અને કાર્યનું અદ્ભુત વર્ણન કરે છે.

જેમાં કર્મની અપેક્ષા નથી એવી આ સ્વભાવ પર્યાય દરેક આત્મામાં ત્રિકાળ વિદ્યમાન છે, તે ત્રિકાળ આનંદમાં ડૂબેલી છે. જ્યારે ભવ્ય જીવ તેને જાણી લે છે. ત્યારે તેનું અનુસરણ કરીને સ્વભાવકાર્ય પ્રગટ કરે છે. **કાર્ય ત્રિકાળ નથી હોતું પરંતુ કારણ ત્રિકાળ રહે છે,** જ્યારે જીવ તેનું અવલબંન લે છે ત્યારે આ કારણ જેવું જ નિર્મળકાર્ય નવું પ્રગટ થાય છે. એટલા માટે આવું કાર્ય પ્રગટ કરાવવા માટે અહીં 'કારણ'નો મહિમા બતાવે છે. હે જીવ! તું સમ્યગ્દર્શનથી શરૂ કરીને સિદ્ધદશા સુધીનું જે શુદ્ધકાર્ય પ્રગટ કરવા ચાહે છે તેની કારણરૂપ શક્તિ તારા આત્મામાં જ છે. કોઈ પણ બાહ્ય પદાર્થમાં તારા સમ્યગ્દર્શનાદિનું કારણ થવાની શક્તિ નથી. તે શક્તિ તો તારા આત્મામાં જ વર્તી રહી છે. તેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અંતર્મુખ થઈને એકવાર તેની પ્રતીતિ કર. તેનું જ્ઞાન થતાં જ તને એવું લાગશે કે અહો ! મારું કારણ તો મારામાં જ હતું, પરંતુ આજ સુધી હું તેને ભૂલેલો હતો. તેથી આજ સુધી મારું કાર્ય નહોતું થયું, હવે મને કારણનો મહિમા માલૂમ પડ્યો. આ રીતે કારણ કાર્યની સંધિ થતાં તારા આત્મામાં અચિંત્ય ચૈતન્ય તરંગો ઉલ્લસિત થશે.

નિયમસાર એટલે શુદ્ધ રત્નત્રયરૂપી મોક્ષમાર્ગ, જે નિયમથી કરવા યોગ્ય કાર્ય છે. વર્તમાન પર્યાયરૂપી કાર્યની સાથે તેનું 'કારણ' પણ વર્તમાનરૂપ બતાવીને સંતોએ અદ્ભુત વાત કરી છે. **'કારણ શુદ્ધ પર્યાય' અથવા 'કાર્યનું વર્તમાન કારણ કહો' એક જ વાત છે.**

આત્માના ત્રિકાળી સ્વભાવભૂત સહજ ચતુષ્ટયની સાથે રહેતી પૂજિત પંચમ ભાવ પરિણતિ જ કારણશુદ્ધ પર્યાય છે. અહા ! આચાર્યદેવ કહે છે કે આ પરિણતિ પૂજિત છે, આદરણીય છે, આશ્રય કરવા યોગ્ય છે. **જુઓ, આને 'પરિણતિ' કહી છે પરંતુ તે વ્યવહારનયના વિષયભૂત પરિણતિ નથી; આ તો સહજશુદ્ધ નિશ્ચયનયના વિષયભૂત પરિણતિ છે.** સહજશુદ્ધ નિશ્ચયનયથી આત્માને લક્ષમાં લેતાં તેમાં આ કારણશુદ્ધપર્યાય પણ સાથે જ આવી જાય છે. એને ગૌણ નથી કરી શકાતી કારણ કે આ તો દ્રવ્યની સાથે ત્રિકાળ તન્મયરૂપ વર્તે છે.

(૧) અતીન્દ્રિય સ્વભાવી સહજજ્ઞાન અનાદિ-અનંત છે. (૨) અતીન્દ્રિય સ્વભાવી સહજદર્શન અનાદિ-અનંત છે. (૩) અતીન્દ્રિય સ્વભાવી સહજ ચારિત્ર અનાદિ-અનંત છે. (૪) અતીન્દ્રિય સ્વભાવી સહજ પરમવીતરાગ સુખ અનાદિ-અનંત છે.

આ સ્વભાવચતુષ્ટય આત્મામાં ત્રિકાળ છે અને એ આત્માનું જ શુદ્ધ અંતઃતત્ત્વ છે. આત્માના અંતરંગ તત્ત્વરૂપ આ ત્રિકાળી સ્વભાવચતુષ્ટયની સાથે વર્તતી પૂજિત પંચમ ભાવ પરિણતિ કારણશુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય છે. આ કારણશુદ્ધપર્યાય ઔદયિકાદિ ચાર ભાવોરૂપ નથી, પરંતુ પંચમ પારિણામિક ભાવરૂપ છે અને કર્મોથી ત્રિકાળ નિરપેક્ષ છે. અનાદિ-અનંત આત્માકારરૂપ વર્તતી એવી આ સ્વભાવભૂત કારણ પરિણતિ જ નિર્મળકાર્યનું કારણ છે. કારણ પરિણતિ કાંઈ આત્માથી જુદી નથી. **કારણ પરિણતિરૂપે વર્તતો પૂરો આત્મા જ સમસ્ત નિર્મળ પર્યાયોનું કારણ છે**—આવો ભગવાન કારણ પરમાત્મા દરેક જીવને ઉપાદેય છે. તે કોઈ બીજો નહિ પરંતુ પોતે જ છે. અહો! પરમ પારિણામિક ભાવની પરિણતિથી શોભિત ચૈતન્ય ભગવાન એક ધારા રૂપે બિરાજમાન છે. અનાદિ અનંત એક ધારામાં જ્યારે જુઓ ત્યારે પરિપૂર્ણ, વર્તમાન વર્તતો કૃપાનિધાન પરમાત્મા બિરાજમાન છે-શોભાયમાન છે. હે જીવ ! તેને જ તું તારું કારણ બનાવ અને બાહ્ય કારણ શોધવાનો ભ્રમ છોડી દે, અહા ! જ્યાં સ્વયં પોતાનામાં પૂર્ણતા ભરેલી છે ત્યાં બીજાની શી અપેક્ષા ?

જુઓ, આ નિરપેક્ષ સ્વભાવ ! જેવી રીતે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ એ ચારેય દ્રવ્યો ત્રિકાળ શુદ્ધ છે; નિરપેક્ષ એકરૂપપણે સદાય વર્તે છે; તે જ પ્રમાણે આત્માને પણ જો તેના નિરપેક્ષ સ્વભાવથી જોવામાં આવે તો મોક્ષસમયે અથવા સાધકદશાના સમયે તે સદાય એકરૂપ શુદ્ધરૂપે જ વર્તે છે, પોતાના સહજ સ્વભાવચતુષ્ટય સહિત પંચમ ભાવ પરિણતિથી સદાય શુદ્ધરૂપે જ વર્તે છે, પોતાના સહજ સ્વભાવચતુષ્ટય સહિત પંચમ ભાવ પરિણતિથી સદાય શોભાયમાન છે. મુનિરાજ કહે છે કે આવી પરિણતિથી સુશોભિત આત્મા પૂજિત છે, કારણ કે તે કેવળજ્ઞાનનો દાતાર છે. આવા કારણના અવલંબનથી કેવળજ્ઞાનરૂપી કાર્યને સાધતા સાધતા સાધક સંતોના હૃદયમાંથી આ ઉદ્ગાર નીકળ્યા છે.

જે રીતે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં ઉદયાદિની અપેક્ષા રહિત પારિણામિકભાવરૂપે સદા પરિણમન છે, તે જ રીતે મહાન-મહિમાવંત ચૈતન્ય ભગવાન આત્માની પરિણતિ પણ કર્મના ઉદયાદિની અપેક્ષા રહિત પરમ પારિણામિકભાવરૂપે વર્તે છે, તે નિરપેક્ષ સ્વભાવ પરિણતિનું જ નામ કારણશુદ્ધ પર્યાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનાવરણાદિ કર્મોના નાશથી જે કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રગટ થઈ તે પણ સ્વભાવપર્યાય છે તથા તેને ઈન્દ્રિયાદિની અપેક્ષા નથી એ અપેક્ષાએ તેને પણ નિરપેક્ષ કહી શકાય, પરંતુ કર્મક્ષયની સાથે તેનો નિમિત્ત-નૈમિતિક સંબંધ છે. એટલી અપેક્ષા એમાં આવે છે ત્યારે આ કારણ શુદ્ધ પર્યાયમાં તો કર્મની સાથેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધની પણ અપેક્ષા નથી, તે તો દ્રવ્યની સાથે ત્રિકાળ નિરપેક્ષરૂપે જ વર્તે છે.

અહીં ધ્યાન રાખવા જેવી વાત એ છે કે વર્તમાન પર્યાયમાં અજ્ઞાન-જ્ઞાન, રાગ-વીતરાગતા, સંસાર-મોક્ષ વગેરે કાર્યો જીવોને વર્તે છે તે કાર્યના સ્વીકારપૂર્વક જ આ વાત છે. જો તે કાર્ય પર્યાયનો સ્વીકાર ન કરવામાં આવે-અશુદ્ધ કાર્ય ટાળીને શુદ્ધ કાર્ય કરવું છે એનો સ્વીકાર ન કરવામાં આવે તો કાર્ય વિના કારણ કોનું ? તેથી પર્યાયમાં શુદ્ધ-અશુદ્ધ કાર્યના સ્વીકારપૂર્વક જ શુદ્ધ કાર્યના કારણરૂપ આ કારણશુદ્ધ પર્યાયનો યથાર્થ સ્વીકાર થાય છે. 'આ મારી શુદ્ધતાનું કારણ છે'– એવું તે જ કહી શકે છે કે જેણે કારણના આશ્રયથી શુદ્ધકાર્ય પ્રગટ કર્યું હોય. આ રીતે કાર્ય-કારણની સંધિવાળી આ વાત છે. આ મુખ્ય વિષયનું સ્પષ્ટીકરણ પ્રવચનોમાં પહેલાં ઘણીવાર આવી ગયું છે.

આ કારણશુદ્ધપર્યાય વર્તમાનરૂપ છે. જો તે વર્તમાનરૂપ ન હોય તો વર્તમાન કાર્ય પણ શુદ્ધ નથી થઈ શકતું. **જે રીતે શુદ્ધકાર્ય વર્તમાનમાં થાય છે તે જ રીતે તેનું શુદ્ધકારણ પણ વર્તમાનમાંજ વર્તે છે. આ રીતે કારણ શુદ્ધપર્યાય પોતાના સ્વ-ચતુષ્ટયરૂપ વૈભવસહિત વર્તમાનમાં વર્તે છે, તે કદી ઉત્પાદ-વ્યયરૂપ નથી; ઉત્પાદરૂપે તેનો અનુભવ નથી.** જો તેનો ઉત્પાદરૂપ અનુભવ હોય તો તો જ્યારે કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયરૂપ કાર્ય થઈ જાય ત્યારે કારણરૂપ ત્રિકાળ અનંતચતુષ્ટયનો પ્રગટ અનુભવ હોય, પરંતુ એમ તો છે નહીં. અનંતચતુષ્ટયનો પ્રગટ અનુભવ તો ત્યારે થાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે જ્યારે કારણનો આશ્રય કરીને શુદ્ધકાર્ય પ્રગટ કરે. **જો આ એકરૂપ ધારાવાહી કારણશુદ્ધ પર્યાય આત્માની સાથે ત્રિકાળ ન હોય તો સ્વભાવનું ત્રિકાળ સામર્થ્ય અને તેવું જ તેનું પરિપૂર્ણ વર્તમાન–એ બંનેના અભેદરૂપ અખંડ પારિણામિકભાવ સિદ્ધ કેમ થાય ?**

વર્તમાન પૂર્ણ સામર્થ્યરૂપે વર્તતી જે કારણ શુદ્ધ પર્યાય છે, તેના આશ્રયથી જ મોક્ષરૂપી કાર્ય પ્રગટ થાય છે. વર્તમાન પૂર્ણ કાર્ય પ્રગટ કરવા માટે જો વર્તમાનમાં પૂર્ણ આશ્રય ન હોય, તો તો વર્તમાન કાર્ય માટે ભૂત-ભવિષ્યમાં દોડવું પડે, પરંતુ વર્તમાનકાર્ય માટે જે રીતે પરનો આશ્રય નથી તે જ રીતે વર્તમાનકાર્યને ભૂત-ભવિષ્યનો પણ આશ્રય નથી, વર્તમાનકાર્યનો આશ્રય પણ વર્તમાનરૂપ જ છે. જો બંને વર્તમાનરૂપ ન હોય તો કારણ-કાર્યની એકતા ક્યાંથી થાય ? તેથી આત્મા સ્વયં કારણશુદ્ધપર્યાયરૂપે વર્તતો પોતાના શુદ્ધકાર્યનો આશ્રય છે.

કારણશુદ્ધપર્યાયનો વૈભવ કેવો છે ? કે જેમાં ત્રણેય કાળ સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ ચારિત્ર અને સહજ વીતરાગ સુખનો ભંડાર ભર્યો છે. અહા ! આવા સહજ ચતુષ્ટયના ભંડારરૂપ આત્મામાં પરિપૂર્ણ પૂજિત પંચમ ભાવ પરિણતિ (કારણશુધ્ધ પર્યાય) સદા વર્તે છે. હે જીવ ! તારા આ ભંડારમાંથી તું કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટય પ્રગટ કર જેથી તને અનંતકાળ સુધી કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટય પ્રગટ થતા રહેશે, તને તેની કદી ખોટ નહિ પડે. આવો અતૂટ ભંડાર જ્યારે તારી પાસે છે ત્યારે તું પરાશ્રયની ભીખ કેમ માંગે છે ? અર્થાત્ તારા સુખ માટે બાહ્ય કારણોને કેમ શોધે છે ? અંતર્મુખ થા અને તારા ચૈતન્યભંડારને જો. અહો ! મુનિવરોએ પોતાની સૂક્ષ્મ પ્રજ્ઞાથી પોતાના આત્માનો વૈભવ પ્રસિદ્ધ કર્યો છે.

અહીં સ્વભાવચતુષ્ટયમાં જે 'સહજ પરમ વીતરાગ સુખ' કહ્યું, તેમાં 'વીતરાગ' કહેવાથી એવું ન સમજવું જોઈએ કે પહેલાં રાગ હતો અને પછી દૂર થયો; પરંતુ તે તો સ્વભાવથી જ સદા રાગરહિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. ચૈતન્ય ભગવાન પોતાના સ્વભાવ અનંતચતુષ્ટયની સહજ પરિણતિની સાથે જ ત્રણે કાળ બિરાજી રહ્યો છે, એક સમય પણ તે પરિણતિનો તેને વિરહ નથી. આથી પોતાની સ્વરૂપ પરિણતિ સહિત તે પૂજનીય છે, ઉપાદેય છે, સેવવા યોગ્ય છે. નિર્મળ પરિણતિ દ્વારા જ તેની યથાર્થ પૂજા, ઉપાસના, સેવા થાય છે. કાર્ય દ્વારા કારણની સેવા થાય છે અને કારણના સેવન અનુસાર કાર્યની નિર્મળતા થાય છે. જે શુદ્ધ કારણનું સેવન કરે તેને શુદ્ધકાર્ય (સમ્યક્ત્વાદિ) થાય છે, તથા જે અશુદ્ધ કારણનું (રાગાદિનું) સેવન કરે છે તેને અશુદ્ધકાર્ય (મિથ્યાત્વાદિ) થાય છે.

**જેવો ત્રિકાળ સ્વભાવ એવું જ તેનું વર્તમાન, જેવું ત્રિકાળ સામાન્ય એવું જ તેનું વર્તમાન વિશેષ–આ રીતે પરમ પારિણામિક સ્વભાવે આત્મા સદાય વર્તી રહ્યો છે. એકલા સ્વભાવની જ અપેક્ષાવાળી, જે એકરૂપ ધારાવાહી પરિણતિ છે તે જ કારણ શુદ્ધ પર્યાય છે તથા તે પૂજનીય છે.** ત્રિલોકીનાથ અરિહંત તથા સિદ્ધ ભગવંતો પણ આ પરમ પારિણામિક ભાવની પૂજિત પરિણતિનું સેવન કરી કરીને જ અરિહંત તથા સિદ્ધ થયા છે. તેથી મુનિરાજ કહે છે કે હે ભવ્યજીવો ! તમે પણ તેનું જ સેવન કરો. મુનિરાજ પોતે તેના દ્વારા સિદ્ધપદ સાધતાં સાધતાં કહે છે કે હે સખા ! તમે પણ આનું સેવન કરીને મારી સાથે મોક્ષમાં ચાલોને !

જેવી રીતે સમુદ્ર, સમુદ્રનું પાણી-પાણીનું દળ અને તેની સપાટી ત્રણેય એકરૂપ છે અને ઉપર વિવિધ પ્રકારનાં મોજાં ઊઠે છે અને શમી જાય છે તેવી જ રીતે આત્મામાં ત્રિકાળી દ્રવ્ય, તેના ગુણ તથા પરમ પારિણામિક ભાવે વર્તતી તેની પરિણતિ ત્રણેય એકરૂપ છે અને જે ઉત્પાદ વ્યયરૂપ પર્યાયો છે તે વિધવિધ છે. તેમાં ઉદયાદિભાવ થાય છે. તે ઉત્પન્ન થઈને બીજા જ સમયે વ્યયને પ્રાપ્ત થાય છે; જ્યારે કારણશુદ્ધ પયાર્યમાં તો પારિણામિક ભાવરૂપ એક જ પ્રકાર છે, તે કદી વ્યયને પ્રાપ્ત નથી થતી, સદાય એક ધારાએ વર્તે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કારણપર્યાય તો સદા શુદ્ધ છે અને કાર્યપર્યાયમાં તો શુદ્ધ અને અશુદ્ધ એવા બે ભેદ છે; કાર્યની જેમ કારણ શુદ્ધ અને અશુદ્ધ એવા બે પ્રકારનું નથી તથા તેને અશુદ્ધતાનું કારણપણું પણ નથી. પ્રગટ પર્યાયમાં અશુદ્ધિ હોય ત્યારે પણ કારણશુદ્ધ પર્યાયમાં અશુદ્ધતા નથી હોતી. કારણશુદ્ધ પર્યાય તો શુદ્ધતાનું જ કારણ છે. **એમાં 'પર્યાય' શબ્દ આવવાથી એમ ન સમજવું કે તે પર્યાયદૃષ્ટિનો વિષય છે. તે પર્યાય દ્રવ્યની સાથે સદા તન્મયરૂપે વર્તતી થકી દ્રવ્યદૃષ્ટિના વિષયમાં સમાઈ જાય છે. તે ત્રિકાળી સંપૂર્ણ દ્રવ્યનો એક વર્તમાન ભેદ હોવાથી તેના માટે 'પર્યાય' શબ્દનો પ્રયોગ કર્યો છે અને વર્તમાન કાર્ય (મોક્ષમાર્ગ) કરવા માટે તેને વર્તમાન કારણ બતાવ્યું છે.** આ કારણ ઉપર જેની દૃષ્ટિનું જોર છે તેને સમ્યગ્દર્શનાદિ કાર્ય થાય છે. સર્વ પદાર્થોનો જ્ઞાતા તથા સર્વોત્તમ મહિમાવાળો આ ચૈતન્યમૂર્તિ આત્મા જ છે. તેની અંદર વર્તમાનમાં શું શું વર્તી રહ્યું છે તેની આ વાત છે. જલદી સમજણમાં ન આવે તો પણ આને એવા લક્ષપૂર્વક સમજવું જોઈએ કે આ મારા સ્વભાવ સામર્થ્યના અચિંત્ય મહિમાનાં ગુણગાન થઈ રહ્યાં છે. **સ્વભાવના બહુમાનના સંસ્કાર પણ મોહને અત્યંત મંદ કરી નાખે છે.**

આ 'કારણશુદ્ધ પર્યાય' કહીને સંત તથા જ્ઞાની એમ બતાવે છે કે અરે જીવ ! તારામાં પ્રતિ સમય પરિપૂર્ણતા વર્તી રહી છે, શુદ્ધતાનું પૂર્ણ કારણ સદાય તારામાં હાજર છે, બહાર કારણ શોધવા જવું પડે એવું નથી. તેથી અંતર્મુખ થઈને તે કારણના આશ્રયથી તારામાં સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્ર રૂપ કાર્ય પ્રગટ કર. આ જ નિયમથી કર્તવ્ય છે.

ચૈતન્ય ભગવાનની પાસે કારણ શુદ્ધ પરિણતિરૂપી તલવાર હાજર જ છે. તેને હાથમાં લેતાં જ (તેનો આશ્રય કરતાં જ) અનંત સંસાર કપાઈ જાય છે. કારણ પરમાત્મા પોતાના કારણ શુદ્ધ પરિણતિરૂપ સિંહાસન પર સદા બિરાજમાન છે, કારણ પરિણતિ પરિપૂર્ણપણે શોભાયમાન છે-આવી પૂર્ણતાને જે માનશે તે જ તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રાપ્ત કરશે અને જે તેને અપૂર્ણ માનશે તે અધૂરો જ રહેશે.

સ્વભાવભૂત જે કારણશુદ્ધપર્યાય તેના આશ્રયથી પ્રગટ થતું પૂર્ણ કાર્ય જેવું છે અર્થાત્ સ્વભાવભૂત કાર્યશુદ્ધપર્યાય જેવી છે તેવી હવે દર્શાવે છે.

કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળવીર્ય-આવા અનંતચતુષ્ટયયુક્ત પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે. જેવી રીતે 'કારણ'માં ચતુષ્ટય લીધા હતા તેવી જ રીતે આ 'કાર્ય'માં પણ ચતુષ્ટય લીધા છે; પરંતુ બંનેમાં તે ચાર ગુણોની સાથે અન્ય અનંત ગુણોની વાત પણ સાથે જ સમજી લેવી જોઈએ.

કારણશુદ્ધપર્યાયમાં જે ચતુષ્ટય કહ્યા તે અનાદિ-અનંત છે અને આ કાર્યશુદ્ધપર્યાયમાં જે ચતુષ્ટય કહ્યા તે સાદિ-અનંત છે. કારણશુદ્ધપર્યાય ત્રિકાળ કર્મની ઉપાધિથી રહિત છે અને કાર્યશુદ્ધપર્યાય પ્રગટ થયા પછી સદાય કર્મની ઉપાધિથી રહિત છે. **કારણશુદ્ધપર્યાય સહજશુદ્ધ નિશ્ચયનયનો વિષય છે અને આ કાર્યશુદ્ધપર્યાય શુદ્ધ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે.**

પૂર્ણ શુદ્ધકાર્ય પ્રગટ કરવું એ જ જીવનું કર્તવ્ય છે અને તે કાર્ય કારણ સ્વભાવના આશ્રયથી પ્રગટ થાય છે. તેથી આમ જાણીને અન્ય બધાનો આશ્રય છોડીને એક કારણ સ્વભાવનો આશ્રય કરવો એ જ આ ઉપદેશનું તાત્પર્ય છે. અહો ! જંગલમાં બેઠા બેઠા મુનિવરોએ સિદ્ધ પરમાત્માની જેમ પોતાના કારણ પરમાત્માની સાથે ધ્યાનની કેલિ કરતાં કરતાં આનંદનો સાગર ઉછાળ્યો છે.

આ રીતે કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય એમ બે પ્રકારે જીવની સ્વભાવ પર્યાયોનું વર્ણન કર્યું. હવે આગળ છએ દ્રવ્યોની અપેક્ષાએ સ્વભાવપર્યાય કહેશે.

કારણ શુદ્ધ પર્યાય જે નિયમસારનો એક મુખ્ય વિષય છે તેનું ગૂઢ અધ્યયન કરનાર જિજ્ઞાસુઓને જ્ઞાત થઈ જશે કે સંતોએ 'કારણ' અને કાર્યની સંધિનું કેવું અદ્ભુત અંતર્મુખી વર્ણન કર્યું છે. આનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મનન-મંથન કરનાર આત્માર્થીના અંતરમાં એવી ભાવોર્મિઓ સ્ફુરિત થાય છે કે જાણે પરિણતિ ઉલ્લસિત થઈ થઈને 'કારણ' ની સાથે ભેટી રહી હોય. વાસ્તવમાં પોતાનું હિતકાર્ય કરવાના ઇચ્છુક જીવોને યથાર્થ કારણ બતાવીને સંતોએ મહાન ઉપકાર કર્યો છે. "न हि कृतमुपकारं साधवो विस्मरन्ति" આ કથન અનુસાર તે સંતોના ઉપકારનું ફરી ફરીને સ્મરણ કરીને તેમને નમસ્કાર કરીએ છીએ.

છએ દ્રવ્યોની સાધારણ તથા સૂક્ષ્મ એવી જે અર્થપર્યાયો થાય છે તે શુદ્ધ છે, તે સૂક્ષ્મ-ૠજુસૂત્રનયનો વિષય છે તથા ષટ્ગુણી વૃદ્ધિ-હાનિ સહિત છે. આ રીતે પહેલા જીવની સ્વભાવપર્યાયોનું અને પછી છ એ દ્રવ્યોની સ્વભાવપર્યાયોનું વર્ણન કર્યું.

નર--નારકાદિ પર્યાયો તે જીવની વિભાવપર્યાયો છે, જે જીવ પર્યાય બુદ્ધિવાળો છે અર્થાત્ વિભાવપર્યાયને જ પોતાનું સ્વરૂપ માને છે, તે જીવ વિભાવપર્યાયોરૂપ પરિણમિત થતો થકો નવાં નવાં શરીર ધારણ કરીને ચાર ગતિમાં ભટકે છે અને જ્ઞાની 'ચિદાનંદ સ્વરૂપ કારણ પરમાત્મા જ હું છું' એમ જાણીને તેની જ ભાવના દ્વારા નિર્મળ પર્યાયરૂપ પરિણમિત થઈને સિદ્ધપદ પ્રાપ્ત કરે છે. હવે આ જ વાત મુનિરાજ શ્લોક દ્વારા કહે છે.

બહુ વિભાવ થવા છતાં પણ સહજ પરમ તત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે એવો આ શુદ્ધ દૃષ્ટિવાળો પુરુષ 'સમયસારથી અન્ય કાંઈ છે જ નહીં' એમ માનીને શીઘ્ર શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીનો વલ્લભ થાય છે.

જુઓ, આ નિશ્ચય-વ્યવહારની સંધિ ! વિભાવ થવા છતાં પણ એમ કહીને પર્યાયમાં જે વ્યવહાર છે તેનો સ્વીકાર કર્યો, પરંતુ 'સમયસારથી' અન્ય કાંઈ છે જ નહીં એમ કહીને શુદ્ધદૃષ્ટિમાં તેનો અભાવ બતાવ્યો-આ પ્રકારે શુદ્ધ દૃષ્ટિથી વિભાવનો નિષેધ કરીને ધર્મી જીવ મુક્તિ પ્રાપ્ત કરે છે. જે બુદ્ધિ સહજ પરમ તત્ત્વના અભ્યાસમાં સંલગ્ન છે તે જ બુદ્ધિ પ્રવીણ છે; વિભાવમાં લાગેલી બુદ્ધિ પ્રવીણ નથી. 'પરમ તત્ત્વનો અભ્યાસ' એ ચારિત્રને સૂચિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરે છે. 'પ્રવીણ બુદ્ધિ' એ સમ્યગ્જ્ઞાનને સૂચિત કરે છે અને 'શુદ્ધદૃષ્ટિ' એ સમ્યગ્દર્શનને સૂચિત કરે છે.

આ પ્રમાણે સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રવાળો પુરુષ, વિભાવનો નિષેધ કરીને ચિદાનંદ સ્વભાવના આશ્રયથી મુક્તિ પ્રાપ્ત કરે છે. અહો ! 'જિન' અને 'જીવ' સમાન છે. કહ્યું છે ને કે-જિન પદ નિજપદ એકતા; ભેદભાવ નહિ કાંઈ.

પ્રત્યેક આત્મા સિદ્ધ સમાન પરિપૂર્ણ સ્વભાવી છે, અજ્ઞાની ભલે પોતાને વિભાવપર્યાય જેટલો જ માને પરંતુ જ્ઞાની તો કહે છે કે તે વ્યવહારથી જ વિભાવપર્યાયરૂપ છે, નિશ્ચયથી તો તે સિદ્ધ જેવો જ છે. એટલા માટે હે જીવ ! તું શુદ્ધદૃષ્ટિથી તારા આત્માને જો ! શુદ્ધસ્વભાવને દૃષ્ટિમાં લઈને તેની ભાવના કરવાથી તું પણ અલ્પકાળમાં સિદ્ધ પરમાત્મા બની જઈશ.

'કારણશુદ્ધપર્યાય'માં મુખ્યતાથી એ બતાવ્યું છે કે જીવના હિતનું સાક્ષાત્ કારણ સ્વયં જીવમાં જ વર્તમાનમાં વર્તી રહ્યું છે તેને ક્યાંય બીજે શોધવા નથી જવાનું જીવે જેના આધારે વર્તમાનમાં પુરુષાર્થ દ્વારા વિશેષ કાર્ય કરવાનું છે તે જો કારણરૂપે વર્તમાનમાં પરિપૂર્ણન હોય તો તે કાર્ય કોના અવલબંનથી પ્રગટ થશે ? 'કારણશુદ્ધપર્યાયે' સંપૂર્ણ દ્રવ્યને વર્તમાનમાં ધારી રાખ્યું છે, તે વર્તમાન નિકટનું કારણ છે તેથી આ એવું ધ્રુવ કારણ છે કે જે કાર્યની સિદ્ધિ થયા પછી પણ સદા તેની સાથે જ વર્તે છે. મતિ-શ્રુતાદિ જ્ઞાન તો પાછળ રહી જાય છે-છૂટી જાય છે. કેવળજ્ઞાનાદિ ચતુષ્ટયની સાથે પંચમભાવરૂપ વર્તનારી કારણશુદ્ધપર્યાય જ છે; સદાય સાથે રહેનારી એવી આ કારણશુદ્ધપર્યાય જ નવા નવા કાર્યનું કારણ છે. જુઓ; આ હમેશાં સાથે રહેનાર સાથી ! જે સાથ છોડી દે તેનો શો ભરોસો ? તેથી અંતર્મુખ થઈને અખંડ કારણરૂપે હમેશાં સાથે વર્તતા એવા પોતાના સ્વભાવનો જ ભરોસો કર, મોક્ષમાં જવા માટે તેનો જ સાથ લે. સિદ્ધપદમાં પણ તે હમેશાં સાથે રહેશે. સંયોગ, વિભાવ તથા જ્ઞાનાદિની અલ્પ વિકસિત પર્યાયો જીવની સાથે હમેશાં નથી રહેતી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ કારણશુદ્ધપર્યાય અનાદિ-અનંત એકરૂપે પ્રત્યેક જીવમાં જુદી જુદી વર્તી રહી છે. જગતમાં સંસારપર્યાય તો સામાન્યરૂપે અનાદિ અનંત છે. પરંતુ તેમાંથી જે જીવ પોતાનું ભાન કરીને મોક્ષમાર્ગ તથા મોક્ષ પ્રગટ કરે છે તેના માટે સંસાર અનાદિ-સાંત છે. મોક્ષપર્યાય પણ જગતમાં સામાન્યરૂપે અનાદિ-અનંત છે, પરંતુ દરેક જીવની અપેક્ષાએ જે જીવે જ્યારથી મોક્ષ પ્રાપ્ત કર્યો ત્યારથી તેના માટે મોક્ષ સાદિ-અનંત છે. તથા જે કારણશુદ્ધપર્યાય છે તે તો દરેક જીવમાં સંસારમાં અથવા મોક્ષમાં અનાદિ-અનંત વર્તે છે. પરંતુ તેની પ્રતીતિ નથી થઈ. તેથી જ્યારે તેની પ્રતીતિ થાય, જ્ઞાન થાય, ત્યારે તેનું કાર્ય (સમ્યગ્દર્શનાદિ) પ્રગટ થાય છે.

જેવી રીતે ઘરમાં નિધાન (સંપત્તિ) પહેલાંથી જ પડ્યું હોય પરંતુ જ્યારે તેની પ્રતીતિ કરીને ઉપભોગ કરવામાં આવે ત્યારે તે કામમાં આવ્યું એમ કહેવાય છે; તેવી જ રીતે કારણ સ્વભાવરૂપ નિધાન તો આત્મામાં અનાદિ-અનંત છે, પરંતુ તેનું ભાન કરીને જ્યારે શ્રદ્ધા-જ્ઞાને તેને પોતાનું કારણ બનાવ્યું ત્યારે કારણનું કારણપણું સફળ થયું અને ત્યારે એવું લાગ્યું કે અહો ! આ કારણ તો મારામાં પહેલાંથી જ હતું **'કારણ'ની પ્રતીતિ પોતે કારણ નથી, પ્રતીતિ તો કાર્ય છે** કાર્ય એટલે સમ્યગ્દર્શનાદિ. આ રીતે સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરનારને જ તેના કારણનું સાચું સ્વરૂપ તથા તેનો મહિમા ખ્યાલમાં આવે છે. અહાહા! કારણ-કાર્યની કેવી અજોડ સંધિ છે?

લોકો કહે છે કે તમે 'કારણ'ને માનો છો કે નહીં ? હા ભાઈ ! અમે કારણને માનીએ છીએ; પરંતુ અમે પૂછીએ છીએ કે સાચું કારણ કાર્ય દેવાવાળી શક્તિ સહિત હોય છે કે શક્તિ રહિત ? જેનામાં કાર્ય દેવાની શક્તિ ન હોય તેને સાચું કારણ કેમ કહી શકાય ? તેથી **નિમિત્ત કારણ અને વ્યવહાર કારણની વાત તો દૂર રહી, તેમાં તો કાર્ય દેવાની શક્તિ છે જ નહીં પરંતુ મોક્ષમાર્ગરૂપ જે કારણ છે તેમાં પણ મોક્ષ દેવાની પૂરી શક્તિ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નથી, મોક્ષનું મૂળ કારણ આત્માની પંચમ ભાવ પરિણતિ છે અર્થાત્ પંચમ ભાવ પરિણતિ સહિત વર્તતો આત્મસ્વભાવ જ મોક્ષનું સાક્ષાત્ મૂળ કારણ છે, તેમાં જ મોક્ષ આપવાની શક્તિ છે.** જેનામાં જે કાર્ય દેવાની શક્તિ હોય, તેને જ તેનું સાચું કારણ કહી શકાય ને ! મોક્ષને માટે બહારનું કારણ નથી મેળવવું પડતું, તેના માટે અંદર સાક્ષાત્ કારણ વિદ્યમાન છે, તેનું અવલંબન લેતાં બાહ્યકારણ તો ત્યાં સ્વયમેવ હોય જ છે.

'કારણશુદ્ધપર્યાય'ના વર્ણન દ્વારા અહીં જે આત્માનું નિકટ કારણપણું બતાવવું છે તેનું સામાન્ય દૃષ્ટાંત આ પ્રમાણે છે. જેવી રીતે રેતી અને લીંડીપીપર બંનેમાં રસગુણ હોવા છતાં પણ, ચોસઠ પહોરી તીખાશ દેવા માટે નિકટનું કારણ લીંડીપીપરમાં છે, તે જ પ્રમાણે **કાર્ય પ્રગટ થવા માટે આત્મામાં ત્રિકાળ સામર્થ્ય હોવા છતાં પણ વર્તમાન વર્તતું તેનું કારણપણું (જેનું અહીં કારણશુદ્ધ પર્યાયરૂપે વર્ણન કર્યું છે) સીધું નિકટના કારણરૂપે બધા જીવોમાં વર્તી રહ્યું છે.** જેવી રીતે નિકટના કારણની અપેક્ષાએ લીંડીપીપર અને રેતીમાં તફાવત બતાવ્યો તે જ રીતે જીવોમાં બે પ્રકારો નથી હોતા કે એક જીવમાં કારણ નિકટ હોય અને બીજામાં નિકટ ન હોય, આ 'કારણ' તો બધા જીવોમાં હમેશાં નિકટ જ (વર્તમાનમાં જ) છે. તેનું કારણપણું સ્વીકારે, બસ કાર્ય પ્રગટ થવામાં એટલી જ વાર છે. છે તો નિકટ જ, પરંતુ અજ્ઞાનના પડદાને કારણે દૂર થઈ ગયું છે, તે અજ્ઞાનના પડદાને ભેદ-વિજ્ઞાન દ્વારા દૂર કરીને સીધો કારણની સાથે સંબંધ જોડતાં નિર્મળકાર્ય પ્રગટ થાય છે તેની આ વાત છે.

જુઓ, ટીકાકાર મુનિરાજે અદ્‌ભુત વાત કરી છે. તે મુનિરાજ કહે છે કે ભગવાન ! તારા કેવળજ્ઞાનનું કારણ તારી નિકટ-તારી પાસે જ છે. તે પૂજિત છે, આદરણીય છે, તેનું શરણ લેવાથી સર્વ મનોરથ સિદ્ધ થઈ જાય છે. કયા મનોરથ ? તો કહે છે કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોક્ષના. મુમુક્ષુને મોક્ષ સિવાય બીજો કયો મનોરથ હોઈ શકે ?

અહીં જે ત્રિકાળી દ્રવ્ય-ગુણ અને કારણશુદ્ધપર્યાયનું સ્વરૂપ કહ્યું તેની જે ભાવના કરશે, તેને સમ્યગ્દર્શનથી શરૂ કરીને સિદ્ધપદ સુધીનાં બધાં શુદ્ધકાર્યો પ્રગટ થશે અને તે પોતાના સર્વ મનોરથના સ્થાનભૂત એવી પરમાનંદરૂપ મોક્ષદશા પ્રાપ્ત કરશે.

આ રીતે સંતોના આશીર્વાદપૂર્વક આ કારણશુદ્ધપર્યાયનું વિવેચન પૂર્ણ થયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## પરમાર્થ વચનિકામાં આગમ-અધ્યાત્મનું સ્વરૂપ

વસ્તુનો જે સ્વભાવ તેને આગમ કહીએ છીએ. આત્માનો જે અધિકાર તેને અધ્યાત્મ કહીએ છીએ. આગમ તથા અધ્યાત્મસ્વરૂપ ભાવ આત્મદ્રવ્યના જાણવા. તે બન્ને ભાવ સંસાર અવસ્થા વિશે ત્રિકાલવર્તી માનવા.

તેનું વિવરણ :- આગમરૂપ કર્મપદ્ધતિ છે; અધ્યાંત્મસ્વરૂપ શુદ્ધ ચેતના પદ્ધતિ છે.

તેનું વિવેચન :- કર્મપદ્ધતિ પૌદ્ગલિક દ્રવ્યરૂપ અથવા ભાવરૂપ છે. દ્રવ્યરૂપ તો પુદ્ગલના પરિણામ છે, ભાવરૂપ પુદ્ગલાકાર આત્માની અશુદ્ધ પરિણતિરૂપ પરિણામ છે – તે બંને પરિણામ આગમરૂપ સ્થાપ્યા. હવે શુદ્ધચેતના પદ્ધતિ-શુદ્ધાત્મપરિણામ, તે પણ દ્રવ્યરૂપ તથા ભાવરૂપ એમ બે પ્રકારે છે. દ્રવ્યરૂપ તો જીવત્વપરિણામ છે; તથા ભાવરૂપ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ અનંતગુણ પરિણામ છે. એ બંને પરિણામ અધ્યાત્મરૂપ જાણવા.

એ આગમ તથા અધ્યાત્મ બન્ને પદ્ધતિમાં અનંતતા માનવી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# કારણ શુદ્ધ પર્યાયની વાત પરમાર્થ વચનિકા ઉપરનાં પ્રવચનોમાં

કવિવર પં. બનારસદાસજીએ પરમાર્થ વચનિકામાં આગમ-અધ્યાત્મના સ્વરૂપનું વર્ણન કર્યું છે તેમાં પણ **અધ્યાત્મરૂપ શુદ્ધ ચેતના પદ્ધતિનું વર્ણન કરીને આ વાત (કારણ શુદ્ધ પર્યાય) બતાવી છે.** ત્યાં અંતમાં તો ત્યાં સુધી કહ્યું છે કે, **'કેટલુંક કહીએ ? આ વસ્તુ વચનાતીત છે, ઇન્દ્રિયાતીત છે, જ્ઞાનાતીત અર્થાત્ તર્કાતીત છે; જે જાણકાર હશે તે થોડું લખ્યું ઝાઝું કરીને સમજશે! જે અંતરની આ વાત સમજશે તેનું કલ્યાણ થયા વિના નહિ રહે.** નિયમસારની ત્રીજી ગાથામાં જેનું વર્ણન 'શુદ્ધ ચેતના પરિણામ' કહીને કરવામાં આવ્યું છે તેનું વર્ણન અહીં 'શુદ્ધ ચેતનાપદ્ધતિ' કહીને કર્યું છે. આ ખૂબ સારી વાત છે તેથી તેનું વિવેચન થઈ રહ્યું છે. આ સાંભળતી વખતે બીજી વાતોને લક્ષ્યમાંથી દૂર કરીને આ સમજવું જોઈએ કે આ વાત કઈ પદ્ધતિથી કહેવામાં આવી રહી છે.

''વસ્તુનો જે સ્વભાવ તેને આગમ કહે છે. આત્માનો જે વિષય તેને અધ્યાત્મ કહે છે. આગમ તથા અધ્યાત્મસ્વરૂપભાવ આત્મદ્રવ્યના જાણવા. તે બંને ભાવો સંસાર અવસ્થામાં ત્રિકાલવર્તી માનવા.'' (પરમાર્થ વચનિકા)

જુઓ, આ ગુલાબજાંબુ જેવો રસપૂર્ણ અધિકાર પીરસવામાં આવી રહ્યો છે. **વાત સૂક્ષ્મ છે જેની સમજણમાં આવે તેણે સમજવું અને જેને ન સમજાય તેણે 'આ કોઈ અચિંત્ય મોક્ષમાર્ગનું વર્ણન થઈ રહ્યું છે' એમ મહિમા લાવીને સાંભળવું.**

શાસ્ત્રોને આગમ કહે છે એ વાત તો અહીં છે જ નહિ. વળી જેમાં છ દ્રવ્યોનું વર્ણન હોય તે આગમ અને જેમાં આત્માનું જ મુખ્યતાથી વર્ણન હોય તે અધ્યાત્મ એવો આગમ-અધ્યાત્મનો અર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ અહીં નથી. અહીં તો પદ્ધતિ જ જુદી છે. **'વસ્તુનો જે સ્વભાવ તેને આગમ કહે છે. 'વસ્તુનો સ્વભાવ' કહીને અહીં 'પર્યાય સ્વભાવ' કહેવો છે. આગમ પદ્ધતિ તથા અધ્યાત્મ પદ્ધતિ એ બંનેમાં અહીં પરિણામની જ વાત છે.** વિકારીભાવ મૂળ દ્રવ્યગુણમાં નથી, પરંતુ પર્યાયમાં અનાદિથી પરંપરાગત થતા રહે છે તેથી તે આગમપદ્ધતિરૂપ છે. એક સમય પૂરતી પર્યાય તે વિકારીભાવને ધારી રાખે છે તેથી તે વિભાવપર્યાયનો સ્વભાવ છે. વિકારના નિમિત્તપણે જડકર્મ છે તેને પણ આગમ પદ્ધતિમાં લીધા છે.

અધ્યાત્મ પદ્ધતિ તો આત્માના સ્વાભાવિક પરિણામ છે તથા આગમ પદ્ધતિ આત્મા સાથે સંબંધ રાખનારા પરિણામ છે. આત્માની પર્યાયમાં વિકાર અનાદિથી પરંપરાગત થયા કરે છે તથા તેના નિમિત્તરૂપ કર્મનો સંબંધ પણ અનાદિકાળથી છે. તે વિકાર તથા કર્મ નથી આત્માના સ્વભાવમાં કે નથી પુદ્ગલના સ્વભાવમાં. કર્મરૂપ થવાનો ત્રિકાળીગુણ પુદ્ગલમાં નથી તે તો ક્ષણિક આગંતુકભાવ છે. જેને અહીં આગમ પદ્ધતિ કહેલ છે. આગમ પદ્ધતિ આત્માનો મૂળ સ્વભાવ નથી પરંતુ આત્માની સાથે ક્ષણિક સંબંધ રાખનારા પરિણામ છે.

આત્માનો જે અધિકાર તેને અધ્યાત્મ કહે છે. **અધ્યાત્મ પદ્ધતિમાં ત્રિકાળ શુદ્ધ ચેતના પરિણામ લીધા છે જે આત્માનો મૂળ સ્વભાવ છે તેથી તેને આત્માનો અધિકાર કહેવામાં આવ્યો છે.** આ આગમ તેમજ અધ્યાત્મ સ્વરૂપ ભાવ આત્મદ્રવ્યના જાણવા. અધ્યાત્મ સ્વરૂપ ભાવ તો આત્માના શુદ્ધ સ્વભાવ પરિણામ છે તથા આગમરૂપ ભાવ ક્ષણિક વિભાવરૂપ છે જેમાં કર્મ નિમિત્ત છે તેથી તે કર્મને પણ અહીં આત્માનો ભાવ કહેલ છે.

નિયમસારમાં તો અનેક જગ્યાએ આ વિષયનું વર્ણન છે. **નિયમસારની ત્રીજી ગાથામાં શુદ્ધ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને 'કાર્ય નિયમ' કહ્યો છે અને તેની સાથે શુદ્ધજ્ઞાનચેતના પરિણામને 'કારણ**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**નિયમ' કહેલ છે. આ રીતે નિયમસારની શરૂઆતમાં જ કારણ શુદ્ધ પર્યાયનો સંકેત કરી દીધો છે.** પછી દસમી ગાથામાં ઉપયોગના ભેદોનું વર્ણન કરતાં **કારણ સ્વભાવ જ્ઞાનોપયોગ તથા કાર્ય સ્વભાવ જ્ઞાનોપયોગની વાત કહી છે તેમાં પણ આ જ ધ્વનિ છે.** કારણ જ્ઞાનને ૧૧-૧૨ ગાથામાં સ્વરૂપ પ્રત્યક્ષ કહ્યું છે અને આ કથનને 'બ્રહ્મોપદેશ' કહેલ છે. તે પછી ૧૩ મી ગાથામાં કારણ સ્વભાવ દર્શનોપયોગનું અથવા કારણદૃષ્ટિ અને કાર્યદૃષ્ટિનું મુખ્ય વર્ણન કરીને તેમાં આ વાત રાખી દીધી છે. ૧૫ મી ગાથામાં સ્વભાવ પર્યાયના કારણ શુદ્ધ પર્યાય અને કાર્ય શુદ્ધ પર્યાય એવા બે પ્રકારોનું વર્ણન કરેલ છે. તેમાં આ કારણ શુદ્ધ પર્યાયનું સ્પષ્ટ વર્ણન કર્યું છે. આ સિવાય અન્ય અનેક જગ્યાએ પણ આ વાતના સંકેતો પદ્મપ્રભમલધારિદેવે આપ્યા છે. સ્થાન-સ્થાન પર કારણ અને કાર્યનું એક સાથે વર્ણન કર્યું છે જેથી માત્ર ક્ષણિક કાર્યની પર્યાયબુદ્ધિ ન ઊપજે પરંતુ કારણરૂપ ધ્રુવ સ્વભાવોન્મુખ થઈને પર્યાય નિર્મળ થાય તે જ સાચું કાર્ય છે.

**સમયસાર** ગાથા-૯૦ **માં કહ્યું છે કે 'પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ નિરંજન અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્ર ભાવરૂપે એક પ્રકારનો જ છે.' આમાંથી પણ કારણ શુદ્ધ પર્યાયનો જ ધ્વનિ પ્રગટ થાય છે.** (આ ઉપયોગ પોતે કારણશુદ્ધ પર્યાયરૂપ નથી.)

આ આગમરૂપ તથા અધ્યાત્મરૂપ બંને ભાવો સંસાર અવસ્થામાં ત્રિકાળવર્તી માનવા. જુઓ, આમાં મૂળ મુદ્દો એ છે કે **સંસાર અવસ્થા વખતે પણ અધ્યાત્મ પદ્ધતિરૂપ શુદ્ધચેતના પરિણામ સદા વર્તી રહ્યા છે. આ મુખ્ય અલૌકિક વાત છે; આમાંથી કારણ શુદ્ધ પર્યાયનો ધ્વનિ નીકળે છે.**

અહીં પરમાર્થ વચનિકામાં આગમ પદ્ધતિ તથા અધ્યાત્મ પદ્ધતિ-એ બંનેમાં પરિણામની એટલે કે પર્યાયની વાત છે. એ બંને સંસાર દશામાં ત્રિકાળવર્તી છે. પરંતુ એમાં એટલો તફાવત છે કે અધ્યાત્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પદ્ધતિરૂપ શુદ્ધ ચેતના પરિણતિ તો સંસારમાં તેમજ મોક્ષમાં બંનેમાં અનાદિ-અનંત એકરૂપ વર્તે છે; અને આગમ પદ્ધતિના પરિણામ સંસાર દશામાં જ હોય છે, તેઓ એકરૂપ હોતા નથી. બધા જીવોને આ બંને પ્રકારના ભાવો સંસારમાં સદા વર્તે છે.

આ વાત બધાએ ધ્યાનથી સાંભળવી જોઈએ. આ વાત સાંભળવા મળવી પણ દુર્લભ છે તથા જે સમજી લે તેની તો વાત જ શું?

અહીં આગમ તથા અધ્યાત્મસ્વરૂપ ભાવ આત્મદ્રવ્યના જાણવા તથા સંસાર દશામાં તેને ત્રિકાળવર્તી માનવા એમ કહ્યું, તેમાં જાણવા અને માનવારૂપ જે નિર્મળ પર્યાય છે તેનું ફળ મોક્ષ છે. અધ્યાત્મ તથા આગમ એ બંને પદ્ધતિઓને જાણવાથી જીવના શુદ્ધ સ્વરૂપભાવ અને ક્ષણિક વિભાવરૂપભાવ-એ બંનેનું ભેદજ્ઞાન થઈને મોક્ષમાર્ગની શરૂઆત થઈ જાય છે. આ મોક્ષમાર્ગની પર્યાય તો નવી અપૂર્વ પ્રગટ થાય છે તથા આગમ પદ્ધતિ અને અધ્યાત્મ પદ્ધતિ તો જ્ઞાની તેમજ અજ્ઞાની બધા જીવોને અનાદિકાળથી સંસારમાં પ્રવર્તમાન જ છે. અનાદિ સંસારથી બધા જીવોને આગમ તથા અધ્યાત્મરૂપ ભાવો તો વર્તી જ રહ્યા છે. તેમાં આગમરૂપ કર્મપદ્ધતિ છે અને અધ્યાત્મરૂપ શુદ્ધ ચેતના પદ્ધતિ છે.

(૧) જડકર્મ તથા જડકર્મના ઉદયમાં થતા વિકારીભાવો બંનેની પરંપરા અનાદિથી ચાલી આવે છે. એ બંને કર્મપદ્ધતિમાં આવે છે તથા આગમરૂપ છે. (૨) તથા તેમની સાથે જ શુદ્ધ ચેતના પરિણામોની પરંપરા પણ અનાદિથી ચાલી આવે છે તે શુદ્ધ ચેતના પદ્ધતિ એટલે કે અધ્યાત્મરૂપ પદ્ધતિ છે. હવે 'કર્મ પદ્ધતિ' તથા 'શુદ્ધ ચેતના પદ્ધતિ' એ બંનેનું વિવેચન કરે છે.

**(૧) આગમરૂપ કર્મપદ્ધતિ :** "કર્મપદ્ધતિ પૌદ્‌ગલિક દ્રવ્યરૂપ અથવા ભાવરૂપ છે. તેમાં દ્રવ્યરૂપ તો પુદ્‌ગલના પરિણામ છે તથા ભાવરૂપ પુદ્‌ગલાકાર આત્માના અશુદ્ધ પરિણતિરૂપ પરિણામ છે. આ બંને પ્રકારના પરિણામોની સ્થાપના આગમરૂપે કરવામાં આવી છે. પુદ્‌ગલમાં અનાદિ પ્રવાહથી કર્મરૂપ અવસ્થા ચાલી આવે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે દ્રવ્યરૂપ કર્મપદ્ધતિ છે અને જીવના મૂળ સ્વભાવમાં અશુદ્ધતા ન હોવા છતાં પણ પર્યાયમાં અનાદિથી અશુદ્ધતાની પરંપરા ચાલી આવે છે તે ભાવરૂપ કર્મપદ્ધતિ છે. જીવની અશુદ્ધ પરિણતિ પુદ્‌ગલકર્મના આશ્રયે થાય છે તેથી તે અશુદ્ધતાને 'પુદ્‌ગલાકાર' કહેલ છે. પુદ્‌ગલમાં આઠ કર્મરૂપ અવસ્થા છે તે દ્રવ્યરૂપ કર્મપદ્ધતિ છે તથા તેના નિમિત્તથી થતી જીવની અશુદ્ધ પરિણતિ તે ભાવરૂપ કર્મપદ્ધતિ છે. અહીં એ વાતનો ખ્યાલ રાખવો કે જે રીતે આ કર્મપદ્ધતિ પરિણામરૂપ છે તે જ રીતે શુદ્ધ ચેતના પરિણતિ પણ પરિણામરૂપ છે જેનું વર્ણન આગળ કરશે.

પ્રશ્ન : ત્રિકાળી દ્રવ્ય-ગુણમાં વિકાર ન હોવા છતાં પણ પર્યાયમાં વિકાર કેમ થાય છે ? શું તે વિકાર દ્રવ્ય-ગુણમાંથી આવે છે ?

ઉત્તર : ત્રિકાળી દ્રવ્ય-ગુણમાં વિકાર ન હોવા છતાં પણ પર્યાયમાં વિકાર થાય છે ત્યાં એવો જ કર્મપદ્ધતિનો સ્વભાવ છે એટલે કે તે તે પર્યાયનો એવો જ અહેતુકસ્વભાવ છે. તે વિકાર દ્રવ્ય-ગુણમાંથી પણ નથી આવ્યો અને અન્ય દ્રવ્યોમાંથી પણ નથી આવ્યો પરંતુ તે પર્યાય વિકારી ભાવરૂપે પરિણમિત થઈ છે–એવો જ તે પર્યાયનો સ્વભાવ છે. જુઓ, પુદ્‌ગલ પરમાણુઓમાં એવો કોઈ ત્રિકાળી ગુણ નથી કે તે કર્મરૂપ પરિણમે તો પણ તે કર્મરૂપ પરિણમે છે. એ જ રીતે જીવમાં પણ એવી કોઈ ત્રિકાળી શક્તિ નથી કે જે વિકાર ઉત્પન્ન કરે છતાં તેની પર્યાયમાં વિકાર થાય છે. એનું કારણ એ છે કે એવી જ એ પર્યાયની યોગ્યતા છે, એવો જ તે પર્યાયનો અહેતુક સ્વભાવ છે.

આ બાબતમાં ચિદ્વિલાસ ગ્રંથમાં કહ્યું છે કે જેવી રીતે પુદ્‌ગલમાં સ્કંધ-વિકાર થાય એવો પુદ્‌ગલમાં કોઈ ગુણ નથી; પરંતુ તે પુદ્‌ગલ વસ્તુના પરિણામ તે સ્કંધ-વિકારભાવરૂપ સ્વાંગ ધારણ કરીને પરિણમિત થાય છે, બીજા કોઈ દ્રવ્યના પરિણામ તે કર્મવિકાર ભાવને ધારણ કરીને પરિણમિત નથી થતા, પરંતુ આ એક પુદ્‌ગલ જ તે સ્વાંગ ધારણ કરીને પ્રવર્તમાન થાય છે તે સત્ય છે. તે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ પ્રકારે આ જીવવસ્તુના પરિણામ પણ રંજક-મલિન, સંકોચ, વિસ્તાર, અજ્ઞાન, મિથ્યાદર્શન, અવિરતિ વગેરે ચેતન વિકારરૂપ થઈને પરિણમિત થાય છે. આવો ચિદ્વિકારભાવ તે ચેતનદ્રવ્યના પરિણામોમાં જોવા મળે છે. અચેતનદ્રવ્યના પરિણામોમાં તે કદી પણ જોવામાં નથી આવતા આ વાત નિઃસંદેહ છે.

આ રીતે જે વિકારભાવ છે તે પોતપોતાના પરિણામોમાં થાય છે તથા તે તે દ્રવ્યના પરિણામોને આશ્રયે તે વિકાર થાય છે. તેથી તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે. અહીં એટલું જ દર્શાવવું છે કે ત્રિકાળી દ્રવ્ય તેમજ ગુણમાં વિકાર ન હોવા છતાં પર્યાયમાં વિકાર થાય છે એવો જ એનો સ્વભાવ છે. તેમાંથી પુદ્‌ગલમાં કર્મરૂપ વિકારી અવસ્થાની જે પરંપરા અનાદિથી ચાલી રહી છે તે દ્રવ્યરૂપ કર્મપદ્ધતિ છે અને જીવમાં અશુદ્ધતારૂપ વિકારી અવસ્થાની જે પરંપરા અનાદિથી ચાલી રહી છે તે ભાવરૂપ કર્મપદ્ધતિ છે.

કર્મ પદ્ધતિના દ્રવ્યરૂપ અને ભાવરૂપ એ બંને પ્રકારના પરિણામોની આગમરૂપ સ્થાપના કરી છે. આ કર્મ પદ્ધતિના પરિણામ મોક્ષગામી ભવ્ય જીવોને અનાદિ-સાંત હોય છે અને મોક્ષ માટે અયોગ્ય જીવોને અનાદિ-અનંત હોય છે. આ રીતે જીવને જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી આ પરિણામોની પરંપરા ત્રિકાળવર્તી માનવી તથા અધ્યાત્મસ્વરૂપ શુદ્ધ ચેતના પદ્ધતિમાં જે શુદ્ધ પરિણામોની પરંપરા છે. તે તો સર્વ જીવોને અનાદિ અનંત-પ્રતિસમય વર્તે છે એમ જાણવું.

જુઓ, અહીં કર્મ પદ્ધતિને આગમ કહીને આગમની વ્યાખ્યા પણ ભિન્ન શૈલીથી કરી છે; અને શુદ્ધ ચેતના પદ્ધતિને અધ્યાત્મ કહીને તેની વ્યાખ્યા પણ ભિન્ન પ્રકારે કરશે.

જીવમાં વિકાર અને પુદ્‌ગલ કર્મ – એ બંને પરિણામોની સિદ્ધિ આગમરૂપે કરી. આવી જ અનાદિ પરંપરા છે. આમાં 'આમ કેમ?' એવો કોઈ તર્ક અસ્થાને છે. પોતપોતાના કારણે આવી પર્યાયો થાય છે. એવો જ કર્મ પદ્ધતિનો સ્વભાવ છે. વિકાર વસ્તુનો મૂળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવ નથી પરંતુ આગંતુક ભાવ છે. તે અનાદિ પરંપરાથી ચાલ્યો આવે છે તેથી તેને 'આગમ' કહેલ છે. જીવના દ્રવ્ય-ગુણમાં વિકાર નથી છતાં પણ પર્યાયમાં વિકાર થયો, તે જ રીતે પુદ્ગલના દ્રવ્ય-ગુણમાં કર્મરૂપ થવાનો સ્વભાવ ન હોવા છતાં પણ પુદ્ગલમાં કર્મરૂપ પર્યાય થઈ; કેમ કે વસ્તુનો એવો જ કોઈ અહેતુક સ્વભાવ છે. વસ્તુના આવા સ્વભાવને જાણી લે તો ભેદજ્ઞાન થયા વિના ન રહે. આ રીતે આગમરૂપ કર્મપદ્ધતિનું વિવેચન પૂરું થયું.

**(૨) અધ્યાત્મરૂપ શુદ્ધ ચેતના પદ્ધતિ :** શુદ્ધ ચેતના પદ્ધતિ અર્થાત્ શુદ્ધાત્મ પરિણામ પણ દ્રવ્યરૂપ તથા ભાવરૂપ એમ બે પ્રકારે છે. તેમાં દ્રવ્યરૂપ તો જીવત્વ પરિણામ છે અને ભાવરૂપ જ્ઞાન-દર્શન સુખ-વીર્યાદિ અનંતગુણ પરિણામ છે. આ બંને પ્રકારના પરિણામો અધ્યાત્મરૂપ જાણવા. અહીં નિયમસારની કારણ શુદ્ધ પર્યાય સાથે સંધિવાળી જે મુખ્ય વાત છે તે આ શુદ્ધચેતનારૂપ અધ્યાત્મ પદ્ધતિમાંથી નીકળે છે. જ્ઞાન-દર્શન-સુખ-વીર્યાદિ સમસ્ત ગુણોમાં સંસાર અવસ્થાના સમયે પણ શુદ્ધ પરિણામોની પરંપરા વર્તી રહી છે. તે કયા શુદ્ધ પરિણામ છે કે જે સંસારીને પણ વિદ્યમાન હોય છે ?

સંસાર દશા વખતે જે પ્રગટ ઉત્પાદરૂપ પરિણામ છે તે કાંઈ શુદ્ધ નથી, તેમાં તો અશુદ્ધતા છે. જો પ્રગટ ઉત્પાદ પરિણામોમાં સદા શુદ્ધતા જ હોય તો કોઈ જીવને સંસાર જ ન હોય. તેથી આ પ્રગટ ઉત્પાદરૂપ પરિણામોની વાત નથી. તેમ જ ત્રિકાળી દ્રવ્ય ગુણોની પણ આ વાત નથી. કેમ કે આગમ તેમ જ અધ્યાત્મ બંને પદ્ધતિઓમાં પરિણામોની જ વાત છે.

અધ્યાત્મ પદ્ધતિમાં જે ત્રિકાળવર્તી શુદ્ધ પરિણામ કહ્યા છે તે ધ્રુવરૂપ છે, સદા સદૃશ પરિણામરૂપ છે. જીવદ્રવ્યમાં ધ્રુવ પરિણતિરૂપ શુદ્ધ પરિણામોની જે પરંપરા છે તે દ્રવ્યરૂપ શુદ્ધ ચેતનાપદ્ધતિ છે, તથા જ્ઞાન-દર્શનાદિ પ્રત્યેક ગુણમાં ધ્રુવ પરિણતિરૂપ શુદ્ધ પરિણામોની જે પરંપરા છે તે ભાવરૂપ શુદ્ધ ચેતના પદ્ધતિ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્યરૂપ શુદ્ધ ચેતના પદ્ધતિમાં તો પૂર્ણ જીવ દ્રવ્યના પરિણામ લીધા છે અને ભાવરૂપ શુદ્ધ ચેતના પદ્ધતિમાં પ્રત્યેક ગુણના પરિણામ લીધા છે.

નિયમસારની ત્રીજી ગાથામાં 'શુદ્ધ જ્ઞાનચેતના પરિણામો' ને સ્વભાવ અનંત ચતુષ્ટયાત્મક કહ્યા છે અને અહીં 'શુદ્ધ ચેતના પદ્ધતિ' કહીને તેમાં અનંત ગુણોના પરિણામ લીધા. 'શુદ્ધ ચેતના પરિણામ'-થી એકલા જ્ઞાન-દર્શનના પરિણામોની જ વાત છે એમ ન સમજવું. પરંતુ અભેદરૂપે એમાં અનંત ગુણોના પરિણામ આવી જાય છે, તેમને અહીં 'જીવત્વ પરિણામ' કહ્યા છે.

આ રીતે જીવદ્રવ્યમાં તથા તેના સમસ્ત ગુણોમાં સદૃશરૂપ શુદ્ધ પરિણામ અનાદિ-અનંત પારિણામિકભાવરૂપે શુદ્ધ કારણરૂપે વર્તી રહ્યા છે તેને અહીં અધ્યાત્મરૂપ શુદ્ધ ચેતના પદ્ધતિ કહેવામાં આવી છે. નિયમસારમાં એનું વર્ણન કારણ શુદ્ધ પર્યાયરૂપે કર્યું છે. આ કારણ શુદ્ધ પરિણામ બધા જીવોમાં ત્રિકાળ વર્તમાન વર્તી રહ્યા છે. સંસાર દશા વખતે પણ છે અને અજ્ઞાનીને પણ છે. 'પરિણામ' કહેવા છતાં પણ તેનો દ્રવ્યાર્થિકનયના વિષયમાં સમાવેશ થાય છે.

જુઓ, આ ભાવો આત્મામાંથી આવે છે; આત્માના સ્વભાવમાં જે વસ્તુ પ્રવર્તમાન છે તેને વિષય કરીને આ વાત છે. આ અંતરની સમજવા યોગ્ય અલૌકિક વાત છે. આગમ પદ્ધતિમાં જીવના વિકારી પરિણામોને પુદ્‌ગલાકાર કહ્યા હતા. અહીં અધ્યાત્મ પદ્ધતિમાં ચેતના પરિણામ અર્થાત્ કારણ શુદ્ધ પર્યાય છે તે જીવના સ્વભાવાકારરૂપ છે. સ્વભાવાકાર પરિણતિ જીવમાં સદા શુદ્ધરૂપે પ્રવર્તમાન છે. પદ્ધતિનો શો અર્થ છે ? પરંપરાગત પ્રવાહ અથવા રીત રિવાજ; પરંપરાથી જે રિવાજ ચાલ્યો આવતો હોય તેને પદ્ધતિ કહેવાય છે. ભાઈ! શુદ્ધ ચેતના પરિણામની પરંપરા જ તારા આત્માની પદ્ધતિ છે; તેમાં જ તારા આત્માનો અધિકાર છે. વિકારની પરંપરામાં આત્માનો અધિકાર નથી એટલે કે આત્માના સ્વભાવમાં વિકારનું સ્વામિત્વ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્મપદ્ધતિરૂપ પર્યાય તે આગમ અને શુદ્ધચેતના પદ્ધતિરૂપ પર્યાય તે અધ્યાત્મ-આ બંને અનાદિથી જ એકસાથે ચાલ્યા આવે છે, છતાં પણ આગમમાં અધ્યાત્મ નથી અને અધ્યાત્મમાં આગમ નથી એટલે કે વિકારની પરંપરામાં આત્માનો સ્વભાવ નથી અને આત્માના સ્વભાવ પરિણામની પરંપરામાં વિકારનો અધિકાર નથી. તેથી વિકારમાં શોધવાથી આત્મા નહિ મળે. શુદ્ધતાની પદ્ધતિમાં જ આત્માનો અધિકાર છે. જેમાં આત્માનું સ્વામિત્વ છે, જે પરિણામમાં આત્મા સદા વિદ્યમાન છે એવા શુદ્ધ ચેતનાના રીતિ રિવાજ રૂપ શુદ્ધાત્મ પરિણામ છે. તે અધ્યાત્મરૂપ છે, તેમાં આત્માનો અધિકાર છે તેથી તેની સન્મુખતાથી આત્મા પ્રાપ્ત થાય છે. અનાદિથી પરંપરાગત વિકાર તથા કર્મની જે ધારા ચાલી રહી છે તેને અહીં આગમ પદ્ધતિ કહી છે. અનાદિથી પરંપરાગત શુદ્ધતાની ધારા અર્થાત્ શુદ્ધ ચેતના પરિણતિરૂપ ધારા જે ચાલી રહી છે તેને અહીં અધ્યાત્મ પદ્ધતિ કહી છે. આ રીતે વિકાર તેમજ શુદ્ધતા બંનેની ધારા અનાદિ પરંપરાથી ચાલી રહી છે. એમાંથી અહીં શુદ્ધતાની ધારાને (કારણ શુદ્ધ પર્યાયને) કારણરૂપે સ્વીકારવામાં આવી છે જેનાથી મોક્ષમાર્ગરૂપ નિર્મળ પર્યાયની ધારા શરૂ થાય છે.

અહીં મુખ્યપણે બે જ વિભાગ કર્યા છે. એક બાજુ જડકર્મ અને તે તરફના ભાવરૂપ પુદ્ગલાકાર અશુદ્ધ પરિણતિ જે કર્મપદ્ધતિ છે અને બીજી બાજુ શુદ્ધ ચેતના સ્વભાવ તથા તે સ્વભાવાકારરૂપ શુદ્ધ ચેતના પરિણતિ જે શુદ્ધ ચેતના પદ્ધતિ છે. તેમાંથી કર્મપદ્ધતિ તરફનું વલણ તે સંસારપદ્ધતિ છે અને શુદ્ધ ચેતના પદ્ધતિ તરફનું વલણ તે મોક્ષમાર્ગ છે.

આગમ તથા અધ્યાત્મ બંને પદ્ધતિઓમાં અનંતતા કહી એનો અર્થ એવો સમજવો કે આગમરૂપ કર્મ પદ્ધતિમાં તો જીવના વિકાર અનંત પ્રકારના છે તથા તેના નિમિત્તરૂપ કર્મમાં પણ પુદ્ગલ અનંતાનંત છે. તેથી આગમ પદ્ધતિમાં અનંતતા છે. વળી અધ્યાત્મપદ્ધતિ શુદ્ધ જીવદ્રવ્યને આશ્રિત છે, તેમાં પણ જ્ઞાન-દર્શન-સુખ-વીર્યાદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનંત ગુણો હોવાથી તે અનંત ગુણોના અનંત પરિણામ એક સમયમાં છે તેથી અધ્યાત્મ પદ્ધતિમાં પણ અનંતતા આવી. આ રીતે બંને પદ્ધતિઓમાં અનંતતા સમજવી. વિભાવની પરંપરા અનાદિથી ચાલી રહી છે તેને આગમ પદ્ધતિ કહી છે.

જગતમાં એક તરફ કર્મ અને વિકાર પ્રવાહરૂપે અનાદિ-અનંત છે અને બીજી તરફ શુદ્ધચેતના પદ્ધતિ-કારણ શુદ્ધ પર્યાય અનાદિ-અનંત છે. બધા જીવોની અપેક્ષાએ જગતમાં આ બંને ધારાઓ અનાદિ-અનંત ચાલી રહી છે. પરંતુ તેનું ભાન કરીને ભેદજ્ઞાન કરનારને પોતાને માટે કર્મ તથા વિકાર અનાદિ-સાંત થઈ જાય છે અને કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે કારણ-શુદ્ધપર્યાય તો બધા જીવોમાં અનાદિ-અનંત છે. 'કારણ'ની સન્મુખ થતાં જ નિર્મળ કાર્ય પ્રગટ થઈ જાય છે અને આગમ પદ્ધતિ (કર્મ તથા વિકાર) છૂટી જાય છે. જ્ઞાનીને પણ જેટલો વિકાર થાય છે તેનો આગમ પદ્ધતિમાં સમાવેશ થાય છે અને જે શુદ્ધતા પ્રગટ થઈ છે તે મોક્ષમાર્ગરૂપ છે. આત્માના સહજ શુદ્ધચેતના પરિણામરૂપ અધ્યાત્મ પદ્ધતિ અનાદિ-અનંત છે જેના આશ્રયથી મોક્ષમાર્ગ તથા મોક્ષરૂપી કાર્ય પ્રગટ થાય છે. આ રીતે કારણ શક્તિના મનનથી (એકાગ્રતાથી) કાર્ય પ્રગટ થઈ જાય છે.

સમસ્ત સંસારી જીવોને અનાદિ-અનંત ચાર પ્રકાર વર્તે છેઃ (૧) નવી નવી વિકારી પર્યાય પ્રતિ સમય થઈ રહી છે, (૨) જડકર્મની અવસ્થા નવી નવી થઈ રહી છે - આ બંને પ્રકાર આગમ પદ્ધતિમાં આવે છે. (૩) દ્રવ્યના સદૃશ વર્તમાનરૂપ શુદ્ધ આત્મ પરિણામ અથવા જીવત્વ પરિણામ. (૪) અનંત ગુણોની સદૃશરૂપ શુદ્ધ પરિણતિ-આ બંને પ્રકાર અધ્યાત્મ પદ્ધતિમાં આવે છે.

આમાંથી શુદ્ધપરિણામરૂપ અધ્યાત્મ પદ્ધતિમાં આત્માનો અધિકાર છે એટલે કે તે આત્માનો મૂળ સ્વભાવ છે. અહીં જે ચાર પ્રકાર કહ્યા છે તે ચારેયમાં 'પરિણામ' ની વાત છે. 'જીવ તથા પુદ્ગલ' એ બંને ત્રિકાળી દ્રવ્યોને એમ ને એમ રાખીને અહીં પરિણામની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરંપરા બતાવી છે. તેમાં અધ્યાત્મ પદ્ધતિમાં જે શુદ્ધ ચેતના પરિણામ (દ્રવ્યરૂપ તથા ભાવરૂપ) કહ્યા છે તે પરિણામ ઉત્પાદ-વ્યયરૂપ નથી - વિસદ્દશ નથી; પરંતુ સદા એકરૂપ સદ્દશરૂપ પ્રવર્તમાન છે. સદાય જીવ દ્રવ્યમાં નિમગ્ન તન્મયરૂપ શુદ્ધ પરિણતિ ધ્રુવરૂપે સદા જીવની સાથે જ વર્તે છે, તેની આ વાત છે. આ વાત મોક્ષમાર્ગ કે મોક્ષપરિણતિની પણ નથી. હા, એટલું જરૂર છે કે આ ધ્રુવ પરિણતિ શુદ્ધ કારણરૂપે વર્તે છે, તેના આશ્રયથી મોક્ષમાર્ગ અને મોક્ષપર્યાય પ્રગટ થઈ જાય છે. ત્રિકાળી સ્વભાવનું વર્તમાન પરિણમન સદા એકસમાન શુદ્ધરૂપ થઈ રહ્યું છે અને તે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું તેમ જ મોક્ષનું આધારરૂપ કારણ છે.

અહો ! જેણે આ વાતનો સ્વીકાર કર્યો તે જીવ મોક્ષમાર્ગી થઈ ગયો. દ્રવ્યસ્વભાવનું વર્તમાન પરિણમન મારા માટે પૂર્ણ કારણરૂપ -વર્તી રહ્યું છે, એવી જ્યાં સ્વીકૃતિ આવી ત્યાં અપૂર્વ સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગનો પ્રારંભ થઈ જાય છે. સર્વજ્ઞ ભગવાનના માર્ગ સિવાય વસ્તુ સ્વભાવની આવી અલૌકિક વાત બીજે ક્યાંય ત્રણ કાળમાં ન હોઈ શકે અને સર્વજ્ઞના ભક્ત સિવાય કોઈ પણ આ વાતને યથાર્થપણે માનવા સમર્થ નથી. આ વાતનો યથાર્થપણે સ્વીકાર કરનારને વર્તમાન વર્તતી પૂર્ણ વસ્તુ શ્રદ્ધામાં આવી જાય છે અને તેથી તે સમ્યગ્દ્રષ્ટિ થઈ જાય છે.

ભાઈ ! આ જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવના માર્ગનું રહસ્ય છે. પ્રત્યેક આત્મા આવા પરિણામવાળો છે અને જગતમાં આવા અનંત આત્માઓ છે. આ વાતની યથાર્થ સમજણ સર્વજ્ઞ થવાનો માર્ગ છે. અહો ! કવિવર પં. બનારસીદાસજીએ આ 'પરમાર્થ વચનિકા'માં આગમ-અધ્યાત્મનું સ્વરૂપ લખીને અલૌકિક વાત કરી છે. જે જીવ અંતરંગ પ્રીતિપૂર્વક આ વાત સાંભળશે, સમજશે, શ્રદ્ધા કરશે, તેનું અવશ્ય અપૂર્વ કલ્યાણ થઈ જશે.

**સમાપ્ત**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ પુસ્તિકામાં સંકલિત "કારણ શુદ્ધ પર્યાય" ઉપરનાં પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનો આજથી આશરે ૫૦ વર્ષ પહેલાં થયેલાં. ત્યારબાદ આ અતિગૂઢ તેમજ અતિઆવશ્યક વિષય સંબંધી આ નૂતન યુગસ્ત્રષ્ટા આધ્યાત્મિક સત્પુરુષે જે સંદર્ભો સમયે સમયે પ્રગટ કરેલા તે અત્યંત પ્રેરણાદાયક હોવાથી પરિશિષ્ટોરૂપે પ્રકાશિત કરી રહ્યા છીએ. ઈ. સ. ૧૯૭૨માં થયેલા શ્રી નિયમસારજી શાસ્ત્ર ઉપરનાં પ્રવચનોમાં તો આ વિષયની છણાવટ કરવામાં આવી જ છે જે પ્રવચન રત્નચિંતામણિ ભાગ-૧ ના રૂપમાં શ્રી કુંદ કુંદ કહાન- પરમાગમ પ્રવચન ટ્રસ્ટ, મુંબઈ દ્વારા પ્રકાશિત થયેલ છે. આ પહેલાં નિયમસાર ગાથા ૧ થી ૧૯ ઉપરનાં પ્રવચનો છપાયેલ તે પુસ્તિકામાં પણ "કારણ શુદ્ધ પર્યાય"ની સ્પષ્ટતા કરેલી જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ભારે હૃદયે આ વિષયનો વિશેષ ઉલ્લેખ છોડી દીધો હતો તેમ આ પરિશિષ્ટોમાં સમાવિષ્ટ સંદર્ભો ઉપરથી આપણને ભાસે છે. અત્યારે હવે આ વિષય અને તેના ઉપરનાં પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનોની પ્રભાવનાનો ઉદયકાળ વર્તી રહ્યો હોય તેમ લાગે છે. કારણ કે તો જ આવા ગહન વિષય ઉપરના પ્રકાશનની કાળલબ્ધિ પાકે. અસ્તુ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પરિશિષ્ટ - ૧

જીવદ્રવ્યમાં એક ધ્રુવ કારણ શુદ્ધ પર્યાય પારિણામિક ભાવરૂપ કહેવામાં આવી છે. નિયમસારમાં ધ્રુવ કારણ શુદ્ધ પર્યાયની વાત આવી છે. ધર્માસ્તિકાય આદિ ચારે દ્રવ્યમાં દ્રવ્ય-ગુણ અને પર્યાય પારિણામિક ભાવરૂપ એકરૂપ છે; તેમાં ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયની ધારા એકરૂપ વર્તે છે, પણ આત્મદ્રવ્યમાં એકરૂપ ઉત્પાદ-વ્યય નથી. તેની સંસાર દશામાં વિકારી પર્યાયના ઉત્પાદ-વ્યય થાય છે. મોક્ષમાર્ગમાં શુદ્ધ-અશુદ્ધ પર્યાયના ઉત્પાદ-વ્યય થાય છે અને સિદ્ધ દશામાં એકલી શુદ્ધ પર્યાયના ઉત્પાદ-વ્યય હોય છે. આ પ્રમાણે જીવમાં ઉત્પાદ-વ્યયવાળી પર્યાય એકરૂપ નથી. ચાર દ્રવ્યમાં જેમ ઉત્પાદ-વ્યયની એકરૂપ ધારા ત્રિકાળ ચાલે છે, તેમ જીવમાં ઉત્પાદ-વ્યયની ધારા ત્રિકાળ એકરૂપ નથી.

જીવદ્રવ્યમાં ધ્રુવ કારણ શુદ્ધ પર્યાય છે તે ત્રિકાળ ધારાવાહી એકરૂપ છે, પણ આ કારણ શુદ્ધ પર્યાય પ્રગટ ઉત્પાદ-વ્યયરૂપ નથી. સામાન્ય....સામાન્ય એવું જે આત્મદ્રવ્ય ત્રિકાળ ધ્રુવ છે તેના વિશેષરૂપ ધ્રુવ કારણ શુદ્ધ પર્યાય છે; તેમાં ઉત્પાદ-વ્યય નથી. સમુદ્રની (એકરૂપ) સપાટીની જેમ કારણ-શુદ્ધ પર્યાય ત્રિકાળ ધ્રુવ છે. નિયમસારની ગાથા ૧ થી ૧૯ સુધીનાં પ્રવચનો છપાઈને બહાર પડ્યાં છે તેમાં આ વિષય સ્પષ્ટ કર્યો છે. સામાન્ય વસ્તુ જે ધ્રુવ છે, તેમાં એક વિશેષ ધ્રુવ કારણ શુદ્ધ પર્યાય અનાદિ-અનંત વર્તે છે. તેને નિયમસારમાં ૧૫મી ગાથામાં પંચમ ભાવની પૂજનીક પરિણતિ કહી છે.

હવે આવા સૂક્ષ્મ વિષયનું શ્રવણ, વિચાર, ધારણા, મંથન હોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ એટલે વિદ્વાનોને પણ આ વાત બેસે નહિ, પણ શું થાય? ભાઈ, ઊંડા તલસ્પર્શી વિચાર ને મંથન કરી આનો સમ્યક્ નિર્ણય કરવો જોઈએ.

આ કારણ શુદ્ધ પર્યાય છે તે પ્રગટ પર્યાયરૂપ નથી, સમુદ્રમાં જેમ પાણીની સપાટી હોય છે તેમ આ ભગવાન આત્મા અનંત ગુણની ધ્રુવ પિંડરૂપ વસ્તુ છે તેમાં સપાટી સમાન અનાદિ-અનંત ધ્રુવ કારણ શુદ્ધ પર્યાય છે.

જેમ ગુણ ધ્રુવ છે, તેમ દરેક ગુણની પર્યાય ત્રિકાળ ધ્રુવ અનાદિ-અનંત શુદ્ધ છે; આ ઉત્પાદ-વ્યય વિનાની કારણ-શુદ્ધ પર્યાય છે.

**(સંદર્ભ : પ્રવચન રત્નાકર ભાગ-૧૧ પાનું ૧૪૭ ઈ. સ. ૧૯૭૭ના શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપરનાં ૧૮મી વારનાં પ્રવચનો)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પરિશિષ્ટ - ૨

જય સેનાચાર્યની ટીકામાં દ્રવ્ય-ગુણ-પર્યાય આવે છે. તો એમ જ કોઈ વખતે એવો અર્થ કર્યો હતો કે : 'કારણ પર્યાય' છે ને ત્રિકાળ ! શું કહ્યું ? **ફરી; દ્રવ્ય** ત્રિકાળ છે ધ્રુવ, શુદ્ધ પરિપૂર્ણ. ગુણ પણ પરિપૂર્ણ શુદ્ધ ધ્રુવ છે; અને એક કારણ પર્યાય ઉત્પાદ-વ્યય વિનાની એ પણ ધ્રુવ છે. એ કારણ પર્યાય છે, પણ તે આ ઉત્પાદ-વ્યયવાળી નહીં. 'નિયમસાર' ૧૫ મી ગાથામાં એ (વિષય) આવ્યો છે. સમજાણું કાંઈ ? અનંત ગુણ છે. એની પર્યાય 'કારણ પર્યાય' છે. ઉત્પાદ-વ્યય વિનાની ધ્રુવ....ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ; એની જે પર્યાય છે પારિણામિક ભાવની (તે) એકધારા (રૂપે) છે. ત્યાં તો કોઈ બીજો ભાવ નથી, એકધારી-સરખી (પર્યાય છે). ત્યારે પર્યાય, ગુણ અને દ્રવ્ય મળીને દ્રવ્ય છે. તો એમ આત્મામાં એવી એકધારા વર્તી પર્યાય ક્યાં આવી ? ઉત્પાદ-વ્યય (રૂપ પર્યાય) માં તો સંસારની વિકૃત અવસ્થા છે. મોક્ષમાર્ગમાં અપૂર્ણ શુદ્ધ અવસ્થા છે, અને મોક્ષમાં સંપૂર્ણ શુદ્ધ અવસ્થા છે. એ તો પર્યાયમાં ભેદ પડી ગયો, એક ધારા ન રહી. આ વાત 'નિયમસાર' ગાથા ૧ થી ૧૯ સુધીનાં વ્યાખ્યાન પ્રકાશિત થયાં છે તેમાં લીધી છે. એક મોટો નકશો બનાવ્યો હતો. (તે વિષે બે મોટા વિદ્વાનોને) પૂછ્યું પણ કાંઈ સમજ્યા નહીં. તો બીજા (લોકો) શું સમજશે ? એટલે નકશો મૂકી દીધો. ત્યાં 'કારણ પર્યાય' ધ્રુવને બતાવવું છે. જેવું દ્રવ્ય ધ્રુવ છે ત્રિકાળ, એવો ગુણ ધ્રુવ છે એવી ઓલી (ધર્માસ્તિકાય આદિ) ચાર દ્રવ્યમાં એકસરખી પર્યાય છે એવી, આ આત્મામાં એકસરખી (કારણ પર્યાય). પણ એ તો ઉત્પાદ-વ્યયવાળી પર્યાય નથી. ઘણો સૂક્ષ્મ (વિષય) છે, ભાઈ ! ઉત્પાદ-વ્યય(પર્યાયમાં) તો વિકૃતિ છે, અપૂર્ણ શુદ્ધતા છે, પૂર્ણ શુદ્ધતા છે-એવા ભેદ છે. એકધારા આવી નહીં. તો આત્મામાં દ્રવ્ય-ગુણની એકધારા (રૂપ) પર્યાય વિના પૂર્ણ દ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેવી રીતે હોય ? તો 'નિયમસાર' ૧૫ મી ગાથામાં લીધું કે : (જેમ) જે આખો દરિયો છે દરિયો, એની જે સપાટી એકસરખી છે. તેમ એ જે એક સામાન્ય દ્રવ્ય ત્રિકાળ છે તેમાં, અર્થાત્ આ સામાન્ય દ્રવ્ય-ગુણ છે તેમાં, એક 'કારણ પર્યાય' એકસરખી સપાટી છે. (પણ) (એ) ઉત્પાદ-વ્યય(રૂપ) નથી. ઝીણી વાત છે. સમજાણું કાંઈ ?.......

આ વાત જરી લોકોને આકરી પડે : 'કારણ પર્યાય' એ વાત ચાલતી નથી ને ! ચાલતી નથી-ક્યાંય છે નહીં. કારણ પર્યાય ફક્ત ૧૫ મી ગાથા 'નિયમસાર' માં જ લીધી છે અને એનો અર્થ ખૂબ સ્પષ્ટ કર્યો હતો તે વખતે. અને એ કાંઈ ચાલે ? આ તો અંતરની વાતો છે, બાપુ !

અહીંયાં મોક્ષમાર્ગ છે ને......!' ''આ 'નિયમસાર' મેં મારી ભાવના માટે બનાવ્યું છે.''-એમ કુંદકુંદાચાર્યે કહ્યું. તો સારમાં સાર વસ્તુ એમાં નાખી છે. ઝીણી વાત છે, પ્રભુ ! ૧૫ મી ગાથામાં છે સ્પષ્ટ : 'કારણ પર્યાય' એ ધ્રુવ છે. જેમ દ્રવ્ય ધ્રુવ છે, ગુણ ધ્રુવ છે. સમુદ્ર જેમ કાયમ છે, એનું જળ કાયમ છે, એની સપાટી પણ ઉપર કાયમ છે; અને આમ ઉપર પાણીનો જે લોઢ આવે છે ઓછોવત્તો (તેમ) એ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, એ તો પછી ઉપરનો લોઢ છે. આ તો ઝીણી વાત છે, બાપુ ! બધી વાતો સમજવી પડશે, બાપુ ! શું થાય ? પણ અત્યારે આ વાત ચાલતી નથી એટલે એકદમ સમજાવવી અને સમજવી (જરી અઘરી છે.) 'કારણ પર્યાય' ધ્રુવ છે એ વાત ચાલતી નથી.

**(સંદર્ભ : પ્રવચન નવનીત ભાગ-૨ પાનું-૧૭૫, ૧૭૬, ૧૭૭માંથી પ્રવચન દિનાંક ૧૭-૨-૧૯૭૮)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પરિશિષ્ટ - ૩

'કારણ શુદ્ધ પર્યાય એ તો ત્રિકાળી છે. છે નવી, બાપુ ! કારણ શુદ્ધ પર્યાય (વિષે) બે હજારની સાલમાં ઘણી સ્પષ્ટતા કરી હતી. ઝીણી વાત છે પ્રભુ ! જેમ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ નિત્ય છે; એની પર્યાયમાં પણ 'કારણ પર્યાય' ધ્રુવ-ઉત્પાદ-વ્યય વિનાનીકારણપર્યાય-ત્રિકાળછે.આહા......હા ! સાંભળ્યું ય નથી ક્યારેય - કારણ પર્યાય અને ક્રમબદ્ધ પર્યાય. એ નવી વાત છે. ૩૫ વર્ષ પહેલાં કારણ પર્યાયને સ્પષ્ટ કરી છે. એ બધી વાત 'નિયમસાર' ની ૧૫ મી ગાથામાં છે. જુઓ ! કે આ આત્મા જે છે, એ વિકાર રહિત છે, કર્મ રહિત છે; પણ એ ધ્રુવ છે અને ધ્રુવની પર્યાયમાં પણ એક કારણ પર્યાય ધ્રુવ છે. ઉત્પાદ-વ્યય વિનાની એ કારણ પર્યાય ધ્રુવ છે. 'નિયમસાર' શાસ્ત્રમાં છે. એવું બીજે નથી. આ તો વીતરાગની વાણી છે, ભાઈ ! 'કારણ શુદ્ધ પર્યાય' એ ત્રિકાળી (આત્મા) નહીં. ત્રિકાળી ખરી, પણ પર્યાયમાં ત્રિકાળી. આહા......હા! સમજાણું કાંઈ ? જિજ્ઞાસા : પર્યાય, એ ત્રિકાળી કેમ ?

સમાધાન : ત્રિકાળી પર્યાય ધ્રુવ. જેમ સમુદ્ર છે—નકશો બનાવાયો હતો. ત્યાં (સ્વાધ્યાય મંદિર, સોનગઢમાં) છે હજી. બહાર પાડવો હતો. બે પંડિતોને પૂછ્યું હતું........પણ (તેમને) કાંઈ ખબર નહીં. (પંડિતોએ) કહ્યું કે : 'કારણ પર્યાય તો આત્માની વાત છે. આત્માનો ત્રિકાળી સ્વભાવ છે.' બાપુ ! અહીં એ વાત નથી. 'આ તો પર્યાય છે.' તો તેમણે એમ કહ્યું કે : 'પારિણામિક ભાવની પર્યાય છે, શુદ્ધ પારિણામિક ભાવની પર્યાય છે.' એ (કારણ પર્યાયની) વાત ક્યાંથી લીધી, એનો પત્તો (પંડિતોને) લાગ્યો નહીં. જ્યારે ('નિયમસાર' ઉપરનાં પ્રવચનો) ગાથા ૧ થી ૧૯ છપાણાં ત્યારે તેમાં એ નકશો છપાવવાનો હતો; (પરંતુ) છોડી દીધું બધું. બહારમાં (જ્યાં) આ પંડિતો નહીં સમજે તો બીજાં સાધારણ માણસ સમજશે નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા જે છે, એ ત્રિકાળી ધ્રુવ છે; તો એની પર્યાય પણ ત્રિકાળી ધ્રુવ છે. કેમ કે, ધર્માસ્તિ, અધર્માસ્તિ - આકાશ-કાળ જે છે એનાં દ્રવ્ય પણ પારિણામિક, ગુણ પણ પારિણામિક અને પર્યાય પણ પારિણામિકભાવે ત્રિકાળ, એક સરખી છે. (તો) આત્મામાં એકસરખી એવી પર્યાય ક્યાં આવી ? રાગાદિ થયા. એમાં વધઘટ થાય છે; અને રાગ અનાદિ-સાંત રહે છે. પછી રાગ સાદિ-અનંત નથી રહેતો; તો પર્યાય એકરૂપ ન રહી. (ધર્માસ્તિ આદિ) ચાર દ્રવ્યમાં તો એકરૂપ પારિણામિક ભાવની (પર્યાય) ત્રિકાળી છે, તો આ (જીવ) દ્રવ્યમાં (પણ) ત્રિકાળી એકરૂપ (પર્યાય) હોવી જોઈએ કે નહીં ? સમજાણું કાંઈ ? એ બધી દલીલ આપી છે. 'નિયમસાર' ૧ થી ૧૯ ગાથાનાં પ્રવચનનું એક પુસ્તક છે, એમાં બધું લીધું છે.

**(સંદર્ભ : પ્રવચન નવનીત ભાગ-૧ પાનું-૨૬૧-૨૬૨ પ્રવચન દિ. ૧-૮-૭૯)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પરિશિષ્ટ-૪

આહા.......હા ! એની સાથે કારણ (શુદ્ધ) પર્યાય આવી છે ને.......! 'નિયમસારમા' જ ૧૫મી ગાથા. એક કારણ(શુદ્ધ) પર્યાય છે ધ્રુવ. ધ્રુવ......હોં ! જેમ વસ્તુ ધ્રુવ છે, જેમ ગુણ ધ્રુવ છે; તેમ એક કારણ પર્યાય પણ ધ્રુવ છે. ૨૦૦૦ની સાલમાં ઘણો વિસ્તાર ફર્યો હતો. ૧થી૧૯ ગાથા સુધીનાં વ્યાખ્યાન (પુસ્તકરૂપે પ્રકાશિત થઈ ગયેલાં છે). 'કારણ (શુદ્ધ) પર્યાય' સૂક્ષ્મ છે. જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ-ચાર દ્રવ્ય છે, એમાં તો પારિણામિક ભાવની પર્યાય એકસરખી છે. શું કહ્યું સમજાણું ? (એ જે) ચાર દ્રવ્ય છે (એનાં) દ્રવ્ય-ગુણ તો એક સરખા જ છે; પણ એની પર્યાય પણ એકસરખી (છે). ઓછી-વિપરિત એકેય છે જ નહીં.-પારિણામિકભાવની પર્યાય સદાય એકરૂપ (છે). ત્યારે તો એ દ્રવ્ય-ગુણ-પર્યાયનું દ્રવ્ય પૂર્ણ થાય છે. તો આત્મામાં દ્રવ્ય અને ગુણ પૂર્ણ છે; પણ જે પર્યાય રાગાદિની છે એ રાગાદિ તો ઓછા-વધારે થાય છે. રાગનો અભાવ થઈને સમકિત થાય છે અને સમકિતની-મોક્ષમાર્ગની પર્યાયનો પણ અભાવ થઈને મોક્ષ થાય છે. તો પર્યાય એકરૂપ ન રહી. (જ્યારે ધર્માદિ) ચાર (દ્રવ્યમાં) પર્યાય એકરૂપ છે. તો આમાં (આત્મામાં) પારિણામિકની (પર્યાય) એકરૂપ હોવી જોઈએ કે નહીં ? તો એ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક (પર્યાય) સિવાય, અંદર (એક) કારણ (શુદ્ધ) પર્યાય (છે). એ બધો વિસ્તાર ૧૫મી ગાથાના (વ્યાખ્યાનમાં) કર્યો છે. દ્રવ્ય એવું ત્રિકાળી ધ્રુવ, એવું ત્રિકાળી સામાન્ય, એવી પર્યાય વિશેષ. વિશેષ (એટલે) ઉત્પાદ-વ્યય નહીં. ઉત્પાદ-વ્યય વિનાની 'કારણપર્યાય' ધ્રુવ સદૃશ અનાદિ-અનંત છે. જેમ પેલા ચાર દ્રવ્યમાં એક પારિણામિક પર્યાય અનાદિ-અનંત એક સરખી છે એવી અહીંયાં ધ્રુવ-કારણ (શુદ્ધ) પર્યાય અનાદિ-અનંત એકરૂપ છે. આહા.......હા ! મેં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




૨૦૦૦ની સાલમાં એનો નકશો પણ બનાવરાવ્યો હતો. પણ (એ વિષે એક મોટા પંડિતને) કહ્યું તો તે સમજ્યા નહીં. વર્ણીજીને કહ્યું તો એમણે કીધું કે 'કારણ (શુદ્ધ) પર્યાય' એવું છે નહીં. પછી હું અચકાણો કે, મોટા પંડિતોય સમજતા નથી તો (બીજા તો) સમજશે નહીં. (એથી) નકશો બહાર નથી પાડ્યો. એ (વિષય) સૂક્ષ્મ છે, ભાઈ! દ્રવ્યનો ભાવ, એ કારણ (શુદ્ધ) પર્યાય; એ પારિણામિકભાવમાં જાય છે. એ (ઔદયિકાદિ) ચાર ભાવમાં આવતો નથી. એ ઉત્પાદ-વ્યય વિનાની પર્યાય 'કારણ (શુદ્ધ) પર્યાય' છે. આવો માર્ગ છે! એ અહીં કહે છે.

અહીંયાં એ (દ્રવ્ય) ભાવને પારિણામિકભાવમાં લેવો છે. તો એ કારણ (શુદ્ધ) પર્યાય, દ્રવ્ય અને ગુણ-ત્રણેને 'કારણપરમાત્મા' કહેવામાં આવે છે.

**(સંદર્ભ : પ્રવચન નવનીત ભાગ-૨ પાનું ૧૭ પ્રવચન દિ.૩૧-૧-૭૮)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com